હરસ,ભગંદર,ફીશરની
ગુજરાતમાં સૌપ્રથમ અમેરીકન
હાર્મોનિક ફોકસ, લેસર-HAL-IRC
દાખલ થયા વિના સારવાર
ડૉ.વેકરીયા-પાઈલ્સ હોસ્પિટલ
એસ્ટ્રોન ચોક, રાજકોટ-૧
૯૩૭૪૧ ૦૪૭૨૭, ૯૮૨૪૦ ૬૬૩૨૧
ગરીબ દર્દીઓને રાહતદરે સારવાર

Dhanraj Group

દેશ-પરદેશની
# આજકાલ

રાજકોટ, જામનગર, ભાવનગર, પોરબંદર અને
અમદાવાદથી એક સાથે પ્રગટ થતું એક માત્ર દૈનિક

શહેર આવૃત્તિ
પાના-૧૪
બુધવાર-રાજકોટ
Dt. 15.05.2024

All type of Automotive & Tubular Batterires
GOKUL BATTERY TRADERS
2 - Vijay Villa Building, Opp. Bombay Hotel, Gondal Road, Rajkot.
E-mail : gokulbattery@yahoo.com
93281 98994
ડિલર/ડિસ્ટ્રીબ્યુટર્સ પૂછપરછ આવકાર્ય

▸ અંક : ૧૬૦ ▸ વર્ષ - ૨૮ ▸ વૈશાખ સુદ - ૮ ▸ સં. : ૨૦૮૦ ▸ કિંમત રૂા. ૪.૦૦ ▸ ફોન : ૦૨૮૧-૨૪૮૧૫૫૭-૫૮ ▸ RNI No. 66361/97 ▸ Postal Reg. No. 541/2019-2021 POST AT RMS RAJKOT www.aajkaaldaily.com dgaajkaal@gmail.com

# ગુજરાતમાં ગરમી ચાર દિવસમાં પાંચ ડિગ્રી વધશે

## સૌરાષ્ટ્રના દરિયાકાંઠે ગરમી અને બફારો માજા મુકશેઃ કોંકણ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, પંજાબ, હરિયાણા, બિહાર, મધ્ય પ્રદેશમાં પણ હિટ વેવનું એલર્ટ

**આજકાલ પ્રતિનિધિ**
**રાજકોટ**

ગુજરાત સહિત દેશના અનેક રાજ્યોમાં માવઠાના વરસાદને કારણે ગરમીને બ્રેક લાગી હતી પરંતુ માવઠાનો માહોલ વિખેરાતાની સાથે જ ફરી ગરમીનો પ્રકોપ શરૂ થયો છે. હવામાન ખાતાના જણાવ્યા મુજબ નોર્થ, વેસ્ટ



અને ઈસ્ટના રાજ્યોમાં આજથી આગામી ચાર દિવસ સુધી મહત્તમ તાપમાનમાં ત્રણથી પાંચ ડિગ્રીનો વધારો થવાની શક્યતા છે. જો કે ચાર દિવસ પછી રાહત મળે તેવી શક્યતા ઓછી છે.

આવી જ રીતે મધ્ય ભારતમાં આગામી ચાર દિવસમાં બેથી ચાર ડિગ્રી તાપમાન વધશે તેવી ચેતવણી હવામાન ખાતા દ્વારા આપવામાં આવી છે. હવામાન ખાતાએ સૌરાષ્ટ્ર કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળા વાતાવરણની ચેતવણી આપી છે. આ ઉપરાંત કોકણ રાજસ્થાન ઉત્તર પ્રદેશ પંજાબ હરિયાણા બિહાર

(અનુ. ૧૧મા પાને)

# રાજકોટમાં બપોરે અઢી વાગ્યે ૪૩ ડિગ્રી

## વલસાડમાં ત્રણ દિવસ માટે સિવિયર હિટવેવનું ઓરેન્જ એલર્ટઃ પોરબંદર, ભાવનગર, કચ્છ, સુરત માટે યલો એલર્ટઃ જનજીવન આકુળ-વ્યાકુળઃ રાજમાર્ગોથી શેરી-ગલીઓ બપોરે સૂમસામ

**આજકાલ પ્રતિનિધિ**
**રાજકોટ**

માવઠાનો એક દિવસ પૂરો થયા પછી તુરત જ ગરમીએ જોર પકડ્યું છે. આજે સવારે ૭ વાગ્યે રાજકોટમાં લઘુતમ તાપમાન ૨૫ ડિગ્રી નોંધાયા બાદ ગણતરીના કલાકોમાં એટલે કે સવારે ૮-૩૦ વાગ્યે તેમાં ૭ ડિગ્રીનો વધારો થયો હતો અને ૩૨ ડિગ્રી મહત્તમ તાપમાન સવારે નોંધાયું હતું. બપોરે ૨-૩૦ વાગ્યે મહત્તમ તાપમાને લોંગ જમ્પ મારીને ૪૩ ડિગ્રીએ પહોંચ્યું હતું.

રાજકોટમાં આજે સાંજ સુધીમાં મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રીને પાર કરી જાય તેવી શકયતા છે. સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૪૫ ટકા હતું તે બપોરે ઘટીને માત્ર ૨૦ ટકા થઈ ગયું હતું. ગઈકાલે મહત્તમ તાપમાન ૪૨.૨ ડિગ્રી નોંધાયું હતું

(અનુ. ૧૧મા પાને)

# જો બાઈડને ચીની આયાત પર ભારે ટેરિફ લાદ્યા કહ્યું, ડ્રેગન સાથે સ્પર્ધાની ઈચ્છા છે, સંઘર્ષ નહીં

## ચીન મામલે ટ્રમ્પે બનાવેલી નીતિની ટીકાઃ ઈલેક્ટ્રિક વાહનો પર ૧૦૦% તો સેમિકન્ડક્ટર્સ પર લાદ્યો ૫૦% ટેરિફ

**આજકાલ પ્રતિનિધિ**
**કોલકાતા**

યુએસ પ્રમુખ જો બાઈડને બેટરી, ઈવી, સ્ટીલ, સોલાર સેલ અને એલ્યુમિનિયમ સહિતની ચીની પ્રોડક્ટ્સ પર ભારે ટેરિફ લાદ્યો છે. આ ટેરિફમાં ઈલેક્ટ્રિક વાહનો પર ૧૦૦% ટેરિફ, સેમિકન્ડક્ટર્સ પર ૫૦% અને ચીનથી આયાત કરવામાં આવતી ઈલેક્ટ્રિક વાહન બેટરી પર ૨૫% ટેરિફનો સમાવેશ થાય છે.

વ્હાઈટ હાઉસના રોઝ ગાર્ડનમાંથી રાષ્ટ્રને સંબોધતા, બાઈડને કહ્યુ કે તે સુનિશ્ચિત કરશે કે અમેરિકન કામદારોને અન્યાયી વેપાર પ્રથાઓ દ્વારા અટકાવવામાં ન આવે અને દેશ તેને જોઈતી કોઈપણ પ્રકારની કાર ખરીદવાનું ચાલુ રાખી શકે છે. તેમણે જણાવ્યું હતું કે, હું ચીન સાથે વાજબી સ્પર્ધા ઈચ્છું છું, સંઘર્ષ નહીં. અમે ૨૧મી સદીની આર્થિક સ્પર્ધાને ચીન સામે અન્ય કોઈની સરખામણીએ જીતવા માટે વધુ મજબૂત સ્થિતિમાં છીએ કારણ કે અમે ફરીથી અમેરિકામાં રોકાણ કરી રહ્યા છીએ.

બાઈડને ભારપૂર્વક જણાવ્યું હતું કે ચીની સરકાર વર્ષોથી સ્ટીલ, એલ્યુમિનિયમ, સેમિકન્ડક્ટર્સ, ઈલેક્ટ્રિક વાહનો, સોલાર પેનલ્સ અને ગ્લોવ્સ અને માસ્ક જેવા આવશ્યક આરોગ્ય સાધનો સહિત વિવિધ ચીની ઉદ્યોગોમાં રોકાણ કરી રહી છે. ચીને આ તમામ ઉત્પાદનો માટે નોંધપાત્ર સબસિડી પૂરી પાડી હતી, જેનાથી ચીની કંપનીઓ વૈશ્વિક માંગ કરતાં વધુ માત્રામાં ઉત્પાદન કરવા માટે પ્રેરિત થઈ અને ત્યારબાદ, તેઓએ અયોગ્ય રીતે નીચા ભાવે વધારાના ઉત્પાદનોને બજારમાં ફેંકી દીધા, જેના પરિણામે અસંખ્ય ઉત્પાદકોને નુકશાન થયું. સરકારની ભારે સબસિડી દ્વારા સમર્થિત ચીની કંપનીઓ નફાકારકતા અંગે બેફિકર છે. તેઓ અન્ય સ્પર્ધાત્મક વિરોધી વ્યૂહરચનાઓનો ઉપયોગ કરે છે, જેમ કે અમેરિકન કંપનીઓને ચીનમાં કામ કરવા માટે તેમની ટેક્નોલોજી ટ્રાન્સફર કરવા દબાણ કરવું.

અમેરિકી રાષ્ટ્રપતિએ તેમના પુરોગામી ડોનાલ્ડ ટ્રમ્પની તેમની ચીન નીતિ પર ટીકા કરતાં કહ્યું કે તેઓ ચીન સાથે વેપાર કરાર પર હસ્તાક્ષર કરવા છતાં અમેરિકન નિકાસ વધારવામાં અને ઉત્પાદનને વેગ આપવામાં નિષ્ફળ રહ્યા હતા, જેના હેઠળ તેઓ અમેરિકન

(અનુ. ૧૧મા પાને)

### યુઝર્સનાં એકાઉન્ટ જાતે જ લોગઆઉટ થઈ જતાં પરેશાની

# સવારના પહોરમાં જ ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ થયા ડાઉન



**આજકાલ પ્રતિનિધિ**
**નવી દિલ્હી**

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ આજે સવારે ડાઉન થઈ જવા ને કારણે યુઝર્સ પરેશાન થઈ ગયા છે. જો કે બધા સાથે આવું નથી

(અનુ. ૧૧મા પાને)

### માર્ચમાં પણ આવી હતી આ સમસ્યા

માર્ચમાં પણ ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ ડાઉન થવાના કારણે યુઝર્સને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. આ સમય દરમિયાન, મેટા પ્લેટફોર્મ્સની સોશિયલ મીડિયા એપ્લિકેશન્સ ફેસબુક અને ઈન્સ્ટાગ્રામમાં ગડબડી થઈ હતી. અમેરિકા, યુરોપ, બ્રિટન અને એશિયાના ઘણા ભાગોમાંથી ફરિયાદો આવી હતી. યુઝર્સે જણાવ્યું હતું કે તેઓ સેવાઓનો ઉપયોગ કરી શકતા નથી. યુઝર્સ વિવિધ પ્રકારની સમસ્યાઓનો સામનો કરી રહ્યા હતા. આ સમયગાળા દરમિયાન, લાખો લોકો એક્સ પર ગયા હતા અને તેમની સમસ્યાઓ વિશે ફરિયાદ કરી હતી. ડાઉન ડિટેક્ટરે આ વિશે જણાવ્યું હતું. જણાવી દઈએ કે ડાઉન ડિટેક્ટર દુનિયાભરમાં આવી ટેકનિકલ સમસ્યાઓ પર નજર રાખે છે. માર્ચની શરૂઆતમાં પણ આવી જ સમસ્યાઓ આવી હતી અને મેટા પ્લેટફોર્મની સોશિયલ મીડિયા એપ્સ ક્રેશ થઈ ગઈ હતી. એપ્સ આપોઆપ લોગ આઉટ થઈ ગઈ હતી, જેના કારણે લોકો લોગઈન કરી શકતા ન હતા.

# રાજસ્થાનમાં ખાણમાં ફસાયેલા ૧૫ અધિકારીઓને બચાવાયા

## ઝુંઝુનુમાં તાંબાની ખાણમાંથી ૧૧ કલાકની જહેમત બાદ સુરક્ષિત બહાર કઢાયાઃ૩ અધિકારી ગંભીર રીતે ઘાયલ



**આજકાલ પ્રતિનિધિ**
**જયપુર**

રાજસ્થાનના ઝુંઝુન જિલ્લામાં હિન્દુસ્તાન કોપર લિમિટેડની તાંબાની ખાણમાં લિફ્ટ તૂટી જતાં ૧૮૦૦ ફૂટથી વધુ ઊંડે ૧૪ અધિકારીઓ ફસાયા હતા. ૧૧ કલાકની જહેમત બાદ ફસાયેલા તમામ ૧૫ લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે. જેમાં ૩ અધિકારીઓ ગંભીર રીતે ઘાયલ છે. ખાણમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવેલા તમામ અધિકારીઓને સાવચેતીના પગલા તરીકે જયપુર હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા છે, જ્યાં તેમની તબીબી તપાસ કરવામાં આવશે.

ઝુંઝુનુ સરકારી હોસ્પિટલ શિશરામના નર્સિંગ સ્ટાફે જણાવ્યું કે કેટલાકના હાથમાં અને કેટલાકના પગમાં ફ્રેક્ચર થયું છે. દરેક વ્યક્તિ સુરક્ષિત છે. ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ છે, બાકીના સુરક્ષિત છે. સીડીની મદદથી બચાવ કામગીરી હાથ ધરવામાં આવી

(અનુ. ૧૧મા પાને)

### લિફ્ટને ટેકો આપતું દોરડું તૂટતા સર્જાયો અકસ્માત

લિફ્ટને ટેકો આપતું દોરડું તૂટવાને કારણે આ અકસ્માત થયો હતો. ખાણની અંદર ફસાયેલા અધિકારીઓમાં કેસીસી યુનિટ (ખેત્રી કોપર કોમ્પ્લેક્સ યુનિટ)ના ચીફ જીડી ગુપ્તા, દિલ્હીથી આવેલા ચીફ વિજિલન્સ ઓફિસર ઉપેન્દ્ર પાંડે, કોલિહાન ખાણના ડેપ્યુટી જનરલ મેનેજર એકે શર્માનો સમાવેશ થાય છે. ખાણમાં ફસાયેલા અન્ય લોકોમાં પત્રકાર વિકાસ પારીક, વિનોદ સિંહ શેખાવત, એકે બૈરા, અર્ણવ ભંડારી, યશોરાજ મીના, વનેન્દ્ર ભંડારી, નિરંજન સાહુ, કરણ સિંહ ગેહલોત, પ્રીતમ સિંહ, હરસીરામ અને ભગીરથનો સમાવેશ થાય છે. પત્રકાર વિકાસ પારીક ફોટોગ્રાફી ટીમ સાથે ખાણમાં પ્રવેશ્યા હતા.

### ઝુંઝુનુની 'કોપર સિટી' ઓળખ

ખેત્રી અને ઝુંઝુનુની આસપાસના વિસ્તારોમાં તાંબાના ભંડાર છે. આ સમગ્ર વિસ્તાર 'કોપર સિટી' તરીકે ઓળખાય છે. દેશનું ૫૦ ટકા તાંબુ ખેતરી પર્વતોમાંથી કાઢવામાં આવે છે. ખેત્રીના કોલિહાન વિસ્તારમાં લગભગ ૩૨૪ કિમીની ત્રિજ્યામાં ૩૦૦ થી વધુ ભૂગર્ભ ખાણો છે, જ્યાં દરિયાની સપાટીથી માઈનસ ૧૦૨ મીટરની ઊંડાઈએ તાંબુ કાઢવામાં આવે છે.

# સત્તા આવશે તો જ્ઞાનવાપીના સ્થાને બાબા વિશ્વનાથનું ભવ્ય મંદિર બનશે

## ભાજપ ૪૦૦નો આંકડો પાર કરશે તો મથુરામાં પણ ભવ્ય મંદિર આકાર લેશે તેવી આસામના સીએમની જાહેરાત

**આજકાલ પ્રતિનિધિ**
**નવી દિલ્હી**

લોકસભાની ચૂંટણી ચાલી રહી છે અને દિલ્હીની ૭ લોકસભા સીટ પર ૨૫ મેએ મતદાન થવાનું છે. મતદાન પહેલા ભાજપે દિલ્હીમાં પોતાની સંપૂર્ણ તાકાત લગાવી દીધી છે. ભાજપના મોટા-મોટા નેતાઓ દિલ્હીમાં છે. આટલું જ નહીં, જુદા-જુદા રાજ્યના મુખ્યમંત્રી પોતાની પાર્ટીના ઉમેદવારો માટે રોડ શો કરીને વોટ માંગી રહ્યા છે. ત્યારે હવે આસામના મુખ્યમંત્રી હેમંતા બિસ્વા સરમાએ ભાજપના પૂર્વ દિલ્હીના ઉમેદવાર હર્ષ મલ્હોત્રાના સમર્થનમાં પ્રચાર કર્યો. આ દરમિયાન મુખ્યમંત્રી હેમંત બિસ્વા સરમાએ કહ્યું કે જો ભાજપ ૪૦૦નો આંકડો પાર કરશે તો મથુરામાં પણ ભવ્ય મંદિર બનશે અને જ્ઞાનવાપીની જગ્યાએ પણ બાબા વિશ્વનાથનું ભવ્ય મંદિર બનશે.

તેમણે કહ્યું કે ગત ચૂંટણીમાં અમે કહ્યું હતું કે રામ મંદિર બનાવવું છે અને આ વખતે જ્યારે અમે ચૂંટણીમાં તમારી વચ્ચે આવ્યા છીએ ત્યારે રામ મંદિર બની ચુક્યું છે. તેથી હવે જીત પણ તો

(અનુ. ૧૧મા પાને)






## હેપી બર્થ-ડે

# રાજકોટ મનપાના પીએસ ટુ મેયર વી.ડી.ઘોણીયાનો આજે જન્મદિવસ



રાજકોટ મહાનગરપાલિકાના પી એસ ટુ મેયર તરીકે કાર્યરત સિનિયર ઓફિસર વી.ડી.ઘોણીયા (એમબીએ)નો આજે તા.૧૫-મેના જન્મદિવસ છે. તા.૧૫-૫-૧૯૮૫ના રોજ જન્મેલા વી.ડી.ઘોણીયાએ આજે સફળ જીવનના ૩૯ વર્ષ પૂર્ણ કરી ૪૦મા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. મહાનગરપાલિકામાં છેલ્લા ૧૫ વર્ષથી ફરજ બજાવતા વી.ડી.ઘોણીયા અગાઉ ટેક્સ ઓફિસર તરીકે પ્રશંસનીય ફરજ બજાવી ચુક્યા છે. પ્રોપર્ટી ટેક્સમાં કાર્પેટ એરિયા બેઇઝ એસેસમેન્ટ સિસ્ટમ અમલી કરાઇ ત્યારે હજારો મિલકતોની નવેસરથી માપણી અને હેતુફેર બદલ નોટિસો ફટકારી બાકીલેણાની વસુલાતની વિક્રમ સર્જક કામગીરી કરી હતી. પ્રોફેશનલ ટેક્સમાં વ્યવસાયિકોના રેકોર્ડબ્રેક રજિસ્ટ્રેશન અને રિકવરી કરી હતી. થિએટર ટેક્સ, વ્હિકલ ટેક્સ, એન્ટરટેઇનમેન્ટ ટેક્સ સહિતના વેરાઓની વસુલાતમાં નવી પધ્ધતિઓ અમલી કરી નોંધપાત્ર કામગીરી કરી હતી. અગાઉ તેઓ આઇવે પ્રોજેક્ટ હેઠળના સીસીટીવી કમાન્ડ કન્ટ્રોલ સેન્ટરના નોડલ ઓફિસર, નવનિર્મિત મહાત્મા ગાંધી મ્યુઝિયમના પ્રોજેક્ટ મેનેજર, મહેકમ શાખા અધિકારી તરીકે ભરતીની પડકારરૂપ કામગીરી કરી ચુક્યા છે. જયારે ફેબ્રુઆરી- ૨૦૨૩થી સેક્રેટરી શાખામાં બદલી થતા ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૩થી પી.એસ.ટુ મેયર તરીકે જવાબદારી સંભાળી રહ્યા છે. આજકાલ દૈનિક પરિવાર સાથે વર્ષોથી પારિવારિક નાતો ધરાવતા વી.ડી.ઘોણીયા અનેક વખત આજકાલ દૈનિક કાર્યાલયની શુભેચ્છા મુલાકાત લઇ ચુક્યા છે તેમજ આજકાલ દૈનિક આયોજિત નવરાત્રી ગરબા મહોત્સવમાં સહપરિવાર અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહી ચુક્યા છે. જીવનના આગામી વર્ષોમાં તેઓ અપાર સફળતા અને લોકચાહના હાંસલ કરે તેમજ સિધ્ધિ-પ્રસિધ્ધીના નવા સોપાનો સર કરે તેવી જન્મદિવસે આજકાલ દૈનિક પરિવારે શુભકામનાઓ પાઠવી છે. આજે તેમના જન્મદિવસે મો.નં.૯૬૨૪૦ ૯૬૩૯૬ ઉપર રાજકોટ સહિત સમગ્ર રાજ્યમાંથી શુભેચ્છા વર્ષા થઇ રહી છે.

## પ્રદેશ ભાજપ અગ્રણી ચેતન રામાણીનો જન્મદિન



ગુજરાત પ્રદેશ ભાજપ અગ્રણી તેમજ સૌરાષ્ટ્રના લડાયક ખેડૂત નેતા ચેતનભાઈ રામાણી જનસંઘથી લઈને ભારતીય જનતા પાર્ટીમાં આજસુધી એક નિષ્ઠ ાવાન, સક્રિય કાર્યકર્તા તરીકે અથાગ પરિશ્રમ કરેલ છે. તેમજ પક્ષની ૧૯૮૦થી આજ દિન સુધીની ચડતી-પડતીમાં ક્યારેય પક્ષ પ્રત્યેની વફાદારી છોડી નથી. તદુપરાંત સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ, નાથદ્વારા, દ્વારકા, મથુરા, હરિદ્વારમાં ટ્રસ્ટી તરીકે જવાબદારી નિભાવી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ બોર્ડીંગમાં મવડી પ્લોટમાં પણ ટ્રસ્ટી તરીકે જવાબદારી નિભાવી છે. બંસીધર ચેરસટેબલ ટ્રસ્ટના પ્રમુખ હેઠળ, વિવિધ સામાજિક સેવાકીય પ્રકલ્પો જેવા કે વૃક્ષારોપણ, ચેકડેમ, દુષ્કાળમાં રાહત કેમ્પ વગેરે કામગીરીમાં સક્રિય ભૂમિકા ભજવી સ્વામીનારાયણ સંપ્રદાયની મુખ્યગાદી-વડતાલ, અમદાવાદ તેમજ બીએપીએસ, હરિધામ સોખડા, મણીનગર ગાદી, મણીનગર વધવાન તેમજ સ્વામીનારાયણ ગુરુકુળોની તમામ સક્રિય રીતે જોડાયેલા છે. આજકાલ દૈનિક પરિવાર સાથે વર્ષોથી પારિવારિક નાતો ધરાવતા ચેતન રામાણી અનેક વખત આજકાલ દૈનિક કાર્યાલયની શુભેચ્છા મુલાકાત લઇ ચુક્યા છે તેમજ આજકાલ દૈનિક આયોજિત નવરાત્રી ગરબા મહોત્સવમાં અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહી ચુક્યા છે. જીવનના આગામી વર્ષોમાં તેઓ અપાર સફળતા અને લોકચાહના હાંસલ કરે તેમજ સિધ્ધિ-પ્રસિધ્ધીના નવા સોપાનો સર કરે તેવી જન્મદિવસે આજકાલ દૈનિક પરિવારે શુભકામનાઓ પાઠવી છે. આજે તેમના જન્મદિવસે મો.નં. ૯૮૨૫૧ ૧૮૨૩૮ ઉપર રાજકોટ સહિત સમગ્ર રાજ્યમાંથી શુભેચ્છા વર્ષા થઇ રહી છે.

# રાજકોટ માર્કેટ યાર્ડમાં સીઝન પૂર્ણ થવામાં આજથી પ્રિમોન્સૂન પ્લાનની કામગીરી શરૂ

### માવઠા બાદ અનાજ, કઠોળ, તેલીબિયાંની આવકો ઘટીઃ તા.૧૫ જૂનથી ચાર મહિના ઓફ સીઝન




આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

રાજકોટ, લોધિકા અને પડધરી તાલુકાના ૧૮૦ ગામોનું કાર્યક્ષેત્ર ધરાવતા રાજકોટના બેડી માર્કેટ યાર્ડમાં હવે ઘઉં અને મસાલાની સીઝન પૂર્ણ થવામાં છે. તદઉપરાંત આવકો પણ ઘટી જતાં આજથી યાર્ડ સંકુલમાં પ્રિ-મોન્સૂન પ્લાનની કામગીરી શરૂ કરવામાં આવી છે.

વિશેષમાં રાજકોટ માર્કેટ યાર્ડના સૂત્રોએ જણાવ્યું હતું કે તાજેતરમાં માવઠું વરસ્યા બાદ આજથી અનાજ, કઠોળ, તેલીબિયાં અને શાકભાજી સહિતની આવકોમાં ભારે ઘટાડો થયો છે. પ્રિ-મોન્સૂન પ્લાન અંતર્ગત તમામ ખેડૂતોને જણસીઓ ઢાંકીને જ લાવવા, વેપારીઓને દુકાન બહાર કે ખુલા મેદાનમાં માલ નહીં રાખવા તેમજ પ્લેટફોર્મ ઉપર જ ઉતરાઈ કરવા આદેશો જારી કરાયા છે તેમજ સમગ્ર યાર્ડ સંકુલમાં સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. હાલ તમામ જણસીઓની આવકો ૨૪ કલાક ચાલુ છે તેમ છતાં મર્યાદિત આવકો થઈ રહી છે.

એકંદરે હવે સીઝન પૂર્ણ થવામાં છે છતાં હજુ એક મહિનો જણસીઓની આવક ચાલુ રહેશે અને તા.૧૫ જુનથી ચોમાસુ શરૂ થતાંની સાથે યાર્ડમાં ચાર મહિના ઓફ સીઝન રહેશે.

**જીરૂમાં એક્સપોર્ટર્સની લેવાલીથી ભાવ વધ્યા**

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં જીરૂમાં એક્સપોર્ટર્સની લેવાલી વધતા ભાવમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. રાજકોટ યાર્ડમાં હાલ સુધી જીરૂનો ભાવ ૪૫૦૦ સુધી હતો જે વધીને પ્રતિ ૨૦ કિલોના રૂ.૪૬૫૦થી ૫૬૧૫ સુધી પહોંચ્યો છે.

**ઉનાળુ વાવેતરના સફેદ તલની આવકમાં વધારો**

રાજકોટ માર્કેટ યાર્ડમાં હાલ ઉનાળુ વાવેતરના સફેદ તલની આવકમાં દિન પ્રતિદિન વધારો થઇ રહ્યો છે, હજુ એકાદ પખવાડિયા સુધી તલની આવક સતત વધતી રહેશે તેવા નિર્દેશ મળી રહ્યા છે.

## જૂનાગઢના નામચીન બુટલેગરે પાડોશીના નામે પાસપોર્ટ કઢાવ્યો

આજકાલ પ્રતિનિધિ
જૂનાગઢ

જૂનાગઢના બુટલેગર સામે નકલી કાગળની મદદથી ખોટા નામે પાસપોર્ટ કઢાવ્યા મામલે પોલીસે જ ફરિયાદી બની વિશ્વાસઘાત છેતરપિંડી કર્યા અંગે ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી આ અંગે એ ડિવિઝનમાંથી પ્રાપ્ત વિગત મુજબ જૂનાગઢના નામાંકિત બુટલેગર ધીરેન અમૃતલાલ કારીયા એ ગણેશ નગર અમિત ઉર્ફે ચેમ્પિયન ધીરુભાઈ રાઠોડના મકાનમાં જતીન રમેશ સોનીના નામે ખોટા ડોક્યુમેન્ટ બનાવી સાચા તરીકે ઉપયોગ કરી મહારાષ્ટ્ર મુંબઈ ખાતેથી ખોટા નામનો ઉપયોગ કરી પાસપોર્ટ કઢાવી છેતરપિંડી વિશ્વાસઘાત કર્યા અંગે સામે આવતા એ ડિવિઝન પીએસઆઈ ઉંમર શાહરુખ ઈકબાલ હુસેન સીદી એ ધીરેન કાર્ય સામે વિશ્વાસઘાત છેતરપિંડીની અંગે ફરિયાદી બની વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# વેરાવળમાં બે દિવસથી દેખાતા દીપડાને પાંજરે પુરવામાં વન વિભાગ નિષ્ફળ

### ગંદા પાણીના ભરાવાને કારણે ઉંચા ઘાસમાં છૂપાઈ જતો હોવાની ચર્ચા

આજકાલ પ્રતિનિધિ
વેરાવળ



(તસવીર : ઇકબાલ બાનવા-વેરાવળ)

વેરાવળ શહેરના રીંગરોડ ઉપર આવેલ અતિ ગીચ અને પછાત વિસ્તાર મફતિયાપરામાં છેલ્લા બે દિવસથી દીપડો દેખા દેતો હોય તેવી ફરિયાદ ઉઠી છે જેના પગલે આ વિસ્તારના સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. વન વિભાગ દ્વારા પણ રહેણાંક વિસ્તારમાં દીપડો હોવાના કારણે ચિંતિત છે. અને આ દીપડાને પાંજરે પુરવા માટે છેલ્લા બે દિવસથી કવાયત કરી રહી છે પરંતુ આ વિસ્તારમાં પાલિકા તંત્રની ઘોર બેદરકારીના પગલે ગંદા પાણીનું મોટું તળાવ આવેલું હોય અને આ તળાવમાં મસ મોટું ઘાસ ઊગી નીકળું હોય જેમાં આ દીપડો લપાઈ જતો હોવાનું વન વિભાગનું અનુમાન છે. ત્યારે પાલિકા તંત્ર દ્વારા આ ગંદકીનાગંજ અને ઘાસને મશીનરી મારફતે વહેલી તકે દૂર કરવામાં આવે તો આ વિસ્તારમાં દીપડાની દેહેશત માંથી લોકોને મુક્તિ મળે અને દીપડાને પાંજરે પૂરવામાં વન વિભાગને સરળતા રહે તેમ છે.

હાલ તો છેલ્લા બે દિવસથી દીપડો દેખાતો હોય અને લોકો સતત ફરિયાદ સાથે ભયના ઓથા હેઠળ જીવી રહ્યા છે ત્યારે જવાબદાર તંત્ર દ્વારા આ મામલે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે વન વિભાગના સહકારમાં પાલિકા તંત્ર દ્વારા પણ આ ગંદકીના ગંજ અને ઘાસચારાને દૂર કરવામાં આવે તેવી લોકોમાં માંગ ઉઠી રહી છે.

## આવતીકાલનું રાશી ભવિષ્ય

**મેષ (અ.લ.ઈ.)** વ્યાપારી સબંધોમાં વિકાસ કરવાના. મહત્વના નિર્ણયો બાબત કોઇ ઉતાવળ ન કરવી. પ્રવાસમાં સફળતા.

**વૃષભ (બ.વ.ઉ.)** આર્થિક સ્થીતીમાં સુધારો થવાનો છે. વાદ વિવાદથી દૂર રહેજો. કાર્યભાર પણ રહેવાનો છે.

**મિથુન (ક.છ.ઘ.)** મૂડી રોકાણ બાબત કોઇ જાણકાર અને હીતેચ્છુ મિત્રની સલાહ લેજો. વિદેશથી લાભ મળવાનો.

**કર્ક (ડ.હ.)** ઉપરી વર્ગ સાથે કોઇ દલીલબાજી ન કરતા. નવું કર્જ લેવાથી દૂર રહેજો. રોમાન્સમાં સફળતા.

**સિંહ (મ.ટ.)** સામાજિક કાર્યોમાં સફળતા મળવાની છે. મિલન મુલાકાત લાભદાયક રહે. મિત્રો સાથે પ્રવાસ થાય.

**કન્યા (પ.ઠ.ણ.)** આર્થિક બાબતોમાં વધુ ચીવટ રાખજો. નોકરીમાં વ્યસ્ત રહેવાની સલાહ છે, સ્થીરતા જરૂરી.

**તુલા (ર.ત.)** નાણાકીય રાહત રહે. લગ્નજીવનમાં સુમેળ રાખવો. સંતાનોની પ્રગતિવાળો દિવસ. અગત્યના કાર્યોને પ્રાધાન્ય આપો. પ્રવાસ થાય.

**વૃશ્ચિક (ન.ય.)** મિલકતના પ્રશ્નોમાં સફળતા મળવાની. ધાર્મિક કાર્યમાં સફળતા રહે. ઉધારી ધંધાથી દૂર રહેજો. નોકરીમાં કાર્યભાર રહે.

**ધન (ભ.ધ.ઢ.ફ.)** અપરણીતોને સગાઇ લગ્નની ઇચ્છા ફળે. કાનૂની પ્રશ્નોથી દૂર રહેજો. નાણાકીય દ્રષ્ટિએ સાવધાની જરૂરી. માતા સાથે મતભેદ રહે.

**મકર (ખ.જ.)** પરિવારના સભ્યો સાથે મતભેદો ન થાય તેનું ધ્યાન રાખવું. નોકરીમાં સ્થાનફેરની શકયતાઓ ઉભી થવાની શકયતા.

**કુંભ (ગ.સ.શ.ષ.)** મહત્વના કાર્યોમાં અંતરાયનો સામનો રહેશે. ધીરજ રાખવી. ભાઇ-બહેનો સાથે કોઇ ગેરસમજો ન થાય તેનું ધ્યાન રાખવું.

**મીન (દ.ચ.ઝ.થ.)** સંસ્થામાં સારો હોદો મળે. નવા આયોજન બાબત ધીરજ રાખવી. આત્મવિશ્વાસ વધારવો. સંતાનોનો સહકાર મેળવવો જરૂરી રહે.

### ગોચરના ગ્રહો

| | | | |
|---|---|---|---|
| સૂર્ય-વૃષભ | મંગળ-મીન | રાહ-મીન | કેતુ-કન્યા |
| બુધ-મેષ | ગુરૂ-વૃષભ | હર્ષેલ-મેષ | પ્લુટો-મકર |
| શુક્ર-મેષ | શનિ-કુંભ | નેપચ્યુન-મીન | ચંદ્ર- સિંહ |

### તારીખીયું

તા.૧૬-૦૫-૨૦૨૪ વાર ★ ગુરૂવાર
તિથિ વૈશાખ સુદ-૮, સૂર્યોદય ૬-૦૮
સૂર્યાસ્ત ૭-૧૭, જૈન નવકારશી ૬-૫૩

**બાળકોની રાશિઃ સિંહ**

# સોમનાથ મંદિર-આસપાસના ધાર્મિક સ્થાનો પર નો પાર્કિંગ ઝોન જાહેર

### જાહેરનામું આખરી કરતાં પહેલાં જાહેર જનતા પાસેથી વાંધા સૂચનો મગાવવામાં આવ્યાં

આજકાલ પ્રતિનિધિ
પ્રભાસ પાટણ



સોમનાથ મંદિર તથા તેની આસપાસના અન્ય ધાર્મિક સ્થાનો પર કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા ટ્રાફિક નિયમન જળવાઈ રહે તે માટે જિલ્લા મેજીસ્ટ્રેટ દિગ્વિજયસિંહ જાડેજા દ્વારા નો પાર્કિંગ ઝોન અંગેનું પ્રાથમિક જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

વેરાવળ પ્રાંત અધિકારીના અધ્યક્ષતામાં તા.૨૯-૦૩-૨૦૨૪ના રોજ નિમાયેલી સમિતિના સૂચનોને આધારે આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જેમાં સોમનાથ મંદિર ખાતે પઠાણવાડા નાકાથી શોપિંગ સેન્ટર થઈ એસ.બી.આઈ. એટીએમવાળા રોડ પર નો પાર્કિંગ ઝોન જાહેર કરવા વિચારણાં હાથ ધરવામાં આવી છે.

આ જાહેરનામું આખરી કરતા પહેલા જે કોઈ વ્યક્તિને વાંધા કે સૂચનો હોય, તે આ પ્રાથમિક જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૩૦માં જિલ્લા મેજિસ્ટ્રેટને ઉદ્દેશીને પોતાના વાંધા સૂચનો મોકલી શકે છે.

નિયત મુદતમાં રજૂ થયેલ વાંધા-સૂચનો આ જાહેરનામુ આખરી કરતાં પહેલા ધ્યાને લેવામાં આવશે. મુદત બહાર આવેલ સૂચનો કે વાંધા ધ્યાને લેવામાં આવશે નહીં તેમ જિલ્લા મેજિસ્ટ્રેટ, ગીર સોમનાથ દ્વારા તા. ૧૪-૦૫-૨૦૨૪ના રોજ બહાર પાડવામાં આવેલ પ્રાથમિક જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે.

# રાજકોટ એસટી ડિવિઝનને વેકેશન ફળ્યું ત્રણ દિવસમાં પાંચ લાખ મુસાફરો મળ્યા

### તા.૧૧ના રૂા.૬૯ લાખ, તા.૧૨ના ૬૮ લાખ, તા.૧૩ના ૭૨ લાખની આવક, તમામ રૂટની બસમાં ચિક્કાર ટ્રાફિક

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

ગુજરાત રાજ્ય માર્ગ અને વાહન વ્યવહાર નિગમના રાજકોટ એસટી ડિવિઝનને સ્કૂલ વેકેશન બરાબર ફળ્યું છે. તમામ રૂટની બસોમાં ચિક્કાર ટ્રાફિક જોવા મળી રહ્યો છે, ફક્ત છેલ્લા ત્રણ દિવસમાં રાજકોટ એસટી ડિવિઝનની એસટી બસોમાં પાંચ લાખ મુસાફરોએ મુસાફરી કરતા ડિવિઝનને રૂ.બે કરોડથી વધુની આવક થઇ છે.

વિશેષમાં રાજકોટ એસટી ડિવિઝનના વિભાગીય પરિવહન અધિકારી વી.બી.ડાંગરએ જણાવ્યું હતું કે છેલ્લા ત્રણ દિવસમાં તા.૧૧ના રોજ ૧,૧૦,૫૧૬ મુસાફરો મળતા રૂ.૬૯ લાખની આવક, તા.૧૨ના રોજ ૧,૦૬,૪૬૪ મુસાફરો મળતા રૂ.૬૮ લાખની આવક, તા.૧૩ના રોજ ૧,૧૪,૭૪૬ મુસાફરો મળતા ૭૨ લાખની આવક થઇ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજકોટ એસટી ડિવિઝન હેઠળ રાજકોટ એસટી બસપોર્ટ, ગોંડલ, મોરબી, જસદણ, વાંકાનેર, ચોટીલા, લીંબડી, ધ્રાંગધ્રા અને સુરેન્દ્રનગર સહિતના કુલ નવ ડેપો સમાવિષ્ટ છે. જેમાં રાજકોટ એસટી બસ પોર્ટમાં સૌથી વધુ દરરોજ ૧૨૦૦ બસ અને ૫૦ હજાર મુસાફરોની અવરજવર થાય છે.

હાલ વેકેશનમાં સહપરિવાર મુસાફરીએ નીકળતા મુસાફરો ઓનલાઈન એડવાન્સ બુકિંગ કરાવી રહ્યા છે. ડેપો ખાતેથી એડવાન્સ બુકિંગ ચાલુ છે તદઉપરાંત નિગમની એપ ઉપરથી પણ એડવાન્સ બુકિંગની સુવિધા ઉપલબ્ધ છે. વેકેશનને કારણે તમામ બસમાં એટલી હદે ટ્રાફિક છે કે એડવાન્સ બુકિંગ નહીં કરાવનારને બસમાં ઉભા રહીને મુસાફરી કરવા ફરજ પડે છે.

# જૂનાગઢ પંથકમાં વાવાઝાડાને કારણે અનેક ગામોમાં વીજળી બંધ રહી

### શહેર અને જિલ્લાના ૫૭ ફીડર પૈકી ૩૪માં રાતોરાત કામગીરી પૂર્ણ કરી વીજ પુરવઠો પૂર્વવત કરાયો

આજકાલ પ્રતિનિધિ
જૂનાગઢ

જૂનાગઢમાં સોમવારે રાત્રે વાવાઝોડાને પગલે તીવ્ર ગતિથી પવન ફૂંકાતા વાયરો તૂટવા તથા ઝાડની ડાળીઓ તથા વૃક્ષો પડવાથી ફીડરોને નુકસાન જવાથી શહેરી વિસ્તાર અને અનેક ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો. શહેરમાં ભૂતનાથ મોતીબાગ, બિલખા રોડ ,ટીંબાવાડી ઝાંઝરડા, દોલતપરા અને કાળવા ચોક સહિતના ૧૧ ઈડર અને ગ્રામ્યમાં વિસાવદર, મેંદરડા, કેશોદ, માણાવદર, માંગરોળ ,જુનાગઢ સહિતના તાલુકાઓમાં ૨૩ મળી ૩૪ ફીડરોને અસર પહોંચતા તે વિસ્તાર માં વીજ પુરવઠો ખોરવાયો હતો. જોકે પીજીવીસીએલના અધિક્ષક ઈજનેર પરમારના માર્ગદર્શન હેઠળ શહેરમાં પીજીવીસીએલની ૨૦ અને ગ્રામ્યમાં ૩૩ મળી કુલ ૫૩ વીજ ટીમ દ્વારા રાતોરાત વીજ પુરવઠો પૂર્વવત કરવા કામગીરી શરૂ કરવામાં આવી હતી. શહેર અને ગ્રામ્યમાં પીજીવીસીએલના કુલ ૨૦૦ થી વધુ કર્મચારીઓ રાતોરાત વીજ રીપેરીંગની કામગીરી કરી અડધી રાત્રે વીજ ફોલ્ટ ની સમસ્યાનો નિકાલ લાવ્યો હતો. જોકે ગ્રામ્ય વિસ્તારમાં જ્યોતિગ્રામ ફીડરમાં સૌથી વધુ અસરો થઈ હતી જેમાં વિસાવદર ,મેંદરડા માણાવદર, વંથલી અને જુનાગઢ તાલુકાના ૧૦૯ ફીડરોને વધુ પવન અને વૃક્ષોની ડાળીઓ થી નુકસાન પહોંચ્યું હતું વીજ કર્મીઓની ટીમે તાબડતોબ રાતોરાત અને સવારથી આખો દિવસ દરમિયાન નુકસાનગ્રસ્ત ફીડરો પૈકી ૫૩ ફીડરોમાં સમારકામ કરવામાં આવ્યું હતું અને તે વિસ્તારોમાં વીજ લાઈન રીપેરીંગ કરી વીજ પુરવઠો શરૂ કરાયો હતો. જોકે ૫૬ ફીડરોમાં હજુ રીપેરીંગ ની કામગીરી કરવામાં આવી રહી છે જોકે વીજ કર્મીઓની ટીમે રાતો રાત સમારકામની કામગીરી કરી વીજ પુરવઠો શરૂ કરતા પીજીવીસીએલની કામગીરીની સરાહના કરવામાં આવી છે ગ્રામ્ય વિસ્તારમાં હીટ વેવ હોવા છતાં બપોરના સમયે પણ ફોલ્ટ રીપેરીંગ ની કામગીરી અવિરત કરવામાં આવી હતી.

# પાડાનું ઓનલાઈન વેચાણ બાદ ડારીના શખસે નાણા નહીં ચૂકવતા ફરિયાદ

### વડાળાના પશુપાલકે પીપળાના પાન એપ ઉપર વેચાણ કર્યું હતું

આજકાલ પ્રતિનિધિ
જૂનાગઢ

માળીયાહાટીનાના વડાળા ગામે પાડા નું વેચાણ કર્યા બાદ રકમ ન આપતા વેરાવળના બે ઈસમો સામે ૬૫,૦૦૦ ની વિશ્વાસઘાત છેતરપિંડીની ફરિયાદ નોંધાતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે માળીયાહાટીના પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ વડાળા ગામે રહેતા નરેન્દ્રભાઈ કામળિયા ને તેનો પાડો વહેંચવાનો હોય જેથી મોબાઈલ પર પીપળાના પાન નામની એપ્લિકેશનમાં પાડાનો ફોટો તથા રકમ સાથેની જાહેરાત મુકેલ હતી જેના આધારે વેરાવળ ના ડારી ખાતે રહેતા અમરભાઈ જીકાણીએ ફોન પર ૬૫,૦૦૦માં પાડો લેવાનું નક્કી કરી ચૂંટણી આચારસંહિતા હોવાના કારણે રોકડ રકમ આપી શકાય તેમ નથી અને ચેક આપવાનું જણાવી પાડાની વેચાણની રકમ અંગેનો ચેક કમલેશ ઉર્ફે રમેશભાઈ સામળા નરેન્દ્રભાઈના ઘરે આપી ગયા હતા અને વિશ્વાસમાં લઈ પાડા ને વાહનમાં લઈ ગયા હતા. ત્યારબાદ નરેન્દ્રભાઈએ ચેક બેંકમાં વટાવવા મુકતા ચેક રિટર્ન થયો હતો અને ત્યારબાદ અમરભાઈ અને કમલેશભાઈ ઉર્ફે રમેશભાઈ ને રૂપિયા બાબતે જાણ કરતા ખોટા વાયદાઓ આપી રૂપિયા ન આપતા વિશ્વાસઘાત છેતરપિંડી થયા અંગે બંને ઈસમો સામે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુન્હોનુંથી વધુ તપાસ પીએસઆઈ ગઢવીએ હાથ ધરી છે.

# રણછોડદાસજી હોસ્પિટલ દ્વારા ૧ વર્ષમાં ૧,૦૩,૦૯૮ દર્દીઓનાં મોતીયાના ઓપરેશન

### નેત્રદાન, અન્નદાન, વસ્ત્રદાન અને સંપતીદાન સાથે દરીદ્રનારાયણ માટે ચાલતો સેવાયજ્ઞ

આજકાલ કાર્યાલય
રાજકોટ



ભારતભરમાં કોઈપણ વ્યકિત પૈસાના વાંકે આંધળો ન રહી જાય તે માટે નેત્રયજ્ઞની નિઃશુલ્ક ઓપરેશન કરીને તેને દિવ્ય ગુરૂદ્રષ્ટી રૂપી આંખની નવી રોશની આપીને તેની સેવા કરવામાં આવે છે એ સેવા દ્વારા રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ દ્વારા દર્દી ભગવાનના ઓપરેશન નિઃશુલ્ક કરવામાં આવ્યા.

ગુરૂદેવના અમુલ્યો વચનોને સાર્થક કરીને તથા તેમના ભારતને મોતીયાવિહીન કરવાના સંકલ્પને સાર્થક કરવા ભારતભરમાં રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ દ્વારા નેત્રયજ્ઞ કેમ્પનું આયોજન કરીને ગરીબ અને જરૂરીયાતમંદ લોકોને મફત આંખના મોતીયાના ઓપરેશન કરીને આંખની નવી રોશની આપવામાં આવે છે. જેમાં રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ દ્વારા મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, બિહાર, રાજસ્થાન, ઓરીસ્સા, ઝારખંડ, છતીસગઢ વગેરે જગ્યાએ નેત્રયજ્ઞો કેમ્પો કરીને તા.૧/૪ થી તા.૩૧/૩/૨૪ એક વર્ષમાં ઓપરેશન કરવામાં આવ્યા છે.

વર્ષ ૨૩/૨૪ વર્ષના ૧૦૩૦૯૮ ઓપરેશનથી અત્યાર સુધીમાં ૨૧,૫૦,૦૭૪ લોકોને દ્રષ્ટીથી નવી રોશની આપી છે. આ નેત્રયજ્ઞ કેમ્પની જયોત જલતી રહે તે માટે સમગ્ર ભારતમાં વિવિધ જગ્યાએ કેમ્પો કરી દર્દીઓની સેવા કરવામાં આવે છે. જેમાં ઉત્તરપ્રદેશ, બનારસ, દેવારીયા, બિહારના ભાગલપુર, બકસર, સાસારામ, મધ્યપ્રદેશ ઈન્દોર તથા રાજસ્થાનના પુષ્કર ખાતે નેત્ર યજ્ઞ કેમ્પો કરવામાં આવેલ છે.

સૌરાષ્ટ્ર કચ્છ ગુજરાતમાં દર માસે ૧૪૦ થી ૧૫૦ જેટલા વિનામુલ્યે મોતીયાના કેમ્પોનું આયોજન કરવામાં આવે છે જેમાં ગરીબ જરૂરીયાતમંદ લોકોને મોતીયાના કેમ્પ લાવીને તપાસ કરીને તેના વિનામુલ્યે મોતીયાના ઓપરેશન કરવામાં આવે છે. રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ દ્વારા આધુનીક નવી હોસ્પિટલનું નિર્માણ કાર્ય ચાલુ છે જે રૂા.૯૦ થી ૧૦૦ કરોડના ખર્ચે ૧૦ માળની હોસ્પિટલ તૈયાર થઈ રહી છે. જે એશિયાની પ્રથમ નંબરની હોસ્પિટલ બનશે જેમાં એક જ જગ્યાએથી આંખની તમામ સારવાર મળી રહેશે.

## વાંકાનેર નજીક વાહનની હડફેટે ઈજાગ્રસ્ત થાનના યુવકનું મોત

આજકાલ પ્રતિનિધિ-રાજકોટ

મોરબી કારખાનામાં કામ કરતો મૂળ થાનના નવાગામનો વતની પ્રદીપ ચંદનભાઈ ભોજયા (ઉ.વ.૨૩) નામનો યુવક ઢૂવા નજીક પેટ્રોલ પંપ પાસે ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવતા ૧૦૮ મારફતે પ્રથમ વાંકાનેર બાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા યુવકએ દમ તોડી દીધો હતો. બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે વાંકાનેર તાલુકા પોલીસને જાણ કરી હતી. યુવકની કોઈ ઓળખ ન મળતા અજાણ્યા તરીકે નોંધ કરવામાં આવી હતી બાદમાં સાથી કર્મચારીઓને જાણ થતા રાજકોટ સિવિલ હોસ્પિટલએ દોડી આવતા યુવકની ઓળખ થઈ હતી. યુવકના મૃતદેહ પર ની ઈજા જોઈ કોઈ વાહનની અડફેટે ચડી ગયાનું પોલીસને પ્રાથમિક તપાસમાં લાગી રહ્યું છે. વધુમાં મૃતક અપરણીત છે અને ૨ દિવસ પૂર્વે મોરબી કારખાનામાં કામ માટે આવ્યો હતો. બનાવ અંગે મૃતકના પરિવારને જાણ કરી તપાસ યથાવત રાખી છે.

### પડધરીના મોટા રામપર ગામનો બનાવ

# ઉછીના આપેલા પૈસા પરત માગતા યુવકને માર મળ્યો

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ



પડધરીના મોટા રામપર ગામે યુવકને જુના મિત્રએ પૈસાની ઉઘરાણી પ્રશ્ને પાઈપ અને છરી વડે હુમલો કરતા ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યો છે.બનાવની મળતી વિગત મુજબ પડધરીના મોટા રામપર ગામે રાહત અને ડ્રાઈવિંગનું કામ કરતા જેન્તીભાઇ પરસોતમભાઇ ભોજાણી (ઉ.વ.૪૦) નામના યુવક રાત્રે બારેક વાગ્યે ગામમાં હતા ત્યારે રાજકોટના નાગેશ્વરમાં રહેતા નિશિત મહેતાએ ફોન કરી મળવા બોલાવ્યા બાદ છરી અને પાઈપ વડે હુમલો કરતા યુવકને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.યુવકના કહેવા મુજબ નિશિતને મિત્રતાના દાવે રૂ.૧૬૦૦૦ ઉછીના આપ્યા હતા તેની અવાર નવાર ઉઘરાણી કરતા ગલ્લા તલ્લાં કરતો હતો, ગઈકાલે ફોન કરી પૈસાની ઉઘરાણી કરતા પોતે રૂબરૂ આવી ને પૈસા આપી જાય છે તેમ કહી રાત્રે ગામમાં આવ્યો હતો અને મને ફોન કરીને બોલવતા હું પૈસા લેવા માટે ગયો હતો ત્યારે ઝગડો કરી પાઈપ વડે મારમારી છરીથી ચેકા કરી દીધા હતા, બનાવ અંગે પડધરી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

Printer and Publisher : Chandresh Dhanraj Jethani, Owner : Dhanraj News & Media Pvt. Ltd., Printed at Aajkaal Printing Press, 1 - Rajput Para, Near Gaisford Talkies, Rajkot. and Published from Aajkaal Karyalaya, 9th Floor, Dhanrajni Bldg., Dr. Yagnik Road, Rajkot, Gujarat. *Editor Kana Bantva, Responsible for Selection and Publication of News under PRB Act.

# સિવિલના તંત્ર વાહકોના કારણે સરકારની આબરુનું ધોવાણ

## દર્દીઓને પડતી હાલાકી, અસુવિધાઓ, ક્ષતિઓ અને ભ્રસ્ટાચાર મુદ્દે મહિનામાં ૧૫ દિવસ હોસ્પિટલ અખબારમાં ચમકે છે, સારવાર, સાધનો, દવાની ઉણપ અને વહીવટી કામગીરીમાં ઢીલાસની ઢગલો બંધ ફરિયાદો છતાં આરોગ્ય મંત્રી અને આરોગ્ય વિભાગના અધિકારીઓના પેટનું પાણી હલતું નથી

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

રાજકોટની પીડીયુ સિવિલ હોસ્પિટલનો ખખડી ગયેલો વહીવટ અને ખાડે ગયેલી સ્થિતિને લઈને રોજ બે-રોજ તસવીરો સાથેના સમાચારો મીડિયામાં પ્રસિધ્ધ થતાં આરોગ્ય ક્ષેત્રે સરકારની આબરૂનું રીતસર ધોવાણ થઈ રહ્યું છે એમ છતાં રાજ્યના આરોગ્ય મંત્રી કે તેના વિભાગના ઉચ્ચ અધિકારીઓના પેટનું પાણી પણ હલતું ન હોવાનું છેલ્લા કેટલાક સમયથી કોઈ ઠોસ કાર્યવાહી કરવામાં ન આવતા જણાઈ રહ્યું છે.




રાજકોટની સિવિલ હોસ્પિટલમાં દૂરબીન વગર પણ એક નહીં અનેક સમસ્યાઓનો ઢગલો છે, આરોગ્ય મંત્રી, આરોગ્ય સચિવ, આરોગ્ય કમિશનર, સહિતના અધિકારીઓ હોસ્પિટલની નિયત પૂર્વક ઓચિંતી વોર્ડ, વિભાગ, ઓપરેશન થિયેટર, અને છેલ્લે સુપ્રિટેન્ડેન્ટ ઓફિસની સરપ્રાઈઝ વિઝીટ કરે તો સૌરાષ્ટ્રની સૌથી મોટી કહેવાતી સિવિલ હોસ્પિટલની ચોંકાવનારી હકીકતો સામે આવી શકે છે. હોસ્પિટલના કથળેલા સરકારી વહીવટની અને ટેબલ વહીવટની ગાંધીનગર સુધી વ્યાપક ફરિયાદો કરવામાં આવી ઉપરાંત હોસ્પિટલની દુવિધાઓ, દર્દીઓને પડતી મુશ્કેલીઓ, તબીબો, નર્સીંગ કર્મચારીઓ, અધિકારીઓની કામચોરી સહિતના ગણ્યા ગણાય નહીં એટલા સચોટ સમાચારો અખબારમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યા બાદ પણ માત્ર ગાંધીનગર બેઠેલા આરોગ્ય વિભાગના અધિકારીઓ ખુલાસા મગાવી અને એથી આગળ તપાસ કમિટી બનાવી નર્યું નાટક કરી કાર્યવાહી નામે પડદો પાડી દેવામાં આવી રહ્યો હોવાથી હોસ્પિટલનું તંત્ર દિવસેને દિવસે બગડી રહ્યું છે. અને જવાબદારો બે દાદ બન્યા છે. એમ છતાં રાજ્યના આરોગ્ય વિભાગના અધિકારીઓ સિવિલમાં ચેકીંગ માટે ફરકતા પણ નથી, આ જોતા તો અધિકારીઓ ઉપર પણ કોઈ વશીકરણ કરવામાં આવ્યું હોય અને સિવિલ સુપ્રિટેન્ડેન્ટ તરફનો મોહ ભંગ થતો ન હોવાનું લાગી રહયું છે.

એક તરફ રાજ્યની મોટાભાગની સિવિલ હોસ્પિટલમાં સુપ્રિટેન્ડેન્ટ અને મેડિકલ કોલેજમાં ડીનની રેગ્યુલર જગ્યા ભરવા માટે સરકારનું આરોગ્ય વિભાગ વામણું પુરવાર થયું છે, સરકાર ઓર્ડર કરે એ તબીબો બેસવા તૈયાર નથી અને સરકારમાં જ ઓર્ડર કેન્સલ કરાવી પાછલા દરવાજેથી ચાલતી પકડી રહ્યા છે. અને ગાંધીનગર બેઠેલા અધિકારીઓ ફરિયાદ કરનાર ને ખુરશીએ બેસવા તૈયાર હોઈ એવાને લઈ આવો એવા સામા સવાલો કરી રહ્યા છે જેના કારણે ફરિયાદીઓ ફરિયાદ કરવાનું પણ ટાળી રહ્યા છે. સરકાર જ ઓર્ડર કરે અને ગણતરીના દિવસોમાં જ ઓર્ડરનું ઉલ્લઘન કરી ચાર્જ ન સંભાળે ને પછી સરકારને જ ઓર્ડર કેન્સલ કરવો પડે એ કેટલી હદે નાલેશી કહેવી પડે, આ માત્ર રાજકોટ સિવિલ હોસ્પિટલ જ નહીં પણ રાજ્યની અન્ય સરકારીઓ હોસ્પિટલમાં પણ આજ પરિસ્થિતિ હોવાનું મનાઈ રહ્યું છે.

અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગરની સિવિલ હોસ્પિટલમાં સુપ્રિટેન્ડેન્ટની જગ્યા ચાર્જ સોંપીને ચલાવામાં આવી રહી છે. આ ચિત્ર જોતા રાજ્યના આરોગ્ય વિભાગની સ્થિતિ પણ રાજકોટ સિવિલ જેવી જ ગણવી કે શું ? એ વિચાર માગતો પ્રશ્ન છે.

### નેતાઓનું ન સચવાય તો કલેકટરને દોડાવે

તબીબો માટે દર્દીઓ એક સરખા જ હોઈ છે, પછી આમ વ્યક્તિ હોય કે મિનિસ્ટરએ કરેલી ભલામણનું દર્દી, બધાને એક ઈન્જેક્સન ને બાટલાની જરૂર હોઈ ત્યાં એક જ આપે, મિનિસ્ટરના પરિચિત દર્દી હોઈ તો તેમને બે ઈન્જેક્સન અને વધારા ને બે બાટલા નથી ચડાવતા પરંતુ નેતાઓએ ભલામણ કરી હોઈ એ દર્દીમાં આઘું પાછું થાય તો નેતાઓને પેટમાં ચૂક ઉપડે અને કલેક્ટરને હોસ્પિટલ સુધી દોડાવવામાં આવે છે, જ્યારે હોસ્પિટલમાં કેટલીક અસુવિધાઓ, દર્દીઓને પડતી હાલાકીઓ બાબતે નેતાઓને કેમ પેટમાં ચૂક ઉપડતી નથી ? તેવા વેધક સવાલો પણ ઉઠી રહ્યા છે.

### ૮ વર્ષથી સુપ્રિન્ટેન્ડેન્ટની ખુરશી ચાર્જમાં

આરોગ્ય અને શિક્ષણ દેશને આગળ લઈ જવા માટેના મુખ્ય પરિબળ પૈકીના બે પહેલું છે, એજ આરોગ્ય સંસ્થાઓને સુદ્રઢ રીતે ચલાવવા માટે સરકાર કે તેના આરોગ્ય વિભાગ પાસે કાયમી તબીબી અધિકારીઓ જ ન હોઈ અને ઈન્ચાર્જથી ગાડું ગબડાવવામાં આવતું હોય એ સરકારી સિવિલ હોસ્પિટલનું તંત્ર કેવી રીતે ચાલતું હશે એ કલ્પના માત્ર જ ઘણું બધું કહી શકે દ્યે છે, અને એનું નર્યું ઉદાહરણ રાજકોટની સિવિલ હોસ્પિટલ છે, સૌરાષ્ટ્ર-કચ્છની સૌથી મોટી કહેવાતી સિવિલમાં છેલ્લા આઠેક વર્ષથી કાયમી સુપ્રિટેન્ડેન્ટની નિમણુંક કરવાને બદલે ઈન્ચાર્જથી કામગીરી ચલાવવામાં આવી રહી છે. આ જોતા રાજ્યના આરોગ્ય વિભાગને વિશાળ સરકારી તબીબી વર્તુળમાંથી પારદર્શક વહીવટ ચલાવવા માટે કોઈ તબીબી અધિકારી નથી મળતા કે પછી જાણી જોઈ ગાંધીનગર બેઠેલા ચોક્કસ આરોગ્ય વિભાગના જ અધિકારીની ગોઠવણ સાચવવામાં આવી રહી છે ? એવા પ્રશ્નાર્થો પણ ઉભા થઈ રહ્યા છે. વધુમાં રાજ્યનું આરોગ્ય વિભાગ મેડિકલ કોલેજમાં ડીનનો ઓર્ડર કાઢી પરાણે બેસાડી દેવામાં આવી શકે છે તો હોસ્પિટલમાં સુપ્રિટેન્ડેન્ટની ખુરશી પર આજ સ્ટ્રીક કેમ અપનાવવામાં નથી આવતી ? એ ચર્ચાનો વિષય છે.

### ગાંધીનગરના અધિકારીઓ મહિનાઓથી દેખાયા નથીઃ તંત્ર બેફિકર

સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની સારવાર, ઈન્ફ્રાસ્ટક્ચર, જરૂરી સુવિધાઓ અંગેની સમિક્ષા કરવા માટે ગાંધીનગરથી નાયબ નિયામક કક્ષાના અધિકારીઓ દરેક મહિને સિવિલની વિઝીટમાં જોવા મળતા હતા જેના કારણે ક્યાંકને ક્યાંક હોસ્પિટલ તંત્રમાં ફફડાટ રહેતો હતો. પરંતુ છેલ્લા કેટલાક મહિનાઓથી આ અધિકારીઓના દર્શન પણ દુર્લભ છે, જેના કારણે હોસ્પિટલનો વહીવટ અને કામગીરી તો દિવસે ને દિવસે કથળી રહી છે સાથે ભય પણ રહ્યો નથી.

# નમો લક્ષ્મી સ્કોલરશિપ યોજના હેઠળ વિદ્યાર્થિનીઓને ૫૦,૦૦૦ની સહાય

## ૮૦ ટકાથી વધુ હાજરી અને છ લાખની વાર્ષિક આવકનો માપદંડ

આજકાલ પ્રતિનિધિ
ગાંધીનગર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અને કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૯ થી ૧૨ સુધી ભણતી વિદ્યાર્થીનીઓને કુલ ૫૦,૦૦૦ ની નમો લક્ષ્મી સહાય આપવાની રાજ્ય સરકારે જાહેરાત કરી હતી તેના અનુસંધાને શિક્ષણ વિભાગ દ્વારા અનુદાનિત માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને આ સહાય પાસે તે મુજબ વિદ્યાર્થીનીઓને ધોરણ ૯ અને ૧૦ માં ૨૦,૦૦૦ ધોરણ ૧૧ અને ૧૨ માં વિદ્યાર્થીનીઓને ૩૦,૦૦૦ આપવામાં આવશે આ માટેની મુખ્ય શરત પરિવારની વાર્ષિક આવક ૬ લાખથી વધુ ન હોવી જોઈએ. તેમજ આ વિદ્યાર્થીની ૮૦ ટકા થી વધુ હાજરી આવશ્યક કરવામાં આવી છે. આ હાજરીનું મોનિટરિંગ કેન્દ્ર સરકારના ચાલુ ટ્રેકિંગ સિસ્ટમ પોર્ટલ પર થી કરવામાં આવશે.

રાજ્ય સરકારની જાહેરાત મુજબ વર્ષ ૨૦૨૩-૨૪ માં ધોરણ ૮ થી ૧૧ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને ૨૦૨૪-૨૫ માં ધોરણ ૯ થી ૧૨ માં પ્રવેશ મેળવેલ હોય તેવી વિદ્યાર્થીઓને પણ આ યોજનાનો લાભ આપવામાં આવશે શાળાઓમાં આકસ્મીક ચેકિંગ હાથ ધરાશે જો વિદ્યાર્થીની ની હાજરી ૮૦% થી ઓછી હશે તો સહાય બંધ કરવામાં આવશે.

આ યોજનાના ના અમલીકરણની જવાબદારી રાજ્યના શાળા નિયામકને સોંપવામાં આવી છે આ સહાય યોજના ના સંચાલન માટે નમો લક્ષ્મી પોર્ટલ બનાવવા છે આ યોજના હેઠળ આર્થિક સહાય વિદ્યાર્થીની માતા ના બેન્ક એકાઉન્ટમાં જમા કરવામાં આવશે.


**સુધારો**

તા.૧૪-૦૫-૨૦૨૪ના 'આજકાલ' માં પ્રસિધ્ધ થયેલ નોટીસ નંબર ૧૦૯૫/૨૦૨૪માં શરત ચૂકથી ૧૪માં અધીક સીનીયર જજશ્રી કે એસ માખીચા છપાયેલ છે જે ખરેખર સુધારીને મહે.અધીક સીનીયર સીવીલ જજશ્રી કે એસ માખીચા સાહેબ સુધારીને વાંચવુ.

**નામ બદલાવેલ છે**

આથી તમામ લોકોને જણાવવાનું કે, મારૂ નામ **કાથરોટીયા ભીખાલાલ જીવરાજ** હતું. જે હવે બદલી મારૂ નવું નામ **કાથરોટીયા ભીખાભાઈ જીવરાજભાઈ** રાખવામાં આવેલ છે. જેથી હવે હું કાથરોટીયા ભીખાભાઈ જીવરાજભાઈ તરીકે ઓળખાવીશ જેની સર્વેએ નોંધ લેવી.
લી.
**કાથરોટીયા ભીખાભાઈ જીવરાજભાઈ**
**મુ. ચલાલા-તા. ધારી. જી. અમરેલી**

The Rajkot Commercial Co. Operative Bank Ltd
Web : www.rccbank.in
Ph. : 0281-2238946
નાના વેપારી,ઉદ્યોગો વ્યવસાયીકો માટે, મશીનરી, વાહન લોન
૧૦ લાખ સુધીના તમામ ધિરાણ
7.95 % વ્યાજના રાહતદરે
0 પ્રોસેસીંગ ચાર્જ
વધુ માહિતી માટે સંપર્કસુત્રઃ ધર્મેશ હિંડોચા 94093 29051 / શૈલેષ પટેલ 94294 72052
'શેઠ શ્રી જયંતિલાલ કુંડલીયા સુવિધા સંકુલ', મહાત્મા ગાંધી મ્યુઝીયમ પાછળ, ચંદુલાલ બુચ માર્ગ, રાજકોટ.

**શ્રી એસ. એમ. ગઢવી સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબ, વાંકાનેરની કોર્ટમાં**
જન્મ/મરણ/પરચુરણ અરજી નં. ૩૭/૨૦૨૪
શ્રી હરીબેન ઉર્ફે હંસાબેન ઉકાભાઈ સોલંકી, રહે. ૪૨૮ રામકૃષ્ણનગર, સરખેજ રોડ, ગુપ્તાનગર સામે વાસણ, અમદાવાદ ૩૮૦૦૭ .....અરજદાર
:: વિરૂધ્ધ ::
તલાટી-કમ-મંત્રી, (જન્મ-મરણ રજીસ્ટ્રાર ઓફીસર) અરણીટીંબા ગ્રામ પંચાયત, મુ. અરણીટીંબા, તા. વાંકાનેર, જી. મોરબી. .....સામાવાળા
વિષય : જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત
આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં અરજદારશ્રી હરીબેન ઉર્ફે હંસાબેન ઉકાભાઈ સોલંકીના પોતાની તા. ૨૯/૦૧/૧૯૬૪ ના રોજ મું. અરણીટીંબા, તા. વાંકાનેર, જી. મોરબી મુકામે જન્મ થયેલ છે. અને તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ/શરતચુકથી અરણીટીંબા ગામે જન્મ રજીસ્ટરે નોંધ કરાવવાની રહી ગયેલી છે તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ માં યા તો મુદત તા. ૨૧/૦૫/૨૦૨૪ ના રોજ લેખિતમાં વાંધો રજુ કરવામાં આવશે જેની નોંધ લેશો.
આજ રોજ તા. ૧૪/૦૫/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સિક્કો કરીને આપ્યો.
કોર્ટનો સિક્કો — એસ.એમ. ગઢવી (સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ) વાંકાનેર

**સીવીલ કોર્ટ નોટીસ**

રાજકોટ મહે. ૧૦માં અધીક સીનીયર સીવીલ જજ **શ્રી જે.વી.પરમાર સાહેબ**ની કોર્ટમાં **દિ.પ.અ.નં.૧૧૫૬/૨૦૨૪** ના કામમાં અરજદાર **શ્રી શીરીનબેન ફખરુદીનભાઈ વૈદ** રે.ભાવનગર ના એ સ્વ.ફખરૂદીનભાઈ ગુલામહુશેન વૈદ ની સ્વતંત્ર કબજા ભોગવટા અને માલીકી ની મીલ્કત રાજકોટ શહેરમાં જુની ગધીવાડ તરીકે ઓળખાતા વિસ્તારમાં ગેબી પીરની દરગાહ પાસે આવેલ જમીન ચો.મી.આ.૧૯-૭૪ પરના જુના બાંધકામ વાળા મકાન વહેંચણી દસ્તાવેજ અનુક્રમ નંબર ૧ નંબરની બુકના નંબર ૫૬૯૦ પાના નં.૨૭ વોલ્યુમ નંબર ૮૮૫ તારીખ.૨૨-૧૦-૧૯૭૦ થી સ્વ.ફખુરદીનભાઈ ગુલામહુશેનના ભાગે આવેલ છે.જે અંગેનુ હેરશીપ સર્ટીફીકેટ મેળવવા તેમના વકીલ **શ્રી ડી.એલ.ચાવડા** એડવોકેટ મારફત અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તે સંબંધે જે કોઈ વ્યકિતને વાંધો તકરાર હોય, તો તેમને મુદત **તારીખ.૨૬-૦૬-૨૦૨૪** ના રોજ સવારે **૧૦-૩૦ કલાકે** અત્રેની કોર્ટમાં રજુ કરવા ગેરહાજર રહે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેશો.
આજ **તા.૧૩-૦૫-૨૦૨૪** ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કા કરીને આપ્યા.
તૈયાર કરનાર (હિતુભા બી.જાડેજા) આસીસ્ટન્ટ — કોર્ટનો સિક્કો — હુકમથી સહી અવાચ્ય ઈન્ચા. રજીસ્ટ્રાર

**નામ બદલાવેલ છે**

**હું સરોજબેન નવનીતલાલ શાહ**
રહે.શ્રી નાથજી કૃપા, જગ્ન્નાથજી મંદિર પાસે,ગંદ્રપ ફળીયા જુનાગઢ-૩૬૨૦૦૧
જાહેર કરૂ છુ કે હું મારા નામને **સરોજબેન નવનીતલાલ શાહ** તરીકે બદલુ છુ આગામી વપરાશો માટે આગામી વખતોમાં મને **સરોજબેન નવનીતલાલ શાહ** તરીકે ઓળખવા.
સહી :- સરોજબેન નવનીતલાલ શાહ

**સંકુલ ધો. ૧૦-૧૨ A1 - A2 ને – ધો. ૧૧-૧૨ ફીજ રાહત**
**સંકુલ ધો. ૧૦ ગુ.મી. ને ધો. ૧૧ કોમર્સ ઈ.મી. પ્રવેશ**
★ ધો. ૧૦ બોર્ડ A1 - A2 ગ્રેડ ને ધો. ૧૧–૧૨ ની 50%/25% સ્કૂલ ફી માફ (તમામને)
★ ધો. ૧૨ બોર્ડ A1 - A2 ગ્રેડને ધો. ૧૧–૧૨ ની 50%/25% ભરેલ સ્કૂલ ફી પરત (સંકુલ માં કોલેજ કરનાર ને)
★ ધો. ૧૦ ગુજરાતી મિડીયમ ગર્લ્સ ને ધો. ૧૧ કોમર્સ ઈંગ્લીશ મિડીયમ માં પ્રવેશ મળશે. (તેમને ઈંગ્લીશ મિડીયમ લેવલે પહોંચાડવા ખાસ વ્યવસ્થા)
**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળઃ–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ (લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ -Ad 025

**સીવીલ કોર્ટ નોટીસ**

રાજકોટના મહે.૧૦માં અધીક સીનીયર સીવીલ જજ **શ્રી જે.વી.પરમાર સાહેબ**ની કોર્ટમાં **દિ.પ.અ.નં.૧૧૩૦** સને-૨૦૨૪ ના કામમાં અરજદાર **શ્રી વિરાજ કિશોરભાઈ ચાવડા** રહે.રાજકોટવાળાએ ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ ડીસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ શહેરમાં રેવન્યુ સર્વે નંબર.૪૯૩/૩ ની જમીનમાં આવેલ શ્રી જાગૃતી શ્રમજીવી સહકારી હાઉસીંગ સોસાયટી લી., રાજકોટ (રજી.નં.બી-૧૭૩,તા.૨૮-૦૫-૧૯૫૭)ના જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૮ ના સબ-પ્લોટ નં.૮/૨ ની (સીટી સર્વે વોર્ડ નં.૧૬/૧, સીટી સર્વે નં.૬૮૯/૨, સીટી સર્વે રેકર્ડ મુજબ જમીન ચો.મી.૧૦૨-૩૪)જમીન ચો.મી.આ.૧૦૨-૨૯ ઉપરના મકાન અંગેનું વારસા સર્ટીફીકેટ મેળવવા અંગે ઉપરોકત અરજદારના એડવોકેટ **શ્રી કમલેશભાઈ ડી.તન્ના** મારફતે ઉપરોકત દિવાની પરચુરણ અરજી અત્રેની કોર્ટ સમક્ષ દાખલ કરેલ હોય,સદરહું અરજી સબંધે જે કોઈ શખ્સને વાંધો કે તકરાર હોય તેમણે મુદત **તા.૨૬-૦૬-૨૦૨૪** ના રોજ સવારના ૧૧-૦૦ કલાકે લેખિત વાંધા અત્રેની કોર્ટ સમક્ષ રજૂ કરવા.ગેરહાજર રહયેથી યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની લાગતા-વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.
આજ. **તા.૧૩ મી માહે ૫ સને-૨૦૨૪** ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યુ.
તૈયાર કરનાર (હિતુભા બી.જાડેજા) આસીસ્ટન્ટ — કોર્ટનો સિક્કો — હુકમથી સહી અવાચ્ય ઈન્ચા. રજીસ્ટ્રાર

**સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં, વેરાવળ**
**કસ્તુરબા મહિલા મંડળ રોડ, મુ.વેરાવળ, જિ.ગીરસોમનાથ**
**ફોન નં.(૦૨૮૭૬)૨૪૩૩૨૨, ફેક્સ નં.(૦૨૮૭૬)૨૨૧૬૭૨**
નં.જન્મ/મરણ પરચુરણ અરજી/કેસ નં.૪૭/૨૦૨૪
**શ્રી લખમશી ધનજી ચોમલ**
રહે. બીજે માળે, દુર્ગા ફર્નિચરની પાછળ, પ્રકાશ કોમ્પ્લેક્ષ, મુ.તા.વેરાવળ, જિ. ગીર સોમનાથ .....અરજદાર
વિરૂધ્ધ
રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી વિભાગ વેરાવળ-પાટણ સંયુક્ત નગર પાલિકા કચેરી, વેરાવળ .....સામાવાળા
**બાબતઃ જન્મ મરણ નોંધણી ધારા કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણ નોંધનો હુકમ થવા અંગે.**
**-: જાહેર નોટીસ :-**
આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, આ કામનાં ઉપર લખેલા અરજદારે અત્રેની કોર્ટમાં જન્મ/મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) હેઠળ અરજી **અરજદારશ્રીના પુત્રી ચોમલ નિલકમલ લખમશીભાઈનો જન્મ તા.૦૫-૦૭-૧૯૭૯ના રોજ** વેરાવળ મુકામે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મ અંગેની નોંધ નગરપાલિકા કચેરી, વેરાવળમાં જન્મ-મરણ રજીસ્ટરે શરતચુકથી લખવી રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અરજદારશ્રી લખમશી ધનજી ચોમલ, મુ.તા.વેરાવળ, જિ.ગીર સોમનાથ મારફત અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ અંગેની નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો સરખુ હોય તો જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં **મુદત તા.૧૭-૦૫-૨૦૨૪ના રોજ બપોરના ૧૨-૦૦ કલાકે** વાંધા તકરાર તથા આધાર પુરાવા સાથે હાજર રહેવું અને આપની આજુબાજુના પડોશીનું સહાયક સોગંદનામું (SUPPORTIVE AFFIDAVIT) રજુ કરવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.
**આજ તા.૨૯-૦૨-૨૦૨૪ના રોજ મારી સહી** તથા સિકકો કરીને આપ્યા.
કોર્ટનો સિક્કો — સહી/- અવાચ્ય સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ વેરાવળ

**સીવીલ કોર્ટ નોટીસ**

રાજકોટનાં **મહેરબાન ૧૪માં એડી. સીનીયર સીવીલ જજ શ્રી આઈ.એમ.શેખ સાહેબની કોર્ટમાં દિવાની પરચુરણ અરજી નંબર ૯૫૨ સને-૨૦૨૪ના કામમાં અરજદાર ચેતન મોહનલાલ જોષીએ** ગુજરનાર શ્રીમતિ પુનમ ચેતનકુમાર જોષીની સ્થાવર મિલકત કે જે રાજકોટ તાલુકાનાં ગામ ઘંટેશ્વરનાં રે.સ.નં.૨૮/૨ પૈકીની બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનનાં પ્લોટસ કે જે 'શાંતિનગર' તરીકે ઓળખાય છે તે પ્લોટસ પૈકી પ્લોટ નં.૪૨, ૪૩, ૪૪, ૫૭, ૫૮, ૫૯ની જમીન ચો.મી.આ. ૨૪૪૦-૦૮ ઉપર આવેલ 'અરીહંત એવન્યુ-સી'નાં નામથી ઓળખાતા રેસીડેન્સીયલ કમ કોમર્શીયલ ટાવર માંહેથી 'બી' ટાવરમાં આઠમાં માળ ઉપર આવેલ ફ્લેટ નં.બી-૮૦૨, જેનો બિલ્ટઅપ એરીયા ચો.મી.આ. ૬૭-૫૪ છે તે ફલેટનું વારસા સર્ટીફીકેટ મેળવવા અંગે ઉપરોકત અરજદારના **એડવોકેટ શ્રી પૂર્વેશ પી. કોટેચા મારફતે** ઉપરોકત દિવાની પરચુરણ અરજી અત્રેની કોર્ટ સમક્ષ દાખલ કરેલ હોય, સદરહું અરજી સંબંધે જે કોઈ શખસને વાંધો કે તકરાર હોય તેમણે **મુદત તા. ૨૪-૦૬-૨૦૨૪નાં રોજ સવારનાં ૧૧-૦૦ કલાકે** લેખિત વાંધા અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા. ગેરહાજર રહ્યેથી યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની લાગતા-વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.
**આજ તા.૦૬ માહે ૦૫ સને ૨૦૨૪ના રોજ મારી સહી** તથા કોર્ટના સિકકા કરી આપ્યું.
તૈયાર કરનાર પી.એમ.અમદાવાદી આસીસ્ટન્ટ — કોર્ટનો સિક્કો — હુકમથી જયમીન વાય. પંડ્યા ઈન્ચા.રજીસ્ટ્રાર

**સીવીલ કોર્ટ નોટીસ**

**રાજકોટના મહે. ૧૫માં એડી. સીનીયર સીવીલ જજ પી.એસ.સીંધી કોર્ટમાં**
**દિ.પ.અ.નં.૧૧૬૧/૨૦૨૪**
આ કામનાં અરજદાર સરોજબેન મનસુખભાઈ રાણપરીયા વા/ઓ. વિજયભાઈ વિરડીયા, રહે. રાજકોટવાળાએ સ્થાવર મિલ્કત કે જે ગુજરાત રાજ્યના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ-ડીસ્ટ્રીકટ પડધરી, ગામઃ ઢોકળીયાના રે.સ.નં.૧૭૭ પૈકી ૧૨ના બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ કે જે ''શિવાલય-બી''ના પ્લોટસ પૈકી પ્લોટ નં.૧૩ની જમીન ચો.વા.આ. ૧૯૧-૩૬ જેના ચો.મી.આ. ૧૬૦-૦૦ની ખુલ્લી જમીન, ગુજ. મંજુબેન મનસુખભાઈ રાણપરીયા તથા હરેશભાઈ ઘુસાભાઈ ડોબરીયાએ સંયુકત રીતે શૈલેષભાઈ વિજયભાઈ કામલીયા તે જાતેથી તથા બિસુભાઈ બહાદુરભાઈ વાળા વિગેરેના કુ.મુ. પાસેથી રજી. વે.દ. નં.૩૫૭, તા.૧૮/૨/૨૦૧૨ના રોજથી ખરીદ કરેલ છે. તે રીતે સદરહું મિલ્કત ગુજ. મંજુબેન મનસુખભાઈ રાણપરીયાની સંયુકત માલીકી, કબજા, ભોગવટાનું આવેલ છે. તે મિલ્કતનું વારસા સર્ટીફીકેટ મેળવવા માટેની અરજી તેમના એડવોકેટ **દિવ્યા પી. ગૌસ્વામી** મારફતે અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી દાખલ કરેલ છે. તે સંબંધે જે કોઈ વ્યકિતને જાહેર નોટીસના અનુસંધાને વાંધા જવાબ રજુ કરવાના હોય તેમને વાંધા જવાબ સીલ બંધ કરવામાં જે વ્યવસ્થા હાલમાં ચાલુ છે તે મુજબ મુદત **તા.૧૪/૦૬/૨૪ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે** અત્રેની કોર્ટમાં રજુ કરવાના રહેશે અને તેઓએ તે સંબંધે કોર્ટ સમક્ષ હાજરી આપવાની રહેશે નહીં ત્યારબાદ યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેશો.
આજ **તારીખ ૧૪ માહે મે સને ૨૦૨૪**ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યું.
તૈયાર કરનાર જે.એમ.અંસારી આસીસ્ટન્ટ — કોર્ટનો સિક્કો — હુકમથી જયમીન વાય.પંડયા ઈન્ચા. રજીસ્ટ્રાર

**ગામ :- ધરાળા | તાલુકો :- ગોંડલ | જી.:- રાજકોટ**

**જાહેર નોટીસ**

આથી અમો નીચે સહી કરનાર **શ્રી આર જી.ગાજીપરા** એડવોકેટ રહે. ખોડીયાર ચેમ્બર્સ જુની કોર્ટ પાસે, ગોંડલ જી.રાજકોટ. તે અમારા અસીલની સુચના અને ફરમાઈશ અનુસાર આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે. :-
ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના ગોંડલ તાલુકાના ગામ ધરાળા ના ખાતેદાર **શ્રી વિપુલભાઈ ગીરધરભાઈ કોયાણી**ના સ્વતંત્ર માલીકીની મીલ્કત નીચેની વિગત વાળી ખેતીની જમીન આવેલ છે.

| ખાતેદારનું નામ | ગામનું નામ | રે.સર્વે નંબર | ક્ષેત્રફળ હે. આરે. ચો.મી. | ખાતા નંબર |
|---|---|---|---|---|
| શ્રી વિપુલભાઈ ગીરધરભાઈ કોયાણી | ધરાળા | ૭૬ પૈકી ૪/પૈકી ૨ | ૧-૩૬-૫૮ | ૨૩૧ |

ઉપરના કોષ્ટકમાં બતાવેલ વિગતવાળી ખેતીની જમીનના માલીક **શ્રી વિપુલભાઈ ગીરધરભાઈ કોયાણી**ની સ્વતંત્ર માલીકી કબ્જો ભોગવટા હકક અધિકારની ખેતીની જમીન આવેલ છે. તેઓ પાસેથી આ ખેતીની જમીન આવેલ છે. તેઓ પાસથી આ ખેતની મારા અસીલ ખરીદ કરવા માગે છે. જેની આ મીલ્કત ખેતીની જમીનની માલીકી બાબતે, કબ્જો બાબતે કે તેના ટાઈટલ પરત્વે કોઈ પણ જાતનો હકક હીત, હીસ્સો, લાગભાગ, દરદાવા, લેણુ કરકજ,બોજો કે અન્ય કોઈપણ પ્રકારનો વાંધો કે તરકાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધી થયેથી **૧૦-દિવસ** માં નીચે લખેલ સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી. જો મુદત વિત્યે કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર નહી આવે તો સદરહું ખેતની સીમ જમીન પરત્વે કોઈને કોઈ પણ પ્રકારનો વાંધો કે તકરાર નથી. અને હોઈ તો સ્વેચ્છાએ જતો (WAIVE) કરેલ છે. તેમ માનીને મારા અસીલ વેચાણ વ્યવહાર પુર્ણ કરી સદરહું મીલ્કતનો કબ્જો સંભાળી તેના રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યાર બાદ વાંધો કે તકરાર મારા અસીલને શુધ્ધ બુધ્ધીના ખરીદનાર તરીકે બંધન કર્તા રહેશે નહિ. જેની આથી સર્વે લાગતા વળગતાએ નોંધ લેવી.
મુકામ :- ગોંડલ
તા.૧૪-૦૫-૨૦૨૪
સરનામુ :- આર.જી.ગાજીપરા એડવોકેટ, જુની કોર્ટની બાજુમાં ખોડીયાર ચેમ્બર્સ, ગોંડલ-૩૬૦ ૩૧૧
**આર.જી.ગાજીપરા,** એડવોકેટ ગોંડલ

**જાહેર નોટીસ**

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે જસદણમાં મોમાઈ હોટલ વાળી શેરી, સર્વે નં. ૩૧પૈકી એકર ૫-૨૪ ગુંઠામાં લાભુબેન ચંદુભાઈ દાવડા થી ફેઈઝ ૧૧ કિલો પાવર લાઈટ કનેકશન લેવા માંગે છે. તો આજુબાજુના રહીશોને કોઈપણ જાતનો વાંધો કે તકરાર હોય તો દિવસ ૭માં પોતાના હસ્તાક્ષર લખી જસદણ નગર પાલીકામાં આપવી નહી તો દિવસ ૭ પછી એનોસી સર્ટીફિકેટ કાઢી આપવામાં આવશે તેની સર્વોએ નોંધ લેવી.
તા.૧૫-૫-૨૦૨૪ — લાભુબેન ચંદુભાઈ દાવડા

**જાહેર નોટીસ**

ગામ-લુણીવાવ | તા.ગોંડલ | જિલ્લો રાજકોટ

આથી અમો નીચે સહી કરનાર શ્રી આર.કે.પટેલ, એડવોકેટ, ગોંડલ તે મારા અસીલની સૂચના અને ફરમાઈશ અનુસાર આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,
રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના ગામ લુણીવાવની નીચેની વિગત વાળી ખેતીની જમીન મારા અસીલ ખરીદ કરવા માગે છે.

| ખાતેદારનું નામ | સર્વે નંબર | ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. | ખાતા નંબર |
|---|---|---|---|
| પ્રવિણભાઈ બાબુભાઈ રૈયાણી | ૧૮૫ | ૩-૬૧-૧૮ | ૫૪૫ |

ઉપરના કોષ્ટકમા બતાવેલ વિગતોવાળી ખેતીની જમીન કોલમ-૧માં બતાવેલ ખાતેદારની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની હક્ક અધિકારની ખેતીની જમીન આવેલી છે. તેઓ પાસેથી મારા અસીલ ખરીદ કરવા માગે છે. જેથી આ મીલકત પરત્વે કે તેના ટાઈટલ પરત્વે કોઈને કોઈપણને કોઈપણ જાતનો વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૦માં નીચે લખેલ સરનામે લેખીત જાણ કરવી. જો મુદત દરમિયાન કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર નહીં આવે તો કોઈને કો,પણ પ્રકારનો વાંધો તકરાર નથી અને હોઈ તો જતો (WAIVE) કરેલ છે તેમ માનીને અમારા અસીલ આગળની કાનૂની કાર્યવાહી પૂર્ણ કરી લેશે અને ત્યારબાદ કોઈને કોઈપણ જાતનો વાંધો તકરાર હોય તો અમારા અસીલને બંધનકર્તા રહેશે નહીં જેની આથી સર્વે લાગતા વળગતાએ નોંધ લેવી.
ગોંડલ તા.૧૪-૦૫-૨૦૨૪
સરનામુઃ આર.કે.પટેલ, એડવોકેટ, કૈલાશબાગ રોડ, જેલચોક, ગોંડલ
**આર.કે.પટેલ** એડવોકેટ

**સીવીલ કોર્ટ નોટીસ**

રાજકોટના મ્હે. ૧૪મા એડીશનલ સીવીલ **જજ શ્રી આઈ.એમ.શેખ** મેડમની કોર્ટમાં દી.પ૨ અરજી નં.૧૨૧૩/૨૦૨૪થી અરજદાર રત્નેશ્વરી સુરેશચંદ્ર પંડયા રહે. અમદાવાદનાઓએ તેમના ભાઈ સ્વ. હરેશભાઈ માર્કન્ડરાય ત્રિવેદીના ગુજરનારની માલીકીની સ્થાવર મિલકત જંગમ મિલકતની વ્યવસ્થા કરતાં કરેલ વીલની રૂઈએ ગુજરનારની સ્થાવર મિલકત રહેણાંકનું મકાન કે જેમાં એક રૂમ, રસોડું, સ્ટોર રૂમ, બાથરૂમ સહીતના બાંધકામવાળી જમીન ચો.વાર ૪૪-૪-૦વાળી કે જે પ્લોટ નં.૧૦૭, સર્વે નં.૩૩૫વાળી સ્વ. હરેશભાઈ માર્કન્ડરાય ત્રિવેદીએ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૨૦૪૨ તા.૧૧/૪/૨૦૦૦ના રોજ ખરીદ કરેલ તે તથા સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા ભકિતનગર શાખા (મુળ સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર)માં બચત ખાતામાં રહેલ વ્યાજ સહિતની રકમ તથા તે જ શાખામાં ૨૦૧૩ની સાલમાં પાકેલ ફીકસ્ડ ડીપોઝીટની રકમ તથા એલ.આઈ.સી. હાઉસીંગ ફાઈનાન્સના ૫૦૦ શેર સહિતની મિલકતની વ્યવસ્થા કરતા ગુજરનારના વીલની રૂઈએ લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન વીથ એ કોપી ઓફ વીલ મળવા તેમના એડવોકેટસ **શ્રી મહર્ષિ સી. પંડયા, દિપક એ. અંતાણી** તથા **ગૌરાંગ એ. માંકડ** મારફત ઉપરોકત નંબરથી દિવાની પરચુરણ અરજી દાખલ કરેલ છે. તે સંબંધે જે કોઈ વ્યકિતને કોઈ વાંધો તકરાર હોય તેમને મુદત **તારીખ ૧૩/૬/૨૦૨૪ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે** અત્રેની કોર્ટ સમક્ષ રજૂ કરવા, ગેરહાજર રહ્યેથી યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટપણે નોંધ લેશો.
આજ **તારીખ ૧૪ માહે મે સને ૨૦૨૪**ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યું.
તેયાર કરનાર કે.કે.ચૌહાણ આસીસ્ટન્ટ — કોર્ટનો સિક્કો — હુકમથી જયમીન વાય. પંડયા ઈન્ચા.રજીસ્ટ્રાર

**સિવીલ કોર્ટ નોટીસ**

રાજકોટના મહે. પાચમાં એડી. સીનીયર સીવીલ જજ શ્રી એસ. સી. મકવાણા સાહેબની કોર્ટમાં, મુ. રાજકોટ, દિ. પ. અ. નં. ૧૧૫૩/૨૦૨૪ થી અરજદાર **જયોત્સનાબેન ઈશ્વરલાલ પારેખ** એ ગુજ. **ઈશ્વરલાલ વિરચંદ પારેખ** ની સ્થાવર તથા જંગમ મીલ્કતો કે જે નીચે મુજબ છે.
**મીલકત નં. ૧ :–** ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ, રાજકોટના શહેરના રેવન્યુ સર્વે નં. ૪૬૧/૨ પૈકીની બિનખેડવાણ અને ઈમારત બાંધકામની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૪૧/૧ અને ૪૧/૨ ની જમીન ચો.મી.આ. ૪૪૯૬–૫૪ પૈકીની જમીન જેના સીટી સર્વે વોર્ડ નં. ૧૫, સીટી સર્વે નં. ૨/૨, ૨/૩, ૨/૪ અને ૨/૭ પૈકી, ટી.પી. સ્કીમ નં. ૧, ફાયનલ પ્લોટ નં. ૬૧૭, ૬૧૮, ઉપર આવેલ "ઈન્દ્રપ્રસ્થ–ડી" ના નામથી ઓળખાતા બીલ્ડીંગમાં ત્રીજા માળ ઉપર આવેલ ફલેટ નં. ૯ આવેલ છે, જેનો સુપર બિલ્ટઅપ એરીયા ચો.ફુટ આ. ૧૦૦૦–૦૦ આવેલ છે.
**મીલકત નં. ૨ :–**ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ, રાજકોટ જીલ્લાના ઉપલેટા તાલુકાના મોજેગામ ભાયાવદર નગરપાલીકાની હદમાં આવેલ બજારમાં દક્ષિણાદા બારની ભાયાવદર સીટી સર્વે વોર્ડ નં.૨, શીટ નં. ૧૯, સીટી સર્વે નં. ૩૨૮૬ ની જમીન ચો.મી.આ. ૧૬.૬૬ (સીટી સર્વે મુજબ ચો.મી.આ.૧૬.૬૩) ઉપર દુકાન આવેલ છે.
**મીલકત નં. ૩ :–**ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ, રાજકોટ જીલ્લાના ઉપલેટા તાલુકાના મોજેગામ ભાયાવદરના સીટી સર્વે વોર્ડ નં. ૧, શીટ નં. ૧૫, સીટી સર્વે નં. ૧૬૭૫ જમીન ચો.મી.આ. ૩૮–૩૬ સહીતનુ મકાન આવેલ છે.
**મીલકત નં. ૪ :–**ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ, રાજકોટ જીલ્લાના ઉપલેટા તાલુકાના મોજેગામ ભાયાવદરના સીટી સર્વે વોર્ડ નં. ૧, શીટ નં. ૨૦, સીટી સર્વે નં. ૧૯૯૯ ની જમીન ચો.મી.આ. ૮૫–૨૬ સહિતનુ મકાન આવેલ છે.
**મીલકત નં. ૫ :–**ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ, રાજકોટ જીલ્લાના જેતપુર તાલુકાના મોજેગામ નવાગઢના પ્લોટ નં. ૨૭/૨ ની જમીન ચો.વા.આ. ૩૬૫–૦–૦ બરાબર ચો.મી.આ. ૩૦૫–૧૮–૭૪ જેના સીટી સર્વે વોર્ડ નં. નવાગઢ, શીટ નં. ૩૨, સીટી સર્વે નં. ૧૨૨૮/૨ (સીટી સર્વે મુજબ જમીન ચો.મી.આ. ૨૯૭–૮૧) આવેલ છે, સદરહું પ્લોટ વાળી જમીનમાં ગુજ. ઈશ્વરલાલ વિરચંદ પારેખ નો અવિભાજય ૫૦ ટકાનો હીસ્સો આવેલ છે.
**મીલકત નં. ૬:–** ગુજ. **ઈશ્વરલાલ વિરચંદ પારેખ** નામે ભારતીય સ્ટેટ બેંક, રૈયા રોડ શાખા, રાજકોટમાં હયા NO.8592804666-5થી ફીકસડ ડીપોઝીટ આવેલ છે, તેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | બેંકનુ નામ | A/C NO | મુળ રકમ | પાકતી રકમ |
|---|---|---|---|---|
| ૧. | ભારતીય સ્ટેટ બેક | 1599553923 | ૩,૦૦,૦૦૦/– | ૩,૪૬,૩૬૨/– |
| ૨. | ભારતીય સ્ટેટ બેંક | 41920848766 | ૧,૦૦,૦૦૦/– | ૧,૧૭,૪૭૬/– |

ત્યારબાદ ઉપરોકત મીલકતોના માલીક ગુજ. **ઈશ્વરલાલ વિરચંદ પારેખ** નુ તા. ૦૮/૧૦/૨૦૨૩ ના રોજ અવશાન થયેલ છે, ઉપરોકત ગુજરનારના વારસદાર એટલે કે હાલના અરજદારએ સદરહું સ્થાવર તથા જંગમ મીલ્કતોનુ વારસાઈ સર્ટીફીકેટ મેળવવા તેમના વકીલ **શ્રી કિરણ રૂપારેલીયા, નિરલ કે. રૂપારેલીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી દિવાની પરચુરણ અરજી દાખલ કરેલ છે, જે સંબંધે કોઈ વ્યકિતને કોઈ વાંધો તકરાર હોય તો તેમણે મુદત **તા. ૨૪–૬–૨૦૨૪** ના રોજ સવારે **૧૦:૩૦ કલાકે** અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા, ગેરહાજર રહયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેશો.
આજ તા. ૧૩ /૦૫/૨૦૨૪ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.
તૈયાર કરનાર બી.કે.સબાડ આસીસ્ટન્ટ — કોર્ટનો સિક્કો — હુકમથી જયમીન વાય. પંડ્યા રજીસ્ટ્રારશ્રી

દેશ-પરદેશની આજકાલ
Dhanraj Group
નોટીસ છપાવો ફેંસલો લાવો આજકાલ માં
› જાહેર નોટીસ › જાહેર ચેતવણી
› કોર્ટ નોટીસ › દાવાનાં સમન્સ
રાજકોટ એડીશન
જાહેરખબરના ભાવ ફક્ત રૂા. 110 પ્રતિ કોલમ સે.મી. અંદર પાને
ઓલ એડીશન ફક્ત રૂા. 400 પ્રતિ કોલમ સે.મી. અંદર પાને
(રાજકોટ • જામનગર • ભાવનગર • પોરબંદર • અમદાવાદ)
સંપર્ક સુનીલ પરમાર : Mo. 97245 77778

# સોફ્ટવેર કંપનીમાં ૫૦ ટકા નફાની લાલચ આપી કારખાનેદાર સાથે ૪૮ લાખની ઠગાઇ

## આસોપાલવ એપાર્ટમેન્ટમાં રહેતા જય ઉર્ફે જયસુખ સાકરિયા સામે ફરિયાદઃ રોકાણ કરેલી રકમ પરત માગતા વાયદો કર્યે રાખ્યાઃ અંતે કહી દીધું હવે તારા પૈસા ભુલી જાજે અને મને ફોન કરતો નહીં

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

સોફ્ટવેર કંપનીમાં રોકાણમાં નફા પર ૫૦ ટકા આપવાની લાલચ આપી આસોપલવ એપાર્ટમેન્ટમાં રહેતા શખસે નાના મવા ન્યુ ગાંધી સોસાયટીમાં રહેતા કારખાનેદાર સાથે રૂ.૪૮ લાખની છેતરપિંડી કરી હોવાની ફરિયાદ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવી છે.

શહેરના નાના મવા મેઈન રોડ ન્યુ ગાંધી સોસાયટી શેરી નં.૧૦ માં રહેતાં દીલીપભાઈ રસીકભાઈ લુણાગરીયા (ઉ.વ.૩૬) એ તાલુકા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે જય ઉર્ફે જયસુખ હરી સાકરીયા (રહે. આસોપાલવ એપાર્ટમેન્ટ, ગાંધી સ્કૂલની પાસે, નાના મવા મેઈન રોડ) નું નામ આપ્યું છે.

ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ આજી જી.આઈ.ડી.સી. નજીકમાં આવેલ સંસ્કાર ઈન્ડસ્ટ્રીઝ એરીયામાં ગંજાનંદ એન્ટરપ્રાઈઝના નામે એલ્યુમીનીયમની ભઠ્ઠી ધરાવે છે. દશેક વર્ષ પહેલા તેના મોટા ભાઈ કેયુરભાઈ રસિકભાઈ લુણાગરીયા માર્કેટીંગનુ અગાઉ કામકાજ કરતા હોય અને તેઓની સાથે જયભાઈ ઉર્ફે જયસુખ સાકરીયા તેની પાર્ટનશીપમાં હતાં. હાલમાં તે તેની પત્નિ નીરૂબેન જયસુખ સાકરીયાના નામે ક્યુફોન પ્રા.લી કંપનીની ઓફીસ નિકોલ અમદાવાદમાં ધરાવે છે. કંપનીના પાર્ટનરો નીરૂબેન સાકરીયા, ઉમંગ કોટડીયા , સ્મીતાબેન રમેશભાઈ ફીડોલીયા છે.

ત્રણેક વર્ષ પહેલા જયભાઈ ઉર્ફે જયસુખની નાનામવા નજીક ઘર અને ઓફીસ આવેલી હોય ત્યાં તેઓ તેના મોટાભાઈ સાથે ધંધા માટે મળેલા તે વખતે જયભાઈએ જણાવેલ કે, ક્યુફોન પ્રા.લી. નામની કંપની હું ધરાવુ છુ, તે સોફ્ટવેર કંપની છે, કંપની ગેમીંગ એપ્લીકેશન બનાવે છે અને તે એપ્લીકેશન ગુગલમાં પ્રમોટ કરવામાં આવે છે. તમે અમારી કંપનીમાં ઈન્વેસ્ટ કરો તમારા રોકાણ ઉપર જે નફો થશે તે નફામાં ૫૦ ટકા તમોને નફો આપીશ અને તમારે રૂપીયાની જરૂરીયાત ઉભી થાય ત્યારે તમો બે માસ અગાઉ કહેજો તો હું તમોને તમારા રોકાણના રૂપીયા પરત આપી દઈશ તેવી મૌખીક શરત તેમની સાથે નકકી કરેલ હતી.જે બાબતે બંને વચ્ચે કોઈ લેખીત એમ.ઓ.યુ કે સમજુતી કરાર થયેલ નહીં, જય પર વિશ્વાસ અને ભરોસો રાખી તેમની સાથે લેખીત કરાર કરેલ નહીં, ત્યારબાદ કટકે કટકે કરી કુલ રૂ.૫૦ લાખ આરોપી જય સાકરીયાને બેંક ટ્રાન્સફર કરી આપ્યા હતાં.

ત્યારબાદ રૂપીયાની જરૂરિયાત ઉભી થતાં ફેબ્રુઆરી ૨૦૨૪ માં જયને જણાવેલ કે, મારે રૂપીયાની જરૂર છે તો તમારી કંપનીમાં જે રૂપીયાનુ ઈન્વેસ્ટ કરેલ છે તે રૂપીયા મને પરત આપી દો.બાદમાં આરોપીએ રૂ.૨ લાખ પરત આપ્યા હતાં.બાકીની રકમ માટે વાયદાઓ કર્યે રાખતો હતો.

તા.૧૧/૦૫/૨૦૨૪ ના આરોપીનો ફોન આવેલ અને મળવા માટે બોલાવતાં તેઓ નાનામવા રોડ ઉપર મારવાડી ગેઈટ પાસે ભેગા થયેલ હતા અને આરોપી પાસે બાકી રહેલા રૂ.૪૮ લાખ માંગતા તેણે રૂપીયા આપવાની ના પાડતા કહેલ કે, હવે તારા પૈસા ભુલી જાજે અને મને ફોન કરતો નહી તો હવે મજા નહી આવે તેવી ધમકી આપી હતી.જેથી અંતે કારખાનેદાર દ્વારા રૂ.૪૮ લાખની છેતરપિંડી અંગે આ ફરિયાદ નોંધાવી છે.તાલુકા પોલીસે આ અંગે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# ડી.જી.ના આગમન પૂર્વે સી.પી. કચેરીમાંથી પોલીસ કર્મીઓના વાહનો ટો કરી જવાયા

## અધિકારીઓની કાર પાર્ક કરવા માટે પાર્કિંગ ખાલી કરવા નાના કર્મચારીઓને થઈ કઠણાઈ

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ


તસવીર : દર્શન ભટ્ટી

ગુજરાત રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય આજે રાજકોટ આવ્યા હતા. તેમના આગમન પુર્વે જ બપોરના સમયે સીપી કચેરીમાંથી પોલીસ કર્મચારીઓના જ વાહનો ટોઈંગ વાન ટો કરી ગઈ હતી. એવું કહેવાયું છે કે, અધિકારીઓ આવતા હોવાથી સીપી કચેરી તથા ત્યાંનું પાર્કીંગ સાહેબોની ગાડીઓ પાર્ક કરાવવા ખાલી કરાવવાનું છે. સાહેબોની કાર માટે નાના કર્મચારીઓના ટુ વ્હીલર્સ ટો કરી જવાતા આવા કર્મચારીઓને કઠણાઈ થઈ પડી હતી.

સીપી કચેરી ખાતે આજે ડીજીપીની સૌરાષ્ટ્રભરના રેંજ આઈજી, એસપી સાથે કોન્ફરન્સ આયોજીત કરાઈ હતી. ડીજીપી સહાય પ્રથમ સરકીટ હાઉસ પહોંચ્યા હતા. સીપી કચેરીએ અન્ય અધિકારીઓ પણ આવવાના હોવાથી તેમની સરકારી કાર્સ પાર્ક કરાવવા માટે સીપી ઓફિસનું રૂકવાળુ રેગ્યુલર પાર્કીંગ ખાલી કરાવાયું હતું. પાર્કીંગ સ્ટેન્ડમાં છાયામાં પડેલા પોલીસ કર્મચારીઓના ટુ વ્હીલર્સ વાહનો તો જેઓ હાજર હતા તેમણે ફટાફટ લઈ લીધા હતા.

જયારે કેટલાક કર્મચારીઓને તો ખ્યાલ ન હતો અથવા તો તેમના કે અન્યોના ટુ વ્હીલર્સ પાર્કીંગમાં પડયા હતા તેવા વાહનો ટ્રાફીક શાખાની ટોઈંગ વાન દ્વારા ટો કરી જવાયા હતા. સીપી કચેરીમાં જ પોલીસના વાહનો ઉઠાવી જવાતા કર્મચારીઓને આવા તાપમાં પોતાના વાહનો છોડાવવા દોડવું પડયું હતું.

# હું આત્મહત્યા કરી તારા માતા-પિતાનું નામ લખતો જઇશઃ પત્નીને પતિની ધમકી

## પતિના મોબાઇલમાં અજાણી મહિલાનો ફોટો હોય આ બાબતે પૂછતા પતિએ ઝઘડો અને મારકૂટ કરીઃ હાલ ખાખીજાળિયા ગામે રહેતી પરિણીતાની રાજકોટ સ્થિત પતિ-સાસુ સામે ફરિયાદ

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

હાલ ઉપલેટા તાલુકાના ખાખીજાળીયા ગામે માવતરના ઘરે રહેતી પરિણીતાએ રાજકોટમાં આંબેડકરનગરમાં રહેતા પતિ અને સાસુ સામે શારીરિક માનસિક ત્રાસ આપ્યા અંગેની ફરિયાદ નોંધાવી છે.

જાણવા મળતી વિગતો મુજબ હાલ ઉપલેટાના ખાખીજાળીયા ગામે પિતાના ઘરે રહેતી વર્ષાબેન (ઉ.વ ૩૪) નામની પરિણીતાએ ભાયાવદર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે રાજકોટ ગોંડલ રોડ પર એસ.ટી વર્કશોપ પાછળ આંબેડકરનગરમાં રહેતા પતિ ધનસુખ અમૃતભાઈ ચૌહાણ અને સાસુ વાલીબેનના નામ આપ્યા છે.

પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તા. ૬/૬/૨૦૧૦ ના ધનસુખ ચૌહાણ સાથે થયા હતા. લગ્નજીવન થકી સંતાનમાં ૧૩ વર્ષનો પુત્ર કૃષ્ણ છે. જે હાલ તેની સાથે રહે છે. લગ્ન બાદ પાંચેક વર્ષ સારી રીતે રાખ્યા બાદ પતિને દારૂ પીવાની ટેવ હોય દારૂ પી ઘરે આવી ઘરકામની નાની-નાની બાબતોમાં મેણાટોણા મારી મારકૂટ કરતો હતો તેમજ સાસુ વાલીબેન અવારનવાર કહેતા હતા કે, તું તારા બાપના ઘરેથી કંઈ લાવેલ નથી. ઘરકામ આવડતું નથી તેમ કહી શારીરિક-માનસિક ત્રાસ આપી ગાળો આપી મારકૂટ કરતા હતા. લગ્નજીવન દરમિયાન એકથી વધુ વખત રિસામણે ગયા બાદ સમાધાન કરી પરત આવી જતી હતી.

દરમિયાન તારીખ ૩૦/ ૪ ના રોજ પતિના ફોનમાં કોઈ અજાણી મહિલાનો ફોન આવ્યો હોય જેથી આ બાબતે પૂછતા પતિ અને સાસુએ ઝઘડો કર્યો હતો. બાદમાં પરિણીતાએ પિતાને ફોન કરી આ વાતની જાણ કરતા તેઓ તેને અહીંથી તેડી ગયા હતા.છેલ્લા ૧૫ દિવસથી તે અહીં માવતરના ઘરે રિસામણે છે.

પોતાની ફરિયાદમાં પરિણીતાએ એવું પણ જણાવ્યું હતું કે, પતિ અવારનવાર ધમકી આપતો હતો કે, તું ઘરની બહાર નીકળીશ તો હું મારી રીતે આત્મહત્યા કરી લઈશ અને તારા માતા-પિતાનું નામ લખતો જઈશ. આમ પતિ અને સાસુના ત્રાસથી કંટાળી અંતે પરિણીતાએ આ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી છે.

# નિવૃત્ત ફોજદારના પત્નીને આગલા ઘરના પુત્ર-પુત્રવધૂ, પુત્રી-જમાઇએ માર માર્યો

## મારા પિતાની મિલકતમાં તારો કોઇ અધિકાર નથી કહી ઝઘડો કરી મારકૂટ કરીઃ ચારિત્ર્ય બાબતે આક્ષેપ કરી ઘર છોડી દેવા કહ્યું

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

શાપરમાં તળાવની પાછળ ભીમનગરમાં નિવૃત પીએસઆઈના પત્નીને આગલા ઘરના પુત્ર-પુત્રવધુ, પુત્રી અને જમાઈએ મળી લાકડી વડે મારમાર્યો હતો. મારા પિતાની મિલકતમાં તારો કોઈ અધિકાર નથી. તેમ કહી ઘરેથી નીકળી જવાનું કહી ઝઘડો કર્યા બાદ મારકૂટ કરી હતી. આ અંગે પરિણીતાની ફરિયાદ પરથી શાપર પોલીસે ગુનો નોંધી જરૂરી કરી હતી.

જાણવા મળતી વિગતો મુજબ, શાપરમાં તળાવની પાછળ ભીમનગર શેરી નંબર-૧ માં રહેતા લીલાબેન રામજીભાઈ ચૌહાણ (ઉ.વ ૩૬) દ્વારા શાપર વેરાવળ પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે પોતાના આગલા ઘરના પુત્ર સંજય (રહે ૧૫૦ ફૂટ રીંગ રોડ રૈયા ટેલીફોન ઓફિસની પાછળ, અનામિકા સોસાયટી શેરી નંબર ૨,રાજકોટ) સંજયની પત્ની ચંદ્રિકા આગલા ઘરની પુત્રી નયના રમેશભાઈ ચાવડા અને તેના પતિ રમેશ ચાવડા (રહે પાળ પીપળીયા ખોડલ રેસિડેન્સી) ના નામ આપ્યા છે.

લીલાબેન પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેણે બીએ-એમએ સુધીનો અભ્યાસ કર્યો છે.નવ વર્ષ પૂર્વે તેના બીજા લગ્ન પીએસઆઈ રામજીભાઈ ચૌહાણ સાથે થયા હતા. પતિને આગલા ઘરથી પુત્ર સંજય અને પુત્રી નયના હોય જે બંનેના લગ્ન થઈ ચૂક્યા છે અને હાલ પરિણીતાના પતિ નિવૃત્ત હોય જેમનું પેન્શન આવતું હોય તેના પર તેમનું પરિવારનું ગુજરાન ચાલે છે.

ગત તારીખ ૧૨/૪ ના સાંજના સમયે પર લીધા તથા તેમના પતિ ઘરે હતા ત્યારે પુત્ર સંજય અને તેની પત્ની ચંદ્રિકા આવી હતી અને જેમ તેમ ગાળો બોલી ઢીકાપાટુનો માર માર્યો હતો. દરમિયાન પતિની તબિયત સારી ન હોય જેથી પતિને દીકરી પાળપીપળીયા ગામે ખોડલ રેસિડેન્સીમાં રહેતી હોય તેમના ઘરે મુકવા ગયા હતા. ત્યાંથી નયનાને ફોન કરતા તેણે શાપર સ્થિત ઘરે આવવા માટે કહ્યું હતું બાદમાં અહીં પુત્ર સંજય તેની પત્ની ચંદ્રિકા, નયના અને જમાઈ રમેશ હાજર હોય તે કહેવા લાગ્યા હતા કે, શાપર પાટિયે તું બધા સાથે વાત કરે છે. તારું ચરિત્ર સારું નથી. જેથી તું મારા પિતાનું ઘર છોડી જતી રહેજે. નહીંતર તને જાનથી મારી નાખવી છે. અહીં મારા પિતાની મિલકતમાં તારો કોઈ અધિકાર નથી. તેમ કહી સંજય સહિત આ ચારેય શખસો ગાળો આપવા લાગ્યા હતા. સંજય લાફો મારી દીધો હતો અને ચંદ્રિકાએ લાકડી વડે હુમલો કર્યો હતો નયનાએ પણ બે-ત્રણ લાકડીઓ મારી હતી અને જમાઈ કહેતો હતો કે, આને મારો જેથી તે અહીંથી જતી રહે આમ આગલા ઘરના પુત્ર, પુત્રવધુ, પુત્રી અને જમાઈ સહિતએ મિલકત બાબતે મારમારતા પરિણીતાએ આ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ચારેય સામે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

# બોલેરોમાં શાકભાજીની આડમાં દારૂની હેરફેર, બીજી ખેપમાં જ ઝડપાઇ ગયા

## એલસીબી ઝોન-૧ની ટીમે જૂના યાર્ડ પાસે બોલેરોમાંથી રૂા. ૧,૮૪,૮૦૦ના દારૂના જથ્થા સાથે બે શખસોને ઝડપી લીધાઃ રાજસ્થાન બોર્ડર પરથી રાધનપુરનો શખસ માલ ભરી આપતો

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ





બોલેરોમાં શાકભાજીના ખાલી કેરેટ નીચે દારૂની હેરફેરનો એલસીબી ઝોન-૧ ની ટીમે પર્દાફાશ કર્યો છે.પોલીસે જુના માર્કેટિંગ યાર્ડ પાસે બોલેરોમાં રૂ.૧.૮૪ લાખના દારૂ સાથે બે શખસોને ઝડપી લીધા હતાં.આ શખસો અગાઉ એક વખત ખેપ મારી આવ્યા બાદ બીજી વખત દારૂની ખેપ મારવા જતા પોલીસની ઝપટે ચડી ગયા હતાં.

એલસીબી ઝોન-૧ ના પીએસઆઈ બી. વી. બોરીસાગર અને તેમની ટીમ પેટ્રોલીંગમાં હતી.દરમિયાન કોન્સ. રવિરાજભાઈ પટગીર અને દિવ્યરાજસિંહ જાડેજાને બાતમી મળતાં જુના માર્કેટ યાર્ડ પાસે જીજે૧૧ટીટી-૫૧૩૦ નંબરની બોલેરો પીકઅપ ગાડી નીકળતાં તેને આંતરી તલાસી લેતાં ઠાઠામાં શાકભાજીના ખાલી કેરેટ જોવા મળ્યા હતાં. આવા ત્રીસ કેરેટ દૂર હટાવતાં નીચેથી રૂા. ૭૬૮૦૦ના ૧૮૦ એમએલના વોડકાના ૭૬૮ ચપલા તથા રૂા. ૧,૦૮,૦૦૦ની ઓફિસર ચોઈસની ૭૫૦ એમએલની ૨૧૬ બોટલો મળી આવતાં કબ્જે કરી હતી.

પોલીસે ચાલક અને સાથેના શખ્સની પુછતાછ કરતાં પોતાના નામ વસીમ સિકંદરભાઈ દારૂવાલા (ઉ.વ.૨૭-રહે. ઘંટેશ્વર ૨૫ વારીયા ક્વાર્ટર-૬૧૪, પરાપીપળીયા જામનગર રોડ) તથા ઈદ્રીશ ઉર્ફે મયુર અયુબખાન જલવાણી (ઉ.વ.૩૭-હાથીખાના-૧૭, કુંભારાવાડા મેઈન રોડ) જણાવતાં બંનેને પકડી લઈ દારૂ, ગાડી, મોબાઈલ, શાકભાજીના કેરેટ સહિત રૂ.૪,૯૮,૩૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પોલીસે પુછતાછ કરતા આરોપીઓએ એવું રટણ કર્યું હતું કે, રાજસ્થાન બોર્ડર નજીક રાધનપુર ખાતે ખાલી ગાડી અને કેરેટ લઈને જતાં ત્યાંનો એક જયુ નામનો શખસ આ ખાલી ગાડી લઈ જતો હતો અને દારૂ ભરીને પાછી આપતો હતો. અગાઉ પણ આ રીતે એક ખેપ મારી હોવાનું બંનેએ રટણ કર્યુ હતું. જો કે બીજી ખેપમાં દારૂ રાજકોટ પહોંચાડી છુટક વેંચાણ કરે એ પહેલા પોલીસે દબોચી લીધા હતાં.

# સણોસરાનો શખસ ઘર સામે બેસી બીભત્સ ઈશારા કરતો હોવાની પરિણીતાની ફરિયાદ

## તાલુકા પંચાયતના પ્રમુખ સામે ગુનો નોંધાયા બાદ તેના પરિવારની મહિલા દ્વારા વળતી ફરિયાદઃ એક વખત પીછો કરી હાથ પકડી છેડતી કર્યાનો પણ આરોપ

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

રાજકોટ તાલુકાના સણોસરા ગામે તાલુકા પંચાયત પ્રમુખ વિરુદ્ધ અગાઉ ફરિયાદ થયા બાદ તેમના પરિવારના મહિલા સભ્ય દ્વારા વળતી ફરિયાદ નોંધાવવામાં આવી છે. જે અંગે પોલીસે આરોપી સામે છેડતી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

મહિલા દ્વારા નોંધવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે સણોસરામાં રહેતા ઈલ્યાસ રહીમભાઈ શેરસીયાનું નામ આપવામાં આવ્યું છે. જેના આધારે કુવાડવા રોડ પોલીસે આરોપી સામે આઈપીસીની કલમ ૩૫૪(એ), ૩૫૪(ડી) અને ૫૦૬(૨) મુજબ ગુનો નોંધ્યો છે. મહિલાએ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમના ઘર સામે કેજીએન એગ્રો નામની દુકાન આવેલી છે. ત્યાં આરોપી ઈલ્યાસ આખો દિવસ બેસી રહેતો હોય ઘરનું કામકાજ કરતી વેળાએ આરોપી તેની સામે જુએ રાખતો હતો ઘરની બહાર નીકળે ત્યારે બીભત્સ ઈશારા કરતો હતો. એટલું જ નહીં ઘરના કામકાજ માટે બહાર જતા હોય ત્યારે આરોપી બાઈક લઈને પીછો કરી હોર્ન વગાડી ત્રાસ આપતો હતો.

ત્રણ વર્ષ પૂર્વે પરિણીતા પિયર ગયા હતા ત્યારે આરોપી ઈલ્યાસે પીછો કરી ઘર સુધી પહોંચ્યો હતો અને હાથ પકડી છેડતી કરી પિતા અને પુત્રને મારી નાખવાની ધમકી આપી હતી. આરોપી ઝનુની અને માથાભારે સ્વભાવનો હોય જેથી પરિણીતા ગભરાઈ ગયા હતા અને આ બાબતની કોઈને જાણ કરી ન હતી. ત્યારબાદ આ મામલે પરિવારના સભ્યોને વાત કરતા ગામના આગેવાનો એકત્ર થઈ સમાધાન કરાવ્યું હતું. સામાધાન બાદ પણ ઈલ્યાસ બીભત્સ ઈશારા કરી ત્રાસ આપતો હોય અંતે પરિણીતાએ ફરિયાદ નોંધાવતા આ અંગે પોલીસે ગુનો નથી જરૂરી કાર્યવાહી કરી હતી.

અત્રે ઉલ્લેનીય છે કે, ત્રણ દિવસ પૂર્વે ઈલ્યાસની ફરિયાદ પરથી રવિ કથીરીયા, ચેતન કથીરિયા અને જશ્મીન પીપળીયા,હશેન ભુવર વિરુદ્ધ ગુનો દાખલ થયો હતો બે મહિના પૂર્વે થયેલી માથાકૂટ અંગે આ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ત્યારે હવે આ મામલે વળતી ફરિયાદ નોંધાવવામાં આવી છે.

# દાણાપીઠમાં એ-વન સીંગવાળા ચેતનભાઇ કોટેચાનો આપઘાત

## ભક્તિનગર સર્કલ પાસે ઝેરી દવા પી લેતા સારવાર માટે ખસેડાયા પરંતુ જીવ ન બચી શક્યોઃ કારણ જાણવા પોલીસની તપાસ

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

શહેરના દાણાપીઠના સિંગના વેપારી ભક્તિનગર સર્કલ પાસે ઘઉંમાં નાખવાનો ઝેરી પાવડર પી આપઘાત કરી લેતાં અરેરાટી મચી જવા પામી છે.

બનાવની મળતી વિગત મુજબ વાણિયાવાડીમાં ગોપાલનગર દ્વારકેશ એપાર્ટમેન્ટમાં રહેતાં અને દાણાપીઠમાં ઠોંસાગલીમાં એ-વન સિંગ નામની દુકાન ધરાવતા ચેતનભાઈ હિમતલાલ કોટેચા (ઉ.વ.૪૭) નામના વેપારી આધેડે ગઈકાલે ભક્તિનગર સર્કલ નજીક ઘઉંમાં નાખવાનો ઝેરી પાવડર પી ઘરે પહોંચતા ઉલ્ટી કરવા લાગ્યા હતા. પરિવારજનોએ પુછતાં પોતે ઝેરી દવા પી લીધી હોવાનું કહેતાં તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન દમ તોડી દેતા બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે ભક્તિનગર પોલીસને જાણ કરતાં પીએસઆઈ આર. કે. સામુદ્રે સહિતનો સ્ટાફ હોસ્પિટલએ પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી.

પોલીસની પ્રાથમિક તપાસમાં આપઘાતનું કારણ જાણવા ન મળતા પોલીસે તપાસ યથાવત રાખી છે. મૃતક એક બહેન અને ત્રણ હતા. તેમના મોતથી પુત્ર અને પુત્રીએ પિતાનું છત્ર ગુમાવતા પરિવારમાં કલ્પાંત સર્જાયો છે.

# વેલનાથપરામાં પિતા-પુત્રોના આંખમા મરચું છાંટી પાડોશી પરિવારનો પાઇપ વડે હુમલો

## પાડોશી સગીરવયની પૌત્રીની પજવણી કરતો હોય ઘરે સમજાવવા ગયા હતાઃ મારા દીકરાની ફરિયાદ લઇ આવવાની હિંમત કેમ કરી? કહી મારમાર્યો

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

વેલનાથપરમાં સગીરાની છેડતી કરતા આ અંગે સગીરા દાદા સહિતના પરિવારજનો સમજાવવા પાડોશી શખસના ઘરે ગયા હતાં.ત્યારે આરોપીઓએ વૃધ્ધ અને તેના બે પુત્રોના આંખમાં મરચુ છાંટી પાઈપ વડે હુમલો કરતા વૃધ્ધને ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.આ અંગે વૃધ્ધની ફરિયાદ પરથી પોલીસે આરોપીઓ સામે મારામારી,છેડતી અને પોકસો એકટની કલમ હેઠળ ગુનો નોંધ્યો છે.

બનાવની જાણવા મળતી વિગતો મુજબ, વેલનાથપરા મેઈન રોડ પર સાગરપાર્કની સામે રહેતા દેશુરભાઈ મનજીભાઈ કુવાંદીયા(ઉ.વ ૬૯) નામના વૃદ્ધ દ્વારા નોંધાવવામાં આવેલી પોલીસ ફરિયાદમાં આરોપી તરીકે પ્રકાશ મોહનભાઈ ઉધરેજીયા, પ્રકાશનો દીકરો, મુકેશ વીરચંદભાઈ સોલંકી અને એક અજાણ્યા શખસનું નામ આપ્યું છે.

વૃદ્ધે પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ મજૂરીકામ કરે છે અને અહીં પુત્રો અને તેમના સંતાનો સાથે રહે છે. તેમની સોસાયટીમાં રહેતો પ્રકાશ ઉધરેજીયાનો પુત્ર બાઈક લઈ અવારનવાર અહીથી નીકળે છે અને ફરિયાદીની પૌત્રી કે જે ૧૭ વર્ષની હોય તે ડેઈલીએ બેસી ઈમિટેશનનું કામ કરતી હોય ત્યારે તેની સામે ઈશારા કરી ભાગી જાય છે. આ બાબતે વૃદ્ધના પરિવારજનો પ્રકાશના ઘરે સમજાવવા જતા પ્રકાશ હાજર ન હોય જેથી બપોરેબાદ ફરીયાદી તેના પુત્ર પ્રકાશ અને નીતિનને સાથે લઈ સમજાવવા માટે ગયા હતા.

આ સમયે પ્રકાશને તેના દીકરા વિશે વાત કરતા બોલાચાલી થઈ હતી બાદમાં ચારેય આરોપીઓ ઉશ્કેરાઈ મારા ઘરે મારા દીકરાની ફરિયાદ લઈને આવવાની હિંમત કેમ કરી? કહી ગાળો દઈ વૃદ્ધ તથા તેના બંને પુત્રોની આંખમાં મરચાની ભૂકી છાંટી પાઈપ વડે હુમલો કર્યો હતો.

વૃદ્ધના બંને પુત્રને પણ માર મારી ગાળો આપી હતી દેકારો થતાં આ લોકો અહીંથી નાસી ગયા હતા. ત્યારબાદ ૧૦૮ મારફત વુધ્ધને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ અંગે આરોપીઓ સામે બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.એમ.જાડેજાની રાહબરી હેઠળ હેડ કોન્સ. એચ.એમ.કોઠીવાળે આરોપીઓ સામે મારામારી, છેડતી અને પોકસો એક્ટની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો.વધુ તપાસ પીએસઆઈ અમે.આઈ.શેખ ચલાવી રહ્યા છે.

# તમારે પ્લોટ વેચવાનો છે? તેમ પૂછતા યુવકને ૪ શખસોએ ઢીકાપાટુનો મારમાર્યો

## શીતળાધાર ૨૫ વારિયામાં રહેતા દૂધના ધંધાર્થીની ફરિયાદ પરથી આજીડેમ પોલીસે ગુનો નોંધ્યો

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

શહેરના કોઠારીયા સોલવન્ટ પાસે આવેલા શીતળાધાર ૨૫ વારીયામાં પ્લોટ વેચવા બાબતે થયેલી બોલાચાલીને લઈ દૂધના ધંધાર્થી પણ ચાર શખસોએ હુમલો કરી તેને ઢીકાપાટુનો માર માર્યો હતો.

શીતધાર ૨૫ વારીયામાં શેરી નંબર ૨૪ માં રહેતા રઘુભાઈ રત્નાભાઈ ચાવડા (ઉ.વ ૩૫) નામના દૂધના ધંધાર્થીએ આજીડેમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે અજય રાજુભાઈ અલગોતર, ભાવેશ રાજુભાઈ અલગોતર, સામંત ભનાભાઈ અલગોતર અને રાજુ ભનાભાઈ અલગોતરના નામ આપ્યા છે.

યુવાને પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે, રાત્રિના શીતળાધારમાં નાનાભાઈ વિજયના પાણીના પ્લાન્ટ ખાતે હતો ત્યારે વિસ્તારમાં રહેતો અજય અલગોતરનો એક ખાલી પ્લોટ હોય તે વેચવાનો છે તેવું જાણવા મળતા તેણે અજયને ફોન કરી આ પ્લોટ તમારે વેચવાનો છે કે કેમ? જો વેચવાનો હોય તો મારે લેવો છે. તેમ વાત કરી હતી જેથી અજયે કહ્યું હતું કે મારે પ્લોટ વેચવો નથી તમે કેમ વેચવા બાબતે મને ફોન કરો છો તેમ કહી ગાળો આપતા યુવાને ગાળો દેવાની ના કહી હતી.બાદમાં ફોન કટ કરી નાખ્યો હતો. ત્યારબાદ અજય, ભાવેશ, સામંત અને રાજુએ અહીં આવી પ્લોટ બાબતે કેમ ફોન કર્યો કહી ઝઘડો કરી ઢીકાપાટુનો મારમાર્યો હતો દરમિયાન અહીં લોકો એકઠા થઈ જતા યુવાનને વધુ મારમાંથી બચાવ્યો હતો. આ અંગે યુવાનની ફરિયાદ પરથી આજીડેમ પોલીસે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી કરી હતી.

# ચૂંટણી દરમિયાન રાજકોટમાંથી પાંચ કરોડ, જિલ્લામાંથી એક કરોડનો મુદ્દામાલ કબજે

## સૌથી વધુ રાજકોટ વેસ્ટમાંથી ૩૨૯ લાખ, ઈસ્ટમાંથી ૯૪ લાખનો મુદ્દામાલ ઝડપાયો

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

ચૂંટણી આચાર સહિતા લાગુ પડી ત્યારથી મતદાનના આગલા દિવસ સુધીમાં ચૂંટણી પંચ દ્વારા રચવામાં આવેલી જુદી જુદી ટીમ દ્વારા કુલ રૂપિયા ૬૦૨ લાખનો મુદ્દામાલ ઝડપાયો હોવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે.

ચૂંટણી પંચના સતાવાર સાધનોના જણાવ્યા મુજબ રાજકોટ શહેરમાંથી ૫૦૮ લાખ અને જિલ્લામાંથી ૯૪ લાખની રોકડ રકમ, સોના ચાંદીના દાગીના અને અન્ય ચીજ વસ્તુઓ ઝડપાઈ હતી.

સૌથી વધુ રાજકોટ શહેરમાંથી ૫૦૮ લાખનો મુદ્દામાલ ઝડપાયો છે. જેમાં રાજકોટ વેસ્ટમાંથી ૩૨૯ લાખ, રાજકોટ ઈસ્ટમાંથી ૯૪ લાખ રાજકોટ ગ્રામ્યમાથી ૭૮ લાખ અને રાજકોટ દક્ષિણ વિધાનસભા મત વિસ્તારમાંથી સાત લાખનો મુદ્દામાલ ઝડપાયો છે.

ગ્રામ્ય વિસ્તારની વાત કરીએ તો ગોંડલમાંથી ૩૭ લાખ જેતપુરમાંથી ૪૬ લાખ જસદણમાંથી પાંચ લાખ અને ધોરાજીમાંથી બે લાખનો મુદ્દામાલ ઝડપાયો છે.

ચૂંટણી પંચના સૂત્રોએ જણાવ્યું હતું કે અમુક કિસ્સાઓમાં જેમની પાસેથી માલ ઝડપાયો હતો તેમણે આધાર પુરાવા રજૂ કરતા તે મુક્ત કરવામાં આવ્યો છે અને બાકીના કિસ્સાઓમાં ચૂંટણી પતી ગયા પછી પણ ઈન્કમટેક્સ જીએસટી સહિતના વિભાગોમાં તે અંગેની કામગીરી ચાલુ છે.

બીજી બાજુ ચૂંટણી તંત્રએ હવે તેમનું સમગ્ર ફોકસ મત ગણતરી અને તે સંદર્ભેની વ્યવસ્થામાં રાખ્યું છે. આગામી સપ્તાહે મતગણતરી માટેના એકાદ હજાર સ્ટાફના ઓર્ડર કાઢવામાં આવશે અને તેમને કામગીરી માટેનું રેન્ડમાઈઝેશન કરવામાં આવશે. બીજું રેન્ડમાઈઝેશન ઓબઝરવરની હાજરીમાં ૪૮ કલાક અગાઉ કરવામાં આવશે અને છેલ્લે મતગણતરીના દિવસે સવારે પાંચ વાગે કણકોટ ખાતેની એન્જિનિયરિંગ કોલેજમાં ત્રીજું રેન્ડમાઈઝેશન કરીને સ્ટાફને ટેબલવાઈઝ ડ્યુટી ફાળવવામાં આવશે.

તારીખ ચાર જૂનના સવારે ૫:૦૦ વાગે થર્ડ અને ફાઇનલ રેન્ડમાઈઝેશન કર્યા પછી કોમ્પ્યુટર, ડેટા એન્ટ્રી અંગેની સાધન સામગ્રી, સાહિત્ય, મશીન અને મતગણતરી પૂરી થયા પછી સીલીંગને લગતી જે કોઈ સાધન સામગ્રી હોય છે તે વિધાનસભા બેઠકોવાઈઝ મદદનીશ ચૂંટણી અધિકારીને આપવામાં આવશે.

# કોઈ ન મળ્યું તો મહાપાલિકાએ પોતાના આવાસમાં યોજી ફાયર સેફ્ટી મોકડ્રીલ

## શહેરના સેંકડો કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં હજુ મોકડ્રીલ યોજવાની બાકી; ગોકળગાયની ગતિએ કામગીરી

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

રાજકોટ મહાનગર પાલિકા ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ દ્વારા તાજેતરમાં કવિ કલાપી ટાઉનશીપ, વિનોદનગર પાણીના ટાંકા પાસે, કોઠારીયા રોડ, રાજકોટ ખાતે ફાયર સેફ્ટીની મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. ફાયર સેફ્ટીની મોકડ્રીલ યોજવા માટે હવે કોઈ સ્વૈચ્છિક અરજીઓ આવતી નથી તેમજ ફાયર બ્રિગેડ કોઈને નોટિસ આપતું નથી.શહેરના સેંકડો કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં હજુ મોકડ્રીલ યોજવાની બાકી છે પરંતુ ગોકળગાયની ગતિએ કામગીરી ચાલી રહી છે.

વિશેષમાં મહાપાલિકાના સૂત્રોએ જણાવ્યું હતું કે, મોકડ્રીલ દ્વારા બિલ્ડીંગમાં લગાવવામાં આવેલ ફાયર સીસ્ટમ અને ફાયર સેફ્ટીના સાધનોને આગ લાગે ત્યારે કઈ રીતે ઉપયોગ કરવો, શું કરવું અને શું ન કરવું જોઈએ તેમજ આગ બુઝાવવા માટેની ફાયર સીસ્ટમ અને સાધનો તથા ફાયર એક્ષ્ટીંગ્યુસરનો ઉપયોગ કેવી રીતે કરવો, જાળવણી અને કઈ રીતે પોતાનો તથા અન્યનો બચાવ કરવો તે અંગે ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગના ચીફ ફાયર ઓફીસર આઈ. વી. ખેર, ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર બી.જે.ઠેબા, સ્ટેશન ઓફિસર એ.કે.દવે, લીડીંગ ફાયરમેન સંજયભાઈ નાગલાણી સહિતના સ્ટાફ દ્વારા માહિતગાર કરવામાં આવ્યા હતા. મોકડ્રીલ બાબતે વધુ ને વધુ લોકો ભાગીદાર થાય અને ફાયર સેફ્ટીની તાલીમ મેળવે તેવો જાહેર જનતાને અનુરોધ કરવામા આવે છે. જે બિલ્ડીંગ ધારકો પોતાની બિલ્ડીંગમાં મોકડ્રીલ યોજવા સ્વૈચ્છિક અરજી કરશે તેને પહેલી તક આપવામાં આવશે.

# સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે મનપા દ્વારા ચેકડેમનું નિર્માણ

## મહાપાલિકાના જળ સંચય સેલ દ્વારા સદ્ભાવના ટ્રસ્ટ સાથે મળી હાથ ધરાયેલી કામગીરી પૂર્ણતાના આરે: મ્યુનિ.કમિશનર આનંદ પટેલએ કરી સાઈટ વિઝીટ





આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

રાજકોટ મહાપાલિકા દ્વારા મવડી વિસ્તારના સ્પીડવેલ પાર્ટી પ્લોટ નજીક જળસંચય માટે ચેકડેમનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે, હાલ આ પ્રોજેક્ટ પૂર્ણતાના આરે પહોંચતા આજે મ્યુનિસિપલ કમિશનર દ્વારા સાઈટ વિઝીટ કરાઈ હતી.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ચાલું નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૦૨૫નાં બજેટમાં કરાયેલી જોગવાઈ અંતર્ગત વોટર મેનેજમેન્ટ યુનિટ હેઠળ જળસંચય સેલ કાર્યરત છે. રાજકોટમાં જળસંચયની પ્રવૃત્તિને સારો વેગ પ્રાપ્ત થાય તેવા હેતુથી જળસંચય સેલ દ્વારા બોર રિચાર્જ, ચેકડેમ બનાવવા, બંધ હાલતમાં રહેલ હેન્ડપંપવાળા બોર રિચાર્જ કરવા, ચોમાસા દરમ્યાન જે સ્થળોએ પાણી ભરાતા હોય છે તેવા સ્થળોએ બોર બનાવી વરસાદી પાણીને ભૂતળમાં ઉતારવું, મહાપાલિકાનાં તમામ બિલ્ડિંગોમાં જળસંચયની વ્યવસ્થા વગેરે કામગીરી થઈ રહી છે. આ કાર્યમાં મહાપાલિકાને વિવિધ સેવાકીય સંસ્થાઓનો સહયોગ સાંપડી રહ્યો છે.

જળસંચયની ઉપરોક્ત પ્રવૃત્તિને વધુ ને વધુ વેગ આપવા માટે રાજકોટ મહાનગરપાલિકા અને સેવાકીય સંસ્થા સદ્ભાવના ટ્રસ્ટ દ્વારા હાથ ધરવામાં આવેલ ચેકડેમ બનાવવાની કામગીરીના નિરીક્ષણ અર્થે મ્યુનિ.કમિશનર આનંદ પટેલએ સ્પીડવેલ પાર્ટી પ્લોટ નજીક, મવડી પોલીસ હેડક્વાર્ટર, ૧૫૦ ફૂટ રીંગ રોડ, વિગેરે સ્થળે બની રહેલ ચેક ડેમની વિઝીટ હતી તેમજ સ્કૂલ નં.૮૮માં જળ સંચય માટેના બોર અંગેની કામગીરી પણ નિહાળી તેને લગત જરૂરી માર્ગદર્શન અને સૂચના આપી હતી.

ઉપરોક્ત સાઈટ વિઝિટ દરમિયાન સેવાકીય સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમજ રાજકોટ મહાનગરપાલિકાના સીટી એન્જિનિયર એ.એમ.મિત્રા તથા ડેપ્યુટી એક્ઝિક્યુટિવ એન્જીનિયર એચ.બી. છૈયા, જીંજાળા, કે.પી.દેથરીયા વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ગુમ અને ચોરી થયેલા ૧૬૩ મોબાઈલ પરત અપાવતી રાજકોટ ગ્રામ્ય પોલીસ

## રાજ્યના અલગ જિલ્લા ઉપરાંત મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, બિહાર, આંધ્રપ્રદેશ, રાજસ્થાન સહિતના રાજ્યોમાંથી ફોન શોધી કાઢ્યા



આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા ગુમ થયેલા અને ચોરી થયેલા રૂ.૨૬.૫૦ લાખની કિંમતના ૧૬૩ મોબાઈલ ફોન શોધી મૂળ માલિકને પરત કર્યા હતા.

રાજકોટ જિલ્લા પોલીસવડા જયપાલસિંહ રાઠોરની સૂચના હેઠળ ડિવાઈએસપી એસ.એસ. રઘુવંશીના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ એચ. એચ. વાજા તથા કોમ્પ્યુટર શાખાના સ્ટાફે મળી અરજદારોના ગુમ અને ચોરી થયેલા મોબાઈલ ફોન શોધી કાઢવા માટે તપાસ હાથ ધરી હતી. રાજકોટ ગ્રામ્ય જિલ્લા ઉપરાંત રાજ્યના અલગ-અલગ જિલ્લાઓ તેમજ મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, બિહાર, ઓરિસ્સા,આંધ્ર પ્રદેશ વેસ્ટ બંગાળ, મહારાષ્ટ્ર,હરિયાણા તથા રાજસ્થાનમાંથી પણ અરજદારોના ગુમ અને ચોરી થયેલા મોબાઈલ ફોન ટ્રેસ કરી ચાલુ વર્ષમાં ત્રણ માસ દરમિયાન કુલ ૧૬૩ ફોન શોધી કાઢી અરજદારની પરત આપવામાં આવ્યા છે.

રાજકોટ ગ્રામ્ય પોલીસે વર્ષ ૨૦૨૧ માં ૪૩૯, ૨૦૨૨ માં ૩૪૨ તથા ૨૦૨૩ માં ૮૩૩ મોબાઈલ ફોન શોધી કાઢ્યા હતા. આ કામગીરીમાં એએસઆઈ ચંદ્રેશભાઈ ખોખર, કોન્સ્ટેબલ ભાવેશભાઈ મકવાણા, પ્રવીણભાઈ ટીંબલ, મયુરભાઈ ઝાપડિયા, શારદાબેન ચંદ્રપાલ સહિતનાઓ સાથે રહ્યા હતા.

પોલીસ દ્વારા અપીલ કરવામાં આવી છે કે,કોઈપણ નાગરિકે બીલ વગરના મોબાઈલ ન લેવા તેમજ બિનવારસી મોબાઈલ મળે ત્યારે નજીકના પોલીસ મથકમાં જમા કરાવી નાગરિક તરીકેની ફરજ નિભાવવી.

# પાટીલને જવાબ આપવા માટે ચૂંટણી પૂરી થવાની જ રાહ જોતો હતોઃ સંઘાણી

## કાર્યકરોની પીડા દૂર નહીં થાય તો પક્ષને મોટું નુકસાન થશે



આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

ભાજપ પ્રદેશ પ્રમુખ સી આર પાટીલ સામે ઈફ્કોના ચેરમેન દિલીપ સંઘાણીએ મોરચો ખોલ્યો છે. તેમણે કહ્યું હતું કે પાટીલને જવાબ આપવા માટે લોકસભા ચૂંટણી પૂરી થવાની રાહ જોતો હતો. કાર્યકરોની પીડા દૂર નહીં થાય તો પક્ષને વધુ નુકસાન થશે. ખેડૂતો અને કાર્યકરોના મુદ્દે હું પાછીપાની નહીં કરું. આ ઉપરાંત તેમણે પાટીલને સહકાર ક્ષેત્રે દખલગીરી ન કરવા સલાહ આપી હતી. દિલીપ સંઘાણીએ કહ્યું, ઈફ્કોની ચૂંટણીમાં જીત કરતાં પણ ઈલુ-ઈલુના જવાબ પર વધુ અભિનંદન મળ્યા. અમરેલીમાં પાટીલના ઈલુ-ઈલુના નિવેદન પર મેં જવાબ આપ્યો હતો. સહકાર અને ખેડૂતોના હિતમાં જે પણ કરવું પડશે તે કરીશ તેમ કહ્યું.

### વિઠ્ઠલભાઈ અને દિલીપભાઈ વચ્ચે હતી સાંઠગાંઠઃ ગોપાલ ફળદુ

જામકંડોરણાના આગેવાન ગોપાલ ફળદુએ દિલીપ સંઘાણી પર આરોપ લગાવ્યા હતા. તેમણે વર્ષ ૨૦૧૧માં નકલી ખાતર મુદ્દે સંઘાણી પર ગંભીર આરોપ લગાવી કહ્યું, મંડળીમાં નકલી ખાતર મુદ્દે ફરિયાદ થઈ હતી. તે કૌભાંડ સમયે દિલીપ સંઘાણી બચાવમાં આવ્યા હતા. વિઠ્ઠલભાઈ અને દિલીપભાઈ વચ્ચે હતી સાંઠગાંઠ હતી.

### મેન્ડેટ પ્રથાથી સહકારી ક્ષેત્રમાં ગોટાળા બંધ થયાઃ વિપુલ પટેલ

ઈફ્કોની ચૂંટણી બાદ ભાજપ બે ભાગમાં વહેંચાઈ ગયું છે. સહકારી ક્ષેત્રે મેન્ડેટ પ્રથાને લઈ ભાજપમાં જબરજસ્ત સંગ્રામ જોવા મળી રહ્યો છે. અમૂલના ચેયરમેને વ્યંગ કરી રાદડિયા પર શાબ્દિક પ્રહાર કર્યા હતા. વિપુલ પટેલે સહકારી ક્ષેત્રમાં મેન્ડેટ પ્રથાને સમર્થન કર્યુ હતું. તેમણે સહકારી ક્ષેત્રે મેન્ડેટ પ્રથાથી સ્થિરતા આવ્યાનો દાવો કર્યો હતો. ફોર્મ ભર્યા બાદ કેટલાક લોકો હવામાં આવી જતા હોય છે, સહકારી ક્ષેત્રમાં પહેલા ભ્રષ્ટાચાર અને ગોટાળા થતા. મેન્ડેટ પ્રથાથી સહકારી ક્ષેત્રમાં ભ્રષ્ટાચાર-ગોટાળા બંધ થયા. કોંગ્રેસમાંથી આવતા લોકોને પદ આપવાની જવાબદારી ભાજપની છે, તાકાતવાળો માણસ આવે તો ભાજપમાં કાર્યકર બને તેમ પણ વિપુલ પટેલે કહ્યું હતું.

# ક્ષત્રિય આંદોલન પાર્ટ-૨, ૩ એવું કંઈ નથી-શંકરસિંહ

## પૂર્વ મુખ્યમંત્રી વાઘેલાએ ખોડલધામ ખાતે શિશ નમાવ્યું

આજકાલ પ્રતિનિધિ
જેતપુર



(તસવીર : હિતેશ સાવલીયા-જેતપુર)

પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ લેઉવા પટેલ સમાજના આસ્થાના કેન્દ્ર એવા કાગવડ ખોડલધામ ખાતે દર્શન કરીને માં ખોડલના આશીર્વાદ લીધા હતા. આ તબક્કે ખોડલધામના ચેરમેન નરેશ પટેલે તેઓનું ખેસ પહેરાવીને સ્વાગત કર્યું હતું.

જ્યારે ખોડલધામ આવવાના કારણ વિશે પૂછતાં જણાવેલ કે, બાજુમાં જ સુલતાનપુર ગામે ધાર્મિક કાર્યક્રમનું આમંત્રણ પોતાને અને નરેશ પટેલને બંનેને હોવાથી અને નરેશભાઈનું ઘણા સમયથી ખોડલધામ દર્શને આવવાનું આમંત્રણ પણ હોવાથી અહીં આવ્યો છું અને અહીંથી બંનેને સાથે સુલતાનપુર ગામે જઈશું બાકી કોઈ રાજકીય ચર્ચા નથી, સાથે જ મીડિયા સાથેની વાતચિતમાં શંકરસિંહ વાઘેલાએ નિવેદન આપ્યું હતું કે, ક્ષત્રિય રાજપૂત સમાજની સંકલન સમિતિના મિત્રો મળવાના છે, આ સમિતિ પરમેનન્ટ સમિતિ છે, અને આંદોલન પાર્ટ- ૨ કે ૩ એવું કંઈ ન હોય કોઈનું અંગત હોઈ શકે પણ સમિતિ તરફથી કંઈ નથી જે દિવસે રાજકોટ લોકસભાની ચૂંટણી પુરી થઈ તે દિવસથી કામ પૂર્ણ થયું તેવી પોતાને માહિતી હોવાનું જણાવેલ, તેમજ ભાજપના સહકારી ક્ષેત્રમાં મેન્ડેન્ટ આપવા બાબતે પૂછતાં કહ્યું હતું કે હું અત્યારે હું તે પાર્ટીમાં નથી, દરેકની ચડતી પડતી આવે ટાઈમ હોય મર્યાદા હોય હવે કદાચ ભાજપનો કલાઈમેક્ષ આવી ગયું છે, માતાજીના સાંનિધ્યમાં આવી વાત કરવી સારી ન હોવાનું જણાવી નીકળી ગયા હતાં.

# શાળાઓને આવતીકાલે ધોરણ ૧૨ સાયન્સની માર્કશીટ મળશે

## શુક્રવારે વિદ્યાર્થીઓને ધોરણ ૧૨ અને ગુજકેટની માર્કશીટનું વિતરણ



આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

ધોરણ ૧૨વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને ૧૭ મે ના રોજ માર્કશીટ મળશે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ તેમજ ગુજકેટ ની માર્કશીટ તૈયાર થઈ આજે જિલ્લાકક્ષાએ મોકલી આપવામાં આવી છે આવતીકાલે સ્કૂલોને માર્કશીટનો વિતરણ કરાશે ત્યારબાદ શુક્રવારથી વિદ્યાર્થીઓને માર્કશીટનું વિતરણ કરવામાં આવશે બોર્ડના વિદ્યાર્થીઓને ગુજકેટની માર્કશીટ પોસ્ટ વિભાગ દ્વારા મોકલવામાં આવશે જેથી તેમને પણ આગામી દિવસોમાં માર્કશીટ મળી રહેશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૨ સાયન્સ, સામાન્ય પ્રવાહ અને ગુજકેટની પરીક્ષાનો પરિણામ શિક્ષણના ઈતિહાસમાં પ્રથમ વખત એક સાથે જાહેર કરવામાં આવ્યું હતું જે ગત ૯ મે રોજ જાહેર થયા બાદ હવે માર્કશીટ વિતરણ ની પ્રક્રિયા હાથ ધરાશે.

આજે રાજકોટ સહિત સૌરાષ્ટ્ર ભરના તમામ જિલ્લાઓમાં માર્કશીટ મોકલી આપવામાં આવી છે આવતીકાલે ડી ઈ ઓ કચેરી દ્વારા તમામ શાળાઓને માર્કશીટ મળી રહે તે પ્રકારની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે જેથી કરીને ૧૭મી એ એટલે કે શુક્રવારે વિદ્યાર્થીઓને માર્કશીટ સરળતાથી મળી જાય. પરિણામ જાહેર થયા બાદ અત્યારે એ ગ્રુપના વિદ્યાર્થીઓ એન્જિનિયરિંગમાં એડમિશન માટેની પ્રક્રિયા કરી રહ્યા છે ત્યારબાદ આગામી દિવસોમાં નીટનું પરિણામ જાહેર થયા બાદ મેડિકલમાં પ્રવેશ તબક્કો શરૂ થશે, ટૂંક સમયમાં એસીપીસી મેરીટના રાઉન્ડ શરૂ થશે.


# રાજકોટમાં પાંચ વર્ષમાં ડેંગ્યુના ૧૦૬૨ કેસ ઓન રેકર્ડ; વાસ્તવિક સંખ્યા દસ ગણી વધુ

## મહાપાલિકાના ચોપડે ડેંગ્યુથી થતાં મોતની તો નોંધ જ નહીં !

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

રાજકોટ શહેરમાં છેલ્લા પાંચ વર્ષમાં ડેન્ગ્યુના ૧૦૬૨ કેસ મહાપાલિકાની આરોગ્ય શાખામાં ઓન રેકર્ડ નોંધાયેલા છે. જો કે રાજકોટ શહેરના ખાનગી તબીબોના મતે ઉપરોક્ત કેસની તુલનાએ ખરેખર દસ ગણા વધુ કેસ નોંધાયા હશે ! રાજકોટમાં કાર્યરત ૩૦૦૦થી વધુ તબીબો પાસેથી મહાપાલિકા રોગચાળાનો ડેઈલી રિપોર્ટ મેળવતી ન હોય જેટલી વિગતો તંત્રવાહકોને ઉપલબ્ધ થાય તેટલા કેસ હોવાનું જાહેર કરાય છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ડેંગ્યુ અંગે જનજાગૃતિ લાવવા આવતીકાલે યોજાનાર કાર્યક્રમોનો લાભ લેવા તેમજ ડેન્ગ્યુ રોગ નિયંત્રણ માટે મચ્છર ઉત્પતિ અટકાવવા સહયોગ આપવા અપીલ કરાઈ છે.





દર વર્ષે ૧૬ મે ને રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા ડેન્ગ્યુ રોગ વિશે જાગૃતિ ફેલાવવા તથા તેના નિયંત્રણ પગલાને સઘન બનાવવા માટે ૧૬ મે ને રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ તરીકે ઉજવાય છે.

આ વર્ષની થીમ છે ચાલો સૌ સાથે મળીને ડેન્ગ્યુ પર નિયંત્રણ મેળવીએ એટલે કે ડેન્ગ્યુ રોગ નિયંત્રણ માટે તમામ કક્ષાએથી જનસમુદાયનો સહયોગ અત્યંત આવશ્યક છે અને જનસમુદાયની ભાગીદારી જરૂરી છે.

ડેન્ગ્યુ એ વાઈરસથી થતો તથા એડીસ મચ્છર દ્વારા ફેલાતો રોગ છે. એડીસ મચ્છર દિવસે કરડે છે. ડેન્ગ્યુના લક્ષણોમાં તાવ, શરીર કળતર, ઉલ્ટી ઉબકા, માથુ દુખવું વગેરે છે. સામાન્ય રીતે ડેન્ગ્યુના લક્ષણો ૨ થી ૭ દિવસ રહે છે. ડેન્ગ્યુથી પ્રભાવિત મોટાભાગના લોકો લગભગ એક અઠવાડિયા પછી સ્વસ્થ થઈ જાય છે. પરંતુ જાતે દવા ન લેતા ડોકટરને બતાવવું હિતાવહ છે.

રાજકોટ મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલ તથા નાયબ કમિશનર સ્વપનીલ ખરેના માર્ગદર્શન હેઠળ આરોગ્ય શાખા-મેલેરિયા વિભાગના બાયોલોજીસ્ટ વૈશાલીબેન રાઠોડ સહિતની ટીમ દ્વારા લોકોને ડેન્ગ્યુ વિષયક માહિતી આપવા તથા ડેન્ગ્યુના મચ્છરની ઉત્પતિ અટકાયતી પગલાની સમજ આપવા માટે જુદા-જુદા માધ્યમથી જાહેર આરોગ્ય શિક્ષણ આપવા માટે આવતીકાલે વોર્ડવાઈઝ જાહેર પ્રદર્શન, પપેટ શો, શેરી નાટક, રાત્રી સભા, રેલી વિગેરે યોજાશે.

### રાજકોટમાં છેલ્લા પાંચ વર્ષથી ડેંગ્યુના કેસમાં સતત વધારો

| વર્ષ | કેસ |
|---|---|
| ૨૦૨૦ | ૬૨ |
| ૨૦૨૧ | ૪૩૩ |
| ૨૦૨૨ | ૨૮૯ |
| ૨૦૨૩ | ૨૬૫ |
| ૨૦૨૪ | ૧૩ |

(તા.૧૫-૫-૨૦૨૪ સુધીમાં)

### ડેંગ્યુથી બચવા મચ્છર ઉત્પતિ અટકાવવા આટલું જરૂર કરીએ

(૧) બિનજરૂરી ડબ્બા, ડબલી, ટાયર, ભંગારનો યોગ્ય સ્થળે નિકાલ કરીએ
(૨) પશુઓને પાણી પીવાની કુંડી, અવેડા દર અઠવાડિયે નિયમિત ખાલી કરી ઘસીને સાફ કરીએ
(૩) ફ્રિજની ટ્રે, માટલા, કુલર, ફુલદાની, પક્ષીકુંજ વગેરેનું પાણી નિયમિત ખાલી કરી, ઘસીને સાફ કરીએ
(૪) પાણીની સિમેન્ટની ટાંકી, સિન્ટેક્ષની ટાંકી, બેરલ, કેરબા તથા અન્ય પાણી ભરેલ તમામ પાત્રો હવાચુસ્ત ઢાંકીને રાખીએ. હવાચૂસ્ત ઢાંકણ ન હોય તો કપડાથી હવાચુસ્ત ઢાંકીને રાખીએ
(૫) અગાશી, છજજામાં જમા રહેતા વરસાદી પાણીનો નિકાલ કરીએ
(૬) છોડના કુંડામાં જમા રહેતા વધારાનો પાણીનો નિકાલ કરીએ
(૭) ડેન્ગ્યુ નિયંત્રણમાં મહાનગરપાલિકાના પ્રયત્નોમાં સહકાર આપો
(૮) જયાં જયાં પાણી, ત્યાં ત્યાં પોરા, જયાં જયાં પોરા, ત્યાં ત્યાં મચ્છર, જયાં જયાં મચ્છર, ત્યાં ત્યાં ડેન્ગ્યુ

## દેશ-પરદેશની આજકાલ

**તંત્રી સ્થાનેથી**

# ૧૪નો જીવ લેનાર હોર્ડિંગ માટે જવાબદાર કોઈ નહીં?

મુંબઈના ઘાટકોપર વિસ્તારમાં હોર્ડિંગ્સ પડવાને કારણે ૧૪ના મોત નીપજ્યાં છે અને ૭૪ લોકો ઘાયલ થયા છે. અવળું મોટું હોર્ડિંગ ગેરકાયદે હોવાનું બહાર આવ્યું છે. બીએમસીએ આ હોર્ડિંગ ગેરકાયદે હોવાનું કહ્યું છે અને તેને રેલ્વે દ્વારા મંજુરી અપાઈ હોવાનું કહ્યું છે. પણ કોઈ હોર્ડિંગ જોખમી હોય તો તેને ઉતરાવી લેવાની જવાબદારી બીએમસીની છે એ વાત યાદ રાખવી પડે. દુર્ઘટના પછી, ગેરકાયદેસર હોર્ડિંગ્સની અવગણના કરવા બદલ સંકળાયેલ જાહેરાત કંપની ઈગો મીડિયા તેમજ સ્ટેટ રેલ્વે પોલીસ અને મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન વિભાગના અધિકારીઓ સામે હત્યાનો કેસ નોંધવામાં આવ્યો છે. મુંબઈ મહાનગરપાલિકાના જે હોર્ડિંગ્સ માટે મહાનગરપાલિકાનું લાઈસન્સ લેવામાં આવ્યું નથી તેવા તમામ હોર્ડિંગ્સ સામે કાર્યવાહી કરવાનો આદેશ પણ આપવામાં આવ્યો છે. પરંતુ આ ઘટના ઘણા સવાલો છોડી ગઈ છે. જેમ કે- લોકોના જીવ ગયા પછી જ સરકાર કેમ જાગે છે? મુંબઈમાં હોર્ડિંગ્સ લગાડવામાં શું ગરબડ છે? અત્યાર સુધી પ્રાપ્ત માહિતી અનુસાર ઘાટકોપરમાં હોર્ડિંગ્સ લગાવતી વખતે નિયમોની અવગણના કરવામાં આવી હતી. એવો પણ આક્ષેપ કરવામાં આવી રહ્યો છે કે આ વિશાળ હોર્ડિંગ લગાવતી વખતે તમામ સંબંધિત સરકારી એજન્સીઓ પાસેથી પરવાનગી લેવામાં આવી ન હતી. મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનનું કહેવું છે કે હોર્ડિંગની નજીકના ઝાડને ઝેર આપીને સુકવી નાખવામાં આવ્યાં હતા જેથી લોકો દૂરથી હોર્ડિંગને સ્પષ્ટ રીતે જોઈ શકે. બીએમસી કમિશનર ભૂષણ ગગરાણીના કહેવા અનુસાર, રેલવે કહે છે કે તેમને રેલવે એક્ટ હેઠળ આ માટે મહાનગરપાલિકાની પરવાનગીની જરૂર નથી. પરંતુ આ કાયદાકીય રીતે યોગ્ય નથી. તેથી જ તેના પર કાર્યવાહી થઈ શકી નથી. જમીનની માલિકી કોઈ પણ હોય, મહાનગરપાલિકાની પરવાનગી જરૂરી છે. પરંતુ આ હોર્ડિંગના સંબંધમાં આવું થયું નથી. આ કારણે કેસ નોંધવામાં આવ્યો છે. જે જમીન પર હોર્ડિંગ લગાવવામાં આવ્યું હતું તે જમીન કલેક્ટરની છે અને તે રાજ્ય સરકાર દ્વારા રેલવે પોલીસ કર્મચારી (જીઆરપી) કોલોની માટે આપવામાં આવી હતી. રેલવે પોલીસએ વર્ષ ૨૦૨૦માં તેની સાઈટ પર હોર્ડિંગ્સ માટે ટેન્ડર મંગાવ્યા હતા અને ડિસેમ્બર ૨૦૨૧માં ઈગો મીડિયા કંપનીને અહીં ચાર હોર્ડિંગ્સ લગાવવાની પરવાનગી આપવામાં આવી હતી. તેમાંથી એક હોર્ડિંગ ૧૩ મેની સાંજે વરસાદ અને ભારે પવનને કારણે પડી ગયું હતું. રેલવે પોલીસ વિભાગે ડિસેમ્બર ૨૦૨૧માં હોર્ડિંગ્સ લગાવવાની પરવાનગી આપી હતી. આ પછી એપ્રિલ ૨૦૨૨થી હોર્ડિંગ્સ લગાવવામાં આવ્યા હતા. હોર્ડિંગ્સ લગાવવા અંગે મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના નિયમો અનુસાર, મુંબઈમાં માત્ર ૪૦ બાય ૪૦ ચોરસ ફૂટ સુધીના હોર્ડિંગ્સની મંજૂરી છે. જોકે, ઘાટકોપરમાં પેટ્રોલ પંપ પાસે લગાવવામાં આવેલ આ હોર્ડિંગ ૧૨૦ બાય ૧૨૦ સ્કવેર ફૂટનું હતું. મુંબઈમાં દર બે વર્ષે દરેક હોર્ડિંગનું સ્ટ્રક્ચરલ ઓડિટ કરાવવાનો નિયમ છે. આ મામલે ઈગો મીડિયા કંપનીના માલિક ભાવેશ ભીંડે વિરુદ્ધ પંતનગર પોલીસ સ્ટેશનમાં અપરાધ હત્યાનો કેસ નોંધવામાં આવ્યો છે. માહિતી એ પણ સામે આવી રહી છે કે ભાવેશ સામે કુલ ૨૬ કેસ નોંધાયેલા છે. ભાવેશ ભીંડે મુલુંડનો રહેવાસી છે અને ઈગો મીડિયા નામની જાહેરાત કંપનીનો માલિક છે.

# ઓટીટીના અભરખા ને પળજોણ

**હસતાં-રમતાં**

**ચેતન જેઠવા**

આ મારાં બાજુવાળા દક્ષાબેને હિરામંડી સિરીઝ જોઈ લીધી. પછી શું ! એમના ઘરમાં નવાબી શાસન આવી ગયું.

નમન (દિકરો): મમ્મી, આજે હું ભાખરી નહી ખાંઉ. સવાર સવારમાં મને રોજ રોજ ભાખરી નથી ભાવતી.

દક્ષાબેન: કૌન મમ્મી ?

નમન: મમ્મી કોણ છે આ ઘરમાં બીજી?

દક્ષાબેન: નામુરાદ, અમ્મીજાન કો 'તુ' કહેકે બુલાતા હૈ ! ક્યા યહી દેખને કે લીયે મૈને તુમ્હે બડા કીયા હૈ?

નમન: મમ્મી, ક્યારેક તું કહેશ કે હું હજી નાનો છું ને ક્યારેક કહેશ કે મને તે મોટો કર્યો છે. તો હવે મારે આમાં સમજવુ શું ?

દક્ષાબેન: બેગૈરત, અપની અમ્મીજાન સે ઝબાન લડાતા હૈ ?

નમન: શું મમ્મી તું ય પણ સવાર સવારમાં !

દક્ષાબેન: 'મમ્મી' નહી, 'હુજુર' કહો.

નમન: તને 'હુજુર' કહું તો પપ્પાને શું કહું ?

દક્ષાબેન: અબ અગર એક હરફ ભી નીકાલા તો યાદ રખના, હમ ઈસ મહલકી રાની હૈ રાની !

નમન: મમ્મી, હવે તારાં નાટક બંધ કર ને સવાર સવારમાં. મારે આવાં ભાખરા નથી ખાવાં રોજ રોજ. કાંઈક બીજુ આપને નાસ્તામાં.

દક્ષાબેન: યા અલ્લાહ...... યે કૈસી ઔલાદ હમે નસીબ કી હૈ. ના તમીઝ હૈ, ના તહેઝીબ.... ઈસસે અચ્છા તો હોતાં હમ બેઔલાદ રહેતે.

નમન: મમ્મી, પણ હવે તો હું આવી ગયો છું. હવે બીજો નાસ્તો આપે છે કે નહી ? મારે ટ્યુશનમાં જવાનુ મોડું થાય છે.

દક્ષાબેન: ઈસ શહર કે સારે બડે બડે નવાબો કી ઔલાદે હમારે પાસ તહેઝીબ શીખને આતી હૈ ઔર તુમ્હે કીસી ઓર સે 'ટ્યુશન' લેને જાના હૈ ! બડે બેઆબરૂ હો. હમારી ભી નાક પૂરે મહોલ્લેમે કટવાઓગે. ક્યા ક્યા સપને દેખે થે મૈને ઈસ બેમુરબ્બત કે લીયે. લેકીન હમ ભી રાની હૈ રાની. દેખતે હૈ હમ કી તુમ ભી કીસી ઔર સે 'ટ્યુશન' લેને કૈસે જાતે હો. યહા પર હમારી હુકુમત ચલતી હૈ !

નમન: મમ્મી હવે બીજો નાસ્તો આપે છે કે પપ્પાને ફોન કરૂં ?

દક્ષાબેન: ઈસ શહર કે સારે નવાબ હમારા કહના માનતે હૈ. મજાલ હૈ કીસીકી જો હમારે ખિલાફ જાયે ! તુમ ફોન લગાતે હો યા મે સત્તો - ફત્તો કો બોલું ફોન લગા દે !

નમન: મમ્મી, હદ છે હો હવે તો. હું જાંઉ છું હવે.

દક્ષાબેન: ઈસ શાહી મહલકી ચૌખટ કો અગર લાંઘને કી કોઈ કોશિષ કરતાં હૈ તો તુમ્હે તો માલૂમ હી હોગા કી ઉસકા અંજામ ક્યા હોતા હૈ ! ફીર ભી અગર તુમ જાના ચાહતે હો તો હમ તુમ્હે રોકેંગે નહી. લેકીન યે યાદ રખના, યે દૂનિયા બડી જાલીમ હૈ ! એક બાર યહાં સે બહાર જાઓગે ફીર ઈસ મહલકી મલ્લીકાકી સિયાસત ભી ઝાલિમ હૈ. વાપીસ આનેકે સારે રાસ્તે બંદ હો જાયેંગે.

નમન: આઆઆઆઆઆઆઆઆ આઆ......

દક્ષાબેન: ચિલ્લાઓ મત !

નમન: તો નાસ્તા દો અમ્મીજાન નાસ્તા દો.

દક્ષાબેન: અપને અબ્બુ સે જાકે કહે દો કે આજ હુઝુરને નાસ્તા નહી બનાયા હે. વો અગર બડે નવાબ હૈ તો હમ ભી કોઈ કમ નહી. અબ સે હુઝુર ખાના નહી પકાયેંગે. રસોડેકે કામોસે અબ હુઝુર તંગ આ ગયે હૈ.

નમન: કેમ, રસોડાનુ ઉર્દુ ન આવડ્યુ?

દક્ષાબેન: બદ્દતમિઝ ! સારી દૂનિયા આકે હમારે કદમોમે ઝુકતી હૈ ઔર તું હમસે ઝબાન લડાતા હૈ ! તેરે જૈસી ઔલાદકો તો ઝિંદા દિવારોમે ચુનવા દેના ચાહીએ.

નમન: હા, દાદી ય તારાં માટે એમ જ કહેતાં હતાં

દક્ષાબેન: નામુરાદ, લગતા હૈ તુઝે તમીઝ શીખાની પડેગી. તુઝે ઈતના હોશ નહી કી તુ કિસસે બાત કર રહા હૈ. ઔર તેરી દાદીજાનને હી તુઝે બીગાડા હૈ. મેરે આને કે બાદ યે ઝોપડી રહેને લાયક ખ્વાબગાહ બની. ઉસકે પહેલે તો જૈસે ઈસ મકાન કે હાલાત થે વૈસે હી સબકે ઝહનકે હાલાત થે. મૈને આકે ઈસકો જીનેકે કાબિલ બનાયા હૈ. ઉસ દાદીજાનને હી સબકો સર પે ચઢા કે રખા થા.

નમન: હવે તું નાસ્તો આપે છે કે હું આંદોલન પર બેસુ ?

દક્ષાબેન: નારે તું બનાયેગા કી મૈ બના દુ ? ખ્વાબગાહ કે બાહર ધુપમે જાકે કરના તાકી બગાવત અચ્છે તરીકે સે હો. પૂરી દૂનિયાકો પતા ચલે. ચટ્ટાઈ તુ બીછાયેગા કી મે બીછા દું ??? સત્તો - ફત્તો, આજ સે ઈસ બદમિજાઝકે લીએ ખાના નહી બનના ચાહીએ. હમારા ગુસલખાના ભી ઈસકે લીએ આજ સે હરામ હૈ. યે હમારે મહલ કે અંદર ઘુસના નહી ચાહીએ. ધક્કે મારકે નીકાલ દો ઈસે મહલ કે બહાર.

નમન: અરે કોણ સત્તો - ફત્તો ? મમ્મી, તારી વાત સાંભળીને આપણી કામવાળી શારદા ય માનતી નથી.

દક્ષાબેન: ઉસકો તો હમને બહોત સાલો પહલે રૂખસત દે દી હૈ.

નમન: રૂખસત ??? ઓહોહોહોહો...... હજી ય એક દિવસ નથી આવતી તો દસ ફોન કરે છે ખબર છે ને ?

દક્ષાબેન: હમારી આંખો કે સામને સે દફા હો જાઓ. હમ તુમ્હારી શકલ નહી દેખના ચાહતે. અબ તક ઔલાદ હોને કા ગમ થા, અબ યે ગમ તો રહેગા નહી, ખોને કા ગમ ભી નહી રહેગા. ચલે જાઓ.......

અને પછી નમને પપ્પા કમલેશભાઈને ફોન કર્યો : પપ્પા, મમ્મીએ આજે પાછા નાટક કર્યા છે. હવે અનુપમા એના પંડ્યમાંથી નીકળી ગઈ છે. હવે હિરામંડીની મલ્લિકાજાન એના પંડ્યમાં આવી છે. તમે એને આવાં સબસ્ક્રિપ્શન કરાવી શા માટે આપો છો ?

કમલેશભાઈ (ફોનમાં): બેટા, તારાં હજી લગ્ન થયાં નથી ને એટલે તને કાંઈ ખબર નથી હો. એક વાર તારાં લગ્ન થવાં દે. અને તને કહ્યું નથી કે તારે આવી બાબતમાં મને ફોન નહી કરવાનો.

નમન: તો શું કરૂં હું ? આજે મને નાસ્તો નથી કરી આપ્યો. કહે છે કે રાનીયાં નાસ્તા નહી બનાતી.

કમલેશભાઈ: તમારે બેય મા દિકરાને જે કરવું હોય એ કરો. મને આમાં વચ્ચે ન લાવો.

નમન: તો હું કોને કહેવાં જાઉ?

કમલેશભાઈ: તારે જેને કહેવું હોય એને કહે પણ મને ન કહે. પછી આપણને ખબર છે ને શક્તિમાનનો વા આવી જાય છે ત્યારે અગાશીએ ચડીને ત્યાંથી ઉડવાની જીદ કરીએ છીએ. માર્વેલની સિરીઝ આવે ત્યારે આપણે સ્ટાર્કનો હથોડો લઈને આખું ઘર માથે લઈએ છીએ. બત્રીસ ઈંચનુ મારૂં નવેનવું ટિવી તોડી નાખ્યું હતું એની કળ મને હજી વળી નહોતી ત્યાં થેનોસની હોશિયારી મારવામાં સ્કુલે બે છોકરાઓને તે ઢીબી નાખ્યા હતાં. અને હવે માથે આવ્યું એટલે મને ફરીયાદ કરવાં બેઠો છે.

નમન: પપ્પા, પણ હવે એ બધું તમે મને અત્યારે સંભળાવશો ? મારે ટ્યુશનમાં જવાનુ મોડું થાય છે ને મે હજુ નાસ્તો ય નથી કર્યો.

કમલેશભાઈ: બરાબર છે. એ જ લાગનો છો.

નમન: કાંઈ વાંધો નહી પપ્પા. એ તો આપણે ય પછી ગોવિંદા જેવાં શર્ટ ને પેન્ટ લાવો છો ને ક્યારેક રાજકુમારની સ્ટાઈલ મારો છો ને એ અમે ય કોઈને કહેતાં નથી હો. પણ લાગે છે કે હવે એની પબ્લિસિટી કરવાનો સમય આવી ગયો છે.

કમલેશભાઈ: અરે ડફોળ, મારી સાથે રમત રમીશ તું ? તારાં બાપ હારે ? મને ઘરે આવવાં દે. તારો વારો પાડું.

નમન: પપ્પા, ઘરે આવશો ત્યારે તમને ખબર પડશે કે વારો મારો પડવાનો છે કે તમારો પડી ગયો છે !

કમલેશભાઈ: નાલાયક, તું કહેવાં શું માંગે છે ?

નમન: મમ્મી, સોરી અમ્મીજાન એમ કહેતી હતી કે રાની કે પાસ ઢંગ કે ઝવેરાત નહી હૈ, ઈસ લીએ આજ રાની ઝવેરાતકી ખરીદી કે લીએ સોનામંડી જાને વાલી હૈ !


કમલેશભાઈ: અરે માર્યા ઠાર. મારૂં તો ક્રેડિટ કાર્ડ પણ એની પાસે છે. જો આજે એ માર્કેટ પહોચી ગઈ તો મારાં કાર્ડનુ ધોરૂ કરી નાખશે. હે ભગવાન, આ મુસિબત પણ આજે જ આવવાની હતી !

અને ત્યાં જ નમને ચીસ પાડી. એ મમ્મી દુધ ઉભરાઈ ગયું

અને અચાનક મમ્મીના પંડ્યમાંથી રાની નીકળી ગઈ અને ઓરિજીનલ મમ્મી આવી ગઈ. હે ભગવાન, આ ઘરમાં કોઈ આટલું ય ધ્યાન ન રાખે. રોયું દુધ ઉભરાઈ જાય તો ય આપણે જ કરવાનુ ને વાસણેય આપણે કરવાના. ઝાડુપોતા ય આપણે કરવાના ને આ રોયાવને ટાણે ટાણે ટાણા ય આપણે સાચવવાના ! નમન્યા, તે નાસ્તો કર્યો કે નહી ? હાલ જલ્દી બેસી જા.

અને નમને રાહતનો શ્વાસ લીધો.

## ક્રોસ વર્ડ



**આડી ચાવી**

૧. કારતક સુદ પાંચમની તિથિ (૫)
૫. હાર (૪)
૭. ઝેર, વિષ (૨)
૮. નાણું, દોલત (૨)
૯. બિમારી (૪)
૧૩. મનમાં ચાલતી મૂંઝવણ (૫)
૧૪. થોડા રૂની ઓઢવાની ગોદડી (૩)
૧૫. ભારતનું રાષ્ટ્રીય પક્ષી (૨)
૧૬. મુસ્લિમ રાજાનું એક સંબોધન (૩)
૧૭. ચૂક, ખામી (૨)
૨૦. મૃદંગ જેવું વાદ્ય (૪)
૨૨. ફાંફડું, ફૂટડું (૪)
૨૩. સ્થળ, ઠેકાણું (૨)
૨૪. દાંતવાળો મોં નો નીચેનો ભાગ (૩)
૨૫. શુધ્ધ, એક જ જાતનું (૪)
૨૭. હાથીને અંકુશમાં રાખનાર (૪)
૨૮. જાતે, પોતે (૨)

**ઉભી ચાવી**

૨. સંસારરૂપી સાગર (૫)
૩. પંખીને ઉડવાનો અવયવ (૨)
૪. મનમાં ચાલતી ગડમથલ (૫)
૫. દરકાર, કાળજી (૩)
૬. ખાસ કામ માટે પગાર ઉપરાંત અપાતું મહેનતાણું (૨)
૧૦. ઈંટો પકવનાર (૪)
૧૧. બીક, ભય (૨)
૧૨. સાવ દૂબળું પાતળું (૫)
૧૫. મુક્તિ, છૂટકારો (૨)
૧૭. ક્ષુધા, ખાવાની ઈચ્છા (૨)
૧૮. મેગેઝિનનું દર વર્ષે ભરાય (૪)
૧૯. પાળનાર, પોષક (૫)
૨૦. દર મહિને નોકરીયાતોને મળે (૩)
૨૧. જીવ વિનાનું, સ્થૂળ (૨)
૨૩. પ્રજા, લોક સમુદાય (૩)
૨૬. ચતુર, હોંશિયાર (૨)

**ગઈકાલનો ઉકેલ**



# મોદીની પાછળ કમળ પકડીને ઉભવાની નીતીશની મજબૂરી

## એક વખત નરેન્દ્રભાઈના વિરોધમાં એનડીએ છોડી દેનાર નીતીશ કુમાર સાથે કવિ ન્યાયઃ ભાજપ વગર આરો ઓવારો નથી

પટનામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રોડ શો દરમિયાન બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર હાથમાં કમળનું ચિહ્ન પકડીને મોદીની બાજુમાં, થોડા પાછળ, જાણે કરમાઈને બાઘાચકવા જેવા થઈને ઉભા હતા. સામાન્ય રીતે ચૂંટણી પ્રચાર દરમિયાન પક્ષના નાણા નેતાઓ હાથમાં પક્ષનું પ્રતીક લઈને ઉભા હોય છે, કોઈપણ પક્ષના સૌથી મોટા નેતાના હાથમાં અન્ય કોઈ પક્ષનું ચૂંટણી ચિન્હ જોવા મળતું નથી. પટનામાં નરેન્દ્ર મોદી સાથે નીતિશ કુમારની આ તસવીર સોશિયલ મીડિયા પર ઘણા લોકોએ શેર કરી છે. રોડ શો દરમિયાન નીતીશ કુમારની બોડી લેંગ્વેજ વિશે પણ લોકો ઘણી વાતો કરી રહ્યા છે.

નીતીશ કુમાર હારેલા, થાકેલા નેતાની માનસિક સ્થિતિમાં હોય તેવું લાગે છે. તેમણે વારંવાર કહેવાની જરૂર છે કે હવે તેઓ ભાજપ છોડીને ક્યાંય જશે નહીં. આ સંપૂર્ણ શરણાગતિની લાગણી છે. હવે તેઓ ઈચ્છે છે કે ભાજપની મદદથી તેમનું ભાવિ જીવન આરામથી પસાર થાય. ૧૯૮૫માં બિહાર વિધાનસભા ચૂંટણી જીતીને નીતિશ કુમાર પહેલીવાર ધારાસભ્ય બન્યા હતા. નીતિશે પહેલીવાર વર્ષ ૧૯૮૯માં લોકસભાની ચૂંટણી જીતી હતી અને વર્ષ ૧૯૯૦માં તેમને પહેલીવાર કેન્દ્ર સરકારમાં મંત્રી પણ બનાવવામાં આવ્યા હતા. નીતિશે વર્ષ ૨૦૦૦માં પહેલીવાર બિહારના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા, જોકે બહુમતના અભાવે તે સરકાર એક સપ્તાહ પણ ચાલી શકી ન હતી.

આ રીતે નીતીશની રાજકીય સફર વડાપ્રધાન નરેન્દ્ર મોદી કરતા ઘણી જૂની જણાય છે. અને એ મુદ્દે જ શરૂઆતમાં તેણે એનડીએમાં મોદીના વધતા કાળ સામે વિરોધ નોંધાવ્યો હતો. નીતીશ મૂળભૂત રીતે છેલ્લા ૨૦ વર્ષથી બિહારમાં સત્તા પર છે અને બિહારના રાજકારણમાં તેમના સ્વાસ્થ્યને લઈને ઘણી વખત ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. ગત મહિને ૭ એપ્રિલે બિહારના નવાદામાં ચૂંટણી પ્રચાર દરમિયાન નીતિશ કુમારે પીએમ મોદીની હાજરીમાં પોતાના ભાષણમાં ઘણી ભૂલો કરી હતી. નીતિશે તો ત્યાં સુધી કહ્યું હતું કે લોકો વોટ કરીને વડાપ્રધાન મોદીને 'ચાર હજાર લોકસભા' સીટો આપશે. તેમના ભાષણ બાદ નીતીશ કુમાર પણ વડાપ્રધાન મોદી સામે ઝૂકીને તેમના ચરણ સ્પર્શ કરતા જોવા મળ્યા હતા. બિહારના રાજકીય વર્તુળોમાં આ તસવીર ચર્ચાનો વિષય બની હતી, જેને બિહારમાં વિપક્ષ દ્વારા પણ નીતિશના સન્માન સાથે જોડવામાં આવી હતી.

નીતીશ કુમારે એવા સમયે પોતાના હાથમાં ભાજપનું ચૂંટણી ચિહ્ન પકડ્યું છે જ્યારે મોદી છેલ્લા ૨૦ વર્ષમાં રાજકારણમાં તેમની સૌથી નબળી સ્થિતિ પર છે. મોદી પાવરફુલ હતા ત્યારે નીતિશ તેમની સાથે લડતા હતા. આનો અર્થ એ થયો કે નીતીશ કુમાર હવે ઘણા નબળા પડી ગયા છે.

નીતીશ કુમારની માનસિક સ્થિતિ એવી લાગી રહી છે કે તમે તેમને જે ઈચ્છો તે કરાવી શકો છો. તેમના પર સ્વાસ્થ્ય અને ઉંમરની અસર તેમને જેડીયુ નેતા જ્યોર્જ ફર્નાન્ડિસની યાદ અપાવે છે, જેઓ એક સમયે એનડીએનો મોટો ચહેરો હતા, પરંતુ ૨૦૦૯ની લોકસભા ચૂંટણીમાં તેઓ છેવાડાના નેતા તરીકે દેખાયા હતા.

એવું માનવામાં આવે છે કે નીતીશની લોકપ્રિયતામાં ઘટાડો થવાના દાવા પાછળનું એક કારણ તેમનું વારંવાર પક્ષ બદલવાનું છે. નિષ્ણાતોના મતે નીતીશ સાથે આવવાથી એનડીએને બહુ ફાયદો નહીં થાય, પરંતુ તેમના વિપક્ષમાં રહેવાથી એનડીએને મોટું નુકસાન થઈ શકે છે. એવું માનવામાં આવે છે કે આ વર્ષે જાન્યુઆરીમાં વિપક્ષ છોડીને એનડીએમાં સામેલ થયા બાદ નીતિશના રાજકીય કદને મોટું નુકસાન થયું છે. જો તેઓ વિપક્ષી ગઠબંધન 'ભારત'માં હોત તો તેમનું કદ અને તેમની રાજકીય સ્થિતિ વધારે હોત.

પરંતુ આવી સ્થિતિમાં પણ ભાજપને નીતિશ કુમારની શી જરૂર છે? તેની પાછળ બે મુખ્ય કારણો છે. આ વખતે નીતીશ સાથે મુસ્લિમ મતદારો જોવા મળતા નથી, તેમ છતાં ભાજપને લાગે છે કે નીતિશ જેટલા સેક્યુલર મતોનું વિભાજન કરશે તેટલો ભાજપને ફાયદો થશે, કારણ કે આ વોટ ક્યારેય ભાજપનો નથી. આનું બીજું કારણ એ છે કે બિહારમાં બીજેપી પાસે કોઈ સાર્વત્રિક રીતે સ્વીકૃત નેતા નથી અને પાર્ટીના ઘણા નેતાઓ પોતાને મુખ્યમંત્રી પદના દાવેદાર માને છે. તેથી, નીતીશને આગળ કરીને, ભાજપ તેની પાર્ટીની અંદરના મતભેદને દબાવી દે છે.

માનવામાં આવી રહ્યું છે કે નીતીશ કુમારના હાથમાં બીજેપીનું ચૂંટણી ચિન્હ જોઈને નીતિશને સમર્થન કરી રહેલા સેક્યુલર મતો પર અસર પડી શકે છે અને તેઓ નીતિશથી દૂર જઈ શકે છે. જો કે, તસવીરોમાં દેખાઈ રહ્યું છે કે નીતિશ ક્યારેક કમળનું પ્રતીક એક હાથથી બીજા હાથમાં લઈ જાય છે તો ક્યારેક પોતાનો હાથ નીચેની તરફ લઈ જાય છે.એવું લાગે છે કે કમળનું પ્રતીક પકડવાની તેમની ઈચ્છા નહોય, મજબૂરીથી પકડવું પડ્યું હોય.

બિહારના પૂર્વ નાયબ મુખ્યમંત્રી અને આરજેડી નેતા તેજસ્વી યાદવે પત્રકારો સાથે વાત કરતા કહ્યું હતું કે નીતીશ જીની હાલત જોઈને ઘણા લોકો દુખી થયા હતા. તેમની બોડી લેંગ્વેજ જોઈને એવું લાગી રહ્યું હતું કે 'કમલ'ને બળજબરીથી સોંપવામાં આવ્યા છે. હતી.

નીતીશ કે તેમની પાર્ટી બીજેપીમાં ભળી જાય એવું બનશે નહીં, જેડીયુનું અસ્તિત્વ વિધાનસભામાં તેની તાકાત પર નિર્ભર છે. પરંતુ એવું પણ લાગે છે કે લાલુ પ્રસાદ યાદવ હવે નીતિશને સ્વીકારશે નહીં.

ડિસેમ્બર ૨૦૦૩ માં, રેલ્વે મંત્રી તરીકે, નીતિશ કુમાર એક રેલ્વે પ્રોજેક્ટનું ઉદઘાટન કરવા માટે કચ્છ, ગુજરાત આવ્યા હતા. તે દરમિયાન નીતિશે નરેન્દ્ર મોદીના વખાણ કર્યા હતા અને તેમને ભાવિ રાષ્ટ્રીય નેતા ગણાવ્યા હતા. પરંતુ મોદી સાથેના તેમના સંબંધો ઘણા ઉતાર-ચઢાવથી ભરેલા રહ્યા છે.

વર્ષ ૨૦૨૨માંએનડીએ છોડ્યા બાદ નીતિશ કુમારે નરેન્દ્ર મોદી અને બીજેપી પર અનેક વખત આકરા પ્રહારો કર્યા હતા. નીતીશ બંધારણ, લોકશાહી અને સાંપ્રદાયિકતાના મુદ્દે કેન્દ્રની મોદી સરકાર પર પ્રહાર કરતા જોવા મળ્યા હતા.

આ પહેલા પણ નીતિશ કુમાર અને નરેન્દ્ર મોદીના સંબંધોમાં ઘણા ઉતાર-ચઢાવ જોવા મળ્યા છે. નીતિશ અને મોદી વચ્ચે પ્રથમ સંઘર્ષ વર્ષ ૨૦૧૦માં જોવા મળ્યો હતો, જ્યારે પટનામાં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી માટે ભોજન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ અખબારમાં આપેલી જાહેરાતમાં મોદી સાથેની તેમની તસવીરથી નીતિશ એટલા ગુસ્સે થયા કે તેમણે ભોજન સમારંભ રદ કરી દીધો.

એવું કહેવાય છે કે આ કારણોસર નીતિશે વર્ષ ૨૦૦૮માં કોસી પૂર રાહત તરીકે ગુજરાત સરકાર પાસેથી મળેલા ૫ કરોડ રૂપિયા પણ પરત કર્યા હતા. જ્યારે તે સમયે નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શક્તિશાળી નેતા હતા. ૨૦૧૪ની લોકસભા ચૂંટણી પહેલા ભાજપે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને વડાપ્રધાનપદનો ચહેરો બનાવ્યો હતો. જે બાદ નીતીશ કુમાર એનડીએમાંથી બહાર થઈ ગયા હતા. તે સમયે પણ ભાજપ અને એનડીએના પક્ષોમાં મોદીની શક્તિ ઘણી મોટી હતી. વર્ષ ૨૦૨૨માં એનડીએ છોડ્યા બાદ નીતિશ કુમાર એવો દાવો પણ કરી રહ્યા હતા કે હવે તેઓ મારી જશે તો પણ ભાજપ સાથે નહીં જાય. સાથે જ ભાજપના નેતાઓ પણ કહેતા હતા કે નીતિશ માટે એનડીએના દરવાજા બંધ છે. જો કે નીતીશ ફરીથી ભાજપના સાથી બની ગયા અને હવે મોદીનો જભ્ભો પકડીને ઉભ્વા માટે મજબૂર થયા છે. પણ પલટુ ચાચાનો ભરોસો કરી શકાય તેમ નથી. તે લોકસભાની ચૂંટણીમાં ફાયદો થાય તો ફરી મોદીને છોડી દે તેવું પણ બને.

**અવનવું**

## ૧૦૬ વર્ષીય દાદાજીએ આકાશમાં દેખાડ્યું પરાક્રમ, ગિનિસ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાયું નામ



તમે ઘણા લોકોને એવું કહેતા સાંભળ્યા હશે કે ઉંમર માત્ર એક આંકડો છે, જો વ્યક્તિમાં જુનુન હોય તો તે કોઈપણ ઉંમરે કોઈ પણ કારનામું કરી શકે છે. આકાશમાંથી પણ છલાંગ મારી શકે છે. સામાન્ય રીતે બહુ ઓછા લોકો ૧૦૦ વર્ષ સુધી જીવી શકે છે અને જો તેઓ જીવે છે તો પણ તેમને ઉઠવા, બેસવામાં અને ચાલવામાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે, પરંતુ અમેરિકામાં રહેતા વ્યક્તિ સાથે આવું નથી. ૧૦૬ વર્ષની ઉંમરે આ વ્યક્તિએ આકાશમાં એક્રોબેટિક્સ કરીને એવો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે કે યુવા પણ મુશ્કેલીમાં મુકાઈ જશે. આ વ્યક્તિનું નામ આલ્ફ્રેડ 'અલ' બ્લાશ્કે છે. તે ટેક્સાસનો રહેવાસી છે. ૪ જાન્યુઆરી, ૧૯૧૭ના રોજ જન્મેલા આલ્ફ્રેડ સત્તાવાર રીતે સ્કાયડાઈવ કરનાર વિશ્વના સૌથી વૃદ્ધ વ્યક્તિ બન્યા છે. રસપ્રદ વાત એ છે કે તેણે આ રેકોર્ડ ફરીથી બનાવ્યો છે. જે દિવસે તેણે આ રેકોર્ડ બનાવ્યો તે દિવસે તેની ઉંમર ૧૦૬ વર્ષ અને ૩૨૭ દિવસ હતી. તેણે આ રેકોર્ડ વર્ષ ૨૦૨૦માં ૧૦૩ વર્ષની ઉંમરમાં પ્રથમ વખત બનાવ્યો હતો. પછી તેણે તેના જોડિયા પૌત્રના કોલેજ ગ્રેજ્યુએશનની ઉજવણી કરવા માટે ૧૪ હજાર ફૂટની ઉંચાઈએ ચાલતા પ્લેનમાંથી કૂદકો માર્યો. આલ્ફ્રેડે તે સમયે કહ્યું હતું, 'આ મારું સપનું હતું. મેં ક્યારેય વિચાર્યું ન હતું કે હું આટલો લાંબો સમય ટકીશ'. આલ્ફ્રેડના આ અદ્ભુત પરાક્રમનો વીડિયો ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્સ દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર પણ શેર કરવામાં આવ્યો છે, જેમાં તમે આલ્ફ્રેડને પ્લેનમાંથી કૂદતા અને આકાશમાં ડૂબકી મારતા જોઈ શકો છો. આ પછી તે સફળતાપૂર્વક જમીન પર ઉતરે છે. ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સ અનુસાર, આલ્ફ્રેડે ફરીથી સ્કાયડાઈવ કરવાનું નક્કી કર્યું હતું જ્યારે વર્ષ ૨૦૨૨ માં તેનો રેકોર્ડ રુટ લિનીઆ ઈંગેગાર્ડ લાર્સન નામની સ્વીડિશ મહિલા દ્વારા તોડવામાં આવ્યો હતો, જે ૧૦૩ વર્ષ ૨૫૯ દિવસની હતી. રસપ્રદ વાત એ છે કે જ્યારે આલ્ફ્રેડે ફરીથી રેકોર્ડ બનાવવાનું નક્કી કર્યું ત્યારે ટેક્સાસના ગવર્નર ગ્રેગ એબોટ પણ તેમની સાથે હતા. તેણે પણ આલ્ફ્રેડ સાથે આકાશમાંથી કૂદકો માર્યો.

## 'પૂછ્યા વગર મને જન્મ કેમ આપ્યો ?' યુવતીએ માતા-પિતા વિરુદ્ધ કેસ કર્યો દાખલ



દુનિયામાં એવા ઘણા લોકો છે જેમને પોતાના જીવન પ્રત્યે કોઈને કોઈ ફરિયાદ હોય છે. કેટલાક લોકોને આશ્ચર્ય પણ થાય છે કે તેઓ આ પૃથ્વી પર કેમ આવ્યા છે. કોઈએ તેમના માતા-પિતાને પૂછ્યું હશે કે, 'તમે મને જન્મ કેમ આપ્યો?' અહેવાલ મુજબ, ન્યુ જર્સીની કાસ થિઆઝ નામની મહિલાએ દાવો કર્યો છે કે તેણે તેના માતા-પિતા વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે કારણ કે તેઓએ તેની પરવાનગી વિના તેને જન્મ આપવાનો ગુનો કર્યો છે. રસપ્રદ વાત એ છે કે થિઆઝ પોતે પણ એક બાળકની માતા છે. મહિલાએ એક વીડિયો શેર કર્યો અને કહ્યું કે, હું આજે અહીં મારા માતા-પિતાને કારણે છું. મને જન્મ આપતા પહેલા તેઓએ વિચાર્યું પણ ન હતું કે મારે આ દુનિયામાં આવવું છે કે નહીં. મહિલાની ફરિયાદ છે કે તેના માતા-પિતાએ તેને જન્મ આપતા પહેલા કહ્યું ન હતું. જો કે, ટિક ટોક યુઝરના બાયો મુજબ, તેનું એકાઉન્ટ 'પ્રેંક' પર આધારિત છે. આવી સ્થિતિમાં, તેમના મોટાભાગના ફોલોવર્સ મૂંઝવણમાં પડી ગયા કે તેમણે જે કહ્યું તે સાચું છે કે મજાક. પરંતુ આ પછી થિયાઝે જે કહ્યું તે સાંભળીને લોકો દંગ રહી ગયા. થિઆઝે કહ્યું, હું મારા માતા-પિતાને કોર્ટમાં લઈ ગઈ કારણ કે મને ખબર નહોતી કે જ્યારે હું મોટી થઈશ ત્યારે મારે રોજીરોટી કમાવવા માટે કામ કરવું પડશે અને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડશે. પરંતુ જ્યારે તેના એક બાળકની માતા હોવા અંગે પ્રશ્ન ઊભો થયો ત્યારે તેણે કહ્યું કે તે બાળક દત્તક લેવામાં આવ્યું છે.

મહિલાનું કહેવું છે કે બાળકો પેદા કરવું અનૈતિક છે. પરંતુ જ્યારે તમે બાળકને દત્તક લો છો, ત્યારે તે અલગ છે. કારણ કે, પછી તે બાળક આ દુનિયામાં કેવી રીતે આવ્યું તે તમારી ભૂલ નથી. મહિલાએ કહ્યું કે તે પોતાના બાળકની જવાબદારી નિભાવીને સારી વ્યક્તિ બનવાનો પ્રયાસ કરી રહી છે.

આ સિવાય થિઆઝે લોકોને અપીલ કરી છે કે તેઓ તેમના ગર્ભમાં રહેલા બાળકને માનસિક રીતે પૂછે કે શું તેઓ જન્મ લેવા માગે છે. જો કે, લોકો હવે મહિલાને તેની અજીબોગરીબ વાતો માટે ટ્રોલ કરી રહ્યા છે.

## પતિએ કુરકુરે ના લઈ દીધા તો પત્ની પહોંચી પિયર, મામલો છૂટાછેડા સુધી પહોંચ્યો !



પતિ-પત્ની વચ્ચે નાની-નાની બાબતો પર મતભેદ થાય તે સામાન્ય બાબત છે, પરંતુ વાત છૂટાછેડા સુધી પહોંચી જાય તેવું બહુ ઓછું જોવા મળે છે. ઉત્તર પ્રદેશના આગ્રામાં આજકાલ આવો જ એક કિસ્સો ચર્ચામાં છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે અહીં રહેતી એક મહિલાએ તેના પતિ પાસે માત્ર એટલા માટે છૂટાછેડા માંગ્યા છે કારણ કે તે પાંચ રૂપિયાની કિંમતનું કુરકુરેનું પેકેટ લાવી શક્યો નથી. જો કે મહિલાના નામનો ખુલાસો કરવામાં આવ્યો નથી, પરંતુ મીડિયા રિપોર્ટ્સમાં એવું ચોક્કસપણે કહેવામાં આવી રહ્યું છે કે મહિલાને રોજ ફ્રાઈમ્સ ખાવાની આદત હતી અને તે તેના પતિને દરરોજ લાવવાનું કહેતી હતી.મીડિયા રિપોર્ટ્સ અનુસાર પત્નીની રોજની આદતને કારણે પતિ સાથે અવારનવાર ઝઘડા થતા હતા. જોકે બાદમાં મામલો શાંત પડ્યો હતો, પરંતુ એક દિવસ પતિ કુરકુરે લાવવાનું ભૂલી ગયો ત્યારે મામલાએ વિવાદનું સ્વરૂપ ધારણ કરી ગયો. આ પછી પતિ-પત્ની વચ્ચે ખૂબ બોલાચાલી થઈ અને દલીલ એટલી વધી ગઈ કે પત્નીએ કહ્યું અને સીધી માતાના ઘરે ગઈ. આટલું જ નહીં, તેણે તેના માતા-પિતાના ઘરે મેસેજ પણ કર્યો કે તે છૂટાછેડા લેવા માંગે છે. આ અંગે તેણી પોલીસ સ્ટેશન પણ પહોંચી હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે તેઓએ ગયા વર્ષે જ લગ્ન કર્યા હતા.

અહેવાલો અનુસાર, પોલીસે પતિ-પત્ની બંનેને શાંત કરવાનો ઘણો પ્રયાસ કર્યો, પરંતુ તેઓ નિષ્ફળ ગયા. વાતચીત દરમિયાન પતિએ જણાવ્યું કે તેની પત્નીને કુરકુરે ખાવાની ખરાબ લત લાગી ગઈ હતી, તે તેને દરરોજ કુરકુરે લાવવાનું કહેતી હતી અને આ કુરકુરે તેમની વચ્ચે ઝઘડાનું કારણ બની ગયું હતું, જ્યારે આ મામલે પત્નીએ અલગ અલગ વાત કરી હતી. તેણીનો આરોપ છે કે તેનો પતિ તેનું શારીરિક શોષણ કરતો હતો, તેથી તેણીને તેના પતિનું ઘર છોડીને તેના માતાપિતાના ઘરે આવવાની ફરજ પડી હતી. જો કે મહિલાના આ આરોપમાં કેટલું સત્ય છે તે હજુ સુધી જાણી શકાયું નથી. હાલ પોલીસ તપાસમાં વ્યસ્ત છે.

# ડીજીપી રાજકોટમાં: સૌરાષ્ટ્રના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે કોન્ફરન્સ

## સરકિટ હાઉસ ખાતે રેડ કાર્પેટ સાથે ગાર્ડ ઓફ ઓનર અપાયા બાદ સી.પી. કચેરીમાં સૌરાષ્ટ્રભરના રેન્જ આઈજી, એસપી સાથે બેઠકમાં કાયદો-વ્યવસ્થા, ચૂંટણી સંદર્ભેનો મેળવાયો તાગ, પરિણામ બાદ કોઈ પર આકરાં પગલાં આવે તો કેવી અસરો પડે?નો પણ ચિતાર મેળવાયાની ચર્ચા


આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયની આજે રાજકોટમાં સૌરાષ્ટ્રભરના રેન્જ આઈજી, એસપી કક્ષાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે કોન્ફરન્સ યોજાઈ હતી. રાજકોટ સિટીથી લઈ સૌરાષ્ટ્રના તમામ જિલ્લા, તાલુકા કક્ષાનો ચૂંટણી સંદર્ભેની ચર્ચા સાથેનો તાગ મેળવાયા સાથે સૌરાષ્ટ્રમાં ક્રાઈમ બાબતની ચર્ચા અને કાયદો-વ્યવસ્થા વધુ સુદ્રઢ બને તે માટેના સૂચનો અપાયા સાથેનો ચિતાર પણ મેળવાયો હોવાનું ખાસ તો જો પરિણામ બાદ સંબંધિતો પર કોઈ એક્શન લેવામાં આવે તો તેની કેવી અસરો રહે તેનો પણ ક્યાસ મેળવાયો હોવાની પણ વાત છે.

આજે સવારે ડીજીપી વિકાસ સહાય રાજકોટ આવી પહોંચ્યા હતા. સરકીટ હાઉસ ખાતે પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ તેમજ અન્ય અધિકારીઓની ઉપસ્થિતિમાં રેડકાર્પેટ, પોલીસ બેન્ડ સાથે ગાર્ડર ઓફ ઓનર આપીને ડીજીપીનું સ્વાગત કરાયું હતું. સરકીટ હાઉસ બાદ પોલીસ કમિશનર કચેરી ખાતે આવી પહોંચ્યા હતા ત્યાં સીપીની ઓફિસમાં થોડો સમય અધિકારીઓ સાથે વાતચીત કર્યા બાદ કોન્ફરન્સ હોલમાં સૌરાષ્ટ્રના તમામ મુખ્ય પોલીસ અધિકારીઓ સાથે ડીજીપીની કોન્ફરન્સ મળી હતી.રાજકોટ પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, એડી સી.પી. વિધી ચૌધરી શહેરના ડીસીપી તેમજ રાજકોટ રેન્જના આઈજી અશોકકુમાર યાદવ, જૂનાગઢ રેન્જના આઈજી નિલેષ ઝાંઝડિયા, ભાવનગર રેન્જ આઈજી ગૌતમ પરમાર, એસપીઓ જયપાલસિંહ રાઠોડ, હર્ષદ મહેતા, ડો.હર્ષદ પયેલ, જામગરના કેલુ સહિતના ઉચ્ચ અધિકારીઓ આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. સૌરાષ્ટ્રમાં કાયદો-વ્યવસ્થા બાબતે ડીજીપી દ્વારા સંબંધિત અધિકારીઓ દ્વારા ચિતાર મેળવાયો તહો. જરૂરી સૂચનો પણ કરાયા હતા.

સૌરાષ્ટ્રમાં આ વખતની ચૂંટણી અને એ પૂર્વેનો માહોલ ખાસ કરીને રાજકોટ, જામનગર, સુરેન્દ્રનગર, ભાવનગર સાઈડ થોડો આકરો રહ્યો હતો એ બાબતે પણ સંભવત જે તે અધિકારી સાથે ચર્ચા કરાઈ હશે. એક એવી પણ વાત છે કે, કદાચિત ચૂંટણી પરિણામ બાદ કે આગામી દિવસોમાં કોઈને કોઈ પર કોઈપણ પ્રકારના કાંઈક એક્શન લેવામાં આવે તો આવા સંજોગોમાં ત્યાંની સ્થિતિ કેવી ઉદભવે? એ માટે શું કરવું જેવી વાતોને લઈને પણ ચર્ચા-વિચારણા થઈ હોઈ શકે. જો કે બેઠકમાં શું વાતો અને ચર્ચા, વિચારોના આદાન-પ્રદાન થયા તે સત્તાવાર રતી કંઈ જાહેર હજી થયું નથી માટે બેઠક મળી અને શેના માટે મળી એ ચર્ચા, અંકોળા મેળવવા જેવું જ હાલ કહીં શકાય.ડીજીપી સહાય દ્વારા મુખ્ય શહેરોમાં અગાઉ સૂરત, અમદાવાદ, વડોદરામાં આવી રીતે કોન્ફરન્સ યોજાયા બાદ હવે લોકસભાની ચૂંટણી પૂર્ણ થયા બાદ અને આ વખતના ઈલેકશનમાં ક્ષત્રિય આંદોલનને લઈને સૌરાષ્ટ્ર વધુ સેન્સિટિવ રહ્યું હતું. જેને લઈને કદાચ ઈલેકશન બાદ સીધી પ્રથમ કોન્ફરન્સ સૌરાષ્ટ્રના મુખ્ય શહેર રાજકોટમાં આયોજીત કરાઈ હોઈ શકે.







તસવીર : દર્શન ભટ્ટી

## ઓનલાઈન રોકાણકારો ન મળતા એપ બનાવનાર સોફ્ટવેર ઈજનેરને માર માર્યો

### આ એપમાં કોઈ રોકાણ કરતું નથી, તું ગ્રાહકો કરી દે કહીં ઓફિસે બોલાવીને ત્રિપુટીએ મારમાર્યાની ફરિયાદ

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

જીવરાજપાર્ક મેઈન રોડ પર સુભમ ગ્રીન અંબિકા ટાઉન શિપમાં રહેતા સોફટવેર ઈજનેર જયદિપ અજયભાઈ દોમડિયાને એપ બનાવનારા જીગર કંટેસરિયા રહે.૧૫૦ ફૂટ રિંગરોડ બેકબોન પાર્ક પર્ણકુટીર રોડ પર કસ્તુરી પ્રાઈડ એપાર્ટમેન્ટમાં રહેતા ભરત વાઘરિયા તથા સંજયસિંહ ચાવડા નામના શખસે એપમાં રોકાણકારો ન મળતા ઓફિસે બોલાવી માર માર્યાના આરોપસર ત્રિપુટી સામે ગાંધીગ્રામ પોલીસ મથકે ગુનો નાંધાયો છે.પોલીસના સૂત્રોમાંથી પ્રાપ્ત વિગતો મુજબ જયદિપ એપ બનાવવાનું આઈટી વેબ સાઈટ સોફટવેરનું કામકાજ ધરાવે છે. આરોપીએ જયદિપ પાસે ઈન્વેસ્ટમેન્ટ રિસોર્સિસ નામની એપ્લિકેશન બનાવડાવી હતી. આ એપ મારફતે ગ્રાહકો ઓનલાઈન મૂડી રોકાણ કરે અને આવકના સ્રોત મળે તેવો પ્લાન હતો.એપમાં ધારણા મુજબના રોકાણકાર ગ્રાહકો મળતા નહતા એ બાબતે જયદિપ સાથે આરોપીઓને વાતચીત થતી રહેતી હતી. આમ છતાં ગ્રાહકો મળતા ન હતા અને જીગર દ્વારા જયદિપને ફોન કરીને ભરતની ૧૫૦ ફૂટ રિંગરોડ પર અયોધ્યા ચોકમાં આવેલા નાઈન સ્કેવર બિલ્ડિંગમાં તેની ૯૦૩ નંબરની ઓફિસે બોલાવાયો હતો. જયદિપ ત્યાં જતાં એપમાં રોકાણકારો મળતા નથી. ગ્રાહકો ગોતી દે નાણાનું રોકાણ કરાવ કહીંને ધમકાવ્યો હતો અને ત્રણેય મળીને માર માર્યો હતો. બનાવ સંદર્ભે ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધીને આરોપીની ધરપકડની તજવીજ હાથ ધરી હતી.

## પાટીલ, સંઘવી, ચુડાસમા, પ્રદીપસિંહ સહિત ભાજપના ૨૦૦ આગેવાનો અન્ય રાજ્યોના ચૂંટણી પ્રચારમાં

### ઉત્તરપ્રદેશ, હરિયાણા, પશ્ચિમ બંગાળ, મધ્યપ્રદેશમાં મોરચો સંભાળ્યો

આજકાલ પ્રતિનિધિ
ગાંધીનગર

ગુજરાતમાં ત્રીજા તબક્કામાં ૨૫ લોકસભા અને પાંચ વિધાનસભાની પેટા ચૂંટણી માટે મતદાન પૂરું થયા બાદ પ્રદેશ અને રાષ્ટ્રીય સ્તરના આગેવાનોને તેના પ્લાન મુજબ જુદા જુદા રાજ્યોમાં જવાબદારી સોંપવામાં આવી છે આ જવાબદારીના ભાગરૂપે આ તમામ આગેવાનો ચૂંટણી વ્યવસ્થામાં જોતરાઈ ગયા છે.

ગુજરાત ભાજપના પ્રદેશ આગેવાનો અન્ય રાજ્યોના ચૂંટણીના પ્રચાર પ્રસાર અને વ્યવસ્થામાં ઉતારવામાં આવ્યા છે અંદાજે ૨૦૦ જેટલા આગેવાનો ઉત્તર પ્રદેશ મધ્યપ્રદેશ વારાણસી હરિયાણા



સહિતના રાજ્યોમાં પહોંચી ચૂક્યા છે અને ત્રણ તબક્કાની ગુજરાતની ચૂંટણી પૂરી કરીને આ તમામ આગેવાનો વિવિધ મતવિસ્તારમાં જવાબદારી નિભાવી રહ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મતવિસ્તાર વારાણસીમાં સી આર પાટીલ રાજ્યના ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી સહિતના આગેવાનો વારાણસીમાં જવાબદારી નિભાવી રહ્યા છે.

ગુજરાત લોકસભાના અમરેલી કલસ્ટરના પ્રભારી અને પૂર્વ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા ને હરિયાણા ખાતે આવેલી અનંતપુર સહિતની લોકસભા વિસ્તારની જવાબદારી સોપવામાં આવી છે.

પૂર્વ ગૃહરાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાને રાયબરેલી લોકસભાની જવાબદારી સોંપવામાં આવી છે આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ હાર્દિક પટેલને ઉત્તર પ્રદેશના અલગ અલગ પોકેટમાં પ્રચારની જવાબદારી સોંપવામાં આવી છે .

અમરેલી અને ભાવનગરમાંથી મહેશ કસવાલા કૌશિક વેકરીયા જેવી કાકડીયા જીતુ વાઘાણીને પંજાબના હરિયાણામાં મોકલવામાં આવ્યા છે એવી જ રીતે શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનસરિયા ને જમ્મુ કાશમીર કુબેર ડીંડોર, ભીખુસિહ પરમાર અને કુવરજી હળપતિને ઓરિસ્સા જ્યારે મંત્રી કુંવરજીભાઈ બાવળિયાને પશ્ચિમ બંગાળ બચુભાઈ ખાબડને મધ્યપ્રદેશ મોકલવામાં આવ્યા છે.

## ૧.૩૫ કરોડનો ચેક રિટર્નનો કેસ પુરવાર નહિ થતા આરોપીનો નિર્દોષ છુટકારો

### આરોપી સાથે નાણાંની લેતી દેતીના અને ફરિયાદી પાસે આટલી મોટી રકમ હોવાના દસ્તાવેજી પુરાવા રજૂ ન થયા

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

રાજકોટ શહેરમાં રહેતા યુવાન પાસેથી સંબંધના દાવે લીધેલા રૂ. ૧.૩૫ કરોડ પરત ચૂકવવા આપેલો ચેક પરત ફરવાના ગુનામાં કેસમાં ધુડશીયા ગામના યુવાનને અદાલતે નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે.આ કેસની વિગત મુજબ, રાજકોટના કણકોટ રોડ ઉપર ઈસ્કોન એમ્બિટોમાં રહેતા ખેડૂત કિરીટ જેરામભાઈ રાંક પાસેથી મામાના સંબંધના નાતે ધુડશીયા ગામે રહેતા જેન્તીલાલ લાલજીભાઈ માધાણીએ હાથ ઉછીના ૧,૩૫,૮૦,૦૦૦ લીધા હતા. જે રકમ પરત ચૂકવવા આપેલો ચેકમાંથી વગર વસુલાતે પરત ફર્યો હતો. આ બાબતે કાયદાકીય નોટિસ પાઠવવા છતાં જેંતીલાલ માધાણીએ બેંકની રકમ ન ચૂકવતા અંતે અદાલતમાં નેગોસીએબલ એકટ હેઠળ ફરિયાદ દાખલ કરી હતી. આ કેસ ચાલવા પર આવતા બંને પક્ષોની રજૂઆતો બાદ બચાવ પક્ષના એડવોકેટ દ્વારા ફરિયાદી – આરોપી વચ્ચે ક્યારેય કરવામાં કોઈ જાતનો નાણાકીય વ્યવહાર થયો નથી, નાણા આપ્યાનો દસ્તાવેજી પુરાવો ફરિયાદી રજૂ કરી શકેલ નથી, ઉપરાંત ફરિયાદી પાસે આટલી મોટી રકમ હોય તેઓ પુરાવો પણ રજૂ થયો નથી, જેવી દલીલો તેમજ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના રજૂ રાખેલા ઓફ ચુકાદાઓને ધ્યાને લઈ સાતમા એડિશનલ ચીફ મેજિસ્ટ્રેટ જી.એસ. પ્રજાપતિએ જયંતી લાલજી માધાણીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કર્યો છે. આ કામે બચાવ પક્ષે એડવોકેટ તરીકે યુવા ધારાશાસ્ત્રી તરંગ એમ બાલધા, વિમલ અકબરી અને સહાયક તરીકે વિરાજ વસોયા રોકાયા હતા.

## બળી ગયેલી ઈલેક્ટ્રીક મોટર રિપેર ન કરાવાતા સચિવાલયમાં બે દિવસથી પાણી વિતરણ બંધ

### નવી મોટર મગાવી પરંતુ તે સમ્પમાં ફીટ ન બેઠી: પાણી પુરવઠો બે દિવસ બંધ રહેતા કર્મચારીઓ હેરાન પરેશાન

આજકાલ પ્રતિનિધિ-ગાંધીનગર

ગુજરાત સરકારનો જ્યાંથી વહીવટ [illegible] સચિવાલયમાં કાળઝાળ ગરમી વચ્ચે પીવાના પાણી અને શૌચાલયમાં પાણી બંધ થઈ જતા અધિકારીઓ અને કર્મચારીઓ હાલાકી નો ભોગ બન્યા છે સતત બે દિવસથી ચાલતા ડખાને કારણે અધિકારીઓની સ્થિતિ દયનીય બની છે આજે પાણી પુરવઠો રાબેતા મુજબ થાય તેવી સંભાવના છે કર્મચારીઓની પરેશાની નું કારણ બળી ગયેલી ઈલેક્ટ્રીક મોટર બદલવામાં તંત્રનો પનો ટૂંકો પડ્યો હોવાનું બહાર આવ્યું છે.

રાજ્ય આખાનો કારભાર પાટનગર સ્થિતિ નવા અને જુના સચિવલાયથી ચલાવવામાં આવે છે. ત્યારે માનવીના હોંશકોસ ઉડાડી દેતી કાળઝાળ ગરમીના દિવસોમાં જ ડો. જીવરાજ મહેતા ભવન એટલે, કે જુના સચિવાલયના બ્લોક નંબર ૧થી ૯માં પીવા અને વાપરવાના પાણીનો [illegible] પીવાના પાણીની વૈકલ્પિક વ્યવસ્થા કરાઈ હતી. પરંતુ કર્મચારીઓની કફોડી હાલત વચ્ચે બળી ગયેલી ઈલેક્ટ્રીક મોટર બદલવામાં પણ તંત્રનો પનો ટુંકો પડ્યો હતો.

સરકારમાં શુક્ર, શનિ અને રવિવારની સળંગ ત્રણ રજા બાદ સોમવારે ઉઘડતી કચેરીએ જ જુના સચિવાલયમાં પાણીનો કકળાટ શરૂ થયો હતો. પીવાનું પાણી તો દુર રહ્યું વાપરવાનું પાણી પણ બંધ થઈ ગયું હોવાથી કચેરી પર આવતાં વેંત જ વોશરૂમનો ઉપયોગ કરવા ગયેલા કર્મચારીઓએ તો કઠીન અને ક્ષોભજનક સ્થિતિમાં મુકાવાની વેળા આવી હતી.

જોકે વિવિધ તંત્રો તુરંત હરકતમાં આવ્યા હતાં. પરંતુ સમ્પના ઓપરેટરથી લઈને ઈજનેરો સુધીના કોઈની કારી ફાવી ન હતી. પરિણામે તંત્રને શરમજનક [illegible] જુના સચિવાલયમાં પણ આઈએએસ સનદી અધિકારીઓ સહિત કર્મચારીઓની ફોજ કામ કરે છે. ત્યારે નોંધવું રહેશે, કે સમગ્ર ગાંધીનગર શહેરમાં પીવાના પાણીનું દાયકાઓ જુનુ નેટવર્ક ખાડે ગયું છે. ૨૪ કલાક પાણી શહેરમાં આપવાની યોજનાની આડેધડ કામગીરીથી સેક્ટરવાસીઓ ત્રાહિમામ થઈ ચૂક્યા છે. આ કામ પણ ત્રણ વર્ષથી હાથ ધરાયા પછી હજુ તમામ સેક્ટરમાં મીટર મુકવાના અને પાણીની લાઈનોના ટેસ્ટિંગ પુરા કરવાના ઠેકાણા પડ્યાં નથી. પરંતુ જુના સચિવાલયમાં પીવાના અને વાપરવા સહિતનો પાણી પુરવઠો ઠપ્પ થવાની વાતે ઉપરી અધિકારીઓની ઉંઘ ઉડાડી દીધી હતી.

સાડા ચાર દાયકા પહેલા જુના સચિવાલયનું બાંધકામ કરવામાં આવ્યુ [illegible] વ્યવસ્થા આજે પણ સુધારા વધારા સાથે હયાત છે. વિવિધ બ્લોકમાં પાણી પુરવઠોબંધ થયા પછી કરાયેલી તપાસમાં સમ્પ હાઉસની મેઈન મોટર બળી ગયાનું જણાતાં તેનું સમારકામ કરવામાં રાત ઉજાગરા કરાયા હતાં. સોમવારે સવારે ૪ વાગ્યા સુધી મેળ નહીં પડતાં નવી મોટર મગાવાઈ હતી. પરંતુ આશ્ચર્યજનક રીતે તે સમ્પમાં ફીટ બેસી ન હતી. આખરે મંગળવારે કામગીરી પુરી થઈ હતી. પરિણામે બુધવાર એટલેકે આજથી સ્થિતિ રાબેતા મુજબની થનાર છે. પીવા અને વાપરવાનું પાણી સતત બે દિવસ સુધી બંધ રહેવાના કારણે કાળઝાળ ગરમીથી પણ ત્રસ્ત થયેલા કર્મચારીઓ રીતસરના બગડ્યા હતાં. નોંધવું રહેશે, કે એક સમયે જુના સચિવાલયમાં કર્મચારીઓની સંખ્યા ૫ હજાર જેટલી હતી. પરંતુ બાદમાં [illegible] સ્થિતિએ તેમાં ઘટાડો થયેલો છે. પાણી જેવી અનિવાર્ય અને પ્રાથમિક સુવિધાની વાતે કામકાજના સળંગ બે દિવસ સુધી થયેલી હેરાનગતિને લઈને સોંકડો કર્મચારીઓ જવાબદાર તંત્રો માટે મનફાવે તેમ બોલવા માટે સ્વાભાવિક રીતે મજબુર થયા હતાં.

રાજ્ય સરકારનું જ્યાંથી વહીવટ ચાલે છે ત્યાં જ પીવાના પાણી અને સંડાસના પાણીની સમસ્યા સર્જાતા કર્મચારીઓના હોશખોષ ઉડી ગયા હતા. બે દિવસથી અકડાયેલા અધિકારી અને કર્મચારીઓને કચેરી ના સમયગાળા દરમિયાન શૌચાલયમાં જવું પડે તો ક્યાં જવું તે પ્રશ્નો ઉભો થયો હતો.

## સીરક્રીક અને કોરીક્રીકનો પ્રવાસન હબ તરીકે થશે વિકાસ

### અર્થતંત્રમાં સકારાત્મક યોગદાન આપતાં સાંસ્કૃતિક, પ્રાકૃતિક અને સાહસિક અનુભવો આપતું આકર્ષક પ્રવાસન સ્થળ વિકસાવવાનો સરકારનો હેતુ

આજકાલ પ્રતિનિધિ
ગાંધીનગર

ગુજરાત સરકારે કચ્છ જિલ્લાના સીરક્રીક અને કોરીક્રીકના સરહદી વિસ્તારોને પ્રવાસન સ્થળો તરીકે વિકસાવવા માટે એક માસ્ટર પ્લાન તૈયાર કર્યો છે. સરકારનું સાંસ્કૃતિક, પ્રાકૃતિક ઉપરાંત સ્થાનિક અર્થવ્યવસ્થાના વિકાસ માટે એક ઈકોસિસ્ટમ બનાવવાનું લક્ષ્ય છે. સરકાર સ્પેશિયલ ટુરિઝમ ઝોન્સ પ્રોજેક્ટ હેઠળ સીરક્રીક અને કોરીક્રીક વિસ્તારોનો વિકાસ કરશે, જ્યાં કેન્દ્ર સરકાર પ્રોજેક્ટ માટે ભંડોળ પૂરું પાડે છે.સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે સ્થાનિક અર્થતંત્રમાં સકારાત્મક યોગદાન આપતાં સાંસ્કૃતિક, પ્રાકૃતિક અને સાહસિક અનુભવો આપતું ટકાઉ, સુલભ અને આકર્ષક પ્રવાસન સ્થળ વિકસાવવાનો હેતુ છે. આ પ્રોજેક્ટને પ્રીમિયર બોર્ડર ટુરીઝમ તરીકે પ્રદર્શિત કરવામાં આવશે.આ પ્રોજેક્ટ નારાયણ સરોવરના કાંઠાની ઉત્તરે આવેલો છે જે પહેલેથી જ એક ધાર્મિક પ્રવાસન સ્થળ છે અને નારાયણ સરોવર અભયારણ્ય ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ ધરાવતું હોવાના કારણે જાણીતું છે. આ ઉપરાંત કોરી ક્રીક પર આવેલ કોટેશ્વર મંદિર પહેલેથી જ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. હેરિટેજ સાઈટ લખપત કિલ્લો, નારાયણ સરોવરથી માત્ર ૩૩ કિમી ઉત્તરમાં છે, કોટેશ્વર મંદિરથી ૨૬ કિમી દૂર આવેલું છે, અધિકારીઓએ જણાવ્યું હતું કે, પ્રોજેક્ટની મુલાકાત લેતા લોકો આસપાસના અન્ય પ્રવાસન આકર્ષણોની પણ મુલાકાત લઈ શકે છે. પ્રોજેક્ટ હેઠળ, કોરીક્રીકમાં સ્થિત પડાલા અને લુક્કીના નિર્જન ટાપુઓને પ્રવાસન સ્થળોમાં બદલવામાં આવશે. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ વિકાસ રાષ્ટ્રીય સુરક્ષા નિર્ણાયક મહત્વની ભૂમિકા ભજવે છે. જેના માટે પ્રોજેક્ટમાં પર્યાપ્ત સુરક્ષા પગલાં સામેલ કરવામાં આવશે. આ વિસ્તારો આંતરરાષ્ટ્રીય સરહદની નજીક હોવાથી, મુલાકાતીઓની સુરક્ષા માટે પૂરતી વ્યવસ્થા કરવામાં આવશે.

## પરિણીતાને દુ:ખ ત્રાસની ફરિયાદમાં પતિ, સાસરિયાનો શંકાનો લાભ આપી છૂટકારો

### ફરિયાદી અને સાહેદોના નિવેદનોમાં વિરોધાભાસ હોવાના મતલબની બચાવ પક્ષની દલીલો

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

શહેરના રૈયા રોડ નજીક જ્ઞાનજીવન સોસાયટીમાં રહેતી પરિણીતાને દહેજ અંગે શારીરિક માનસિક ત્રાસ આપવાના ત્રણ વર્ષ પહેલાના કેસમાં જુનાગઢ સ્થિત પતિ સહિત સાસરિયાઓને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો છે. ફઆ અંગેની હકીકત મુજબ, હાલ શહેરના રૈયા રોડ નજીકનાં જ્ઞાનજીવન સોસાયટીમાં રહેતી અસ્મિતાબેનના લગ્ન વર્ષ ૨૦૨૦માં જુનાગઢ ખાતે રહેતા હાર્દિક સોલંકી સાથે થયા હતા. લગ્નજીવન દરમિયાન દંપતી વચ્ચે તકરાર થતા પરિણીતા પોતાના માવતરને ઘર પરત ફરી હતી, બાદ પરિણીતાએ પતિ હાર્દિક સોલંકી, સસરા મનસુખભાઈ સોલંકી, દીયર જસ્મીન સોલંકી, મામાજી જયેશભાઈ ચુડાસમા, પરેશ ચુડાસમા, માસીજી હંસાબેન સોલંકી અને દિયર પ્રિતેશભાઈ સોલંકી વગેરે સામે વર્ષ ૨૦૨૧માં મહિલા પોલીસ મથકમાં દહેજ અને ઘરેલુ હિંસા અંગેની ફરિયાદ નોંધાવી હતી. તેમાં મહિલા પોલીસ સ્ટેશન દ્વારા તાત્કાલીક સાસરીયા સામે કાયદેસર કાર્યવાહી કરી અને તપાસ હાથ ધરી અને પુરતા પુરાવા મળતા કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કર્યું હતું.

બાદ આ ફરીયાદ ચાલવા પર આવતા તમામ સાસરીયા અદાલતમાં હાજર થયેલા અને અદાલતમાં લાગતા વળગતા સાહેદોની જુબાની નોંધવામાં આવી હતી.

આ પછી આ કેસ દલીલ પર આવતાં આરોપીના વકીલ સંદીપ અંતાણીએ હાલનો કેસ સાબિત થતો નથી, તે બાબતે લંબાણપુર્વકની દલીલો કરી હતી, તેમાં ફરિયાદી અને સાહેદોના નિવેદનોમાં વિરોધાભાસ હોવા સહિતની દલીલોથી સહમત થઈ ફોજદારી અદાલતે દહેજ કરીયાવર માટે ત્રાસ આપવાના સ્ત્રી અત્યાચારના ગંભીર પ્રકારના ગુન્હામાંથી તમામ સાસરીયાઓને શંકાનો લાભ આપી છોડવાનો હુકમ ફરમાવેલો હતો.

આ કેસમાં તમામ સાસરીયા વતી એડવોકેટ તરીકે સંદીપ કે. અંતાણી અને સમીમબેન કુરેશી રોકાયા હતા.

## છેતરપિંડીના ગુનામાં કબજે લેવાયેલ નાણા પૈકી રકમ મેળવવાની સાહેદની રિવિઝન રદ

### રિકવર થયેલી ૫૦ ટકા રકમમાંથી એક સાહેદને તેની પૂરેપૂરી રકમ ચૂકવી દેવાય તો અન્ય સાહેદોને અન્યાય થાય તેવી આરોપી તરફે દલીલો થઈ

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

સુચીત સોસાયટી રેગ્યુલરાઈઝ કરાવવા ભરવાની થતી રકમના બોગસ ચલણ બનાવી રૂા.૩૧.૭૧ લાખ મામલતદાર કચેરીના કર્મચારી સહિતના લોકો સામેની ફરિયાદના કામે આરોપીઓ પાસેથી કબજે લેવામાં આવેલી રકમમાંથી અમુક રકમ મેળવવા ફરિયાદીએ કરેલી અરજી નામંજૂર થયા સામે કરવામાં આવેલી રિવિઝન અરજી પણ સેશન્સ અદાલતે નામંજૂર કરી છે.

આ કેસની હકીકત મુજબ કુવાડવા રોડ ઉપર ડીમાર્ટ પાસે રહેતા ફરીયાદી મનીષ ખોડાભાઈ રાઠોડ દ્વારા ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં આરોપીઓ મામલતદાર કચેરીના કોન્ટ્રાકટ બેઝ કર્મચારી અલ્પેશ મોહનભાઈ ગેડીયલ, વિવેક ધનશ્યામભાઈ રાઠોડ વિરૂધ્ધ સુચીત સોસાયટી રેગ્યુલરાઈઝ કરાવવા માટે ચલણ કઢાવી બેંકમાં રકમ રૂ. ૩૧.૭૧ લાખ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં ભરવાના બદલે એસ.બી.આઈ બેંકના બનાવટી સિકકા બનાવી બનાવટી ચલણોમાં રકમ જમા થઈ ગયેલના સિકકા મારી રકમ રૂ. ૩૧.૭૧ લાખ ઓળવી જઈ મામલતદાર કચેરી સાથે તથા ફરિયાદી અને સાહેદો સાથે છેતરપિંડી અને વિશ્વાસઘાત આચરી બનાવટી દસ્તાવેજો બનાવી ગુનો આચર્યાની ફરિયાદ નોંધાઈ હતી. આ ફરિયાદના કામે પોલીસ દ્વારા રૂપિયા ૧૬.૫૫ લાખની રકમ મુદ્દામાલ તરીકે રિકવર કરવામાં આવી હતી.

આ કામમાં પોલીસ દ્વારા ઉપાસના અંતે ચાર્જશીટ મૂકી દેવામાં આવ્યું હતું, ત્યારે આ કેસના સાહેદ ભરત રામભાઈ લોખીલે પોલીસ દ્વારા મુદ્દામાલ તરીકે રિકવર કરેલ હોય જે રકમમાંથી રૂા.૨,૯૯,૬૯૫/ પરત મળે તે માટેની માગણી નીચલી અદાલતે નામંજુર કરતા તેની સામે રિવિઝન અરજી દાખલ કરી હતી. જેમાં અગાઉ આજ પ્રકારે એક ભોગ બનનારે માંગણી કરેલ રકમ સુપ્રત કરવામા આવેલ હોવાની રજૂઆત કરવામાં આવી હતી. આ સામે આરોપી અલ્પેશ ગેડીયલના વકીલ સુરેશ ફળદુએ એવી રજુઆત કરેલ કે અલ્પેશ ગેડીયલ પાસેથી રકમ રૂા.૩ લાખ મુદ્દામાલ તરીકે કબજે કરેલ તે એચડીએફસી બેંકમાંથી લીધેલ લોનની રકમ છે, જે ગુનાના કામેની રકમ નથી, તેના ડોક્યુમેન્ટ બતાવવા છતા પોલીસે ગેરકાયદેસર રકમ જપ્ત કરેલ હોય જે રકમ સોપી દેવાથી આરોપીને અધીકારને નુકશાન પહોચશે. અને કુલ રકમમાંથી અડધી જ રકમ જપ્ત થયેલ હોય ત્યારે ભોગ બનનારને રકમ સોંપી આપવામા આવશે તો બાકીના ભોગ બનનાર અન્યાય થશે તે મતલબની રજુઆતો કરવામાં આવી હતી.

જે ધ્યાને લઈ સેશન્સ કોર્ટ દ્વારા ટ્રાયલ કોર્ટનો હુકમ કોઈ પણ પ્રકારની ભુલ કે ખામી ભરેલ ન હોય અરજદારની રિવિઝન અરજી નામંજુર કરતો હુકમ ફરમાવવામાં આવ્યો છે. આ કામમાં આરોપી વતી એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કુણાલ શાહી, રીપલ ગેવરીયા, પાર્થ સંઘાણી, મંથન વીરડીયા, કિશન માંડલીયા, ભાવીક ફેફર, મદદનીશો યુવરાજ વેકરીયા, જય પીઠવા, નીરવ દોંગા, પ્રીન્સ રામાણી, આર્યન કોરાટ, ભાવીન ખુંટ રોકાયા હતા.

# એઆરઓ રાજેશ્રી વાંગવાણીએ મતગણતરી કેન્દ્રની વિઝીટ કરી

## સ્ટ્રોંગરૂમ અને સુરક્ષા વ્યવસ્થાનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું

આજકાલ પ્રતિનિધિ

રાજકોટ

રાજકોટ લોકસભા સંસદીય બેઠક માટે કણકોટ સરકારી ઈજનેર કોલેજ ખાતે આગામી તા. ૪ જૂનના રોજ મતગણતરી કરવામાં આવનાર છે. મતદાન પૂર્ણ થયા બાદ તમામ ઈ.વી.એમ. અને વી.વી.પેટને કાલાવડ રોડ, કણકોટ સરકારી ઈજનેર કોલેજ ખાતે લશ્કરી દળોના જવાનોના ચુસ્ત બંદોબસ્ત હેઠળ સુરક્ષિત રાખવામાં આવ્યા છે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ ઈ.વી.એમ. અને વી.વી.પેટ માટે ત્રિ-સ્તરીય સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ ત્રિ-સ્તરીય સુરક્ષા વ્યવસ્થામાં મતગણતરી કેન્દ્રનું



મુખ્ય પ્રવેશદ્વાર, બિલ્ડીંગ તેમજ કેન્દ્રના તમામ રૂમ પર સુરક્ષા દળના જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે. ત્યારે એ.આર.ઓ. રાજેશ્રી વાંગવાણીએ સ્ટ્રોંગરૂમ, સીલીંગરૂમ તથા કંટ્રોલરૂમની સમગ્ર સુરક્ષા વ્યવસ્થાનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું.

હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી હિટવેવની આગાહીને ધ્યાને રાખીને કણકોટ સરકારી ઈજનેર કોલેજ ખાતે સુરક્ષા માટે સતત ખડેપગે રહેતા જવાનો તથા સ્ટાફની તબિયતની પણ જીલ્લા વહીવટી તંત્ર દ્વારા કાળજી રાખવામાં આવી રહી છે. તે માટે મેડીકલ, ફાયર બ્રીગેડના જવાનો સહીતનો સ્ટાફ ૨૪૭ ફરજ નિભાવી રહ્યો છે. કંટ્રોલરૂમની સુરક્ષા માટે ૨૪૭ કલાસ વન અધિકારીઓને ફરજ પર નિયુકત કરવામાં આવ્યા છે.

# મોટામવા નજીકના ફોર્ચ્યુન વિવાન્ટા એપાર્ટમેન્ટમાં ફાયર સેફ્ટી મોકડ્રીલ

## શહેરના કોઇ પણ બિલ્ડિંગમાં મોકડ્રીલ યોજવા ફાયર બ્રિગેડમાં સ્વૈચ્છિક અરજી કરવા તંત્રની અપીલ

આજકાલ પ્રતિનિધિ

રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકાની ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ શાખા દ્વારા તાજેતરમાં ફોર્ચ્યુન વિવાન્ટા એપાર્ટમેન્ટ, મોટામવા પાછળ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે ફાયર સેફટીનું સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવ્યા બાદ મોકડ્રીલ યોજી ફ્લેટધારકોને ટ્રેનિંગ આપવામાં આવી હતી.

મોકડ્રીલ અંતર્ગત બિલ્ડીંગમાં લગાવવામાં આવેલ ફાયર સીસ્ટમ અને ફાયર સેફટીના સાધનોને આગ લાગે ત્યારે કઈ રીતે ઉપયોગ કરવો, શું કરવું અને શું ન કરવું જોઈએ તેમજ આગ બુઝાવવા માટેની ફાયર સીસ્ટમ



અને સાધનો તથા ફાયર એક્ષ્સ્ટીંગ્યુસરનો ઉપયોગ કેવી રીતે કરવો, જાળવણી અને કઈ રીતે પોતાનો તથા અન્યનો બચાવ કરવો તે અંગે ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગના ચીફ ફાયર ઓફીસર આઈ.વી.ખેર, ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર બી.જે.ઠેબા, સ્ટેશન ઓફિસર આર.એ.વિગોરા, ફાયરમેન કિરણભાઈ મારૂ, અજયભાઈ મિશ્રા, ડ્રાઈવર જયંતીભાઈ દવેરા સહિતના સ્ટાફ દ્વારા ફ્લેટધારકોને માહિતગાર કરવામાં આવ્યા હતા.

મોકડ્રીલ બાબતે વધુ ને વધુ લોકો ભાગીદાર થાય અને ફાયર સેફટીની તાલીમ મેળવે તેવો જાહેર જનતાને અનુરોધ કરવામા આવે છે. જે બિલ્ડીંગ ધારકો પોતાની બિલ્ડીંગમાં મોકડ્રીલ આયોજન કરવા માટે સ્વેચ્છીક અરજી કરશે તેમને પહેલી તક આપવામાં આવશે.

# રેલવે સેફ્ટીમાં શ્રેષ્ઠ કામગીરી બદલ ત્રણ કર્મીનું ડીઆરએમ હસ્તે સન્માન

આજકાલ કાર્યાલય

રાજકોટ

રાજકોટ રેલવે ડિવિઝનમાં ટ્રેનોની સેફટીમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનારા ૩ રેલ કર્મચારીઓનું ડિવિઝનલ રેલવે મેનેજર અશ્વનીકુમાર દ્વારા મુખ્ય કચેરીના કોન્ફરન્સ રૂમમાં પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

જેમાં રાજકોટ ડિવિઝનના ટ્રાફિક અને ટ્રેકશન ઓપરેશન વિભાગના કર્મચારીઓને માર્ચ-૨૦૨૪ મહિનામાં રેલવે સેફટીમાં શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ આ એવોર્ડ આપવામાં આવ્યા છે. એવોર્ડ મેળવનાર કર્મચારીઓમાં મહેશ ચંદ મીણા (સ્ટેશન સુપ્રિન્ટેન્ડેન્ટ, અમરસર), આશારામ મીણા (સ્ટેશન માસ્તર, વાગડિયા) અને રામપ્રવેશ કુમાર (લોકો પાયલોટ ગુડ્સ, સુરેન્દ્રનગર)નો સમાવેશ થાય છે. ઉપરોક્ત રેલવે કર્મચારીઓએ ટ્રેનોમાં સ્પાર્કિંગ થતું જોઈ જવું, ટ્રેનમાં અસામાન્ય અવાજ સાંભળવો અને ગેસ વહન કરતી માલગાડી ટ્રેનના વેગનનું ઉપરનું ઢાંકણું ખુલ્લું જોઈ જવા જેવી ઘટનાઓ સંદર્ભે ત્વરિત કાર્યવાહી કરી હતી. આ રેલવે કર્મચારીઓની સતર્કતા અને તકેદારીએ સંભવિત રેલવે અકસ્માતોને રોકવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. આ પ્રસંગે રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ સેફટી ઓફિસર એન.આર.મીના, સિનિયર ડિવિઝનલ ઑપરેશન મેનેજર આર.સી.મીણા અને મદદનીશ ડિવિઝનલ એન્જિનિયર (ટ્રેકશન) સતપાલ ભગત ઉપસ્થિત રહ્યા હતા.

# દર્શનની થર્ડ આઈઃ આંખે પાટા બાંધીને કલર, આંકડા અને વસ્તુ કહી શકે

## આઠ વરસના દર્શનએ થર્ડ આઈ એક્ટિવિટી પ્રોગ્રામ થકી મેળવી સિદ્ધિ

## હવે રિમોટ વ્યુહિંગ પ્રોગામ શીખસેઃ આજકાલ સાથે દર્શન પટેલની વાતચીત

આજકાલ પ્રતિનિધિ

રાજકોટ

રાજકોટના આઠ વર્ષના દર્શનની થર્ડ આઈ એક્ટિવિટી જોઈને સૌ કોઈ આશ્ચર્યચકિત થઈ જશે. આંખે પાટા બાંધીને આઠ વર્ષનો આ દર્શન પટેલ બધી જ વસ્તુઓને જોઈ અને તે નામ સાથે કહી શકે છે. તેની આ અનોખી સિદ્ધિથી તે બંધ આંખ કરીને તેની સામે કોઈપણ ચીજ વસ્તુ જેમ કે ચલણી નોટ અને આ નોટનો સિરીઝ નંબર તો પછી બોલપેન અને બોલપેન કઈ કંપનીની તેનો કલર,સ્કેચ પેનનો કલર વસ્તુઓને પારખી અને તેના નામ પણ કહી શકે છે.

રાજકોટની એસએનકે સ્કૂલમાં ધોરણ ત્રણ





તસવીર : દર્શન ભટ્ટી

માં અભ્યાસ કરતા દર્શને પાંચ વર્ષની ઉંમર થી થર્ડ આઈ એક્ટિવિટી શીખવાનું શરૂ કર્યું હતું જેમાં મેડીટેશન સાથે સાયન્ટિફિક આ એક્ટિવિટી શીખીને ધીમે ધીમે હવે તેમાં આગળ વધી રહ્યો છે અત્યારે થર્ડ આઈ એક્ટિવિટી શીખ્યા બાદ હવે તે તેમાં નવી અદ્યતન આવેલી રીમોટ વ્યુહિંગ એક્ટિવિટી શીખસે.

આ પ્રકારના પ્રોગ્રામથી મોટા મગજ સાથે નાના મગજનું કનેકશન થાય છે અને મેડીટેશન બાદ છઠ્ઠી ઈન્દ્રિય એક્ટિવ થતી હોય છે જેના લીધે તે બધી વસ્તુઓને સુંઘી ને સ્પર્શ કરીને તે બતાવી શકે છે. રાજકોટમાં દર્શનના અનેક પ્રોગ્રામ પણ યોજાયા છે. તેની આ આવડત પાછળ તેના પપ્પા કૌશલભાઈ પટેલ અને તેના મમ્મીની મહેનત છે.

# ન્યુ ઈરાન એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત શાળાનું ૧૦૦ ટકા પરિણામ રહ્યું



આજકાલ કાર્યાલય

રાજકોટ

ધી ન્યુ ઈરાન એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત મયાબા દાદુભા પ્રભાતસિંહજી સ્કુલ રાજપરા, ગઢ જિ.રાજકોટનું ધો.૧૦ તથા ૧૨ (આર્ટસ-કોમર્સ) બન્ને પ્રવાહનું પરિણામ ૧૦૦ ટકા, મયાબા દાદુભા પ્રભાતસિંહજી સ્કૂલના ધો.૧૦ તથા ધો.૧૨ના વિદ્યાર્થીઓએ ૧૦૦ ટકા પરિણામ પ્રાપ્ત કરી સ્કૂલનું ગૌરવ વધાર્યું છે.

ધો.૧૦માં કોઠિયા માહી ભાવેશભાઈ ૯૮.૫૦ પીઆર સાથે પ્રથમ તથા મુડિયા તન્વી ભરતભાઈ ૯૩.૨૮ પીઆર સાથે દ્વિતીય અને જોગરાજીયા પ્રજવલ રાજેશભાઈ ૮૮.૬૯ પીઆર સાથે તૃતીય નંબર પ્રાપ્ત કરેલ છે તેમજ ધો.૧૨ કોમર્સમાં પ્રથમ ગોહિલ ક્રિશ ચેતનભાઈ ૯૯.૩૮ પીઆર, દ્વિતીય સોલંકી જયદીપ રમણીકભાઈ ૯૧.૬૯ પીઆર અને ટોળિયા નિકુંજ લાલજીભાઈ ૯૦.૯૦ પીઆર સાથે તૃતીય નંબર પ્રાપ્ત કરેલ છે. ધો.૧૦ એસએસસીનું બોર્ડનું પરિણામ ૮૨.૫૬ ટકા છે જયારે સ્કુલનું પરિણામ ૧૦૦ ટકા આવેલ છે. એ જ રીતે ધો.૧૨નું બોર્ડનું પરિણામ ૯૧ ટકા છે. બાળકોને તથા વિષય નિષ્ણાત અનુભવી શિક્ષકોને સંસ્થાના નિયામક કલ્પનાબા જાડેજા (સોળિયા) તથા પ્રમુખ એન.ડી.જાડેજાએ અભિનંદન પાઠવ્યા છે.

# પ્રતિબંધિત પ્લાસ્ટિક-ઝબલા રાખવા અને ગંદકી ફેલાવવા બદલ ૫૯ દુકાનદારોને દંડ

આજકાલ પ્રતિનિધિ

રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે શહેરની વિવિધ મુખ્ય બજારોમાં આવેલી દુકાનોમાંથી પ્રતિબંધિત પ્લાસ્ટિક તેમજ ઝબલા જપ્ત કરવાની તથા ગંદકી ફેલાવતા દુકાનદારો પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ત્રણેય ઝોનમાંથી કુલ ૫૯ દુકાનદારો પાસેથી ૪.૩૧ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક અને ઝબલા જપ્ત કરી તથા ગંદકી ફેલાવનારાઓ પાસેથી રૂ.૧૫,૯૫૦નો દંડ વસુલાયો હતો.

વિશેષમાં મ્યુનિ.સૂત્રોએ જણાવ્યું





હતું કે સેન્ટ્રલ ઝોનમાં ૧૭ દુકાનદારોને ૩૩૦૦નો દંડ, વેસ્ટઝોનમાં ૨૯ દુકાનદારોને ૯૫૦૦નો દંડ તેમજ ઈસ્ટ ઝોનમાં ૧૩ દુકાનદારોને ૩૧૫૦નો દંડ કરવામાં આવ્યો હતો. આ કામગીરી મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનર સ્વપનીલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરના સુપરવિઝનમાં આસિસ્ટન્ટ પર્યાવરણ ઈજનેર, સેનીટેશન ઓફિસર હાજરીમાં સેનેટરી ઈન્સ્પેકટરો અને સબ ઈન્સ્પેકટરો દ્વારા કરવામાં આવી હતી.

# કાલની વૈષ્ણોદેવીની ટ્રેનનું સવારને બદલે મધરાત બાદ આગમન પ્રસ્થાન

## જામનગરથી ૧૬ કલાક ૩૫ મિનિટ મોડી ઉપડશે

આજકાલ પ્રતિનિધિ

રાજકોટ

પેરિંગ રેક મોડી આવવાને લીધે, કાલે ૧૫ મે, ૨૦૨૪ના રોજ જામનગરથી ઉપડનારી ટ્રેન નંબર ૧૨૪૭૭ જામનગર- શ્રી માતા વૈષ્ણોદેવી કટરા એકસપ્રેસ ટ્રેનને રિશેડ્યુલ કરીને જામનગરથી સવારેને બદલે મધરાત બાદ ઉપાડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સૂત્રોના જણાવ્યા મુજબ આવતીકાલ તારીખ ૧૫ મે, ૨૦૨૪ના રોજ આ ટ્રેન નં. ૧૨૪૭૭૦ જામનગરથી તેના નિર્ધારિત સમય સવારે ૦૮.૧૫ના બદલે ૧૬ કલાક ૩૫ મિનિટ મોડી એટલે કે મધરાત બાદ૧૬ મે, ૨૦૨૪ના રોજ ૦૦.૫૦ કલાકે



ઉપડશે. એટલે કે રાજકોટ સહિતના અન્ય સ્ટેશનોએ પણ મોડી રાત્રે આગમન - પ્રસ્થાન થશે.

આ ઉપરાંત પંજાબમાં કિસાન આંદોલનને ધ્યાનમાં લઈ આ ટ્રેન આંશિક રીતે ડાઈવર્ટ કરેલા રૂટ વાયા અંબાલા કેંટ- ચંડીગઢ- ન્યુ મોરિન્ડા- સરહિન્દ- સાનેહ વાલ થઈને દોડશે.

## શહેરની રોજનીશી

### લખતરિયા પરિવારનું ગૌરવ



**રાજકોટ** : રાજકોટના આરએસી મેમ્બર, નયન પબ્લીસીટીવાળા મહેશભાઈ લખતરીયાની પુત્રી ક્રિષા લખતરીયાએ ધો.૧૦ બોર્ડના પરિણામમાં ૯૬.૬૪ પીઆર મેળવીને લખતરીયા પરિવાર તથા જ્ઞાનધારા વિદ્યામંદિરનું ગૌરવ વધારેલ છે. ક્રિષા કોમ્પ્યુટર એન્જીનીરીંગમાં કારકીર્દી બનાવવા માગે છે. ક્રિષાની આ ઝળહળતી સિધ્ધિ બદલ શાળાના પ્રિન્સીપાલ હરેશભાઈ પાધરા તેમજ શાળા સ્ટાફે શુભેચ્છા પાઠવી છે. દાદા જયંતીભાઈ, પપ્પા મહેશભાઈ, મમ્મી હેતલબેન, ભાઈ વેદ તથા નાના, નાની, મામા,મામી, માસા, માસી, ભાભુ, ભાઈજી તથા અન્ય ભાઈઓ, બહેનોએ અનહદ ખુશી સાથે શુભેચ્છા વરસાવી છે.

### સિસ્ટર નિવેદીતા શાળાનું ધો.૧૦ અને ૧૨નું ઉજ્જવળ પરિણામ

તાજેતરમાં ગુજરાત એસએસસી અને એચએસસી બોર્ડની માર્ચ-૨૦૨૪માં લેવાયેલી પરીક્ષાનું પરિણામ જાહેર થતાં સિસ્ટર નિવેદીતા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ બન્ને પરીક્ષામાં પ્રશંસનીય સફળતા પ્રાપ્ત કરેલ છે. શાળાનું ધો.૧૦નું એસએસસી પરીક્ષાનું પરિણામ ૯૨ ટકા આવેલ છે જેમાં કુલ ૩૩ વિદ્યાર્થીઓમાંથી ૨૭ વિદ્યાર્થીઓએ પ્રથમ વર્ગ મેળવેલ છે. ધો.૧૦માં શાળામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થિની ત્રિશા માવાણીએ ૯૯.૫૩ પર્સેન્ટાઈલ સાથે ૯૬ ટકા માર્કસ, શાળાનું ધો.૧૨નું એચએસસી સામાન્ય પ્રવાહની પરીક્ષાનું પરિણામ ૮૨ ટકા આવેલ છે જેમાં ૧૬ વિદ્યાર્થીઓએ પ્રથમ વર્ગ પ્રાપ્ત કરેલ છે. ધો.૧૨ (સામાન્ય પ્રવાહ)માં શાળામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થિની ઈશા પાંધીએ ૯૦ પર્સેન્ટાઈલ સાથે ૮૨ ટકા માર્કસ પ્રાપ્ત કરેલ છે.

### ગુરૂકુળનું ગુજરાતી માધ્યમનું સફળ પરિણામ

રાજકોટ ગુરૂકુળનું પરિણામ ૧૦૦ ટકા રહ્યું જેમાં પરમાર ભરતે ૯૯.૯૩ પીઆર સાથે ગુરૂકુળમાં પ્રથમ અને સમગ્ર ગુજરાતમાં ૭મુ સ્થાન મેળવેલ છે. ઉપરાંત ૯૯ પીઆર લાવનાર ૧૫ વિદ્યાર્થીઓ રહ્યા. ૯૫ પીઆર લાવનાર ૭૪ વિદ્યાર્થીઓ અને ૯૦ પીઆર લાવનાર ૧૪૧ વિદ્યાર્થીઓએ પોતાનું ઉચ્ચત્તમ સ્થાન બનાવેલ છે. તદઉપરાંત શિક્ષણ બોર્ડે જાહેર કરેલ ધો.૧૨ સામાન્ય પ્રવાહના પરિણામમાં પણ ગુરૂકુળનો દબદબો યથાવત રહ્યો હતો. રૂપાપરા અભય ૯૯.૯૮ પીઆર સાથે ગુરૂકુળમાં પ્રથમ અને ગુજરાતમાં બીજા ક્રમે રહ્યો. જેમાં એ-૧ ગ્રેડ મેળવનાર ૧૦ વિદ્યાર્થીઓ એ-૨ ગ્રેડ મેળવનાર ૭૪ વિદ્યાર્થીઓ અને બી-૧ ગ્રેડ મેળવનાર ૧૬૩ વિદ્યાર્થીઓ છે.

### શ્રી કૃષ્ણ ચિકિત્સાલયમાં રાહતદરે ઓર્થોપેડિક ડોકટરોની સેવા

લોહાણા સેવા મંડળ ટ્રસ્ટ (કનક રોડ, એસ.ટી. સ્ટેશન પાછળ) શ્રી કૃષ્ણ ચિકિત્સાલયમાં રાહતદરે ઓર્થોપેડિક નિષ્ણાંત ડો.એમ.પી.રાજા દર સોમવાર, બુધવાર, ગુરુવાર, શનિવારે સવારે ૯થી ૧૦ અને ડો.હિરેનભાઈ કોઠારી દર મંગળવારે તથા શુક્રવારે સવારે ૯થી ૧૦ સેવા આપશે.

# ખખ્ખર પરિવાર દ્વારા લીલાપુર ખાતે કાલે હવન

આજકાલ કાર્યાલય

રાજકોટ

ખખ્ખર પરિવારના કુળદેવી ભવાની માતાજી તથા વિહોત માતાજીનો વાર્ષિક હવન ગુરૂવાર તા.૧૬ના રોજ ભવાની માતાજી દેવસ્થાને લીલાપુર તા.જસદણ તથા વિહોત માતાજી દેવસ્થાન કડુકા, તા.જસદણ મુકામે યોજવાનું નકકી કરેલ છે. માતાજીના આ હવનમાં સર્વે કુટુંબી ભાઈઓ સહપરિવાર હાજરી આપીને માતાજીના દર્શન, પૂજન અર્ચનનો લાભ લેવા પધારે એવું ખખ્ખર પરિવાર દ્વારા પાઠવાયું છે.

હવનનો પ્રારંભ દેહશુધ્ધિ સવારે ૭-૩૦ કલાકે, પૂજનવિધિ સવારે ૮-૩૦ કલાકે, બિડુ હોમવાનો સમય બપોરે ૪-૦૦ કલાકે તથા ખખ્ખર પરિવારના સૌ કૌટુંબિક ભાઈઓ-બહેનો તથા મહેમાનો માટે બપોર ૧-૦૦ કલાકે ભોજનપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.

આ યજ્ઞ (હવન)ની વધુ માહિતી માટે હિતેષભાઈ ખખ્ખર (મો.૯૪૨૯૨ ૪૪૭૦૮), મિત હિતેશભાઈ ખખ્ખર (મો.૮૪૮૮૦





૧૧૧૧૦) ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# ઈગ્નુના જુલાઈ ૨૦૨૪ના સત્રમાં પ્રવેશ પ્રક્રિયાનો આરંભ

આજકાલ કાર્યાલય

રાજકોટ

ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (શિક્ષણ મંત્રાલય, ભારત સરકાર હેઠળ કાર્યરત સેન્ટ્રલ યુનિવર્સિટી)ના જુલાઈ ૨૦૨૪ના સત્રમાં ઓનલાઈન એડમિશન પ્રક્રિયાનો આરંભ થઈ ગયો છે. સર્ટિફિકેટ, પી.જી. ડીપ્લોમા, ડીપ્લોમા, બેચલર અને માસ્ટર ડીગ્રીના તમામ કાર્યક્રમોમાં ઓનલાઈન એડમિશન ૩૦-૦૬-૨૦૨૪ સુધી લઈ શકાશે. શૈક્ષણિક કાર્યક્રમો અંગેની તમામ વિગત (પ્રવેશ લાયકાત, ફી, કોર્સેસ, અભ્યાસ પધ્ધતિ, અભ્યાસ માટે અપાતી સવલતો વગેરે) અને એડમિશન માટેની લીંક સમર્થ પોર્ટલ તેમજ વેબસાઈટ www.ignou.ac.in ઉપર ઉપલબ્ધ છે. ઈગ્નૂના કાર્યક્રમો યુજીસી અને અન્ય સબંધિત પરિષદ દ્વારા માન્યતા પ્રાપ્ત છે.

# ગૌશાળાઓ અને પાંજરાપોળને પશુદીઠ દૈનિક રૂા.૧૦૦ની સબસિડી આપવાની રજૂઆત

રાજકોટ : સમસ્ત મહાજન દ્વારા સમસ્ત મહાજનના મેનેજિંગ ટ્રસ્ટી અને ભારત સરકારના એનીમલ વેલફેર બોર્ડના સભ્ય ડો.ગીરીશ શાહના નેતૃત્વમાં સરકારના કૃષિ અને પશુપાલન વિભાગના કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલને ગુજરાતની તમામ ગૌશાળાઓ અને પાંજરાપોળને પશુદીઠ રૂા.૧૦૦ દૈનિક, કાયમી સબસીડી આપવામાં આવે તે અંગેની રજૂઆત કરવામાં આવી. રાજસ્થાન સરકારની જેમ ગુજરાત સરકારે પણ તમામ સરકારી સ્થળોએ પક્ષીઓ માટે ખોરાક અને પાણીની વ્યવસ્થા કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો. રાઘવજીભાઈએ આ બાબતે ગુજરાત એનીમલ વેલફેર બોર્ડને સૂચના આપવાની વાત કરી હતી. સમસ્ત મહાજનની ટીમે રાઘવજીભાઈ પટેલનું પંચગવ્યમાંથી બનાવેલી ગણપતિની મૂર્તિથી અભિવાદન કર્યું હતું. સમસ્ત મહાજનના ડો.ગીરીશભાઈ શાહ અને મિતલ ખેતાણીના માર્ગદર્શન હેઠળ રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે જીવદયા પ્રવૃતિઓ સતત કરવામાં આવી રહી છે.



# જંગલેશ્વરની અંકુર સોસાયટીમાં ફાંસો ખાઈ લેનાર પરિણીતાનું મોત

## બાળકોને ખીજાતા પતિએ ઠપકો આપતા વાતનું લાગી આવવાથી પગલું ભર્યું હતું

આજકાલ પ્રતિનિધિ

રાજકોટ

જંગલેશ્વરમાં ભવાની ચોક નજીક અંકુર સોસાયટીમાં રહેતી અને મૂળ બિહારની વતની પૂજાબેન દિનેશભાઈ શાહ (ઉ.વ.૨૩) નામની પરિણીતાએ સોમવારની સાંજે આઠેક વાગ્યે પોતાના ઘરે હતી ત્યારે પંખામાં સાડી બાંધી ગળેફાંસો ખાઈ લેતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યા તેનું ચાલુ સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. પરિણીતાના લગ્ન થયાને ચાર વર્ષ થયા છે અને સંતાનમાં એક પુત્રી બે પુત્ર છે, પતિ દિનેશભાઈના કહેવા મુજબ પોતે કારખાનામાં મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે, ચાર વર્ષનો પુત્ર ટ્યુશનમાંથી ઘરે આવ્યા બાદ આપેલું ઘર લેસન સરખું કરતો ન હોવાથી પત્નીએ મારકૂટ કરતા છોકરાવ ને આ રીતે મારકૂટ ન કરવા ઠપકો આપતા આ વાતનું લાગી આવવાથી બીજા રૂમમાં જઈ પંખામાં સાડી બાંધી ફાંસો ખાઈ લીધો હતો, હું રૂમમાં જોવા જતા તેને બચાવી લઈ સિવિલ હોસ્પિટલએ ખસેડ્યા બાદ સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો.

બનાવ અંગે ભકિતનગર પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# બાલભવનમાં ૮૦૦ ભૂલકાંઓ કરી રહ્યા છે મનગમતી પ્રવૃત્તિઓ



આજકાલ કાર્યાલય
રાજકોટ

બાલભવન દ્વારા ઉનાળુ વેકેશનના વર્કશોપનું આયોજન કરવામાં આવે છે. જેમાં ૫ થી ૧૬ વર્ષના બાળકો ભાગ લેતા હોય છે. બાલભવનના મંત્રી મનસુખભાઈ જોષી અને ડો. અલ્પનાબેન ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ કિરીટભાઈ વ્યાસ અને ટીમ દ્વારા બાળકો માટે ઉનાળુ વેકેશન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે.

વર્કશોપમાં કરાટે, તબલા, તાલીમ, કેરમ, રંગપુર્ણી, ફોક ડાન્સ, વેસ્ટર્ન ડાન્સ, યોગા, ચેસ, જનરલ ડ્રોઈંગ, બાળગીત તેમજ વુડ કટીંગ, કોલઝ, એકપાત્રીય અભીનય, ગરબા, ટીવી ન્યુઝ, રીડીંગ તાલીમ ઓરીગામી, નેઈલ આર્ટ, કીરીગામી ગ્લાસ પેઈન્ટીંગ જેવા ૨૫ વર્કશોપમાં ૮૦૦થી વધુ બાળકોએ તાલીમ મેળવી વેકેશનનો સદઉપયોગ કરી શીખવાનો આનંદ મેળવી રહ્યા છે.

# મોરબી અને રાજકોટની ઈલેક્ટ્રીક બસમાં એસી બંધ

## યાત્રિકો પાસેથી એસી બસનું ભાડું વસુલી નોન એસીમાં કરાવી મુસાફરી

આજકાલ કાર્યાલય
રાજકોટ

ગુજરાત એસ.ટી મુસાફર હિતરક્ષક સમિતિના સ્થાપક ગજેન્દ્રસિંહ ઝાલા, એડવોકેટ ઈન્દુભા રાઓલ, દિલીપભાઈ આસવાણી, મેઘજીભાઈ રાઠોડ, ગજુભા જાડેજા, એડવોકેટ ભાવનાબેન વાઘેલા, પારુલબેન સિધ્ધપુરા, સરલાબેન પાટડીયા, નિશાબેન સોલંકી, જસુબા વાંકની યાદી જણાવે છે કે મુખ્યમંત્રી અને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવી વારંવાર જણાવી ચૂક્યા છે કે ગુજરાત એસ.ટી નું નવીનીકરણ થશે અને આધુનિક ઈન્સ્ફ્રાસ્ટ્રક્ચર સાથે યાત્રિકોને સારી સુવિધા આપવા સરકાર કટિબધ્ધ છે. આ દાવો હળાહળ જુઠાણો અને પોકળ સાબિત થયો છે. મોરબી થી રાજકોટનું




એસ.ટીમાં લોકલ ભાડું રૂપિયા ૪૯ છે. જ્યારે મોરબી રાજકોટ વચ્ચે દોડતી ઈલેક્ટ્રીક એરકન્ડિશન એસ.ટી બસ ભાડું રૂપિયા ૧૩૧ છે. રાજકોટમાં ૪૦ ડિગ્રીથી વધુ તાપ પડી રહ્યો છે. ઉકળાટ અને બફારો થઈ રહ્યો છે જે પગલે યાત્રિકો વધુ ભાડું ચૂકવી એર કન્ડિશન બસમાં મુસાફરી કરવાનું હિતાવહ સમજે છે ૩-૧૦ કલાકે મોરબીથી ઉપડતી બસ નંબર જીજે-૦૧-કેટી-૦૪૧૩ આ બસમાં એરકન્ડિશન બંધ હતું મુસાફરો પાસેથી ભાડું એ.સી.નું વસુલાયુ અને નોન એ.સી. માં મોરબી થી રાજકોટ મુસાફરી કરાવી આ અંગે જવાબદાર કોણ ? ગુજરાત એસ.ટી મુસાફર હિતરક્ષક સમિતિને આ અંગે બસમાં રહેલ મુસાફરે ટેલીફોનિક જાણ કરતા ગજેન્દ્રસિંહ ઝાલા દ્વારા ડેપો મેનેજર ઠુમરને આ બાબતે ટેલીફોનિક ફરિયાદ કરી હતી. ઉલ્લેખનીય છે કે રાજકોટ એસ.ટી બસ ડેપો ની બેદરકારી અને લાપરવાહી વારંવાર ઉજાગર થઈ રહી છે. અગાઉ ૫૦ ટકા પંખા બંધ હતા જે પગલે યાત્રિકોને પરસેવો છૂટી જાય છે. જેમાં મહિનાઓ સુધી બંધ પંખાઓ ચાલુ કરાવવામા પણ પરસેવો છૂટી જાય છે. આ બાબતે રાજકોટ એસટી બસ પોર્ટ ના સીસી ફૂટેજ મેળવી પુનઃ રજૂઆત કરી બંધ રહેલ પંખા અંગે પેનલ્ટી કરવા ઉપરોક્ત આગેવાનોએ માંગ ઉઠાવી છે. ગુજરાત એસ.ટી ને લગતા કોઈપણ પ્રશ્નો કે ફરિયાદો કે સૂચનો હોય તો ગજેન્દ્રસિંહ ઝાલા મો - ૯૪૨૬૨ ૨૯૩૯૬ પર મોકલી આપવા અપીલ કરી છે.

# કાલથી હિમાલયન ધ્યાનયોગની નિ:શુલ્ક આઠ દિવસીય ધ્યાન શિબિર

## સર્વાંગી વિકાસ તરફ દોરી જતી આ શિબિર અનેક લોકો માટે લાઈફ ચેન્જિંગ બની છે

આજકાલ કાર્યાલય
રાજકોટ

વર્તમાન સમયમાં અબાલ-વૃદ્ધ સહુ કોઈ તનાવગ્રસ્ત જીવન જીવી રહ્યા છે ત્યારે શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય તથા સમાધાનની પ્રાપ્તિ માટે ધ્યાન કરવું ખૂબ આવશ્યક છે. વૈશ્વિ મંચ ગુરુતત્વના વડપણ હેઠળ દર મહિને હિમાલયન મેડિટેશનની વીડિયો શિબિરોનું આયોજન થતું હોય છે. જેમાં હિમાલયન ધ્યાન સંસ્કારના પ્રણેતા હિમાલયન મહર્ષિ શિવકૃપાનંદ સ્વામીજી દ્વારા સરળ અને સુંદર ભાષામાં આઠ દિવસીય પ્રવચન હોય છે. જેમાં પરમાત્મા, ધર્મ, સદગુરુ, અનુભુતિ, ચક્રો-નાડી, આત્મા, મૃત્યુ, મોક્ષ વગેરે જેવા આધ્યાત્મિક ગૂઢ વિષયો પર સ્વામીજીએમની સરળ શૈલીમાં અને એમના અનુભવો પર આધારિત જ્ઞાન આપે છે તથા ધ્યાન પણ શિખવવામાં આવે છે. આ વીડિયો




શિબિરનું આયોજન તા.૧૬થી ૨૩ દરમિયાન સરસ્વતી શિશુ વિદ્યાવિહાર મંદિર, મારુતિનગર, જુના એરપોર્ટ રોડ પર સાંજે ૬-૩૦થી ૯ કરવામાં આવ્યું છે. આ આઠ દિવસીય શિબિર નિઃશુલ્ક છે. શિબિર અંગેની વધુ જાણકારી માટે ૭૪૦૫૨ ૨૭૧૦૪ અને ૯૭૨૪૨ ૦૧૮૧૮ તથા ૭૬૦૦૦ ૪૬૧૭૬ નંબર પર સંપર્ક કરી શકાશે. www.gurutattva.org પર હિમાલયન ધ્યાન સંસ્કારની વધુ માહિતી મેળવી શકશો.

# શ્રીશ્રીનાં ૬૮મા જન્મદિવસે હેપીનેસ પ્રોગ્રામમાં ૮૭ દેશનાં અનુભવીઓ જોડાયા

આજકાલ કાર્યાલય
રાજકોટ

વૈશ્વિક શાંતિના પ્રણેતા એવા ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરની ૬૮મી જન્મદિવસ નિમિત્તે આર્ટ ઓફ લિવિંગ દ્વારા આયોજિત ગ્લોબલ હેપ્પીનેસ કાર્યક્રમમાં વિશ્વભરમાં ૮૭ દેશોના હજારો લોકોએ પોતાના વધુ સારા માનસિક સ્વાસ્થ્ય અને સુખાકારી માટે ભાગ લીધો હતો. ભારત સહીત વિશ્વભર માં લાખો અનુયાયીઓએ સેવા કર્યો અને સત્સંગમાં ભાગ લઈને અને આનંદની વહેંચણી કરીને આ વિશેષ દિવસની ઉજવણી કરી.

જ્યારે આપણે જ્ઞાનમાં જીવીએ છીએ, ત્યારે દરેક દિવસ આનંદનો દિવસ બની જાય છે, ગુરુદેવે ઈન્ટરનેશનલ સેન્ટર ફોર ધ આર્ટ ઓફ લિવિંગ ખાતે યોજાયેલી સત્સંગ સભામાં કહ્યું હતું.



જ્યારે આપણું જીવન સેવા, સાધના, સત્સંગ માટે સમર્પિત હોય છે, ત્યારે દરેક દિવસ ઉજવણી બની જાય છે. તમારી ખુશી દરેક સાથે વહેંચો.*

ગ્લોબલ હેપીનેસ પ્રોગ્રામ થકી તેઓને માત્ર ચાર દિવસ પ્રાણાયામ, યોગ અને આર્ટ ઓફ લિવિંગ કાર્યક્રમોમાં શીખવવામાં આવતી એક વિશેષ અને પ્રભાવશાળી શ્વસન પદ્ધતિ સુદર્શન ક્રિયાનો અભ્યાસ કર્યા પછી, વધુ પ્રસન્નતા, મનની સ્પષ્ટતા, ઓછી પીડા અને તણાવથી મુક્તિનો અનુભવ થયો હતો. આ ઉપરાંત તેમણે આ કોર્સમાંથી ભીતરની સ્થિરતા પણ પ્રાપ્ત કરી હતી.

આર્ટ ઓફ લિવિંગે જેલ અને શાળાઓમાં વૃક્ષારોપણની ઝુંબેશનું પણ આયોજન કર્યું હતુ; હજારો આર્ટ ઓફ લિવિંગ કેન્દ્રો દ્વારા રક્તદાન શિબિરો, મેડિકલ કેમ્પ અને આયુષ હોમ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

મહારાષ્ટ્રમાં, આર્ટ ઓફ લિવિંગ અને સહ્યાદ્રી દેવરાય (લોકપ્રિય અભિનેતા સયાજી શિંદે દ્વારા ચલાવવામાં આવતી પહેલ) દ્વારા સતારા જિલ્લાના ૬૮ ગામોમાં મોટા પાયે વૃક્ષારોપણ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. રાયપુરમાં એક નવા ધ્યાન કેન્દ્ર (જ્ઞાન ક્ષેત્ર)નું પણ ગુરુદેવ દ્વારા ઓનલાઈન ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

# લેબર કાયદાના ચાર નવા કોડ અંગે આવતીકાલે સેમીનાર

આજકાલ કાર્યાલય
રાજકોટ

કચ્છ સૌરાષ્ટ્ર પ્રોડક્ટીવીટી કાઉન્સીલ ખાતે તા.૧૬ મે ૨૦૨૪ને ગુરુવારના રોજ કાઉન્સીલના બાન હોલ ખાતે સવારે ૧૦થી ૫માં એક દિવસીય સેમીનારનું આયોજન કરેલ છે જેમાં ત્રણ નવા લેબર કોડ વિશે નિષ્ણાંત વકતાઓ જાણકારી આપશે. આ સેમીનારનું આયોજન કાઉન્સીલના પ્રમુખ હસુભાઈ દવેના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ છે. જેમાં નિષ્ણાંત વકતા તરીકે અદાણી ગ્રુપના એચ.આર. કોપ્લાઈન્સના હેડ ડો.ઈઝરાયલ ઈન્બારાજ જેઓ વેજીસ કોડ અને ઈન્ડસ્ટ્રીયલ રિલેશન કોડ પર માર્ગદર્શન આપશે તથા ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીના આસી. પ્રોફેસર ડો.આશા વર્મા જેઓ સોશ્યલ સિક્યુરીટી કોડ પર માર્ગદર્શન આપશે.

આ સેમીનારની ઉપયોગીતા એટલા માટે છે કે ચાર નવા લેબર કોડ ઘણા વખતથી પેન્ડીંગ છે અને નવી સરકાર આવવાની સાથે રાષ્ટ્રપતિ મારફત ગેજેટ નોટીફીકેશન બહાર પડશે. આ બધા લેબર કોડ જેમાં વેજીસ કોડ, ઈન્ડસ્ટ્રીયલ રિલેશતન અને સામાજિક સુરક્ષા કોડ ઘણા જ આવશ્યક છે. સામાજિક સુરક્ષા કોડમાં કેન્દ્ર સરકાર ઘણા ધરખમ સુધારાઓ જેમાં સંગઠિત કામદારો સાથે અસંગઠિત કામદારો જેની સંખ્યા ૯૪ ટકા છે તેને પણ લાભ મળશે. આ નવા ચાર લેબર કોડ જેમાંથી ત્રણ કોડ જેમ કે સોશિયલ સિક્યુરીટી કોડ ૨૦૨૦, ઈન્ડસ્ટ્રીયલ રિલેશન કોડ ૨૦૨૦ અને ધી વેજીસ કોડ ૨૦૧૯નો સમાવેશ થાય છે. ૨૯ કેન્દ્રીય શ્રમ કાયદાઓને આ ચાર કોડમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેના કારણે ફાયદાઓમાં રહેલ ગુંચવણો દૂર કરવામાં આવેલ છે. જેની વિસ્તૃત માહિતી આ સેમીનારમાં આપવામાં આવશે. આ સેમીનારમાં ગુજરાતમાંથી અલગ અલગ કંપનીઓના અધિકારીઓ અને કંપનીના ડાયરેક્ટરો, એચ.આર. વિભાગના અધિકારીઓ ભાગ લઈ શકે છે.

# ભદ્રવીર મિત્ર મંડળ દ્વારા ભાગવત સપ્તાહની પૂર્ણાહુતિ

## સતાપર ગામે યોજાયેલી કથામાં મંત્રી ભાનુબેન બાબરિયા તથા વિવિધ ક્ષેત્રનાં મહાનુભાવો જોડાયા: ધાર્મિક પ્રસંગોની ઉજવણી



આજકાલ કાર્યાલય
રાજકોટ


કોટડા સાંગાણી તાલુકાના સતાપર ગામે ભદ્રવીર મિત્ર મંડળ દ્વારા શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવેલ. (કથાકાર તરીકે દર્શનભાઈ જોશી સતાપરવાળા વ્યાસપીઠ ઉપર બિરાજેલ). જેમાં (સીતારામ સેવા આશ્રમ-સતાપર) સંત ત્રિભોવનદાસ બાપુ (ગુજરાત સરકારના કેબીનેટ મંત્રી) ભાનુબેન બાબરિયા તથા (સદસ્ય જિલ્લા પંચાયત) અર્જુનભાઈ ખાટરીયા તથા (પ્રમુખ આહીર કર્મચારી મંડળ) નીર્મળભાઈ મેતા (માજી તાલુકા પ્રમુખ) અરવિંદભાઈ સિંધવ તથા (સતાપર ગ્રામ પંચાયત સરપંચ) વિક્રમભાઈ મેતા (મહામંત્રી કિશાન મોરચો) જયંતીભાઈ બુધેલીયા તથા (ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન રાજકોટ) વિનુભાઈ વેકરીયા તથા છગનભાઈ વેકરીયા ઉપસ્થિત રહ્યા હતાં. આ કથામાં સંજયભાઈ ભુવા, અશોકભાઈ ભુવા, અશ્વિનભાઈ વિરડીયા, નીતિનભાઈ ભુવા, રમેશભાઈ ત્રાડા, ભાવેશભાઈ ભુવા, પૂનાભાઈ ભુવા, મિલનભાઈ ભુવા, પ્રવીણભાઈ રૂપારેલીયા, ધવલભાઈ રૂપારેલીયા, વિનોદભાઈ ભુવા, અશ્વિનભાઈ ભુવા, વિપુલભાઈ લીમ્બડીયા, ગોપીભાઈ ભુવા, સુરેશભાઈ આગરીયા, કિશોરભાઈ ભુવા સહિતે જહેમત ઉઠાવી હતી.

# બ્રહ્મઅગ્રણી હર્ષદ મહેતાનો જન્મદિન



**રાજકોટ :** સેવાભાવી બ્રહ્મઅગ્રણી બીએસએનએલ ના રીટાયર્ડ ઓફીસર હર્ષદભાઈ મહેતાનો આજે જન્મદિવસ છે. જેઓ આજરોજ ૬૮ વર્ષ પૂર્ણ કરી ૬૯ માં વર્ષમાં પ્રવેશ કરી રહયા છે. તાલાળા બ્રહ્મસમાજ સાથે જોડાઈ સેવાકાર્યો કરે છે. વિદ્યાભારતી તથા આર.એસ.એસ. સાથે જોડાઈ દેશસેવા અને રાષ્ટ્રસેવાના કાર્યો કરી રહયા છે. વિદ્યાભારતી માધવસ્મૃતિ ટ્રસ્ટનાં પૂર્વપ્રમુખ તરીકે સેવાઓ આપેલ. તેઓ દ્વારા અત્યાર સુધીમાં ૭ વખત બ્લડ ડોનેટ પણ કરવામાં આવેલ છે. મોબાઈલ નંબર ૯૪૨૬૧ ૬૯૮૪૫ પર શુભેચ્છા વર્ષા થઈ રહી છે.

# છાત્ર યુવા સંઘર્ષ સમિતિના સુરજ બગડાનો જન્મદિવસ



વિદ્યાર્થી નેતા અને વચે ઘણી સામાજિક પ્રવૃત્તિઓમાં સંકળાયેલા સુરજ બગડાનો આજે જન્મદિવસ છે. તેઓ આજે ૨૩ વર્ષ પૂર્ણ કરીને ૨૪માં વર્ષમાં પ્રવેશ કરશે. તેઓ આમ આદમી પાર્ટીના સ્ટુડન્ટ વિંગ છાત્ર યુવા સંઘર્ષ સમિતિ ગુજરાત પ્રદેશ ઉપપ્રમુખ છે. જેના દ્વારા વિદ્યાર્થીઓના, શિક્ષણના પ્રશ્નોને વાચા આપવા માટે હરહંમેશ કાર્યરત હોય છે. આ ઉપરાંત રાજકોટ પ્રમુખ તરીકે સતત ત્રણ વાર સફળ કાર્યકાળ પૂર્ણ કરેલ. સાથોસાથ શ્રી સાંઈ સમર્થ ફાઉન્ડેશન ટ્રસ્ટી તરીકે બ્લડ ડોનેશન કેમ્પ, પદયાત્રીઓને સેવા, ફુડ પેકેટ, વિદ્યાર્થી સહાય વગેરે જેવી સામાજિક પ્રવૃત્તિઓમાં પણ મહત્વનું યોગદાન આપે છે. સુરજ બગડાને પોતાના જન્મદિવસ નિમિતે મો.૯૯૯૮૭ ૧૧૦૦૭ ઉપર શુભકામનાઓ પાઠવી રહ્યા છે.

# રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા સંઘશિક્ષા વર્ગનો પ્રારંભ

આજકાલ કાર્યાલય
રાજકોટ

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ તેના સ્થાપનાકાળથી સંઘ પરંપરા અનુસાર દર વર્ષે ઉનાળાના વેકેશનમાં નિત્ય શાખામા આવતા અને નવા જોડાયેલા વિદ્યાર્થીઓ અને વ્યવસાયી કાર્યકર્તાઓ માટે પંદર દિવસના સંઘ શિક્ષા વર્ગનું આયોજન દેશ ભરમાં કરે છે. તેના જ ભાગરુપે સુરેન્દ્રનગર ખાતે આવેલી કડવા પાટીદાર કેળવણી મંડળ સંચાલિત વિધાલયમાં સૌરાષ્ટ્ર અને કચ્છના સંઘના સ્વયંસેવકો માટે સંઘ શિક્ષા વર્ગનો પ્રારંભ થયો છે. સી યુ શાહ મેડિકલ કોલેજના પ્રખ્યાત રૂમેટોલોજીસ્ટ ડો. શ્યામ શાહના હસ્તે ભારતમાતા સન્મુખ દિપ પ્રાગટ્ય સાથે પ્રારંભ થયો હતો. તેમણે કહ્યું હતું કે સંઘે સત્ય પ્રેમ અને લાગણીથી સમાજનો વિશ્વાસ જીત્યો છે તેવું હું માનું છું અને હું મારી જાત ને ત્યારે સક્ષમ ગણીશ જ્યારે હું પણ




તમારી જેમ આવા પ્રશિક્ષણ વર્ગનો ભાગ બની શકીશ.

આ વર્ગના કાર્યવાહ તરીકે જુનાગઢના બાંધકામના વ્યવસાય સાથે જોડાયેલ અને સૌરાષ્ટ્ર પ્રાંતના વ્યવસ્થા પ્રમુખ રાકેશભાઈ શેઠે જણાવ્યું હતું કે વર્ગો થકી આપણે સામુહિક અનુશાસન, ભારતીય સંસ્કૃતિનો પરિચય, હિંદુ સંગઠનની આવશ્યકતા, આપણો ગૌરવશાળી ઈતિહાસ વગેરે જેવા વિષયો વર્ગ દરમિયાન થશે. આ નિવાસી વર્ગ કુલ ૧૫ દિવસ સુધી ચાલશે.વર્ગમાં વિવિધ પ્રકારના શારીરિક અને બૌદ્ધિક કાર્યક્રમોની સાથે સેવા,સંપર્ક અને પ્રચાર વિભાગના વિષયોનું પ્રશિક્ષણનું આયોજન કરવામાં આવ્યું છે.

# ITI પ્રવેશસત્ર-૨૦૨૪ના ઓનલાઈન પ્રવેશ ફોર્મ

આજકાલ કાર્યાલય
રાજકોટ

ઔદ્યોગિક તાલીમ સંસ્થા-રાજકોટના આચાર્યની યાદી જણાવે છે કે, રોજગારી અને સ્વરોજગારીની ઉત્તમ તક ઉપલબ્ધ કરાવતી આઈટીઆઈ-રાજકોટ ખાતે પ્રવેશસત્ર-૨૦૨૪ અંતર્ગત એડમિશન લેવા માટેના ઓનલાઈન ફોર્મ ભરવા માટેની કામગીરી ચાલુ કરવામાં આવેલ છે.

પ્રવેશ માટે ઈચ્છુક ઉમેદવારે ઓનલાઈન એડમિશન પ્રક્રિયાની સમજણ તેમજ ઓનલાઈન ફોર્મ ભરવા માટે આઈટીઆઈ રાજકોટ, આજી ડેમ પાસે, ભાવનગર રોડ પર સવારે ૯-૩૦ કલાકથી સાંજે ૫-૦૦ કલાક દરમિયાન મુલાકાત લઈ શકે છે. વિગત માટે www.itiadmission.gujarat.gov.in વેબસાઈટની મુલાકાત લેવા જણાવવામાં આવે છે.

# રામ ચરિત માનસ મંદિરનો કાલે પાટોત્સવ

આજકાલ કાર્યાલય
રાજકોટ

મોરબી રોડ પર રતનપર ખાતે પ્રસિધ્ધ દર્શનીય યાત્રાધામ રામચરિત માનસ મંદિરનું મહાતીર્થ સમું આ વિશાળ મંદિર પરમેશ્વરના ઘરેણા સમું છે. રામ ચરિત માનસ મંદિરે ગુરૂવાર તા.૧૬ના રોજ સવારે ૯થી ૧૨-૩૦ સુધી રામમંદિરનો પાટોત્સવ ઉજવાશે. ધૂપ-દીપ અને પુષ્પોની સુવાસથી મહેકતા વિશાળ પ્રાર્થના સત્સંગ સભા ખંડમાં રામ દરબાર, દ્વારકાધીશ, રામેશ્વર મહાદેવ, જલારામબાપા, રણછોડદાસજીબાપુના મંદિરોના પાટોત્સવ અંતર્ગત દાતાઓ ધીરજબેન દવે, પ્રવિણસિંહ ઝાલા, દિલીપભાઈ ગઢીયા, વિશનજી ગાંધી, નરશીદાસ રાચ્છ, ગોપાલભાઈ નથવાણી હોમાત્મક યજ્ઞમાં યજમાનપદે બેસીને પંચકુંડી યજ્ઞમાં આહૂતિઓ આપશે. આ પ્રસંગે સિયારામ મંડળીના સર્વે કારોબારી સભ્યો, સમાજના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓના હોદેદારો, દાણાપીઠ, માર્કેટયાર્ડના વ્યાપારી શ્રેષ્ઠીઓ, સદ્ગુરૂ ભકતો, ભાવિકો દર્શનાર્થીઓ ઉપસ્થિત રહેશે. બપોરે ૧૨-૩૦ કલાકે યજ્ઞનું બીડું હોમાયા બાદ સામૂહિક હનુમાન ચાલીસાના પાઠ થશે.

# કેશકિંગ શેમ્પુની એડમાં પલક તિવારી, શિલ્પા શેટ્ટી દેખાશે

આજકાલ કાર્યાલય
રાજકોટ

કેશ કિંગ એંટી-હેયરફોલ શેમ્પુએ પોતાની નવી જાહેરાતમાં યુવા જોશથી ભરપુર અને મનોરંજનની દુનિયાની ઉભરતી સ્ટાર પલક તિવારી અને સદાબહાર ખુબસૂરતીની મલિકા શિલ્પા શેટ્ટીને એકસાથે પ્રસ્તુત કરી છે. વર્ષ ૨૦૧૯થી જ શિલ્પા શેટ્ટી બ્રાંડની ઓળખાણ રહી છે અને કેશ કિંગ આયુર્વેદ ઑઈલ - ભારતનું નં.૧ હેયરફોલ એક્સપર્ટને એન્ડોર્સ કરી રહી છે.

રાજુ હિરાની ફિલ્મ્સ દ્વારા તૈયાર આ નવા કેશ કિંગ એંટી-હેયરફોલ શેમ્પુ કોમર્શિયલમાં બંને અભિનેત્રીઓ ખૂબ જ રોચક વાતચીત કરતી નજરે ચડશે અને ઉડે જબ જબ જુલ્ફેં તેરી જેવા જૂના જમાનાના ગીતે તો તેને હજી વધુ ખાસ બનાવ્યું છે.

**કંપની સમાચાર**

# માનકસિયા કોટેડ મેટલ્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝનો ચોખ્ખો નફો ૧૩૩ ટકા વધ્યો

રાજકોટ

માનકસિયા કોટેડ મેટલ્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (એનએસસી: મેનાકકોટ, બીએસઈ: ૫૩૯૦૪૬) જે અગ્રણી કોટેડ મેટલ પ્રોડક્ટ્સ ઉત્પાદક અને નિકાસકર્તાઓમાંની એક છે. તેમજ કોઈલ અને શીટ બંને સ્વરૂપોમાં પ્રી-પેઈન્ટેડ ગેલ્વેનાઈઝ્ડ સ્ટીલ અને પ્લેન ગેલ્વેનાઈઝ્ડ સ્ટીલમાં વિશેષતા ધરાવે છે. તેણે નાણાકીય વર્ષ ૨૦૨૪ અને નાણાકીય વર્ષ ૨૦૨૪ના ચોથા ત્રિમાસિકના તેને ઓડિટેડ નાણાકીય અહેવાલ આપ્યો છે.

નાણાકીય વર્ષ ૨૦૨૪ના ચોથા ત્રિમાસિકની સ્ટેન્ડ અલોન મુખ્ય નાણાકીય વિશેષતાઓમાં ૧૮૪.૩૯ કરોડની કુલ આવક -૧.૭૯ ટકાની વાર્ષિક વૃધ્ધિ, ૧૭.૨૫ કરોડનું ઈબીટીડીએ, ૭૧.૨૭ ટકાની વાર્ષિક વૃધ્ધિ, ૯.૩૬ ટકા ઈબીટીડીએ માર્જિન, ૩૯૯ બીપીએસની વાર્ષિક વૃધ્ધિ, ૫.૩૪ કરોડનો ચોખ્ખો નફો, ૭૨.૮૭ ટકાની વાર્ષિક વૃધ્ધિ, ૨.૯૦ ટકાનો ચોખ્ખો નફો માર્જિન, ૧૨૫ બીપીએસની વાર્ષિક વૃધ્ધિ, શેર દીઠ કમાણી ૦.૭૮, ૬૫.૯૬ ટકાની વાર્ષિક વૃધ્ધિ.

# પ્રવેગે કેવ રિસોર્ટ માટે રાજસ્થાનમાં ૩૦ વર્ષની લેન્ડ લીઝ મેળવી

રાજકોટ

પર્યાવરણ પ્રત્યે સભાન લકઝરી રીસોર્ટ કંપની પ્રવેગ લી. રાજસ્થાનના જવાઈમાં કેવ રીસોર્ટના વિકાસ માટે નવા લેન્ડ લીઝના સંપાદનની જાહેરાત કરી આનંદ અનુભવે છે. આ નવો પ્રોજેક્ટ પોતાના પ્રકારના એક લકઝરી કેવ રૂમ સ્ટ્રકચરની સાથે જવાઈની મનોહર સુંદરતાનો લાભ મેળવશે. રાજસ્થાનના જવાઈના રમણીય વિસ્તારમાં આવેલો નવો રીસોર્ટ ૩૦ વર્ષની લીઝ પર છે. સુઆયોજનની સુવિધા માટે પ્રવેગને ૧૨ મહિનાનો ભાડા મુકત સમયગાળો આપવામાં આવ્યો છે. આ રીસોર્ટમાં ૧૨ વૈભવી ગુફા પ્રકારના રૂમ અને ૮ ટેન્ટ સહિત કુલ ૨૦ યુનીટ હશે. વધારાની સુવિધાઓમાં સ્વીમીંગ પુલ, રેસ્ટોરન્ટ અને બારનો સમાવેશ થાય છે. સાથે અનોખા સફારી અનુભવો પણ પુરા પાડવામાં આવે છે. આ સંપાદન એ પ્રવેગની વિકાસ વ્યૂહરચનામાં એક મહત્વપુર્ણ ક્ષણ છે જે લકઝરી કેવ રૂમ દર્શાવતા રીસોર્ટ ડેવલપમેન્ટની શરૂઆતનો સંકેત આપે છે.

# સ્વ.નરશીભાઈ દસાડિયાની પૂણ્યતિથિ નિમિતે અન્નસેવા




રાજકોટ

જતિનભાઈ નરશીભાઈ દસાડિયાના પિતા સ્વ.નરશીભાઈ અંબારામભાઈ દસાડિયાની પ્રથમ પૂણ્યતિથિ નિમિતે ગરીબ બાળકોને ભરપેટ ભોજન કરાવી અન્નદાનનું પૂણ્ય તેમના પિતાને શ્રધ્ધાંજલિ પેટે અર્પણ કરેલ. નટુભાઈ અંબારામભાઈ દસાડિયા, ભાઈલાલભાઈ દસાડિયા, પુત્ર ભાર્ગવભાઈ દસાડિયા, આનંદભાઈ દસાડિયા તેમના પરિવારે રાધે રાધે ગૌશાળામાં લીલી મકાઈ અને અન્નદાનનું પૂણ્ય કરીને લોકોએ હાજરી આપીને આ પૂણ્યકાર્યમાં સહભાગી બન્યા હતાં.

# સ્પેશ્યલ ખેલ મહાકુંભ ક્રિકેટ સ્પર્ધામાં દિવ્યાંગોનું યુનિક એચિવમેન્ટ

રાજકોટ

તાજેતરમાં રમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ ગાંધીનગર સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત અને પેરા સ્પોર્ટ્સ એસો. ઓફ ગુજરાત દ્વારા સ્પે. ખેલ મહાકુંભમાં રાજ્ય કક્ષાની ક્રિકેટ સ્પર્ધાનું આયોજન તાલુકા પ્રશિક્ષણ કેન્દ્ર બીબીપુરા સ્મોલ ટાઉન પ્લાઝા ગેરાતનગર અમદાવાદ ખાતે યોજવામાં આવેલ હતી. જેમાં રાજકોટના દિવ્યાંગોની ટીમે બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરીને રાજકોટનું ગૌરવ મેળવ્યું હતું. ગલોરીયા સાગર, ગમારા ટીના, પરમાર નીલેશ, ગોડાસરા હિતેષ, ખેરાલા વિશાલ, પરમાર દીપેશ, ખફી અકબર, મારૂ તુષાર, વાજા મહેન્દ્ર, વાઘેલા દીપક, કાપડીયા યુગ સહિતની દિવ્યાંગ ટીમે સ્પે. ખેલ મહાકુંભમાં પહેલી વખત રાજ્ય કક્ષાએ જતા હોવા છતાં આક્રમક બેટીંગ, સુપર બોલીંગ અને બહેતરીન ફિલ્ડીંગના કારણે રાજ્યભરના જિલ્લાઓની ટીમો પૈકી બ્રોન્ઝ મેડલ જીતનારી પ્રથમ ટીમ બની હતી. સંસ્થાના કાર્યાલય વિકલાંગ વિકાસ કેન્દ્ર વીર સાવરકર શાળા નં.૫૫ પાવરલીફ્ટીંગ અને ટેબલ ટેનીસની પ્રેક્ટીસ દિવ્યાંગોને વિનામુલ્યે કરાવે છે. વિજેતા દિવ્યાંગોને સંસ્થાના પ્રમુખ શૈલેષભાઈ પંડ્યા, જયેશભાઈ પંડ્યાએ પુર ટીમને ખુબ ખુબ અભિનંદન આપેલ હતા.

# સ્વ.મૌલિકભાઈ પોપટના ચક્ષુદાનથી બે પ્રજ્ઞાચક્ષુઓને નવી દૃષ્ટિ મળી

આજકાલ કાર્યાલય
રાજકોટ



રાજકોટ નિવાસી રઘુવંશી સમાજના સ્ટેટ બેંકના નિવૃત્ત કર્મચારી સ્વ.હર્ષદભાઈ પોપટના પુત્ર મૌલિકભાઈનું ૪૩ વર્ષની નાની વયે દુઃખદ અવસાન થતા તેઓના પરિવારજનોએ ચક્ષુદાનનો પ્રેરણાદાયી નિર્ણય લઈને બે દ્રષ્ટિહીન બાંધવોને દ્રષ્ટિ આપવાનું પુણ્યનું કાર્ય કરીને સમાજને નવો રાહ ચીંધેલ છે. સ્વ.મૌલિકભાઈ હર્ષદભાઈ પોપટના ચક્ષુ વિવેકાનંદ યુથ ક્લબ નાં માર્ગદર્શક મુકેશભાઈ દોશી અને કન્વીનર અનુપમભાઈ દોશી અને જૈન સોશિયલ ગ્રુપની આશ્રય કમિટી ચેરમેન, આઈ ડોનેશન ડ્રાઈવનાં ઉપેનભાઈ મોદી દ્વારા ચક્ષુદાન કરાવવામાં આવેલ. પોપટ પરિવારે માનવતાનું ઉમદા ઉદાહરણ પૂરું પાડેલ છે. ડો.ધર્મેશ શાહ દ્વારા ચક્ષુનો સ્વીકાર કરેલ. બન્ને સંસ્થાઓનું ૧૦૬મુ ચક્ષુદાન છે. ચક્ષુદાન માટે કોઈ પણ સમયે સમિતિના અનુપમ દોશી ૯૪૨૮૨ ૩૩૭૯૬ અથવા ઉપેનભાઈ મોદી ૯૮૨૪૦ ૪૩૧૪૩નો સંપર્ક સાધવા જણાવાયું છે.

# ઓલ ઈન્ડિયા ફુટબોલ ફેડરેશન દ્વારા રેફરી માટે લેવલ-૮નો કાલથી સેમિનાર

આજકાલ કાર્યાલય
રાજકોટ

ઓલ ઈન્ડિયા ફુટબોલ ફેડરેશન દ્વારા માન્ય રેફરી ભાઈઓ તથા બહેનો માટે લેવલ-૮ સેમિનારનું આયોજત તા.૧૬થી ૧૯ દરમિયાન પોલીસ હેડ કવાર્ટર, રાજકોટ ખાતે પ્રેક્ટીકલ તથા થિયરી રેફરી કલિનિકનું આયોજન ડિસ્ટ્રીકટ ફુટબોલ એસોસિએશન, રાજકોટ દ્વારા કરવામાં આવેલ છે. આ સેમિનાર ગુજરાત પોલીસના પોલીસ સબ-ઈન્સ્પેકટર વિષ્ણુભાઈ ચૌહાણ દ્વારા લેવામાં આવશે. જેઓ ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશનના માન્ય ઈન્સ્ટ્રકટર તેમજ નેશનલ રેફરી છે.

આ સેમિનારને સફળ બનાવવા માટે એસોસિએશનના પ્રમુખ ગુણુભાઈ ડેલાવાળા તથા એસોસિએશનના સભ્યો તેમજ પોલીસ હેડ કવાર્ટરના અનિલભાઈ દવે તથા અસ્લમ બ્લોચ જહેમત ઉઠાવી રહેલ છે.

### ટેક્સ બ્રાન્ચ, સિવિક સેન્ટર, જન્મ-મરણ નોંધણી, આધારકાર્ડ વિભાગમાં ધસારો, કતારો લાગી

# મનપામાં બે મહિના બાદ મેયર આવ્યા; અરજદારો ઉમટ્યા

### લોકસભા ચૂંટણીની આચારસંહિતા તા.૧૫ માર્ચના અમલી થઇ ત્યારબાદ આજે પહેલી વખત મેયર આવતા કચેરીમાં ધમધમાટ: અન્ય પદાધિકારીઓ-નગરસેવકો ચૂંટણીનો થાક ઉતારવા પ્રવાસે રવાના

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકામાં મેયર નયનાબેન પેઢડિયા આજે બે મહિના બાદ આવતા અરજદારો ઉમટી પડ્યા હતા, લોકસભા ચૂંટણીની આચારસંહિતા તા.૧૫ માર્ચના રોજ જાહેર થઇ ત્યારથી મેયરએ મહાપાલિકા કચેરીમાં આવવાનું બંધ કર્યું હતું, દરમિયાન આજે તા.૧૫ મેના રોજ પહેલી વખત મેયર તેમની ચેમ્બરમાં હાજર થયા હતા.

લોકસભા ચૂંટણીની આચારસંહિતા જાહેર થઇ ત્યારથી પદાધિકારીઓ અને કોર્પોરેટરોએ મહાપાલિકા કચેરીમાં આવવાનું બંધ કર્યું હતું. અલબત્ત હજુ આચારસંહિતા તો અમલી છે જ પરંતુ ચૂંટણી પૂર્ણ થતાં હવે બે–ચાર દિવસથી






અમુક કોર્પોરેટરો મહાપાલિકાએ આવતા થયા છે. જો કે મોટાભાગના પદાધિકારીઓ અને નગરસેવકો ચૂંટણીનો થાક ઉતારવા સહપરિવાર પ્રવાસે રવાના થઇ ગયા છે જેઓ હવે ચૂંટણી પરિણામના બે ચાર દિવસ પહેલા રાજકોટ આવશે તેમ જાણવા મળે છે.

દરમિયાન આજે મેયર તેમની ચેમ્બરમાં ઉપસ્થિત થતાની સાથે જ અરજદારો ઉમટ્યા હતા. હાલ સુધી ચૂંટણી હોય બધા તેમાં વ્યસ્ત હશે તેથી કોઈ કામ થશે નહીં તેમ માનીને અરજદારો પણ આવતા ન હતા. જ્યારે આજથી તો ટેક્સ બ્રાન્ચના સિવિક સેન્ટરમાં વેરો ભરવા, જન્મ મરણ નોંધણીના દાખલા કઢાવવા તેમજ આધારકાર્ડમાં સુધારા વધારા માટે અરજદારોએ લાઇનો લગાવી હતી.

#### આજથી હજુ ૨૨ દિવસ આચારસંહિતા અમલી

**તા.૧૫ માર્ચથી અમલી થયેલી લોકસભા ચૂંટણીની આચાર સંહિતાને આજે બરાબર બે મહિના પૂર્ણ થયા છે. તા.૪ જુનના રોજ લોકસભા ચૂંટણીનું પરિણામ આવનાર છે ત્યારબાદ તા.૬ જૂન સુધી આચારસંહિતા અમલી રહેશે. મતલબ કે આજથી આગામી ૨૨ દિવસ સુધી કોઇ નીતિવિષયક નિર્ણયો કે મહત્વપૂર્ણ કામગીરી થશે નહીં.**

## ચૂંટણી સંપૂર્ણપણે શાંતિભરી રહેતા સૌરાષ્ટ્રની પોલીસને અભિનંદન: ડીજીપી

### રાજકોટ આવેલા ડીજીપી વિકાસ સહાયએ પ્રચાર અને મતદાનના જે અનુભવો રહ્યા તેની વિગતો મેળવાઇ

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

રાજકોટમાં ડીજીપી વિકાસ સહાયએ સૌરાષ્ટ્રના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે યોજેલી બેઠકમાં ચૂંટણી પ્રચાર અને મતદાન સુધીની તમામ પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થતાં નાના પોલીસ કર્મચારીઓથી લઈને ઉચ્ચ સ્તરીય અધિકારીઓએ દાખવેલી સર્તકતાને અભિનંદનને પાત્ર ગણાવી સૌરાષ્ટ્ર પોલીસને શાબાશી આપી હતી. તેઓએ વિશેષમાં જણાવ્યું હતું કે, આજે કોન્ફરન્સમાં તમામ અધિકારીઓ સાથે ચૂંટણીના સમયગાળા દરમિયાન જે તે વિસ્તારોમાં કેવા અનુભવો રહ્યા અને આ બાબતના વિચાર વિમર્શ



સાથે વિગતો મેળવીને આગામી સમયમાં વધુ સારુ કરવા માટે શું કરી શકાય તેની પણ ચર્ચા કરવામાં આવી હતી.

# માતાની નજર સામે જ બે વર્ષના બાળકનું ટાંકામાં પડી જતા મોત

### ગ્રીનલેન્ડ ચોકડી પાસેનો બનાવ: બાળકને બેભાન હાલતમાં બહાર કાઢી હોસ્પિટલ લઇ ગયા પણ જીવ ન બચ્યો

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

શહેરના ગ્રીનલેન્ડ ચોકડી પાસે ગુરુદત્ત ઈન્ડસ્ટ્રીઝ નજીક કારખાનામાં મજૂરી કામ કરનાર શ્રમિક પરિવારનો બે વર્ષનો બાળક રમતા રમતા માતાની નજર સામે પાણીના ટાંકામાં પડી ગયો હતો. જેની જાણ થતા પિતાએ બાળકને બહાર કાઢવાની કોશિશ કરી હતી. બાદમાં ફાયરના સ્ટાફે આવી બાળકને બહાર કાઢી બેભાન હાલતમાં હોસ્પિટલ ખસેડતા અહીં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. બનાવને લઈ શ્રમિક પરિવારમાં કાળો કલ્પાંત છવાઈ જવા પામ્યો હતો.

જાણવા મળતી વિગતો મુજબ, રાજકોટમાં ગ્રીનલેન્ડ ચોકડી પાસે ગુરુદત્ત ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં કારખાનામાં કામ કરનાર નાનકાભાઈ વિધલીયાનો બે વર્ષનો બાળક સચીન સાંજના સમયે ઘર પાસે રમતો હતો. પિતા કારખાને કામ પર હોય અને માતા ઘરમાં રસોઈ કરતા હતા. દરમિયાન રમતા રમતા માતાની નજર સામે બાળક પાણીના ટાંકામાં પડી ગયો હતો. જેથી બાળકના માતા ગભરાઈ ગયા હતા અને દોડીને કારખાનામાં જઈ પતિને જાણ કરી હતી. ત્યારબાદ બાળકના પિતાએ અહીં આવી ટાંકામાંથી બાળકને બહાર કાઢવાની કોશિશ કરી હતી. દરમિયાન કોઈએ ફાયરને પણ જાણ કરી દીધી હોય ફાયર બ્રિગેડના સ્ટાફે અહીં પહોંચી પાણીના ટાંકામાંથી બાળકને બહાર કાઢ્યો હતો. ત્યારબાદ બેભાન હાલતમાં સારવાર માટે સરકારી હોસ્પિટલ લઈ જતા અહીં ફરજ પરના તબીબે બાળકને મૃત જાહેર કર્યો હતો.

બાળક બે ભાઈ એક બહેનના પરિવારમાં નાનો હતો. વ્હાલાસોયા પુત્રના મોતથી શ્રમિક દંપતી આઘાતમાં સરી પડ્યું હતું. આ અંગે બી ડિવિઝન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એચ.એમ કોઠીવાળે જરૂરી કાર્યવાહી કરી હતી.

#### આજી ડેમમાંથી અજાણ્યા યુવાનની લાશ મળી: ઓળખ મેળવવા તજવીજ

**આજરોજ સવારના સુમારે આજીડેમમાં રવિવારી બજાર નજીક પાણીમાં કોઈ યુવાનોનો મૃતદેહ તરતો હોવા અંગેની જાણ ફાયર બ્રિગેડને કરવામાં આવતા ફાયર બ્રિગેડની ટીમ અહીં પહોંચી યુવાનનો મૃતદેહ બહાર કાઢ્યો હતો. બીજી તરફ આ ઘટનાને પગલે આજીડેમ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.જે.જાડેજા પણ અહીં પહોંચી આવ્યા હતા. મૃતદેહને પીએમ માટે હોસ્પિટલ ખસેડી આ અજાણ્યા યુવાનની ઓળખ મેળવવા તેના વાલીવારસની શોધખોળ શરૂ કરી છે.**

# મવડી-લક્ષ્મીનગરમાં આઈસ્ક્રીમના ઉત્પાદકો ઉપર મહાનગરપાલિકાના દરોડા

### મહાપાલિકાને રાબેતા મુજબ કંઇ વાંધાજનક ન મળ્યું: રોઝ પેટલ્સ, રેડ વેલ્વેટ, પાન મસાલા ફ્લેવર્સના આઈસ્ક્રીમના ત્રણ સેમ્પલ લેવાયા

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

રાજકોટ મહાપાલિકાની ફૂડ શાખાની ટીમ દ્વારા ઉનાળાની સિઝનને અનુલક્ષીને આઈસ્ક્રીમનું ઉત્પાદન કરતાં બે એકમોની તપાસ કરવામાં આવી હતી અને બે પેઢીઓમાંથી ફુડ સેફ્ટી સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ હેઠળ કુલ ત્રણ નમૂના લઇ પરીક્ષણ અર્થે ફૂડ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા.વિશેષમાં મહાપાલિકાના સૂત્રોએ જણાવ્યું હતું કે (૧) પાન મસાલા ફ્લેવર આઈસ્ક્રીમનું સેમ્પલ સ્થળ- શ્રીજી ફૂડ્સ (ડિલાઈટ આઈસ્ક્રીમ), મહાદેવવાડી મેઈન રોડ, લક્ષ્મીનગર પાસે, રાજકોટ ખાતેથી (૨) રોઝ પેટલ્સ આઈસ્ક્રીમનું સેમ્પલ સ્થળ-શ્રીજી ફૂડ્સ (ડિલાઈટ આઈસ્ક્રીમ), મહાદેવવાડી મેઈન રોડ, લક્ષ્મીનગર પાસે, રાજકોટ ખાતેથી તેમજ (૩) રેડ વેલ્વેટ આઈસ્ક્રીમનું સેમ્પલ સ્થળ-રાજમહલ આઈસ્ક્રીમ, મણીનગર-૩, મહાદેવવાડી, મવડી પ્લોટ, રાજકોટ ખાતેથી લેવામાં આવ્યું હતું.

#### ઉપલાકાંઠે પટેલ વિહાર રેસ્ટોરન્ટ, એસએસ ફૂડ મોલ સહિત ૨૦ ધંધાર્થીને ત્યાં ફૂડ ચેકિંગ

**રાજકોટ મહાનગરપાલિકા ફુડ વિભાગની ટીમ દ્વારા શહેરના કુવાડવા રોડ વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં ૨૦ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવી હતી જેમાં પાંચ ધંધાર્થિને લાઈસન્સ બાબતે સૂચના આપવામાં આવી હતી તેમજ ખાદ્યચીજોના કુલ ૨૦ નમૂનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવી હતી જેમાં કુવાડવા રોડ વિસ્તારમાં આવેલ જોકર ગાંઠિયા, બજરંગ જ્યુશ સેન્ટર, ઢોસા પેલેસ, રસથાળ, લક્ઝરી પાન એન્ડ કોલ્ડ્રિંક્સ લાયસન્સ મેળવવા બાબતે નોટિસ આપવામાં આવી હતી તથા સોરઠિયા રેસ્ટોરેન્ટ કૈલાશ ભેળ, ન્યુ બજરંગ કોલ્ડ્રિંક્સ, ચામુંડા સ્વીટ, ડાયમંડ શીંગ શક્તિ પરોઠા હાઉસ, પટેલ વિહાર રેસ્ટોરેન્ટ, કનૈયા ગુજરાતી રેસ્ટોરેન્ટ, અંબિકા રેસ્ટોરેન્ટ, પ્રિન્સ આઈસ્ક્રીમ એન્ડ કુલ્ફી, જલારામ રેસ્ટોરેન્ટ, ખોડિયાર ફરસાણ, મહાલક્ષ્મી ડેરી ફાર્મ, એસ.એસ. ફૂડ મોલ , શિવશક્તિ રેસ્ટોરન્ટની ચકાસણી કરવામાં આવી હતી.**

# ચારધામ યાત્રામાં શ્રદ્ધાળુઓ પાસેથી ઉઘાડી લૂંટ, પાણીની બોટલના ૫૦, શૌચાલયના ૧૦૦ રૂપિયા

### ઉત્તરાખંડમાં ચારધામ યાત્રામાં શ્રદ્ધાળુઓની ભારે ભીડને કારણે તમામ વ્યવસ્થાઓ ખોરવાઈ: તંત્ર ધંધે લાગ્યું: ગંગોત્રી અને યમુનોત્રીના માર્ગમાં ૪૫ કિ.મી. લાંબો ટ્રાફિક જામ સર્જાયો

આજકાલ પ્રતિનિધિ
રુદ્રપ્રયાગ

ગઈકાલે ૨૩ હજાર લોકોએ કેદારનાથ-બદ્રીનાથની મુલાકાત લીધી હતી. હવે આ યાત્રામાં ફસાયેલા ભક્તો પાસેથી ઉઘાડી લૂંટ ચલાવવાના અહેવાલો મળી રહ્યા છે. લાંબા સમય સુધી ફસાયેલા ભકતો પાસેથી સ્થાનિકો પાણી, શૌચાલય માટે પણ મોટા પાયે પૈસા વસૂલી રહ્યા છે. પાણીની બોટલ માટે ૩૦-૫૦ રૂપિયા અને શૌચાલયનો ઉપયોગ કરવા માટે ૧૦૦ રૂપિયા સુધી વસૂલી રહ્યા છે.

ઉત્તરાખંડમાં ચાર ધામ યાત્રામાં શ્રદ્ધાળુઓની ભારે ભીડને કારણે તમામ વ્યવસ્થાઓ ખોરવાઈ જતાં તંત્ર ધંધે લાગી ગયું છે. ખાસ કરીને ગંગોત્રી અને યમુનોત્રીના માર્ગમાં ૪૫ કિ.મી. લાંબો ટ્રાફિક જામ સર્જાયો છે.

આ ચક્કાજામથી હરિદ્વારથી આગળ બરકોટમાં છે. જ્યાંથી સીધા ગંગોત્રી અને યમુનોત્રી જઈ શકાય છે. બરકોટથી ઉત્તરકાશી તરફ ૩૦ કિ.મી. માર્ગ વન-વે છે. આવી સ્થિતિમાં મંદિરથી પરત ફરતા વાહનોને પહેલા બહાર કાઢવામાં આવી રહ્યા છે.

ગંગોત્રી અને યમુનોત્રીની તુલનામાં, કેદારનાથના રસ્તા પર ઓછો ટ્રાફિક છે.

#### ૪ દિવસમાં ૧૦ શ્રદ્ધાળુઓના મોત

**ગઈકાલે ટ્રાફિક જામમાં ફસાઈ જવાને કારણે ૫ લોકોના મોત થયા હતા. જેમાં ત્રણ લોકો તો એવા હતા જેમણે કારમાં જ દમ તોડ્યો હતો. છેલ્લા ૪ દિવસમાં ૧૦ શ્રદ્ધાળુઓ મૃત્યુ પામી ગયા છે. મૃત્યુ પામેલા તમામ ભક્તોની ઉંમર ૫૦ વર્ષથી વધુ હતી. તેમાંથી ઘણાં ડાયાબિટીસ અને બ્લડપ્રેશર જેવી ગંભીર બીમારીઓથી પીડિત હતા.**

#### અત્યાર સુધીમાં ૨૬ લાખથી વધુ નોંધણી

**બીજી તરફ ઉત્તરાખંડના ડીજીપી અભિનવ કુમારે કહ્યું કે ગયા વર્ષે આ મહિનાના અંત સુધીમાં માત્ર ૧૨ હજાર અને ૧૩ હજાર તીર્થયાત્રીઓ ગંગોત્રી અને યમુનોત્રી પહોંચ્યા હતા. અત્યાર સુધીમાં ૨૬ લાખથી વધુ નોંધણી થઈ ચૂકી છે.**

#### ચાર દિવસમાં ૧.૩૦ લાખથી વધુ શ્રદ્ધાળુઓ પહોંચ્યા

**ઉત્તરકાશીથી ૨૦ કિમી આગળ ગયા પછી, બાળકો, મહિલાઓ અને વૃદ્ધો રસ્તાના કિનારે આરામ કરતા જોવા મળ્યા હતા. જે જગ્યાએ ટ્રાફિક જામ હતો ત્યાં ન તો ખાવાનું મળે છે કે ન તો રહેવાની જગ્યા છે. આવી સ્થિતિમાં નજીકના લોકો પાણીની બોટલ માટે ૩૦-૫૦ રૂપિયા અને શૌચાલયનો ઉપયોગ કરવા માટે ૧૦૦ રૂપિયા સુધી વસૂલી રહ્યા છે. ઉત્તરાખંડમાં ચાર દિવસમાં ચાર ધામ યાત્રામાં અત્યાર સુધીમાં ૧.૩૦ લાખથી વધુ શ્રદ્ધાળુઓ પહોંચી ચૂક્યા છે. ગત વર્ષે પ્રથમ ૪ દિવસમાં માત્ર ૫૨ હજાર લોકો આવ્યા હતા. આ વર્ષે પહોંચેલા લોકોની સંખ્યા એટલી જ હતી જે ૧૬ દિવસ પછી ૨૦૨૩માં પહોંચી હતી.**

# ખેતીની જમીનસોદાના કરારપાલનના દાવામાં યથાવત સ્થિતિ જાળવવા હુકમ

### વેચાણ કરાર અસ્તિત્વમાં હોવા છતાં અન્યને દસ્તાવેજ કરી અપાતા કોર્ટમાં પડકાર

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

રાજકોટ તાલુકાના હડમતીયા ગોલીડા રેવન્યુ સર્વેની ખેડવાણ જમીન મામલે સુથી સાથેના વેચાણ કરાર અસ્તિત્વમાં હોવા છતાં અમુક જમીનનો અન્યને વેચાણ દસ્તાવેજ કરી દેવા બાબતે મૂળ ખરીદનારના વારસો દ્વારા જમીન અંગેના કરારના વિશિષ્ટ પાલનના દાવામાં યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો હુકમ કર્યો છે.

રાજકોટ તાલુકાના ગામ હડમતીયા (ગોલીડા)ના રેવન્યુ સર્વે નં. ૧૫૦ પૈકી ૫ની સાંઢકનો ખારો તરીકે ઓળખાતી હે. આરે.ચો.મી. ૨-૧૩-૪૭ ખેડવાણ જમીનનો આશુતોષ મનસુખલાલ રાયઠઠ્ઠાના માતુશ્રી પાસેથી રૂા. ૧૬ લાખની સુથી અંશતઃ અવેજ સાથે રામબેન રામભાઈ મીર વિગેરેએ વેચાણ કરાર કરી આપ્યો હતો, ત્યારબાદ આસુતોષ રાયઠઠ્ઠાના માતુશ્રીનું અવસાન થયું હતું. સદરહુ ખેડવાણ જમીન નવી શરતની હોય નવી શરતમાંથી જુની શરતમાં તબદીલ થયેથી પ્રતિવાદીઓએ વાદીના માતુશ્રીને જાણ કરવાની હતી, પરંતુ તેવી કોઈ જ જાણ કર્યા વગર રામબેન રામભાઈ મીર વગેરેએ આશુતોષ રાયઠઠ્ઠાના માતુશ્રી જોગનો વેચાણ કરાર અસ્તિત્વમાં હોવા છતાં સદરહુ ખેડવાણ જમીનમાંથી હે.આરે. ચોમી. ૧-૭૧-૯૯ રજિ. વેચાણ દસ્તાવેજથી વેચાણ કરી આપતા ગુજરનારના વારસદાર દરજજે આસુતોષ મનસુખલાલ રાયઠઠ્ઠા આ કામના વાદીએ રામબેન રામભાઈ મીર વગેરે પ્રતિવાદીઓ વિરુદ્ધ કરારના વિશિષ્ટ પાલન અંગે, ત્રાહિત જોગ કરી આપેલ વેચાણ દસ્તાવેજ રદ કરવા વિગેરે દાદ માંગતો સ્પેશિયલ દીવાની દાવો રાજકોટના પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ સમક્ષ દાખલ કર્યો છે અને સાથોસાથ વચગાળાનો મનાઈ હુકમ મળવા માંગણી કરી હતી. તેમાં વાદીના વકીલની ધારદાર દલીલ તથા રજુ રાખેલ પુરાવાઓ અને સર્વોચ્ચ અદાલત તથા ઉચ્ચ અદાલતોના ચુકાદાઓ ધ્યાને લઈ સિનિયર સિવિલ દ્વારા ઉપરોક્ત જમીન સંદર્ભે યથાવત પરિસ્થિતિ દાવાના આખરી નિકાલ સુધી જાળવી રાખવી તેવો હુકમ ફરમાવેલ છે. આ કેસમાં વાદી તરફે એડવોકેટ બિમલ આર. જાની, ક્રિપાલસિંહ જાડેજા, કૌશલ વ્યાસ, જયવીરસિંહ ઝાલા, સંગીતાબેન ધગલ રોકાયા હતા.

# ગિરીશભાઈના ઓર્ગન ડોનેશનથી પાંચ પરિવારને સ્વજન મળ્યા

### કાર સાથે અથડાતા અકસ્માતમાં વિપ્ર પરિવારએ આધાર ગુમાવ્યો: હિંમત ગુમાવ્યા વિના સામાન્ય પરિવારે અસામાન્ય કાર્ય કર્યું: લીવર, બે કિડની, આંખો, ત્વચાનું દાન

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

રાજકોટમાં ૨૪ કલાકમાં ઓર્ગન ડોનેશનની નોંધપાત્ર કામગીરી થઈ છે જોકે ગઈકાલે રાજકોટના ૫૨ વર્ષીય આધેડના બ્રેઈનડેડથી સામાન્ય પરિવારે આધારસ્તંભ ગુમાવ્યો છે તો સાથે સાથે આજ સભ્યના અંગદાનથી પાંચથી વધુ વ્યક્તિને નવજીવન મળ્યું છે.

આ બનાવની વિગત મુજબ જેતલસર ગામ નિવાસી હાલ રાજકોટના ગીરીશભાઈ જટાશંકર પંડ્યા ઉંમર ૫૨ વર્ષ, તારીખ ૧૨.૫.૨૦૨૪ ના રોજ સાંજે મોપેડ માં ૩.૦૦ વાગ્યે ઘરેથી નીકળ્યા, ત્યાંથી બિગ બાઝાર પાસે કાર સાથે અથડાતા એકસિડન્ટ થયુ. તેઓને ત્યાંથી સિવિલ હોસ્પીટલ ખસેડ્યા. સ્થિતિ ગંભીર હોવાથી ન્યુરોસર્જન ડો નિધી પટેલ ની સલાહથી ન્યુરોસર્જન ડો રાજેન્દ્ર ત્રિવેદી તથા ડો પુનિત ત્રિવેદી ની રાજ સુપર સ્પેશિયાલીટી હોસ્પીટલ ખાતે ખસેડ્યા. રાજ સુપર સ્પેશિયાલિટી



હોસ્પિટલમાં તેઓની સઘન સારવાર કરવામાં આવી. પરંતુ ગિરીશભાઈના માથામાં ખૂબ જ વધારે પ્રમાણમાં ઈજા થવાને કારણે તેમના મગજમાં સુધારો ન આવ્યો અને એમનું બ્રેઈનડેડ થઈ ગયું.

આ પરિસ્થિતિની જાણ એમના કુટુંબીજનોને કરવામાં આવી ત્યારે ખુબજ હિંમત રાખીને આવી નાજુક ક્ષણોમાં પણ ગિરીશભાઈના પત્ની લતાબેન, ભાઈ અશોકભાઈ તથા કિર્તીભાઈ અને બહેનો પુષ્પાબેન , કુંદનબેન તથા નીતાબેન અને તેમના પરિવારજનોએ ગીરીશભાઈના અવયવોનું અંગદાન કરવાનું નક્કી કર્યું. તેઓના સમાજ સેવાના આ મહાન નિર્ણયને માન આપીને ડો પુનિત ત્રિવેદી અને ડો મિહિર ત્રિવેદીએ તાત્કાલિક અંગદાનની સેવાકીય પ્રવૃત્તિ કરનારી સંસ્થા ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશનના નેફ્રોલોજીસ્ટ અને ટ્રાન્સપ્લાન્ટ ફિઝિશિયન ડો દિવ્યેશ વિરોજા નો સંપર્ક કર્યો. આ સાંભળીને ડો વિરોજા ત્વરિત ગતિએ આઈસીયુ એમ્બ્યુલન્સ મોકલી ગીરીશભાઈ ને રાજકોટની બી.ટી. સવાણી કિડની હોસ્પિટલમાં ટ્રાન્સફર કર્યા. ત્યારબાદ ગીરીશભાઈ પંડ્યાના જરૂરી તમામ રિપોર્ટ કરાવી એમના અંદરના અવયવોને જાળવી રાખવાનું ખૂબ જ અગત્યનું કાર્ય ડો દિવ્યેશ વિરોજાના માર્ગદર્શન હેઠળ તેમની ટીમના નેફ્રોલોજી રેસીડેન્સ ડો આકાશ લકુમ, ડો શક્તિસિંહ ઝાલા, મેડિકલ ઓફિસર્સ ડો બીના પટેલ, ડો દર્શના ભાદાણી, ડો ડિમ્પલ પટેલ અને સમગ્ર આઈસીયુ નર્સિંગ સ્ટાફ દ્વારા ખૂબ જ ચોકસાઈપૂર્વક કરવામાં આવ્યું.

ગીરીશભાઈ ના બ્રેઈન ડેથ માટેના જરૂરી ટેસ્ટ ન્યુરોસર્જન ડો પુનિત ત્રિવેદી, ન્યુરો ફિઝિશિયન ડો કૌમીલ કોઠારી, ક્રિટિકલ કેર ફિઝિશિયન ડો તેજસ કરમટા દ્વારા કરવામાં આવ્યા. અંગદાનની આ સમગ્ર પ્રક્રિયામાં ગુજરાતની અંગદાન નું નિયમન કરનારી સંસ્થા સોટ્ટો સાથે સંકલન કરવાનું કાર્ય ટ્રાન્સપ્લાન્ટ કોર્ડીનેટર ડો અમિત ગોહેલ, સીઓઓ ડો વિશાલ ભટ્ટ તથા સીએઓ રશ્મીન ગોર વગેરે કરેલું . બી. ટી. સવાણી કિડની હોસ્પિટલના સમગ્ર ટ્રસ્ટી મંડળે આ સેવાકીય પ્રવૃત્તિને વેગ આપવા માટે હાજરી આપી હતી સહકાર આપેલો. અમદાવાદની ખ્યાતનામ કિડની હોસ્પિટલ ની ટીમ દ્વારા લીવર અને કિડની હાર્વેસ્ટ કરવાનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ રાજકોટની ટીમ દ્વારા તેઓનું ચક્ષુદાન અને ત્વચા દાનનું ઓપરેશન કરવામાં આવ્યું.

અંગદાન કર્યા પછી લીવર અને બંને કિડની વગેરે અંગોને ત્વરિત ગતિએ અમદાવાદ પહોંચાડવા માટે રાજકોટ ટ્રાફિક પોલીસ દ્વારા એસીપી ગઢવી અને એમની ટીમ દ્વારા ગ્રીન કોરિડોર બનાવવાનું ખૂબ જ અગત્યનું કાર્ય કરવામાં આવ્યું.

પરિવારજનોને આ કપરા સમયમાં સાંત્વના આપવાનું કાર્ય ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન રાજકોટના ક્રિટિકલ કેર સ્પેશિયાલિસ્ટ ડો સંકલ્પ વણઝારા, સોશિયલ વર્કર્સ ભાવનાબેન મંડલી અને ભાવેશભાઈ ઝીંઝુવાડીયા એ કરેલું.

આમ ગિરીશભાઈ પંડ્યાના પરિવારજનોના શુભ સંકલ્પથી અને અનેક લોકોના ટીમવર્ક થી રાજકોટમાંથી ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન સંસ્થા દ્વારા ૧૧૩ મુ અંગદાનનું ઓપરેશન સફળતાપૂર્વક કરવામાં આવ્યું. અને એનાથી ત્રણ દર્દીઓને નવી જિંદગી મળશે, બે વ્યક્તિઓને દ્રષ્ટિ મળશે અને ગંભીર રીતે દાઝી ગયેલા ઘણાં દર્દીઓને રાહત મળશે.

# એડવોકેટ નિલેશ જોષીની પત્નીએ ધરપકડથી બચવા માથાના દુઃખાવાની ટીકડીઓ પીધી

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

શહેરના થોડા વર્ષો પહેલા આપઘાત કરનાર એડવોકેટની પત્નીએ એપાર્ટમેન્ટની લિફ્ટમાં માથાના દુઃખાવાની વધુ પડતી ગોળી પી લેતા સિવિલમાં ખસેડવામાં આવી હતી. બનાવની મળતી વિગત મુજવ શહેરના મોટા મવા પાસે સરકારી સ્કૂલ પાસે રુચિ એપાર્ટમેન્ટમાં રહેતા દિપાલીબેન જોષી (ઉ.વ.૩૬) નામના પરિણીતાએ ગઈકાલે બપોરના સમયે એપાર્ટમેન્ટની લિફ્ટમાં માથાના દુઃખાવાની વધુ પડતી ગોળીઓ ખાઈ આપઘાતનો પ્રયાસ કરતા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામા આવ્યા હતા. બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે તાલુકા પોલીસને જાણ કરી હતી. બનાવની જાણ તેમના મામી મિતલબેન સુધીરભાઈ કારેલીયાને થતા હોસ્પિટલએ દોડી ગયા હતા. તેણીના મામી મિત્તલબેનના કહેવા મુજબ દિપાલીબેન રહે છે એ ફ્લેટ પચાવી પાડવા માટે કોંગ્રેસના એક અગ્રણી માનસિક ત્રાસ પોતાના પદનો ઉપયોગ કરી પોલીસને પણ અનેક વાર ફ્લેટ ખાલી કરાવવા માટે મોકલી હતી. દિપાલીબેનના પતિ એડવોકેટ નિલેશભાઈ હયાત હતા ત્યારે આ કોંગ્રેસના અગ્રણીને પોતાનો પ્લોટ લખી આપ્યો હતો. જેના બદલામાં ફ્લેટ આપ્યો હતો અને તેનો દસ્તાવેજ કરી આપ્યો નહતો. ભાણેજ જમાઈ નિલેશભાઈએ આપઘાત કરી લીધા બાદ ભાણેજ દિપાલી અને તેની પુત્રી વર્ષોથી અહીં ફ્લેટમાં જ રહે છે. જે-તે સમયે ફ્લેટ પચાવી પાડ્યા અંગેની કોંગ્રેસ અગ્રણીએ લેન્ડ ગ્રેબીંગની ફરિયાદ પણ કરી હતી.

કોર્ટમાંથી લેન્ડ ગ્રેબિંગ કાયદાનો સ્ટે હટી ગયા બાદ ગઈકાલે પોલીસ દિપાલીબેનને નિવેદન લખાવવા માટે તાલુકા પોલીસ સ્ટેશને બોલાવવા માટે આવી હતી ત્યારે લિફ્ટમાં તેણીએ પગલું ભરી લેતા પોલીસે જ સિવિલ હોસ્પિટલએ ખસેડી હતી. હાલ સારવારમાં હોવાથી પોલીસે લેન્ડ ગ્રેબિંગ કાયદા હેઠળ દિપાલીબેનની અટકાયત કરવા માટે પોલીસ જાપ્તો માથે રાખ્યો છે.

## અવસાન નોંધ

### ચક્ષુદાન એજ મહાદાન

અમરેલીઃ નવનીતભાઈ બાલુભાઈ ડોડિયા (ઉ.વ.૬૫) તે હિતેનભાઈના પિતાશ્રી તથા ભરતભાઈ અને અરવિંદભાઈના મોટાભાઈનું તા.૧૨ને રવિવારના રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૧૬ને ગુરૂવારના રોજ સાંજે ૪થી ૬, લુહાર જ્ઞાતિની વાડી, સવજીપરા રોડ, ચાંદની ચોક, અમરેલી ખાતે રાખ્યું છે.

ચલાલાઃ બકુલભાઈ કરશનભાઈ કાકડિયા (ઉ.વ.૫૭, કર્મચારી આર.કે.એમ.એમ. હાઈસ્કુલ ચલાલા) તે વ્રજ, મયુરીબહેન, પલ્લવીના પિતાશ્રી તે ઘનશ્યામભાઈ, બાબુભાઈ અને સ્વ.કનુભાઈના ભાઈ તે વિપુલભાઈના કાકાનું અવસાન તા.૧૪ને મંગળવારના રોજ થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૧૬ને ગુરૂવારના રોજ સવારે ૮થી સાંજના ૬ કલાક સુધી ફુલવાડી પ્લોટ, મહાદેવપરા, પટેલવાડી ખાતે ચલાલા મુકામે રાખ્યું છે.

રાજકોટઃ લુહાર હેમંતભાઈ પરસોતમભાઈ સિદ્ધપુરા (ઉ.વ.૭૪) તે અશોકભાઈના મોટાભાઈ તે હિરેનભાઈના પિતાશ્રી તે અજયભાઈના ભાઈજી તથા સ્વ.બાબુલાલ હીરજીભાઈ કારેલીયાના જમાઈનું તા.૧૩ને સોમવારના રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બન્ને પક્ષનું બેસણું તા.૧૬ને ગુરૂવારના રોજ સાંજે ૫થી ૭, ચંદ્રમોલેશ્વર મહાદેવ મંદિર, હાપલિયા પાર્ક, કોઠારીયા મેઈન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

રાજકોટઃ વિજયાબેન દયાળજીભાઈ અનુવાડીયા (મુળ મોરબી-હાલ રાજકોટ) તે બટુકભાઈ, સ્વ.હસુભાઈ, હિતેશભાઈ (ભરૂચ), હંસાબેન રમેશકુમાર વિશાવાડીયા (રાજકોટ), અરૂણાબેન મહેન્દ્રકુમાર અંબાસણા (રાજકોટ), નીતાબેન ગુણવંતલાલ પિલોજપરાના માતુશ્રી તે ગોરધનભાઈ મોહનલાલ અનુવાડીયાના મોટા ભાભીનું તા.૧૪ને મંગળવારે અવસાન થયેલ છે. તેઓનું બેસણું તા.૧૬ને ગુરૂવારના રોજ સાંજના ૫થી ૬, વિશ્વકર્મા કેળવણી મંડળ, ભક્તિનગર શેરી નં.૭, રાજકોટ ખાતે રાખ્યું છે.

રાજકોટઃ દ.સો. વણિક (મુળ મોટા દડવાવાળા, હાલ રાજકોટ) ગિરધરલાલ નરશીભાઈ જનાણીના પત્ની પ્રવિણાબેન (ઉ.વ.૭૫) તે પરેશભાઈ, હિતેષભાઈ તેમજ હિનાબેન સંજયકુમાર ગોરસીયા, ધર્મિષ્ઠાબેન નિલેશકુમાર લોટીયાના માતુશ્રી તે પુજાબેનના સાસુ તે સ્નેહાબેન અને પાયલબેનના દાદી તે પિયુષભાઈ, કેતનભાઈ, હર્ષાબેન અને નીતાબેનના કાકીનું તા.૧૩ને સોમવારે અવસાન થયેલ છે. તેમની પ્રાર્થનાસભા તા.૧૬ને ગુરૂવારે સાંજે ૫થી ૭, નિવાસસ્થાન પંચનાથ રેસીડેન્સી, શેરી નં.૧, મોરબી રોડ, સેટેલાઈટ ચોક, શક્તિ પાર્ક મેઈન રોડ, રાજકોટ ખાતે રખાઈ છે.

જામનગરઃ સ્વ.ગોપાલદાસ શામજીભાઈ મજીઠીયાના પત્ની મંજુલાબેન તે મણીલાલ ભીમજી કોટેચાના પુત્રી તે ભીખુભાઈ તથા કનુભાઈના બહેન તે રસીકભાઈ, જયંતભાઈ તેમજ નવીનભાઈના ભાભી તે પ્રમોદભાઈ (પ્રમોદ પ્રોવિઝન સ્ટોર), પૂનમબેન પ્રદીપકુમાર કોટક, નીતાબેન રસીકકુમાર દાસાણીના માતુશ્રી તે પ્રદીપકુમાર મણીલાલ કોટક અને રસીકકુમાર બાબુલાલ દાસાણી અને શીતલબેનના સાસુનું તા.૧૩ના રોજ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું તેમજ પિયરપક્ષની સાદડી તા.૧૬ને ગુરૂવારના રોજ સાંજે ૪થી ૪-૩૦ પાબારી હોલ, તળાવની પાળ, જામનગર મુકામે રાખેલ છે.

રાજકોટઃ ધનંજયભાઈ જયશંકરભાઈ જોશી (ઉ.વ.૮૩) તે કેતનભાઈ, દેવાંગ, અમી પંડ્યાના પિતાશ્રીનું તા.૧૪-૫ને મંગળવારના રોજ અવસાન થયું છે. સદગતની પ્રાર્થના સભા તા.૧૬-૫ને ગુરુવારના રોજ સાંજે ૬થી ૭ કલાકે રાષ્ટ્રીય શાળા, રાજકોટ ખાતે રાખેલ છે.

રાજકોટઃ રસિકભાઈ વલ્લભદાસ કુંડલિયા (ઉ.વ.૭૮) તે મનોજભાઈ, કુમારભાઈ (લાલો), વર્ષાબેન, જીજ્ઞાબેનના પિતાશ્રી તે સ્વ.અનિલભાઈ, કનકભાઈ તથા ચંદ્રિકાબેન જયેન્દ્રભાઈ મજેઠીયાના ભાઈ તે મગનભાઈ હિંડોચાના જમાઈનું તા.૧૪ના રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બન્ને પક્ષનું ઉઠમણું તા.૧૬ને ગુરૂવારના રોજ સાંજે ૫-૩૦ વાગ્યે અવધેશ્વર મહાદેવ મંદિર, નેત્રદિપ હોસ્પિટલવાળી શેરી, સિધેશ્વર સોસાયટી, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ ખાતે રાખ્યું છે.

રાજકોટઃ સ્વ.રસિકલાલ ગોકળદાસ બાટવિયાના પત્ની પ્રભાબેન (ઉ.વ.૮૭) તે જીતેન્દ્રભાઈ, દિનેશભાઈ, અશોકભાઈના માતુશ્રીનું તા.૧૫ને બુધવારના રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તથા પિયરપક્ષની સાદડી તા.૧૬ને ગુરૂવારે સાંજે ૫થી ૬, રૂષભ એન્કલેવ, જે.કે.પાર્ક, આલાપ ગ્રીન સિટી પાછળ, તુલસી સુપર માર્કેટની સામેની શેરી, રૈયા રોડ, રાજકોટ તેમના નિવાસસ્થાને રાખ્યા છે.

રાજકોટઃ નર્મદાબેન જયંતીલાલ ઠાકર (ઉ.વ.૭૧) તે અનિલભાઈ, ક્રિષ્નાબેન અને માલતીબેનના માતુશ્રી તે અવિરતભાઈ, વિમલભાઈ, ભાગ્યશ્રીબેન, દિપભાઈના નાની અને દિપેશભાઈ તથા પિયાબેનના દાદીનું તા.૧૪ના રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે, અંબિકા ટાઉનશીપ સામે, લક્ષ્મણ ટાઉનશીપ કે-વિંગ, ગ્રાઉન્ડ ફલોરમાં રાખ્યું છે.

## દાળેશ્વર સેવા મંડળ ટ્રસ્ટના પ્રમુખ અનંતરાય ભટ્ટનું અવસાન

રાજકોટઃ ઔદિચ્ય સહસ્ત્ર ચિભડીયા બ્રહ્મસમાજના મુળ ગામ રાજપરા હાલ રાજકોટ અનંતરાય ગીરજાશંકરભાઈ ભટ્ટ (ઉ.વ.૭૩) તે સ્વ.ભવાનીશંકરભાઈ, સ્વ.નટવરભાઈ, સ્વ.રમણીકભાઈ, સ્વ.વિનુભાઈના ભાઈ તે અશોકભાઈ, આશિષભાઈ, જ્યોતિબેન બિમલકુમાર જોષી (અમદાવાદ)ના પિતાશ્રી તે યશ, જુલીના દાદા તે પ્રાપ્તિના નાના તે સ્વ.મગનભાઈ પોપટભાઈ જોષી (રાજકોટ)ના જમાઈ તે પ્રકાશભાઈના બનેવીનું તા.૧૪-૫ને મંગળવારના રોજ અવસાન થયું છે. સદગતનું બેસણું રણછોડદાસજી બાપુ કોમ્યુનિટી હોલ, આનંદનગર મેઈન રોડ, રાજકોટ ખાતે તા.૧૬-૫-૨૦૨૪ને ગુરુવારે સાંજે ૪થી ૬ કલાકે રાખ્યું છે.

# જ્યોતિરાદિત્ય સિંધિયાના માતા માધવી રાજે સિંધિયાનું નિધન

## છેલ્લા કેટલાક દિવસોથી વેન્ટિલેટર પર હતાઃ ૭૦ વર્ષની વયે દિલ્હી એઈમ્સમાં લીધા અંતિમ શ્વાસ

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી

કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાની માતાનું નિધન થયું છે. રાજમાતા માધવી રાજે સિંધિયાએ આજે સવારે ૯:૨૮ વાગ્યે ૭૦ વર્ષની વયે ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (એઈમ્સ) દિલ્હીમાં અંતિમ શ્વાસ લીધા. છેલ્લા ત્રણ મહિનાથી નાદુરસ્ત તબિયતને કારણે તે દિલ્હી એમ્સમાં દાખલ હતા અને છેલ્લા કેટલાક દિવસોથી વેન્ટિલેટર પર હતા.



રાજમાતા માધવી રાજે મૂળ નેપાળના રાજવી પરિવારના હતા. તેમના દાદા જુડ શમશેર બહાદુર નેપાળના વડાપ્રધાન હતા. તેઓ રાણા વંશના વડા પણ હતા. તેના લગ્ન ૧૯૬૬માં માધવરાવ સિંધિયા સાથે થયા હતા. માર્ચ ૨૦૨૦ માં, જ્યારે સિંધિયા રાજવી પરિવારના વડા જ્યોતિરાદિત્ય સિંધિયાએ કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાવાનો નિર્ણય લીધો હતો, ત્યારે આખો પરિવાર તેમની સાથે હતો. તેમના નિર્ણયમાં પુત્ર અને પત્ની તેમની સાથે હતા, પરંતુ તેમની માતા માધવી રાજે સિંધિયાએ તેમને સૌથી વધુ ટેકો આપ્યો હતો.

જ્યોતિરાદિત્ય કોંગ્રેસમાં તેમના પિતાનો વારસો છોડવામાં અચકાતા હતા, પરંતુ માધવી રાજેએ તેમના માર્ગદર્શક તરીકે કામ કરીને તેમને રસ્તો બતાવ્યો. આ પછી જ જ્યોતિરાદિત્યએ તેમની દાદી વિજયારાજે સિંધિયાની જેમ આટલો મોટો નિર્ણય લીધો. લગ્ન પહેલા રાજમાતા માધવી રાજેનું નામ રાજકુમારી કિરણ રાજલક્ષ્મી દેવી હતું. તેણીના લગ્ન ૧૯૬૬માં ગ્વાલિયરના સિંધિયા રાજવી પરિવારના માધવરાવ સિંધિયા સાથે થયા હતા. આ લગ્ન દિલ્હીમાં ખૂબ જ ધામધૂમથી થયા હતા. આ શાહી લગ્નમાં દેશ-વિદેશના મહેમાનો આવ્યા હતા.

લગ્ન બાદ મરાઠી પરંપરા મુજબ નેપાળની રાજકુમારીનું નામ બદલીને કિરણ રાજલક્ષ્મી પરથી માધવીરાજે કહેવા લાગ્યા. માધવી અને માધવરાવ વચ્ચેનો સંબંધ ગ્વાલિયરના રાજવી પરિવારની રાણી માતા વિજયારાજે સિંધિયા દ્વારા નક્કી કરવામાં આવ્યો હતો. માધવી રાજેના પતિ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી માધવરાવ સિંધિયાનું ૩૦ સપ્ટેમ્બર ૨૦૦૧ના રોજ અવસાન થયું હતું. આ પછી, તે ખૂબ જ ભાંગી પડ્યા હતા, પરંતુ પુત્ર જ્યોતિરાદિત્ય સિંધિયા અને પુત્રવધૂ પ્રિયદર્શિની રાજે સિંધિયા માટે માર્ગદર્શક રહ્યા હતા. જ્યોતિરાદિત્ય હંમેશા તેની માતાની સલાહ લીધા બાદ નિર્ણય લેતા હતા.

## ઘો.૧૦માં ૯૯.૭૦

(છેલ્લા પાનાનું ચાલુ)

તબિયત સારી થતા હોસ્પિટલમાંથી રજા આપી, ઘરે મોકલવામાં આવી હતી પરંતુ ઘરે ગયા પછી તેણે અચાનક શ્વાસ અને હૃદયની તકલીફ થતા તાત્કાલિક ફરી હોસ્પિટલે લઈ આવવામાં આવી અને આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યા હતા. ડોક્ટર દ્વારા મગજના એમઆરઆઈ રિપોર્ટ કરાવતા જાણવા મળ્યું કે, હિરને મગજનો ૮૦થી ૯૦ ટકા ભાગ કામ ન હોતો કરતો જેથી આઈસીયુમાં દાખલ કરી અને સઘન સારવાર આપવામાં આવી હતી પરંતુ ડોક્ટર અને સગા વાલાઓની અથાગ મહેનત પછી પણ દર્દીની તબિયતમાં કોઈ સુધારો ન જણાતા દર્દીનું તારીખ ૧૫મેના રોજ અવસાન થયું. નાની ઉંમરની દીકરી હોવા છતાં માતા-પિતા દ્વારા ખૂબ જ કઠિન એવો ચક્ષુદાન અને દેહદાનનો નિર્ણય લેવામાં લઈ સમાજ ને પ્રેરણા રૂપ દાખલો બેસાડ્યો હતો. કુમારી હીર અભ્યાસમાં ખુબ જ તેજસ્વી હતી અને આ વર્ષે ધોરણ ૧૦માં અભ્યાસ કરતી હતી અને તાજેતરમાં જ તેનું પરીક્ષાનું પરિણામ ખુબ જ સરસ ૯૯.૭૦ રેન્કિંગ આવ્યું છે. કુમારી હીરનું સ્વપન ડોક્ટર બનવાનું હતું.

## ગુજરાતમાં ગરમી

(પહેલા પાનાનું ચાલુ)

મધ્યપ્રદેશમાં આગામી તારીખ ૧૮ સુધીનું હીટ વેવનું એલર્ટ જાહેર કર્યું છે અને તેમાં પણ રાજસ્થાન પંજાબ અને હરિયાણામાં સિવિયર હીટ વેવ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે.

દરિયાકાંઠાના વિસ્તારને બાદ કરતાં રાજયમાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ ઝડપથી ઘટી ગયું છે અને ૫૦% નીચે આવી ગયું છે.

જો કે દરિયાકાંઠાના વિસ્તારોમાં રાજયભરમાં ૬૫ થી ૮૫% ભેજ નોંધાયો છે. આજે સવારે ઓખામાં ૮૬ કંડલામાં ૬૬ નલિયામાં ૬૪ પોરબંદરમાં ૬૪ સુરતમાં ૬૦ વેરાવળમાં ૭૦ ભુજમાં ૬૩ દમણમાં ૬૭ અને ભાવનગરમાં ૬૦% ભેજ નોંધાયો છે.

મંગળવારે સમગ્ર રાજ્યમાં સૌથી ઊંચું તાપમાન રાજકોટમાં ૪૨.૫ ડીગ્રી નોંધાયું હતું. સુરતમાં ૪૦ સુરેન્દ્રનગરમાં ૪૧.૩ વલસાડમાં ૪૧.૪ ભુજમાં ૪૨.૩ ડીસામાં ૪૦.૩ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું.

આજથી મહત્તમ તાપમાનમાં ચાર દિવસ સુધી ત્રણ થી પાંચ ડિગ્રીનો વધારો થશે તેવી જે આગાહી કરવામાં આવી છે તે મુજબ રાજ્યના અનેક શહેરોમાં આગામી ચાર દિવસમાં ૪૪ -૪૫ ડિગ્રી આસપાસ તાપમાન પહોંચી જાય તેવી શક્યતા છે.

## રાજકોટમાં બપોરે

(પહેલા પાનાનું ચાલુ)

તેમાં આજે જોરદાર વધારો થતાં બપોરે રાજમાર્ગોથી માંડી શેરી-ગલ્લીઓ પણ સુમસામ ભાસતી હતી.

હવામાન ખાતાના જણાવ્યા મુજબ આગામી ચાર દિવસમાં મહત્તમ તાપમાનમાં ચારથી પાંચ ડિગ્રીનો વધારો થવાની શક્યતા છે અને તેના કારણે રાજ્યના અનેક સેન્ટરોમાં મહત્તમ તાપમાન ૪૪થી ૪૫ ડિગ્રી આસપાસ અને અમુક સેન્ટરોમાં તો તેનાથી પણ વધુ નોંધાય તેવી શક્યતા છે. દરમિયાન આજે હવામાન વિભાગે વલસાડ અને તેની આસપાસના અમુક વિસ્તારોમાં સીવીયર હિટવેવનું ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે સુરતમાં હિટવેવનું યલો એલર્ટ જાહેર કર્યું છે. હવામાન ખાતાના જણાવ્યા મુજબ, આવતીકાલે પણ વલસાડમાં સીવીયર હિટવેવનું એલર્ટ છે ત્યારે કાલે પોરબંદર, ભાવનગર, કચ્છ, સુરત અને દીવ વિસ્તારમાં યલો એલર્ટ જાહેર કરાયું છે.

શનિવારે પણ પોરબંદર, ભાવનગર, કચ્છ, સુરત અને દીવમાં હિટવેવની અને વલસાડમાં સીવીયર હિટવેવનું એલર્ટ આપવામાં આવ્યું છે.

તાપમાનમાં એકાએક થયેલા વધારાને ધ્યાને રાખી હવામાન ખાતાએ એડવાઈઝરી જાહેર કરી છે અને તેમાં પણ ખાસ કરીને મોટી ઉંમરનાઓને કામ વગર ઘરની બહાર નહીં નિકળવા, ખુલતા કપડા પહેરવા, શક્ય હોય ત્યાં સુધી કોટનના જ કપડા પહેરવા, પીવાના પાણીનો વધુમાં વધુ ઉપયોગ કરવા અને બિમાર વ્યક્તિઓએ તો ઘરની બહાર જ નહીં નિકળવા સૂચના આપી છે.

## જો બાઈડને ચીની

(પહેલા પાનાનું ચાલુ)

માલસામાનમાં ૨૦૦ અબજ ડોલર વધુ ખરીદવાના હતા. તેના બદલે, અમેરિકાથી ચીનની આયાતમાં આંશિક ઘટાડો જ થયો છે. યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ કેથરિન ટાઈએ પણ બાઈડન સાથે સંમત થયા હતા અને કહ્યું હતું કે ચીન સાથે અગાઉના વહીવટીતંત્રના વેપાર કરાર અમેરિકન નિકાસ અથવા ઉત્પાદનને પ્રોત્સાહન આપવામાં સફળ થયા ન હતા. પ્રતિસાદમાં, રાષ્ટ્રપતિ બાઈડને સ્ટીલ અને એલ્યુમિનિયમ, સેમિકન્ડક્ટર્સ, ઈલેક્ટ્રિક વાહનો, બેટરીઓ, સૌર કોષો અને અમુક નિર્ણાયક ખનિજો સહિત નિર્ણાયક ઉત્પાદન અને ખાણકામ ક્ષેત્રો પર ટેરિફ વધારવા માટે નિર્દેશિત મેમોરેન્ડમ પર હસ્તાક્ષર કર્યા છે. વધેલા ટેરિફમાં આશરે યુએસડી ૧૮ બિલિયનના વેપારનો સમાવેશ થવાનો અંદાજ છે. વધુમાં, તેમણે ચોક્કસ ઉત્પાદન મશીનરી માટે ટેરિફમાંથી મુકિત મેળવવાની પ્રક્રિયા શરૂ કરી છે, જેનાથી ઉત્પાદકો તેમના સપ્લાયર બેઝને વિસ્તૃત કરી શકે છે.

## સત્તા આવશે તો

(પહેલા પાનાનું ચાલુ)

મોટી હોવી જોઈએ. તેમણે કહ્યું કે જ્યારે કોંગ્રેસ અમને પૂછતી રહી કે તમને (ભાજપ) ૪૦૦ થી વધુ સીટો કેમ ઈચ્છો છો, તો મને લાગ્યું કે આનો જવાબ પણ હોવો જોઈએ. તો મેં કહ્યું કે જ્યારે અમારી ૩૦૦ સીટો હતી ત્યારે અમે રામ મંદિર બનાવ્યું. હવે અમારી ૪૦૦ સીટો હશે તો મથુરામાં પણ કૃષ્ણ જન્મભૂમિ બનશે અને જ્ઞાનવાપી મસ્જિદની જગ્યાએ બાબા વિશ્વનાથનું ભવ્ય મંદિર બનશે.

આસામના સીએમએ વધુમાં કહ્યું કે જ્યારે કોંગ્રેસ સત્તામાં હતી, ત્યારે અમને કહેવામાં આવ્યું હતું કે એક રીતે, કાશ્મીર ભારતમાં પણ છે અને પાકિસ્તાનમાં પણ છે. આપણી સંસદમાં ક્યારેય એ વાત પર ચર્ચા થતી ન હતી કે જે કાશ્મીર પાકિસ્તાન પાસે છે તે ખરેખર આપણું છે.

છેલ્લા ૭ દિવસથી ત્યાંથી તસવીરો આવી રહી છે, દરરોજ ત્યાં પ્રદર્શન થઈ રહ્યા છે અને ત્યાંના લોકો ભારતીય ઝંડા લઈને પાકિસ્તાન વિરુદ્ધ પ્રદર્શન કરી રહ્યા છે. એ જોઈને મને લાગે છે કે આ શરૂઆત છે. મોદીને ૪૦૦ સીટો મળશે તો પીઓકે પણ ભારતનું થઈ જશે. શરૂઆત થઈ ચુકી છે. એટલે હું કોંગ્રેસને કહેવા માંગુ છું કે અમને ૪૦૦ સીટો કેમ જોઈએ છે.

## સવારના પહોરમાં

(પહેલા પાનાનું ચાલુ)

થઈ રહ્યું. પરંતુ કેટલાક યુઝર્સને ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ ચલાવવામાં મુશ્કેલી થઈ રહી છે. ફેસબુકમાં સમસ્યા બુધવારે સવારે ૭ વાગ્યાની આસપાસ નોંધવામાં આવી છે. યુઝર્સનાં એકાઉન્ટ જાતે જ લોગઆઉટ થઈ રહ્યા છે.

માહિતી મળી છે કે ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક સહિત મેટા એપ્લિકેશન ડાઉન છે, પરંતુ એ સમસ્યા તમામ યુઝર્સ માટે નથી. એવા સંકેત મળ્યા છે કે ન્યુયોર્ક અને કેલીફોર્નીયાની આસપાસ કેન્દ્રિત આઉટેજને કારણે મેટા સર્વિસીસ બંધ થઈ ગઈ છે. દેશભરમાં નાના-નાના આઉટેજના સંકેત મળ્યા છે કે આ એક સર્વર-સાઈડ સમસ્યા હોઈ શકે છે, જેનો જલ્દી ઉકેલ લાવવો જોઈએ.

ડાઉનડિટેકટરે છેલ્લા કેટલાક કલાકોમાં ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ અને અન્ય મેટા સર્વિસીસમાં સમસ્યાનો સામનો કરવાનાં અહેવાલ નોંધ્યા છે. ઘણા યુઝર્સે જણાવ્યું છે કે મેસેજવાળું ડિસ્પ્લે પેજ નથી આવી રહ્યું. આ સાથે એક્સ (અગાઉના ટ્વિટર) પર લોકોએ પણ ફરિયાદ કરી છે કે તેમનું ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ કામ નથી કરી રહ્યું.એક્સ પર હેશટેગ ફેસબુક ડાઉન પણ ટ્રેન્ડ કરી રહ્યું છે. જો કે હજુ સુધી આ અંગે ફેસબુક તરફથી કંઈ કહેવામાં આવ્યું નથી.

## રાજસ્થાનમાં ખાણમાં

(પહેલા પાનાનું ચાલુ)

હતી. ઝુંઝુનુ સરકારી હોસ્પિટલના ડો. પ્રવીણ શર્માએ કહ્યું, ખાણમાં ફસાયેલા તમામ લોકોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે. તેમાંથી ત્રણની હાલત ગંભીર હોવાથી તેમને જયપુર રીફર કરવામાં આવ્યા છે.

આ ઘટના ગઈકાલે મોડી રાત્રે બની હતી. બચાવ કાર્ય દરમિયાન એમ્બ્યુલન્સ અને ડોકટરોની ટીમ સ્થળ પર તૈનાત કરવામાં આવી હતી. અધિકારીઓને ખાણમાંથી બચાવી લીધા બાદ તરત જ ડોકટરોની દેખરેખ હેઠળ એમ્બ્યુલન્સમાં મૂકીને જયપુર લઈ જવામાં આવ્યા. ખાણની અંદર ફસાયેલા મોટાભાગના લોકો એચસીએલના કર્મચારીઓ હતા. મોડી રાત્રે એસડીઆરએફની ટીમ કોલિહાન ખાણ પહોંચી હતી અને બચાવ કામગીરી શરૂ કરી હતી. ખાણના એક્ઝિટ ગેટ પર અડધો ડઝન એમ્બ્યુલન્સ તૈનાત કરવામાં આવી હતી. લિફ્ટ તૂટવાને કારણે હિંદુસ્તાન કોપર લિમિટેડના ૧૫ અધિકારીઓ ૧૮૦૦ ફૂટથી વધુ ઉંડાણમાં ફસાયા હતા.

આ ઘટના ત્યારે બની જ્યારે સરકારી માલિકીની કંપનીના વરિષ્ઠ અધિકારીઓ સાથે વિજિલન્સ ટીમ ખાણની અંદર નિરીક્ષણ માટે ગઈ હતી. મળતી માહિતી મુજબ, ખાણની અંદર અધિકારીઓને લઈ જવા માટે વપરાતી વર્ટિકલ લિફ્ટ ચેઈન તૂટતાં ૧૮૭૫ ફૂટ અંદર ફસાઈ ગઈ હતી. એસડીઆરએફ રેસ્કયુ ટીમે પહેલા અધિકારીઓને ૧૮૭૫ ફૂટની ઉંડાઈથી લિફ્ટમાંથી બહાર કાઢ્યા અને પછી એક પછી એક તેમને ખાણમાંથી બહાર કાઢ્યા.

આ ઘટના પર રાજસ્થાનના મુખ્યમંત્રી ભજન લાલ શર્માએ એક પોસ્ટમાં લખ્યું છે સંબંધિત અધિકારીઓને તાત્કાલિક સ્થળ પર પહોંચવા અને રાહત અને બચાવ કામગીરી ઝડપથી હાથ ધરવા અને અસરગ્રસ્ત લોકોને તમામ શક્ય મદદ અને આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવા સૂચના આપવામાં આવી છે. આ દુર્ઘટનામાં ઘાયલ થયેલા તમામ નાગરિકો ઝડપથી સાજા થાય અને ખાણમાં ફસાયેલા લોકો સુરક્ષિત બહાર આવે તે માટે હું ભગવાનને પ્રાર્થના કરું છું.

### સાતમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી



**સ્વ.પ્રભુદાસભાઈ લક્ષ્મણભાઈ ગજેરા**
પ્રમુખશ્રી એસ.ટી.ક્રેડીટ સોસા.લી. જૂનાગઢ.
સ્વ.તા.૧૫-૦૫-૨૦૧૭

લાખો લડાવી લાડ જેણે પ્રેમથી મોટા કર્યા એ પિતાની મીઠી છાંયાનો જગતમાં ક્યાંય જોટો નહીં મળે. દરેક પ્રસંગમાં ખોટ ખટકશે પિતા તમારી, હૈયુ રડે અને નયનો પણ રડે પંરતુ એ આંસુઓને લુછનાર પિતા નહીં મળે.

લી. ગં.સ્વ. મંજુલાબેન પ્રભુદાસભાઈ ગજેરા
નિર્જલ પ્રભુદાસભાઈ ગજેરા
રવિના નિર્જલભાઈ ગજેરા
ત્રિશા નિર્જલભાઇ ગજેરા
તથા ગજેરા પરિવારના જય શ્રીકૃષ્ણ

### તૃતીય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**ગં.સ્વ.રંજનબેન વ્રજલાલભાઈ માવાણી**
(સ્વ.તા.૧૫-૦૫-૨૦૨૧)

પરિવારમાં સૌના આદરની મિસાલ હતા તમે,
સુખ-દુઃખના સમયમાં સૌની ઢાલ હતા તમે,
પ્રેમ, સ્નેહ, હેત, વહાલનો પર્યાય હતા તમે,
દિલથી ઉદાર ને ધર્મપરાયણ સદાય હતા તમે.

પરમ કૃપાળુ પરમાત્મા સદ્ગતના આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.

સ્વ.વ્રજલાલભાઈ જી. માવાણી
જયભાઈ વ્રજલાલભાઈ માવાણી
વિજયભાઈ વ્રજલાલભાઈ માવાણી
તથા માવાણી પરિવારના જયશ્રી કૃષ્ણ..

admiracle


સ્વજન ગુમાવ્યાનું દુઃખ તો ઘણું જ હોય છે, પણ એ હળવું થય જાય છે, જયારે કોઈ આપણા સ્નેહી-સ્વજન કે મિત્ર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આપણી સાથે હોય. દુઃખનાં સમયમાં દિલસોઝી વ્યકત કરતું એક વાકય પણ ઘણી રાહત આપે છે.

દેશ-પરદેશની આજકાલ

દ્વારા આપના સ્વજનને આપતી શ્રધ્ધાંજલી-ભાવાંજલીને સૌરાષ્ટ્ર-કચ્છ નહિ પરંતુ, દેશ-વિદેશનાં તમામ ખુણાપર પહોંચાડવાનું હવે એકદમ સરળ બની ગયુ છે અને એ પણ અત્યંત નજીવા દરે

Shradhanjali.com™
Remembrance forever...

આજકાલ વર્તમાનપત્રમાં છપાતી દરેક શ્રધ્ધાંજલીની જાહેરાત શ્રધ્ધાંજલી ડોટ કોમ ઉપર માત્ર રૂા.૧૦૦ વધારેમાં, એક વર્ષ માટે પોસ્ટ કરવામાં આવશે.

જાહેરખબર અત્યંત નજીવા દરે

ફિક્સ સાઈઝ
અંદરના પાને

- 5x2: ₹300/-bw • 10x2: ₹1200/-bw
- 5x2: ₹500/-clr • 10x2: ₹1500/-clr

+GST Extra

(પ્રથમ તથા છેલ્લા પાને કોમર્શીયલ ભાવ લાગુ પડશે.)
(૧૦ તથા ૨૦ સેમી.થી વધુમાં પ્રત્યેક સેમી. રૂા. ૧૦૦/- લેખે થશે.)

*આકૃતિ મુજબ ભાવો અલગ-અલગ રહેશે*

-:સંપર્કઃ-

| RAJKOT | JAMNAGAR | BHAVNAGAR | PORBANDAR | AHMEDABAD |
| --- | --- | --- | --- | --- |
| 99798 50589 | 94281 54413 | 98795 42542 | 98250 73588 | 98799 18199 |


### શ્રદ્ધાંજલી - બેસણું



**અ.નિ. હિતેન જયસુખભાઈ ટીલવા**
સંવત ૨૦૮૦ વૈશાખ સુદ પાંચમ, રવિવાર તા.૧૨-૦૫-૨૦૨૪

દિલગીરી સાથ જણાવવાનું કે
અમારા પુત્ર અ.નિ. હિતેનભાઈ જયસુખભાઈ ટીલવા
ઉ.વ.૩૭ સ્વ.તા.૧૨-૦૫-૨૦૨૪ ને રવિવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે.
પરમાત્મા સદ્ગતના આત્માને પરમ શાંતિ આપે એ જ પ્રભુને પ્રાર્થના...

પરિવારમાં સૌના આદરની મિસાલ હતા તમે, સુખઃદુખના સમયમાં સૌની ઢાલ હતા તમે,
પ્રેમ, સ્નેહ, હેત, વહાલનો પર્યાય હતા તમે, દિલથી ઉદાર ને ધર્મપરાયણ સદાય હતા તમે.

જેનુ બેસણું તા.૧૬-૦૫-૨૦૨૪ ને ગુરૂવારના રોજ રાખેલ છે.
સમય : સવારે ૮.૦૦ થી ૧૦.૦૦
સ્થળ : સ્પીડવેલ પાર્ટી પ્લોટ, અંબીકા ટાઉનશીપ, શ્રીનાથજીની હવેલી સામે, રાજકોટ.

જયસુખભાઈ ગોરધનભાઈ ટીલવા - ૯૩૨૮૧ ૩૬૪૫૪
કિશન જયસુખભાઈ ટીલવા - ૯૯૭૪ ૦૦૧૦૧૦
(પ્રમુખ રાજકોટ શહેર યુવા ભાજપ)
(ટ્રસ્ટી - શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - રાજકોટ ઉમિયાધામ)

કલ્યાણજીભાઈ ગોરધનભાઈ ટીલવા
સમીરભાઈ કલ્યાણજીભાઈ ટીલવા
વીર હિતેનભાઈ ટીલવા
મોંનીલ સમીરભાઈ ટીલવા

તથા સમસ્ત ટીલવા પરિવારના જય શ્રી સ્વામિનારાયણ

### દુઃખદ અવસાન બેસણું



**સ્વ.પુષ્પાબેન અમૃતલાલ મિરાણી**
સ્વ.તા.૧૪-૦૫-૨૦૨૪, મંગળવાર

**ધર્મેન્દ્રભાઈ મિરાણી (ભાજપ)નાં માતુશ્રીનું દુઃખદ અવસાન**

સ્વ.અમૃતલાલભાઈ દિપચંદભાઈ મિરાણીનાં પત્ની શ્રીમતી પુષ્પાબેન મિરાણી (ઉ.વ.૭૭) તે પ્રાણલાલભાઈ દિપચંદભાઈ મિરાણી અને સ્વ.રસિકભાઈ દિપચંદભાઈ મિરાણીનાં ભાભી અને ભગવાનજીભાઈ વાઘજીભાઈ રૈયા (નાસિક) તેમજ કાંતાબેન પ્રફુલભાઈ મિરાણીનાં બહેન તથા સ્વ.કરૂણાશંકર પ્રભુલાલ રાજયગુરૂ તથા ગીરજાશંકર પ્રભુલાલ રાજયગુરૂનાં વેવાણ તથા ધર્મેન્દ્રભાઈ મિરાણી (પૂર્વ વોર્ડ પ્રમુખ, પૂર્વ વોર્ડ પ્રભારી, પૂર્વ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં સભ્ય, પૂર્વ કોર્પોરેટર, પૂર્વ ડાયરેક્ટર-ગુજરાત પોલીસ હાઉસીંગ બોર્ડ, પૂર્વ મેમ્બર ઓફ એફ.આર.સી., ગુજરાત રાજ્ય, કન્સલ્ટીંગ સીવીલ એન્જીનીયર)નાં માતુશ્રી તેમજ ચારૂબેનનાં સાસુ તથા અર્જુન, શ્રીમતિ પ્રાચી નિલકુમાર પુજારા (રાજકોટ)નાં દાદીમાનું તા.૧૪-૦૫-૨૦૨૪ને મંગળવારનાં રોજ દુઃખદ અવસાન થયેલ છે. ઈશ્વર તેમના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

**સદ્ગતનું બેસણું**

તા. ૧૬-૦૫-૨૦૨૪ને ગુરૂવારે, સાંજે ૦૫.૩૦ થી ૦૬.૩૦ કલાકે, સ્વામિનારાયણ મંદિર (BAPS), નિલકંઠ હોલ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**મિરાણી પરિવારનાં જયશ્રી કૃષ્ણ**



# માધુરી-સંજયની લવ સ્ટોરી શરૂ થાય તે પહેલા જ લાગ્યું હતું પૂર્ણવિરામ



બોલિવુડની અભિનેત્રી માધુરી દીક્ષિત ૯૦ના સમયની શાનદાર અભિનેત્રી છે. પોતાની ફિલ્મો સિવાય પોતાના અફેરના કારણે પણ અભિનેત્રી ચર્ચામાં રહી છે. પરંતુ જ્યારે તેમણે અચાનક ડો.નેને સાથે લગ્ન કર્યા તો સૌ કોઈ ચોંકી ગયા હતા. આ એક કારણથી માધુરી દિક્ષીત અને સંજય દત્તની વાત આગળ ચાલી નહિ, અને બંન્નેની લવ સ્ટોરી ટુંકમાં જ પૂર્ણ થઈ હતી.જો બન્ને એ લગ્ન કર્યા હોત તો માધુરી આજે સુપર સ્ટારની પત્ની હોત.

માત્ર એક્ટિંગ જ નહિ ધક ધક ગર્લ પોતાના ડાન્સને કારણે પણ લાખો લોકોનું દિલ જીતી લીધું છે. ખલનાયક, દિલ તો પાગલ હૈ જેવી ફિલ્મોમાં માધુરીએ પોતાનો ડાન્સ દેખાડ્યો છે. ફિલ્મો સિવાય અભિનેત્રીના અફેરની પણ ખુબ ચર્ચાઓ થઈ ચુકી છે.એક સમય એવો હતો કે, માધુરીનું નામ એક લગ્ન કરેલા અભિનેતા સાથે જોડાયું હતુ. સંજય દત્ત અને માધુરી દીક્ષિતની જોડી ૯૦ના સમયમાં હિટ હતી. બંન્ને સાથે અનેક ફિલ્મોમાં કામ કર્યું છે. સાથે કામ કરતા કરતા સંજય દત્ત માધુરી પર દિલ હારી બેઠો હતો. બંન્નેના લગ્નની અફવાઓ પર ઉડવા લાગી હતી.





આ તમામ અફવાઓ બાદ જ્યારે મુંબઈ બ્લાસ્ટ કેસમાં સંજય દત્તનું નામ આવ્યું તો માધુરીએ સંજય દત્ત સાથે તમામ સંબંધો તોડી નાંખ્યા હતા.૧૯૯૧માં રિલીઝ થયેલી ફિલ્મ ’સાજન’માં સંજય અને માધુરીની જબરદસ્ત કેમેસ્ટ્રી જોવા મળી હતી.

સંજય દત્ત સિવાય માધુરીની જોડી અનિલ કપુર સાથે પણ ચાહકોને પસંદ થવા લાગી હતી. બંન્ને ઓનસ્ક્રીન નહિ પરંતુ ઓફ સ્ક્રીન કેમિસ્ટ્રી પણ સારી લાગતી હતી.

અનિલ કપુર અને માધુરીએ અંદાજે ૨૦થી વધુ ફિલ્મોમાં સાથે કામ કર્યું છે. અનેક અફવા થવા લાગી પરંતુ આ બંન્ને ક્યારે આ વાતને સ્વીકારી ન હતી.





## કાર છોડી ઓટોમાં સવારી કરતી તાપસી પન્નુએ ચહેરો છૂપાવ્યો

જ્યારે તાપસી પન્નુ કાર છોડીને ઓટોમાં સવાર થઈ રહી હતી, ત્યારે પાપારાઝીએ તેને જોઈ હતી. તાપસીને ખ્યાલ નહોતો કે પાપારાઝી તેને ત્યાં પણ શોધી લેશે. તેથી જ જ્યારે તાપસી પન્નુએ પાપારાઝીને જોયા ત્યારે તેણે પોતાનો ચહેરો છુપાવવાનું શરૂ કર્યું. સેલિબ્રિટી ઘણીવાર લક્ઝરી કાર કે ફ્લાઈટમાં મુસાફરી કરતા જોવા મળે છે. તે ખૂબ જ દુર્લભ છે કે તે જાહેર પરિવહનમાં સવારી કરે છે. તાપસી સાથે પણ આવું જ થયું.થોડા સમય પહેલા લગ્ન કરનાર તાપસી પન્નુ તાજેતરમાં ઓટોમાં મુસાફરી કરતી જોવા મળી હતી, ત્યારે પાપારાઝી તેની તસવીરો ક્લિક કરવા તેની પાછળ દોડવા લાગ્યા હતા. તાપસીએ પોતાનો ચહેરો છુપાવીને પાપારાઝીને કહ્યું કે ભાગી જાઓ, અકસ્માત થશે. તાપસીનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં તાપસી પન્નુ એક મિત્ર સાથે ઓટોમાં ફરતી જોવા મળે છે. જ્યારે પાપારાઝીએ તેની નોંધ લીધી અને ફોટોગ્રાફ્સ લેવાનું શરૂ કર્યું ત્યારે તે રાઈડનો આનંદ માણી રહી હતી.



## રહેમાન પાસે સંગીતના સાધનો ખરીદવા માટે પૈસા નહોતા

### માતાએ ઘરેણાં વેચ્યા અને તેમાંથી સ્ટુડિયો માટે રેકોર્ડર ખરીદ્યું

બોલિવૂડ ઈન્ડસ્ટ્રીના જાણીતા સિંગર એઆર રહેમાને એક ચેટ શોમાં પોતાના જૂના દિવસોને યાદ કર્યા છે. જણાવ્યું કે કેવી રીતે તેણે પૈસા વગર સ્ટુડિયો બનાવવાનો નિર્ણય લીધો. પછી તેની માતાએ તેના ઘરેણાં વેચ્યા અને રેકોર્ડર ખરીદ્યું.જાણીતા લોકપ્રિય ગાયક એઆર રહેમાને ફરી એકવાર ઈમ્તિયાઝ અલીની ફિલ્મ ’ચમકિલા’માં પોતાના અભિનયથી બધાને ચોંકાવી દીધા છે. આખી દુનિયા તેના અવાજથી પ્રભાવિત છે. આ અવાજ માટે તેને ઓસ્કાર એવોર્ડ પણ મળ્યો છે. હવે વાતચીત દરમિયાન તેને એ દિવસો યાદ આવ્યા જ્યારે તેની માતાએ તેને ઘણી મદદ કરી હતી. જણાવ્યું કે કેવી રીતે તેણે પોતાના ઘરેણાં વેચ્યા જેથી રહેમાન તેના સંગીત સાથે જોડાયેલી વસ્તુઓ ખરીદી શકે. રહેમાન ઓટીટી પ્લેટફોર્મ માટે ઈમ્તિયાઝ અલી, મોહિત ચૌહાણ અને ઈર્શાદ કામિલ સાથે વાતચીત કરી રહ્યા છે. આ દરમિયાન રહેમાને જણાવ્યું કે આ સંગીતમાં જોડાવાનું તેની માતા એક મહત્વપૂર્ણ કારણ છે. તેણે કહ્યું કે તે ક્યારેય કોલેજ ગયો નથી. જેના કારણે તેને લાગ્યું કે તે કંઈક ગુમાવી રહ્યો છેએઆર રહેમાન વડીલો સાથે બેસતા હતા રહેમાને જણાવ્યું કે જ્યારે તે ૧૨ વર્ષનો હતો ત્યારે તે ૪૦ અને ૫૦ના દાયકાના લોકો સાથે ફરતો હતો. તે તેમની સાથે સારી રીતે ચાલતો હતો. તેણે એ લોકો પાસેથી ઘણી બધી બાબતો વિશે સાંભળ્યું, સમજ્યું અને નવું જાણ્યું. તેને નવી દુનિયા શોધવાની પ્રેરણા પણ મળી.રહેમાનની માતાએ દાગીના ગીરો મૂક્યા હતા. ગાયકે વધુમાં કહ્યું કે તેની પાસે સંગીત સંબંધિત વસ્તુઓ ખરીદવા માટે પૈસા નથી, છતાં તેણે સ્ટુડિયો શરૂ કર્યો. પછી તેની માતાએ પ્રથમ રેકોર્ડર ખરીદવા માટે તેના ઘરેણાં વેચ્યા. આ પછી રહેમાનના સ્ટુડિયોમાં એસી, બાથરૂમ અને કપડા હતા. પરંતુ તે એમ્પ્લીફાયર અથવા બરાબરી ખરીદવા માંગતો હતો. તેણે જણાવ્યું કે જ્યારે તેની માતાએ તેને ગીરો માટે ઘરેણાં આપ્યા ત્યારે તે સશક્ત અનુભવવા લાગ્યો.

## રાધિકા શેઠનો હોટ બિકિની લૂક

રાધિકા શેઠ કોલ માય એજન્ટ તેની વેબ સિરીઝ માટે જાણીતી છે. રાધિકા શેઠ બોલિવૂડમાં દેખાઈ અને લોકપ્રિય પાત્ર ભજવ્યું હતું.હંમેશા પોતાની બોલ્ડનેસથી લોકોને પોતાની સુંદરતાના દિવાના બનાવે છે. રાધિકા શેઠે પોતાની શાનદાર તસવીરોથી ચાહકોને દિવાના બનાવ્યા છે. તાજેતરમાં તેની હોટ વ બિકીનીમાં તસવીરો સામે આવતા જ ફેન્સ રોમાંચિત થયી ગયા હતા. ઈન્સ્ટાગ્રામ પર રાધિકા શેઠની બિકિની તસવીરો જોરદાર વાયરલ થઈ રહી છે.એક્ટ્રેસ બિકિની લૂકમાં અલગ-અલગ અંદાજમાં કાતિલ પોઝ આપતી જોવા મળે છે.આ ફોટામાં રાધિકા શેઠે બિકીની પહેરી છે અને તે એકદમ સ્ટનિંગ અને હોટ લાગી રહી છે.વેબ સિરીઝ કોલ માય એજન્ટ ફેમ રાધિકા સેઠ બોલિવૂડમાં જોવા મળી હતી અને તેના પાત્રને પણ ખૂબ પસંદ કરવામાં આવ્યું હતું.અભિનેત્રી રાધિકા શેઠની બિકિની તસવીરોએ ફરી એકવાર ઈન્ટરનેટ પર ધૂમ મચાવી છે. બિકિનીમાં રાધિકા કાતિલ પોઝ આપતી જોવા મળે છે.



# ભારતી, રાખી સાવંત, શમિતા શેટ્ટીએ કરાવવી પડી સર્જરી













શમિતા આ દિવસોમાં એન્ડોમેટ્રિઓસિસની સમસ્યાથી ઝઝૂમી રહી છે. આ બીમારીની સારવાર માટે તેને હોસ્પિટલમાં દાખલ કરવી પડી જ્યાં તેની સર્જરી કરવામાં આવી હતી. શમિતાએ સોશિયલ મીડિયા હેન્ડલ પર હોસ્પિટલથી એક વીડિયો શેર કર્યો હતો.

બોલિવૂડ એક્ટ્રેસ શમિતા શેટ્ટી સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે અને તેના ચાહકો સાથે જોડાયેલા રહેવા માટે સતત રસપ્રદ પોસ્ટ શેર કરતી જોવા મળે છે. પરંતુ તાજેતરમાં શમિતાએ કંઈક શેર કર્યું છે જેના કારણે ચાહકો ચિંતિત છે. અભિનેત્રી એક દર્દનાક રોગથી પીડિત છે અને તેના માટે તેણે સર્જરી કરાવવી પડી હતી.

**શમિતા શેટ્ટી એન્ડોમેટ્રિઓસિસની સમસ્યાથી ઝઝૂમી રહી છે**

શમિતા શેટ્ટીએ હોસ્પિટલના બેડ પરથી પોતાનો એક વીડિયો શેર કરીને દુનિયાભરની મહિલાઓને એક મોટો સંદેશ આપ્યો છે. શમિતા આ દિવસોમાં એન્ડોમેટ્રિઓસિસની સમસ્યાથી ઝઝૂમી રહી છે. આ બીમારીની સારવાર માટે તેને હોસ્પિટલમાં દાખલ કરવી પડી જ્યાં તેની સર્જરી કરવામાં આવી હતી. શમિતા શેટ્ટીએ તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક વીડિયો પોસ્ટ કર્યો છે, જેમાં તે તેના મિત્રો અને ચાહકોને બીમારી અને સર્જરી વિશે જણાવી રહી છે.

શમિતાએ તેના સોશિયલ મીડિયા હેન્ડલ પર હોસ્પિટલથી એક વીડિયો શેર કર્યો હતો. આમાં તે તેની બહેન શિલ્પા શેટ્ટી સાથે વાત કરતી જોવા મળી હતી. તે એન્ડોમેટ્રિઓસિસ વિશે વાત કરી રહી છે. આ એક એવો રોગ છે જેમાં ગર્ભાશયની અસ્તર સમાન પેશી ગર્ભાશયની બહાર વધવા લાગે છે. વીડિયોમાં જોઈ શકે છે કે શિલ્પા શેટ્ટી તેની નાની બહેનને પૂછે છે, 'શું થયું?' શમિતા કહે છે કે તે એન્ડોમેટ્રિઓસિસ સાથે સંઘર્ષ કરી રહી છે, અને પછી સ્ત્રીઓને પોતાની સંભાળ રાખવાની અપીલ કરે છે. તેણે કહ્યું, તમામ મહિલાઓ, કૃપા કરીને ગૂગલ પર એન્ડોમેટ્રિઓસિસ વિશે જાણો. તમારે જાણવાની જરૂર છે કે આ સમસ્યા શું છે કારણ કે તમને પણ એ હોય શકે છે.'

**ભારતમાં લગભગ ૨.૫ કરોડ મહિલાઓ આ રોગનો શિકાર છે**


વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અનુસાર, એન્ડોમેટ્રિઓસિસ સ્ત્રીઓમાં એક ગંભીર રોગ છે. તે વિશ્વની ૧૦% સ્ત્રીઓને અસર કરે છે જે માતા બનવા માટે સક્ષમ છે. ભારતની વાત કરીએ તો આંકડાઓ અનુસાર, લગભગ ૨.૫ કરોડ મહિલાઓ એન્ડોમેટ્રિઓસિસનો શિકાર છે.

આ એક એવો રોગ છે જે પીરિયડ્સ, સંભોગ, આંતરડાની હિલચાલ અથવા પેશાબ દરમિયાન તીવ્ર પીડા, પેલ્વિક પેઈન, પેટમાં સોજો, ઉબકા, થાક અને ક્યારેક ડિપ્રેશન, ચિંતા અને વંધ્યત્વનું કારણ બને છે. એન્ડોમેટ્રીયમનું જોખમ જે સ્ત્રીઓનો પારિવારિક ઈતિહાસ હોય તેમાં વધારે હોય છે. નાની ઉંમરે પીરિયડ્સ શરૂ થવું પણ આ રોગનું મુખ્ય કારણ માનવામાં આવે છે.

# સૈફ ત્રીજા લગ્નની તૈયારીમાં? બેબોના નામનું ટેટૂ હટાવ્યું

સૈફ અલી ખાન અને કરીના કપૂર ખાને ૧૬ ઓક્ટોબર ૨૦૧૨ના રોજ લગ્ન કર્યા હતા. સૈફ અલી ખાનના આ બીજા લગ્ન છે. જો કે હાલમાં એક તસવીર વાયરલ થઈ રહી છે જે જોઈને કપલના તલાક થશે એવું ફેન્સનું કહેવું છે.બોલિવૂડનું સુપર હિટ જોડીઓની વાત આવે ત્યારે ખાસ કરીને સૈફ અલી ખાન અને કરીના કપૂરનું નામ ટોપ પર હોય છે.

હંમેશા આ કપલ કોઈને કોઈ રીતે ફેન્સની વચ્ચે ચર્ચામાં રહેતા હોય છે. જો કે લગ્નના આટલા વર્ષો પછી પણ બન્ને રોમેન્ટિક પોઝ આપવાનું ભૂલતા નથી, પરંતુ હાલમાં કપલની એવી વાત સામે આવી છે જે જાણીને તમે પણ વિચારમાં પડી જશો. કપલની એક તસવીર વાયરલ થઈ રહી છે જે જોઈને ફેન્સ પણ ચિંતામાં પડી ગયા છે. આ તસવીર જોઈને ફેન્સને એવું લાગી રહ્યું છે કે કપલના વચ્ચે કંઈ ખટપટ ચાલે છે અને તલાક લેશે વાત જાણે એમ છે કે સૈફ અલી ખાન અને કરીના કપૂર ખાને ૧૬ ઓક્ટોબર ૨૦૧૨ના રોજ લગ્ન કર્યા હતા. સૈફ અલી ખાનના આ બીજા લગ્ન હતા. આ લગ્ન પછી બે દિકરાઓને જન્મ આપ્યો જેમાં એક તૈમુર અને જેહ છે.



જો કે આ દિવસોમાં એક લેટેસ્ટ તસવીર શેર વાયરલ થઈ રહી છે જેમાં કપલના સંબંધોમાં તિરાડ પડી હોય એવું લાગી રહ્યું છે.ઉલ્લેખનીય છે કે કરીનાના નામનું ટેટૂ સૈફ અલી ખાને બનાવડાવ્યુ હતુ. પરંતુ વીડિયો અને તસવીર વાયરલ થઈ રહી છે જેમાં કરીનાના નામનું ટેટૂ ગાયબ થઈ ગયુ છે.

સૈફ અલી ખાન હાલમાં લેટેસ્ટમાં એરપોર્ટ પર સ્પોટ થયો હતો. જ્યાંથી એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે.

વાયરલ વીડિયોમાં એક્ટરના હાથ પર કરીનાનું નામના ટેટૂની જગ્યાએ બીજુ ટેટૂ જોવા મળી રહ્યું છે, જે જોઈને ફેન્સ કોમેન્ટ કરવાનુ શરૂ કરી દીધુ છે.

## સંજય કપૂરના એક્સ્ટ્રા મેરિટલ અફેર પર પત્ની મહીપએ કર્યો ખુલાસો

# મેં મારી દીકરીને ખાતર સંજયને માફ કર્યો



સંજય કપૂરની પત્ની મહિપ કુમારે ફેબ્યુલસ લાઈફ ઓફ બોલિવૂડ વાઈવ્સની શ્રેણીમાં ખુલાસો કર્યો હતો કે અભિનેતાએ તેને દગો આપ્યો હતો. હવે મહિપે તેના પતિના એકસ્ટ્રા મેરિટલ અફેર પર મૌન તોડ્યું છે. અભિનેત્રીએ જણાવ્યું કે શા માટે તેણે સંજયને માફ કરીને ફરી તેની સાથે રહેવાનું નક્કી કર્યું હતું.બોલિવૂડ એક્ટર સંજય કપૂરની પત્ની મહિપ કપૂરે વેબ સીરિઝથી ડેબ્યૂ કર્યું હતું. લોકોને મહિપ કપૂરનું કામ ખૂબ પસંદ આવ્યું હતું. તેના લેટેસ્ટ ઈન્ટરવ્યુમાં, મહિપે તેના પતિના એકસ્ટ્રા મેરિટલ અફેર વિશે વાત કરી.સંજયના એકસ્ટ્રા મેરિટલ અફેરને યાદ કરતાં અભિનેત્રીએ કહ્યું કે હું નથી ઈચ્છતી કે મારી દીકરી સાથે આવું થાય. સંજયની દીકરી શનાયા ટૂંક સમયમાં બોલિવૂડમાં ડેબ્યૂ કરવા જઈ રહી છે. મહિપે કહ્યું, મને લાગે છે કે લોકો બોકસમાંથી બહાર નીકળીને અન્ય લોકો વિશે વિચારવા માંગતા નથી. દરેક વ્યક્તિ પરફેક્ટ નથી હોતી. લોકો કોઈને કોઈ ભૂલો કરે જ છે તો ઠીક છે.અભિનેત્રીને આગળ પૂછવામાં આવ્યું કે બાળકો પ્રત્યે વધુ સ્ટ્રીક્ટ કોણ છે, તમે કે સંજય. મહિપે કહ્યું કે સંજય વધુ સ્ટ્રીક્ટ છે. તેના પોતાના ભૂતકાળના અનુભવો છે કારણ કે તેણે ઘણી સ્ત્રીઓને ડેટ કરી છે. તેને પોતાની ભૂલ સમજાઈ ગઈ છે. તેથી જ સંજયને તેની દીકરીની વધુ ચિંતા થાય છે. તે તેની પુત્રી માટે ખૂબ જ ક્રેઝી થઈ જાય છે. જો કે, દીકરાના મામલે તે ઠીક રહે છે. તેણે આગળ કહ્યું, મને લાગે છે કે આવું એટલા માટે કારણ કે તેણે જે કર્યું, તે નથી ઈચ્છતો કે કોઈ તેની દીકરી સાથે કરે.'ફેબ્યુલસ લાઈફ ઓફ બોલિવૂડ વાઈવ્સ'માં બતાવવામાં આવ્યું છે કે મહિપ તેની નાની દીકરી સાથે ઘર છોડીને ચાલી જાય છે. પરંતુ પાછળથી તે તેની દીકરીને ખાતર પાછી આવી જાય છે. તે દીકરીને તેના પિતાથી અલગ કરવા માંગતી નથી. તે પોતાની દીકરી માટે સંજયને માફ કરી દે છે. આ સિરિઝમાં મહિપની સાથે સીમા સજદેહ અને નીલમ કોઠારી મુખ્ય ભૂમિકામાં છે. લોકોને આ સિરિઝની બંને સીઝન ખૂબ જ પસંદ આવી હતી.

# વકીલોની સેવામાં ખામી હોય તો પણ ગ્રાહક અદાલતમાં કેસ કરી શકાય નહીં

## સુપ્રીમ કોર્ટે એક ચુકાદો આપતા કહ્યું કે ડોકટરોને પણ ગ્રાહક સુરક્ષા કાયદા હેઠળના દાયરામાંથી બહાર કરવા થશે પુનર્વિચાર

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે એક મોટો ચુકાદો આપતા કહ્યું હતું કે સેવામાં ખામી માટે વકીલો પર ગ્રાહક અદાલતમાં કેસ કરી શકાય નહીં. વકીલો ગ્રાહક સુરક્ષા કાયદાના દાયરામાં આવતા નથી. આ સાથે, સર્વોચ્ચ અદાલતે ઉપભોક્તા પંચના ૨૦૦૭ના નિર્ણયને રદ કર્યો, જેમાં કહેવામાં આવ્યું હતું કે જો વકીલો ગ્રાહકના અધિકારોને ધ્યાનમાં રાખીને યોગ્ય સેવા પૂરી પાડતા નથી, તો તેમને ગ્રાહક અદાલતમાં લાવી શકાય છે. કોર્ટે કહ્યું કે ઈન્ડિયન મેડિકલ એસોસિએશન વિ. વી.પી. શાંતા કેસમાં તેના ૧૯૯૫ના ચુકાદા પર પુનર્વિચાર કરવાની પણ જરૂર છે, જેમાં ગ્રાહક સુરક્ષા કાયદા હેઠળ ડોકટરોને આવરી લેવામાં આવ્યા હતા.

સીજેઆઈને આ મામલો મોટી બેંચને સોંપવાની વિનંતી કરવામાં આવી છે. ન્યાયમૂર્તિ બેલા એમ. ત્રિવેદી અને પંકજ મિત્તલની બેન્ચે એક અપીલ પર ચુકાદો આપ્યો હતો જેમાં પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો કે શું વકીલોને સેવાઓમાં ખામી માટે ગ્રાહક સુરક્ષા કાયદા હેઠળ જવાબદાર ગણી શકાય. સુનાવણી બાદ બેન્ચે ૨૬ ફેબ્રુઆરીના રોજ નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો. ચુકાદામાં બેન્ચે કહ્યું હતું કે વકીલો દ્વારા આપવામાં આવતી સેવા અલગ પ્રકારની હોય છે. તેમને ગ્રાહક સુરક્ષા કાયદાથી દૂર રાખવા જોઈએ. કન્ઝ્યુમર કમિશનના ૨૦૦૭ના નિર્ણયમાં કહેવામાં આવ્યું હતું કે વકીલોની સેવાઓ પણ કલમ ૨(૧) હેઠળ આવે છે, તેથી તેઓ ગ્રાહક કોર્ટમાં દાવો કરી શકે છે. સુપ્રીમ કોર્ટે એપ્રિલ ૨૦૦૯માં આ નિર્ણય પર રોક લગાવી દીધી હતી.

કન્ઝ્યુમર પ્રોટેકશન એકટ ૧૯૮૬નો મૂળ ઉદ્દેશ્ય અને ધ્યેય ઉપભોક્તાને અયોગ્ય વેપાર પ્રથાઓ અને અનૈતિક વ્યાપારી પ્રથાઓથી રક્ષણ પૂરું પાડવાનો હતો. એવું કહી શકાય નહીં કે ધારાસભાનો હેતુ કોઈપણ વ્યવસાય અથવા વ્યાવસાયિકને કાયદાના દાયરામાં લાવવાનો હતો. સમાધાન એ વકીલ અને ક્લાયન્ટ વચ્ચે ખાનગી કરારની સેવાનો એક પ્રકાર છે. જો આ સેવામાં કોઈ ખામી હોય તો વકીલને ગ્રાહક અદાલતમાં ખેંચી ન શકાય.

### અનિયમિતતા પર કોર્ટમાં કેસ દાખલ કરી શકાય

ફી ભરીને કોઈપણ કામ કરાવવાને ગ્રાહક સુરક્ષા કાયદાની સેવાના દાયરામાં રાખી શકાય નહીં. જો વકીલો અનિયમિતતા કરે છે તો તેમની સામે સામાન્ય કોર્ટમાં કાર્યવાહી થઈ શકે છે. વ્યવસાયિકો સાથે કોઈપણ વેપારી, વેપારી, ઉત્પાદનો અથવા માલના સેવા પ્રદાતા જેવો વ્યવહાર કરવો જોઈએ નહીં. વ્યવસાય માટે અદ્યતન શિક્ષણ અને તાલીમની જરૂર છે.

### કેસના પરિણામ માટે વકીલોને જવાબદાર ન ઠેરવી શકાય

બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના આંકડા મુજબ દેશમાં લગભગ ૧૩ લાખ વકીલો છે. કન્ઝ્યુમર કમિશનના નિર્ણય સામે અનેક વકીલ સંગઠનોએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. તેણે કહ્યું કે તેને પોતાનું કામ કરવા માટે સુરક્ષા અને સ્વતંત્રતાની જરૂર છે. સુપ્રીમ કોર્ટના એડવોકેટ્સ ઓન રેકોર્ડ્સ એસોસિએશને કહ્યું કે કાનૂની સેવાઓ કોઈપણ વકીલના નિયંત્રણ હેઠળ નથી. વકીલોએ નિયત માળખામાં કામ કરવાનું હોય છે. નિર્ણય પણ વકીલોના નિયંત્રણમાં નથી. આવી સ્થિતિમાં કેસના પરિણામ માટે વકીલોને જવાબદાર ઠેરવી શકાય નહીં.

# સ્વસ્થ્ય સારું રાખવા દૂધની ચા ટાળો: આઈસીએમઆર

## ખોરાક અંગે ૧૭ નવી માર્ગદર્શિકા કરી રજૂ, ચા અને કોફીનું સતત સેવન કરતાં લોકોને આપી સલાહ

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી



ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ ચા અને કોફીનું સતત સેવન કરતાં લોકોને સાવચેત રહેવાની સલાહ આપી છે. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ન્યુટ્રિશન સાથે મળીને, આઈસીએમઆરએ ૧૭ નવી માર્ગદર્શિકા રજૂ કરી છે, જેનો હેતુ દેશભરમાં આરોગ્યપ્રદ આહારની આદતોને પ્રોત્સાહન આપવાનો છે. આ માર્ગદર્શિકા વૈવિધ્યસભર આહાર જાળવવા અને શારીરિક રીતે સક્રિય રહેવાના મહત્વ પર ભાર મૂકે છે.

સંશોધન આ પીણાં સાથે સંકળાયેલ સંભવિત સ્વાસ્થ્ય જોખમોને કારણે વધુ પડતા વપરાશ સામે ચેતવણી આપે છે. આઈસીએમઆરના સંશોધકોના જણાવ્યા અનુસાર, ચા અને કોફીમાં કેફીન હોય છે, જે સેન્ટ્રલ નર્વસ સિસ્ટમને ઉત્તેજિત કરે છે અને એક શારીરિક આદત બની શકે છે. ઉકાળેલી કોફીના ૧૫૦ મિલી કપમાં ૮૦ થી ૧૨૦ મિલિગ્રામ કેફીન હોય છે, જ્યારે ઈન્સ્ટન્ટ કોફી ૫૦ થી ૬૫ મિલિગ્રામ સુધીની હોય છે. ચામાં લગભગ ૩૦ થી ૬૫ મિલિગ્રામ કેફીન હોય છે.

આઈસીએમઆર દરરોજ ૩૦૦ મિલિગ્રામ કેફીન લેવાની મર્યાદાની ભલામણ કરે છે. વધુમાં, તબીબી સંસ્થાએ જમવાના ઓછામાં ઓછા એક કલાક પહેલા અને પછી ચા અથવા કોફીના સેવનથી દૂર રહેવાની સલાહ આપે છે. આ સાવચેતી આ પીણાંમાં ટેનીનની હાજરીને કારણે છે, જે શરીરમાં આયર્નના શોષણને અટકાવી શકે છે. ટેનીન પેટમાં આયર્ન સાથે જોડાય છે, જે કદાચ આયર્નની ઉણપ અને એનિમિયા જેવી પરિસ્થિતિઓનું કારણ બની શકે છે. ઉપરાંત, વધુ પડતા કોફીના સેવનથી બ્લડ પ્રેશર વધી શકે છે અને કાર્ડિયાક અરેસ્ટ જેવી સમસ્યાઓ થઈ શકે છે.

જો કે, માર્ગદર્શિકા નોંધે છે કે દૂધ વગરની ચા પીવાથી સ્વાસ્થ્ય માટે ઘણા લાભ મળે છે, તેના સેવનથી બ્લડ સર્ક્યુલેશનમાં સુધારો અને કોરોનરી ધમની બિમારીઓ અને પેટના કેન્સર જેવી પરિસ્થિતિઓનું જોખમ ઘટે છે.

# ગુણવત્તા પર પ્રશ્નો ઉઠતાં એફએસએસએઆઈએ મસાલા પરીક્ષણ માટે નવી પદ્ધતિ અમલી કરી

## બે મસાલા બ્રાન્ડના કેટલાક ઉત્પાદનોના વેચાણ પર પ્રતિબંધ લદાતા તંત્ર જાગ્યું

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી

મસાલા બોર્ડે તાજેતરમાં નિકાસકારોને ભારતમાંથી આયાત કરવામાં આવતા ઉત્પાદનોમાં કાર્સિનોજેનિક કેમિકલ ઈથિલિન ઓક્સાઈડનો ઉપયોગ રોકવા માટે માર્ગદર્શિકા જારી કરી હતી. ભારતના સ્વાદિષ્ટ ખાદ્યપદાર્થો, જે તેમના સ્વાદ માટે સમગ્ર વિશ્વમાં ઓળખાય છે, તેમાં વપરાતા મસાલાઓને કારણે તેમને ખાસ બનાવે છે. પરંતુ ભારતના પ્રખ્યાત મસાલા છેલ્લા કેટલાક દિવસોથી વિવાદમાં છે. વાસ્તવમાં, ભારતની બે અગ્રણી મસાલા બ્રાન્ડ્સ એમડીએચ અને એવરેસ્ટ સ્પાઈસિસની ગુણવત્તા પર પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે.આથી એફએસએસએઆઈએ મસાલા પરીક્ષણની નવી પદ્ધતિ અમલમાં મૂકી છે.

### ભારતીય મસાલા વિશ્વભરમાં ચર્ચાનો વિષય કેમ બન્યા?



હોંગકોંગે આ બે મસાલા બ્રાન્ડના કેટલાક ઉત્પાદનોના વેચાણ પર પ્રતિબંધ મૂક્યો છે. આ ઉત્પાદનોમાં એમડીએચ મદ્રાસ કરી પાવડર, એમડીએચ સાંબર મસાલા મિક્સ પાવડર,એમડીએચ કરી મિક્સ મસાલા પાવડર અને એવરેસ્ટ ફિશ કરી મસાલા પાવડરનો સમાવેશ થાય છે. આ પહેલા સિંગાપોરે પણ આ ઉત્પાદનો પર પ્રતિબંધ મૂક્યો છે. આ પ્રતિબંધ એટલા માટે લાદવામાં આવ્યો હતો કારણ કે આ મસાલાઓમાં મોટી માત્રામાં ઈથિલિન ઓક્સાઈડ જોવા મળે છે, જે સ્વાસ્થ્ય માટે હાનિકારક છે અને કેન્સરનું જોખમ વધારી શકે છે.

### કેમિકલ ઈથિલિન ઓક્સાઈડ શોધવા માટે નવી પદ્ધતિ શોધાઈ

કોઈપણ ખાદ્ય પદાર્થમાં ઈથિલિન ઓક્સાઈડ શોધવા માટે એક નવી પદ્ધતિની શોધ કરવામાં આવી છે, તેની ચોકસાઈ પણ પહેલા કરતા વધુ હશે. એફએસએસએઆઈની સાયન્ટિફિક પેનલે ઈથિલિન ઓક્સાઈડ શોધવા માટે એક નવી વિશ્લેષણાત્મક પદ્ધતિ તૈયાર કરી છે.

### મસાલાના પરીક્ષણની નવી પદ્ધતિ કેટલી અસરકારક

આ પદ્ધતિથી, કોઈપણ પ્રયોગશાળામાં કોઈપણ ખાદ્ય પદાર્થમાં ઉચ્ચ ચોકસાઈ સાથે ઈથિલિન ઓક્સાઈડની હાજરી શોધી શકાય છે. આનો ઉપયોગ આયાત, નિકાસ અથવા સ્થાનિક વસ્તુઓમાં ઈથિલિન ઓક્સાઈડની હાજરી શોધવા માટે કરાશે. આ પદ્ધતિમાં ત્રણ પ્રક્રિયાઓ છે.

# ચાર ધામ યાત્રાનું રજિસ્ટ્રેશન બંધ કરવું પડ્યું, ઓનલાઈન થઈ શકશે

## હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડતા નિર્ણય લેવાયો

આજકાલ પ્રતિનિધિ
ઉત્તરાખંડ

ઉત્તરાખંડમાં હાલમાં ચાલી રહેલી ચારધામ યાત્રામાં મુસાફરોના ભારે ધસારાને કારણે આજે અને આવતીકાલે એટલે કે ૧૫મી અને ૧૬મી મેના રોજ ઓફલાઈન રજીસ્ટ્રેશન બંધ રહેશે. ચારધામ યાત્રા માટે આ રજીસ્ટ્રેશન હરિદ્વાર અને ઋષિકેશમાં થઈ રહ્યા હતા. નોંધનિય છે કે, હાલમાં હજારો શ્રદ્ધાળુઓ હરિદ્વાર અને ઋષિકેશમાં ફસાયેલા છે.

એક અંદાજ મુજબ આ વર્ષે ચારધામની મુલાકાતે આવનાર ભક્તોની સંખ્યામાં ૪૪%નો વધારો થયો છે. જેના કારણે આ અરાજકતા સર્જાઈ છે. ગંગોત્રી ધામના પૂજારીઓ પણ આનાથી ખૂબ નારાજ છે. તેમનું કહેવું છે કે, મંગળવારે ગંગા સપ્તમીના અવસર પર કોઈ પણ ભક્ત ગંગોત્રી આવી શક્યા નથી. આવું એટલા માટે થયું કારણ કે તેઓ વચ્ચે ઘણી જગ્યાએ રોકાયા હતા. ૨૨ કલાકથી ભક્તો ટ્રાફિક જામમાં અટવાયા છે. સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા શ્રદ્ધાળુઓને થોડા દિવસો રાહ જોવાની અપીલ કરવામાં આવી રહી છે.

### ઓફલાઈન રજિસ્ટ્રેશન પર પ્રતિબંધ, ઓનલાઈન ચાલુ



ચાર ધામ યાત્રા માટે ઉમટતા શ્રદ્ધાળુઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ૧૫ અને ૧૬ મેના રોજ ઓફલાઈન રજીસ્ટ્રેશન પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. ઑફલાઈન નોંધણી પ્રક્રિયા શરૂ થઈ ત્યારથી મે મહિના માટે ચારધામ માટેના તમામ ઑફલાઈન સ્લોટ બુક થઈ ગયા છે. જેના કારણે ઘણા યાત્રિકોને મે મહિનામાં ચારધામ યાત્રા પર જવાનો સ્લોટ મળી શક્યો નથી. જોકે ઓનલાઈન રજીસ્ટ્રેશન ચાલુ રહેશે.

### મુસાફરોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય જરૂરી

મહત્વનું છે કે, અહીં મુસાફરોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને પણ આ નિર્ણય લેવામાં આવ્યો છે. હાલમાં હરિદ્વાર અને ઋષિકેશમાં યાત્રાના રૂટમાં ઘણી જગ્યાએ શ્રદ્ધાળુઓને રોકવામાં આવ્યા છે. ધામમાં નિર્ધારિત સંખ્યા કરતા વધુ ભક્તોનો ભરાવો છે જેના કારણે ધામની તેમજ યાત્રિકોની સલામતી સામે ખતરો ઉભો થયો છે. આ બધું જોઈને ભક્તોને વિવિધ સ્થળોએ રોકીને પવિત્ર સ્થળોએ દર્શન માટે મોકલવામાં આવી રહ્યા છે.

# સમોસા બાદ હવે અમેરિકનોને લાગ્યો ભારતની પાણીપૂરીનો ચસ્કો

## યુએસ પ્રમુખ જો બાઈડને રોઝ ગાર્ડન રિસેપ્શનનું આયોજન કર્યું હતું જેમાં ભારતના પ્રખ્યાત સ્ટ્રીટ ફૂડ પાણીપુરીને વ્હાઈટ હાઉસના કાર્યક્રમોમાં સામેલ કરવામાં આવી

આજકાલ પ્રતિનિધિ
વોશીન્ગ્ટન

હવે ભારતના પ્રખ્યાત સ્ટ્રીટ ફૂડ પાણીપુરીને પણ વ્હાઈટ હાઉસના કાર્યક્રમોમાં સામેલ કરવામાં આવી છે. યુએસ પ્રમુખ જો બાઈડને રોઝ ગાર્ડન રિસેપ્શનનું આયોજન કર્યું હતું. આ દરમિયાન, સમગ્ર વ્હાઈટ હાઉસ મોહમ્મદ ઈકબાલ દ્વારા લખાયેલ દેશભક્તિ ગીતોથી ગુંજી ઉઠ્યું હતું. વિદેશી મહેમાનોએ માત્ર ભારતીય સંગીતનો આનંદ માણ્યો જ નહીં પરંતુ ભારતીય સ્ટ્રીટ ફૂડ પાણીપુરીનો સ્વાદ પણ માણ્યો હતો.

ગયા વર્ષે પણ આ વાનગી બે વખત સર્વ કરવામાં આવી હતી. અત્યાર સુધી વાઈસ હાઉસમાં માત્ર સમોસા જ



પીરસવામાં આવતા હતા, પરંતુ આ વર્ષે પાણીપુરી પણ પીરસવામાં આવે છે.

વ્હાઈટ હાઉસની ૨૫મી વર્ષગાંઠ અને એશિયન અમેરિકનો, મૂળ હવાઈયન અને પેસિફિક ટાપુવાસીઓ પર પ્રમુખના સલાહકાર આયોગની સ્થાપનાની આ ઈવેન્ટમાં ઉજવણી કરવામાં આવી હતી. ભારતીય-અમેરિકન સમુદાયના નેતા અજય જૈન ભુટોરિયાએ તેમના સોશિયલ મીડિયા પર વ્હાઈટ હાઉસની અંદરના દ્રશ્યના ઘણા વીડિયો પોસ્ટ કર્યા છે.

અજય જૈને પીટીઆઈને કહ્યું, ગયા વર્ષે જ્યારે હું અહીં હતો ત્યારે પણ પાણીપુરી હતી. આ વર્ષે પણ હું પાણીપુરીને શોધી રહ્યો હતો અને અચાનક મારી સામે પાણીપુરી સાથેનું સર્વર આવ્યું. સ્વાદ થોડો મસાલેદાર હતો.

ભુટોરિયા વ્હાઈટ હાઉસના એક્ઝિક્યુટિવ શેફ ક્રિસેટા કોમરફોર્ડને મળ્યા અને તેમને પાણીપુરી વિશે પૂછ્યું. મેં તેને પૂછ્યું, શું તમે ઘરે પાણીપુરી બનાવો છો? તેણે કહ્યું, હા, અમે વ્હાઈટ હાઉસમાં બધું બનાવીએ છીએ. ભૂટોરિયાએ જણાવ્યું કે રિસેપ્શનમાં વ્હાઈટ હાઉસના મેનૂમાં અન્ય ભારતીય આઈટમ ખોયા પણ હતી.

# લંડનમાં ભારતીય મૂળની મહિલાની ગળું કાપી હત્યા

## વિદેશમાં ભારતીયો પર હુમલાની વણથંભી વણઝાર, હત્યાના કારણની તપાસ શરૂ

આજકાલ પ્રતિનિધિ
લંડન

લંડનમાં ભારતીય મૂળની મહિલાની છરી વડે ગળું કાપીને હત્યા કરવામાં આવી હતી.વિદેશોમાં ભારતીયો પર હુમલા અટકવાનું નામ નથી લઈ રહ્યું. મંગળવારે લંડનમાં બસ સ્ટોપ પર રાહ જોતી વખતે ૬૬ વર્ષીય ભારતીય મૂળની મહિલાની છરી વડે તેની ગરદન કાપીને હત્યા કરવામાં આવી હતી. હત્યાના આરોપીની ઉંમર ૨૨ વર્ષ હોવાનું સામે આવ્યું છે.પોલીસે આરોપીને કોર્ટમાં રજૂ કર્યો હતો. જે બાદ તેને પોલીસ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો છે.

નેશનલ હેલ્થ સર્વિસમાં મેડિકલ સેક્રેટરી તરીકે પાર્ટ-ટાઈમ કામ કરતી અનિતા મુખી લંડનના એજવેર વિસ્તારમાં બર્ન્ટ ઓક બ્રોડવે બસ સ્ટોપ પર રાહ જોઈ રહી હતી ત્યારે જલાલ દેબેલાએ કથિત રીતે તેની છાતીમાં છરો માર્યો હતો અને ગરદન પર હુમલો કર્યો. મેટ્રોપોલિટન પોલીસે જણાવ્યું હતું કે, બર્ન ઓક બ્રોડવેમાં છરાબાજી થઈ હોવા મુદ્દે પોલીસને બોલાવવામાં આવી હતી.જલાલ દેબેલાની ઉત્તર લંડનના કોલિન્ડેલ વિસ્તારમાં હત્યાની શંકાના આધારે ધરપકડ કરવામાં આવી હતી અને તેના પર અનિતા મુખીની હત્યા અને અપમાનજનક હથિયાર રાખવાનો આરોપ પણ મૂકવામાં આવ્યો હતો. ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસએ કોર્ટને જણાવ્યું હતું કે મૃત્યુનું પ્રાથમિક કારણ છાતી અને ગરદનના આગળના ભાગે બળપૂર્વકની ઈજાઓ હોવાનું જણાયું હતું.અનિતા મુખીના પરિવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ૬૬ વર્ષીય અનીતા મુખી એક પરિણીત માતા અને તેમના પરિવાર માટે સમર્પિત દાદી હતી, જેમણે નેશનલ હેલ્થ સર્વિસમાં મેડિકલ સેક્રેટરી તરીકે પાર્ટ ટાઈમ પણ કામ કર્યું હતું. દિવસના ભાગે બનેલી આ ઘટનાથી આસપાસના લોકો પણ સ્તબ્ધ બની ગયા હતા.

# અગાઉ ચાબહાર પોર્ટની તરફેણમાં રહેલું અમેરિકા હવે વિરોધી કેમ?

## વિદેશ મંત્રી જયશંકરે યુએસના વલણની ઝાટકણી કાઢી કહ્યું કે ટૂંકી વિચારસરણી નુકસાન જ કરે

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી

ચાબહાર પોર્ટને લઈને ભારતે ઈરાન સાથે ૧૦ વર્ષનો કરાર કર્યો છે, જેનાથી અમેરિકા બિલકુલ ખુશ નથી. અમેરિકાએ ભારતને પ્રતિબંધોના સંભવિત જોખમ અંગે ચેતવણી આપી છે. ચેતવણીના એક દિવસ બાદ વિદેશ મંત્રી એસ જયશંકરે અમેરિકાને જડબાતોડ જવાબ આપ્યો છે અને કહ્યું કે અમેરિકા પહેલા આ પોર્ટની વિરોધી ન હતું, હવે કેમ? એસ જયશંકરે એ પણ સ્પષ્ટ કર્યું કે આ પ્રોજેક્ટથી સમગ્ર વિસ્તારને ફાયદો થશે, આ માટે લોકોએ નાની વિચારસરણીને સ્વીકારવી જોઈએ નહીં.વિદેશ મંત્રીએ એ વાત પર પણ ભાર મૂક્યો કે અમેરિકાએ અગાઉ ચાબહાર પોર્ટના વ્યાપક મહત્વને સ્વીકાર્યું હતું. તેમણે મંગળવારે કોલકાતામાં તેમના પુસ્તક 'વ્હાય ઈન્ડિયા મેટર્સ'ના બંગાળી સંસ્કરણના વિમોચન બાદ વાતચીત દરમિયાન આ વાત કહી.એસ જયશંકરે કહ્યું, અમેરિકાએ આ પહેલાં આવું કર્યું નથી.

### ચાબહાર ડીલ પર અમેરિકાએ ભારતને દબાવ્યું

અમેરિકાએ મંગળવારે ચેતવણી આપી હતી કે તેહરાન સાથે વેપાર સોદા પર વિચારણા કરનાર કોઈપણ વ્યક્તિએ પ્રતિબંધોના સંભવિત જોખમથી વાકેફ રહેવું જોઈએ. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના ડેપ્યુટી પ્રવક્તા વેદાંત પટેલે એક પ્રેસ બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, હું માત્ર એટલું જ કહીશ કે ઈરાન પર અમેરિકી પ્રતિબંધો યથાવત છે અને યથાવત રહેશે.જ્યારે પૂછવામાં આવ્યું કે શું ભારતીય કંપનીઓ પણ આ પ્રતિબંધોના દાયરામાં આવી શકે છે, ત્યારે વેદાંત પટેલે જણાવ્યું હતું કે જે કોઈ પણ ઈરાન સાથે બિઝનેસ ડીલ પર વિચાર કરી રહ્યું છે તે સંભવિત જોખમોના જોખમમાં રહેશે.

### ભારત અને ઈરાન વચ્ચે ચાબહાર પોર્ટ ડીલ

ભારત અને ઈરાને ચાબહારના શાહિદ બેહેશ્તી પોર્ટના ટર્મિનલના સંચાલન માટે કરાર પર હસ્તાક્ષર કર્યા છે. ૧૦ વર્ષ માટે ડીલ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે, આ માહિતી ઈરાનમાં ભારતીય દૂતાવાસે એક્સ પર એક પોસ્ટ દ્વારા આપી હતી. ઈન્ડિયા પોર્ટ્સ ગ્લોબલ લિમિટેડ અને ઈરાનના પોર્ટ્સ એન્ડ મેરીટાઈમ ઓર્ગેનાઈઝેશને કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

# આઈટીનો સપાટો: ૮ કિલો સોનું, ૧૪ કરોડ કેશ, ૧૭૦ કરોડની સંપત્તિ મળી

## મહારાષ્ટ્રના નાંદેડ શહેરમાં ૭૨ કલાક સુધી કાર્યવાહી ચલાવાઈ

આજકાલ પ્રતિનિધિ
નાંદેડ

મહારાષ્ટ્રના નાંદેડ શહેરમાં આવકવેરા વિભાગે મોટી કાર્યવાહી કરી છે. અહીં આવકવેરા વિભાગની ટીમે ભંડારી ફાયનાન્સ અને આદિનાથ મલ્ટી સ્ટેટ કોઓપરેટિવ બેંક પર દરોડા પાડ્યા હતા. આ દરમિયાન કરોડોની બેહિસાબી સંપત્તિ મળી આવી હતી જે આવકવેરા વિભાગ દ્વારા જપ્ત કરવામાં આવી છે. દરોડા દરમિયાન મોટી માત્રામાં રોકડ પણ મળી આવી હતી, જેની ગણતરીમાં ૧૪ કલાકનો સમય લાગ્યો હતો.

આવકવેરા વિભાગની આ કાર્યવાહી ૭૨ કલાક સુધી ચાલુ રહી. દરોડામાં વિભાગને ભંડારી પરિવાર પાસેથી ૧૭૦ કરોડ રૂપિયાની બેહિસાબી સંપત્તિ મળી આવી છે. આ સિવાય ૮ કિલો સોનું મળી આવ્યું છે. બેહિસાબી સંપત્તિ જપ્ત કરવામાં આવી હતી. દરોડા દરમિયાન મળી આવેલી ૧૪ કરોડની રોકડની ગણતરી કરવામાં અધિકારીઓને લગભગ ૧૪ કલાક લાગ્યા હતા. આ કાર્યવાહીથી ફાયનાન્સ વેપારીઓમાં ભયનો માહોલ સર્જાયો હતો.

ભંડારી પરિવારના વિનય ભંડારી, સંજય ભંડારી, આશિષ ભંડારી, સંતોષ ભંડારી, મહાવીર ભંડારી અને પદ્મ ભંડારી નાંદેડમાં ખાનગી ફાઈનાન્સનો મોટો બિઝનેસ ધરાવે છે. અહીં આવકવેરા વિભાગને કરચોરીની ફરિયાદ મળી હતી. જેના કારણે છ જિલ્લા પુણે, નાશિક, નાગપુર, પરભણી, છત્રપતિ સંભાજીનગર અને નાંદેડના આવકવેરા વિભાગના સેંકડો અધિકારીઓએ સંયુકતરૂપે દરોડા પાડ્યા હતા. શુક્રવારે, ૧૦ મેના રોજ, ટીમે નાંદેડમાં ભંડારી ફાઈનાન્સ અને આદિનાથ કોઓપરેટિવ બેંક પર દરોડા પાડ્યા હતા.

# જયશંકરે પશ્ચિમી મીડિયાનો ઉઘડો લીધો લોકસભા ચૂંટણી પર ઉઠાવ્યા હતા પ્રશ્નો

## જે દેશો ચૂંટણી પછી કોર્ટમાં જાય છે તેણે અમને સલાહ આપવાની જરૂર નથી : વિદેશ મંત્રી

આજકાલ પ્રતિનિધિ
કોલકાતા

વિદેશ મંત્રી એસ જયશંકરે ગઈકાલે ભારતીય ચૂંટણીઓના 'નકારાત્મક કવરેજ' માટે પશ્ચિમી મીડિયાની ટીકા કરી હતી અને તેમને કહ્યું હતું કે ચૂંટણી કેવી રીતે હાથ ધરવી તે અંગે ભારતને 'જ્ઞાન' ન આપો. તેમણે કોલકાતામાં તેમના પુસ્તક 'વાય ભારત મેટર્સ'ની બાંગ્લા આવૃત્તિના વિમોચન પ્રસંગે આ નિવેદન આપ્યું છે. વધુમાં જણાવતા કહ્યું કે, તેઓ તમારી પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડશે, કોઈ ઈન્ડેક્સ લાવશે અને તમને તેમાં નીચે મૂકી દેશે. જે દેશોએ તેમની ચૂંટણીના પરિણામ નક્કી કરવા માટે કોર્ટમાં જવું પડે છે તે અમને ચૂંટણી કેવી રીતે યોજવી તે વિશે જ્ઞાન



આપી રહ્યા છે.

કેટલાક પશ્ચિમી મીડિયા પ્લેટફોર્મ્સ દ્વારા લોકસભા ચૂંટણી ૨૦૨૪ વિશે પ્રશ્નો ઉભા કર્યા હતા જયશંકરે કરવામાં આવેલી ટીકાઓને વધુ મહત્વ ન આપતા તેને હાલમાં વિશ્વમાં ચાલી રહેલી 'માઈન્ડ ગેમ' ગણાવી હતી. વિદેશમંત્રી વધુમાં જણાવ્યું હતું કે, તે પશ્ચિમી દેશો આપણને પ્રભાવિત કરવા માંગે છે કારણ કે આમાંના ઘણા દેશોને લાગે છે કે આ દેશોએ છેલ્લા ૭૦-૮૦ વર્ષથી આ વિશ્વને પ્રભાવિત કર્યું છે. પશ્ચિમી દેશોને લાગે છે કે તેઓએ છેલ્લા ૨૦૦ વર્ષથી આ વિશ્વને પ્રભાવિત કર્યું છે. તમે કેવી રીતે આ અપેક્ષા કરી શકો છો?

એસ જયશંકરે ઉમેર્યું હતું કે પશ્ચિમી દેશો ભારતમાં કેટલીક બાબતો માટે એક ચોક્કસ લોકોનો વર્ગ ઈચ્છે છે અને જ્યારે દેશના લોકો અલગ રીતે વિચારે તો તેઓ પરેશાન થાય છે. આ લોકો ભારત માટે આટલા નકારાત્મક કેમ છે? કદાચ એટલા માટે છે કારણ કે તેઓ (પશ્ચિમી દેશો) એક એવું ભારત જોઈ રહ્યા છે જે તેમની બનાવેલી છબીને અનુરૂપ નથી.

વિદેશ મંત્રીએ કહ્યું કે, પશ્ચિમી મીડિયા, કેટલાક કિસ્સાઓમાં, ઉમેદવારો અને રાજકીય પક્ષોને ખુલ્લેઆમ સમર્થન આપે છે; તેઓ તેમની પસંદગી છુપાવતા નથી. તેઓ ખૂબ જ સ્માર્ટ છે. પ્રથમ ચાર તબક્કાના મતદાન દરમિયાન થયેલા મતદાનને સ્વીકારતા, જયશંકરે કહ્યું કે આ ચૂંટણીમાં પણ, હું કોમેન્ટરી જોઈ રહ્યો છું. દેશમાં, ઉનાળામાં પણ મતદાન કરવા આવેલા લોકોની ટકાવારી પર એક નજર કરી જુઓ.

ભારતમાં ૧૯ એપ્રિલથી ૧ જૂન, ૨૦૨૪ સુધી લોકસભા ચૂંટણી માટે મતદાન થઈ રહ્યું છે. અત્યાર સુધીમાં, સામાન્ય ચૂંટણીના સાતમાંથી ચાર તબક્કા પૂર્ણ થઈ ગયા છે, બાકીના ત્રણ તબક્કા અનુક્રમે ૨૦ મે, ૨૫ અને ૧ જૂનના રોજ યોજાનાર છે. જ્યારે ૪ જૂને મત ગણતરી થશે.

# આશા છે કે પાકિસ્તાનને મોદી જેવા નેતા મળે: સાજિદ તરાર

## મોદી એક અદ્ભૂત નેતા, તેઓ ત્રીજી વખત ભારતના વડાપ્રધાન બનશે, પાક. અમેરિકન બિઝનેસમેનનો વિશ્વાસ

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી

પાકિસ્તાની મૂળના એક પ્રખ્યાત અમેરિકન ઉદ્યોગપતિએ કહ્યું છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી માત્ર ભારત માટે જ નહીં પરંતુ આ વિશ્વ માટે સારા છે અને આશા છે કે પાકિસ્તાનને પણ તેમના જેવા જ કોઈ નેતા મળે. બાલ્ટીમોર નિવાસી પાકિસ્તાની અમેરિકન બિઝનેસમેન સાજિદ તરારએ કહ્યું કે, તેઓ એક મજબૂત નેતા છે જેમણે ભારતને નવી ઊંચાઈઓ પર પહોંચાડ્યું છે અને તેઓ ત્રીજી વખત દેશના વડા પ્રધાન બનશે. મોદી માત્ર ભારત માટે જ નહીં પરંતુ પ્રદેશ અને વિશ્વ માટે પણ સારા છે.

તરારે વધુમાં કહ્યું હતું કે, મોદી એક અદ્ભુત નેતા છે. તેઓ એવા વડાપ્રધાન છે જેમણે પ્રતિકૂળ સંજોગોમાં પાકિસ્તાનની મુલાકાત લીધી હતી. હું આશા રાખું છું કે મોદીજી પાકિસ્તાન સાથે વાતચીત અને વેપાર શરૂ કરશે, એક શાંતિપૂર્ણ પાકિસ્તાન ભારત માટે પણ સારું રહેશે. તરાર ૧૯૯૦ના દાયકામાં અમેરિકા આવ્યા હતા અને પાકિસ્તાનમાં સત્તા પર રહેલા લોકો સાથે તેમના સારા સંપર્કો છે. તેમણે કહ્યું, તે કોઈ ચમત્કારથી ઓછું નથી કે ભારતમાં ૯૭ કરોડ લોકો તેમના મતાધિકારનો ઉપયોગ કરી રહ્યા છે. ભારત સૌથી મોટી લોકશાહી દેશ છે. હું ત્યાં મોદીજીની લોકપ્રિયતા જોઈ રહ્યો છું અને હું ૨૦૨૪માં ભારતનો શાનદાર ઉદય જોઈ રહ્યો છું. તમે ભવિષ્યમાં લોકોને ભારતીય લોકશાહીમાંથી ઘણુંબધું શીખતા જોશો.

# નાફેડની ચૂંટણીમાં કુંડારીયા બિનહરીફ અન્ય ઉમેદવારોએ ફોર્મ પાછા ખેંચ્યા

## વધુ એક રાષ્ટ્રીય કક્ષાની સહકારી સંસ્થામાં સૌરાષ્ટ્રનો દબદબોઃ બે દિવસથી પ્રવર્તતી ઉત્તેજનાનો અંત

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

નાફેડમાં ગુજરાતની એક બેઠક માટે આગામી તારીખ ૨૧ ના રોજ હવે ચૂંટણી નહીં યોજાય, કારણ કે આ માટે ઉમેદવારી કરનાર મોરબીના મોહનભાઈ કુંડારીયા સહિતના પાંચ સભ્યો વચ્ચે આજે મીટીંગ યોજવામાં આવી હતી અને બાકીના ચાર ઉમેદવારોએ મોહનભાઈ કુંડારીયાની તરફેણમાં ફોર્મ પાછું ખેંચી લેતા આ બેઠક બિનહરીફ જાહેર થઈ છે. થોડા સમય પહેલા સહકારી ક્ષેત્રની રાષ્ટ્રીય સંસ્થા ઈફકોમાં ચેરમેનપદે દિલીપભાઈ સઘાણી અને ડાયરેક્ટર માં જયેશભાઈ રાદડિયા ચૂંટાયા પછી આવી જ બીજી એક રાષ્ટ્રીય



કક્ષાની સહકારી સંસ્થામાં મોહનભાઈ કુંડારીયા બિનહરીફ ચૂંટાતા રાષ્ટ્રીય કક્ષાની સહકારી સંસ્થાઓમાં સૌરાષ્ટ્રનો દબદબો વધ્યો છે. થોડા સમય પહેલા યોજાયેલી ઈફકોની ચૂંટણીમાં ભાજપ દ્વારા મેન્ડેટ આપવામાં આવ્યો હતો પરંતુ બળવાખોર ઉમેદવાર તેમાં વિજેતા થયા પછી આ વખતે ચૂંટણીમાં ભાજપ મેન્ડેટ આપવાથી દૂર રહ્યું હતું. આજે બપોરે ૦૩:૦૦ વાગ્યા સુધીમાં ફોર્મ પાછા ખેંચવાના હતા અને તે સંદર્ભે તમામ ઉમેદવારો દિલ્હી પહોંચ્યા હતા. આ તમામ ઉમેદવારો સાથે મોહનભાઈ કુંડારીયાએ મિટિંગ યોજીને વાતચીત કરી હતી અને તેના પરિણામ સ્વરૂપે અન્ય ચાર ઉમેદવારો બનાસકાંઠાના અમૃતભાઈ દેસાઈ, કપડવંજના જશવંતભાઈ પટેલ, પ્રાંતિજના મહેશભાઈ અને મોરબી જિલ્લાના મગનભાઈ વડાવીયાએ પોતાના ફોર્મ પાછા ખેચી લીધા છે.

ગઈકાલે પણ આખો દિવસ સમાધાનના પ્રયાસો ચાલુ રહ્યા હતા પરંતુ તેનું પરિણામ આજે બપોરે ૧:૩૦ વાગ્યાની આસપાસ આવી ગયું છે. આ સંદર્ભે મોહનભાઈ કુંડારીયાએ આજકાલ સાથેની વાતમાં જણાવ્યું હતું કે અન્ય તમામ હરીફ ઉમેદવારોએ ફોર્મ પાછા ખેંચી લીધા છે અને આ બેઠક પર હું બિનહરીફ ચૂંટાયેલો જાહેર કરાયો છું. આગામી તારીખ ૨૧ ના રોજ નાફેડના ૨૧ ડિરેક્ટરો માટેની ચૂંટણી યોજવાની છે. એક બેઠક પર મોહનભાઈ કુંડારીયા બિનહરીફ જાહેર થયા છે. અન્ય બેઠકોમાં પણ સમાધાનના પ્રયાસો ચાલી રહ્યા છે. તે જોતા સાંજ સુધીમાં સમગ્ર ચિત્ર સ્પષ્ટ થઈ જશે અને ૨૧ માંથી કેટલી બેઠકમાં ચૂંટણી યોજાશે તેની ખબર પડી જશે.

# ધો.૧૦માં ૯૯.૭૦ પીઆર, ડોક્ટર બનવું હતું હેમરેજથી નિધન, ભાવિ ડોક્ટરો માટે દેહદાન

## ૧૬ વર્ષની હીર ઘેટિયાની માતા પિતાએ ભારે હૈયે સુપેડી હોસ્પિટલને પાર્થિવ દેહદાન માટે સોંપ્યો

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

એક ૧૬ વર્ષની દીકરી હિર..ડોક્ટર બનવાનું સપનું જોઈ રહી હતી અને તે રાહ પર ચાલી નીકળી હતી પરંતુ તેની હસ્તરેખામાં નિયતિએ કંઈક અલગ જ લખ્યું હશે, હજુ તો ધોરણ ૧૦માં ૯૯ પી.આર સાથે સમગ્ર જિલ્લામાં ટોપરમાં સ્થાન મેળવવાની ખુશી મેળવે તે પહેલા જ તેની આંખ સદાય માટે બંધ થઈ ગઈ, જીવનના અંતિમ શ્વાસ સાથે દેહદાન થકી સમાજ માટે પ્રેરક વ્યક્તિત્વની અમિટ છાપ છોડી ગઈ.

અંગદાનની પ્રવૃત્તિમાં રાજકોટમાં આજે એક ઐતિહાસિક કિસ્સો બની ગયો જો કે આ બનાવ દુઃખદ સાથે સમાજ માટે પ્રેરણાદાય પણ બન્યો છે. સોળ વરસની હિર પ્રફુલભાઈ ઘેટિયાનું બ્રેઈન હેમરેજથી નિધન થતાં લાડકવાયી દીકરીની વિદાયનો વ્રજઘાત હોવાં છતાં હૃદય પર પથ્થર મૂકીને તેનો દેહ પંચમહાભૂતમાં વિલીન થઈ માટીમાં ભળી જાય તેના બદલે દેહદાન કરવાનો ઉમદા નિર્ણય લીધો અને અંગદાનની તમામ પ્રક્રિયા બાદ સુપેડી મેડીકલ કોલેજ ને દેહદાન માટે પાર્થિવ દેહ સોંપવામાં આવ્યો.

સમાજમાં ઘણીવાર એવું જોવા મળે છે કે યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લઈને માનવતાવાદી કાર્યને લોકો પ્રાધાન્ય આપતા હોય છે. આવો જ એક કિસ્સો હીર ઘેટીયાનો છે. હીર ઘેટીયા જેની ઉંમર વર્ષ ૧૬ હતી. આજથી એક મહિના પહેલા બ્રેઈન હેમરેજ થયું હતું અને તે માટે મગજનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. ઓપરેશન બાદ તેની

(અનુ. ૧૧મા પાને)


કાર-બાઈક-સ્કુટર એક્સ્ટ્રા ચાવી માત્ર ૫ મિનિટમાં
(ઈટાલીયન ટેકનોલોજી દ્વારા)
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, ઢેબર રોડ, રાજકોટ.

Managed By : M.B. Education & Cheritable Trust
Sarvodaya SEN
SARVODAYA COLLEGE
(AFFILIATED TO SAURASHTRA UNIVERSITY)
B/h. P.D.M. College Campus, Gondal Road, Rajkot. Ph. : 0281-2366537
B.C.A.
B.Sc.(IT)
B.Sc. Chem., Micro Bio., Bio. Tech., Botany, Zoology, Physics
P.G.D.C.A. M.Sc.(IT)
હેલ્પ ડેસ્ક 9409780700
પ્રવેશ માટે
સવારે ૮:૦૦ થી ૫:૦૦ સુધીમાં રૂબરૂ સંપર્ક કરવો, રજાના દિવસે પણ પ્રવેશ કાર્યવાહિ ચાલુ છે.





સ્મરણાંજલી

पार्थ नैवेह नामुत्र विनाशस्तस्य विद्यते ।
न हि कल्याणकृत्कश्चिद्दुर्गतिं तात गच्छति ॥
श्रीमद् भगवद् गीता : ६-४०

આ લોકમાં કે પરલોકમાં તેનો વિનાશ નથી જ,
કેમ કે શુભ કર્મ કરનાર કોઈ મનુષ્ય દુર્ગતિ પામતો નથી.

હૃદયસ્થ
પારસભાઈ વલ્લભભાઈ કટારીયા
આગમનઃ તા. ૦૧–૦૩–૧૯૭૫..... અનંતકાળ.....

શ્રી વલ્લભભાઈ બાવનજીભાઈ કટારીયા
મંજુલાબેન વલ્લભભાઈ કટારીયા

રીનાબેન પારસભાઈ કટારીયા   રીમલભાઈ વલ્લભભાઈ કટારીયા
સ્વેનમ પારસભાઈ કટારીયા   હેતલબેન રીમલભાઈ કટારીયા
સ્વૈના પારસભાઈ કટારીયા   માલ્વ – તન્વ

મુકેશભાઈ મેરજા । વિભાબેન મુકેશભાઈ મેરજા
શ્રૃજલ મુકેશભાઈ મેરજા

KATARIA
કટારીયા એન્ટરપ્રાઈઝ, રાજકોટ
કટારીયા ફુડસ પ્રા. લી., રાજકોટ
કટારીયા સ્નેક પેલેટસ પ્રા. લી., રાજકોટ
કટારીયા એજન્સી, જુનાગઢ



BHARAD VIDHYA MANDIR JUNAGADH

કામ કરે ઈ જીતે માલમ, કામ કરે ઈ જીતે
ભરાડ વિદ્યામંદિરના તેજસ્વી તારલાઓ આભમાં ચમક્યાં...

માર્ચ ૨૦૨૪ બોર્ડ પરીક્ષામાં શાળાના તેજોમય પરિણામો

S.S.C. 100 %



MEHTA PAVAN M.
S.S.C. SCHOOL FIRST
98.55 P.R.

H.S.C. (SCIENCE) 98 %



SOLANKI SIDHDHI B.
HSC (SCIENCE) SCHOOL FIRST
85.77 P.R. Gujcet 75.64 P.R.

H.S.C. (GENERAL) 98 %



GOHEL ARYAN B.
HSC (GENERAL) SCHOOL FIRST
93.00 P.R.

વિદ્યાર્થીઓ અને વાલી ગણની આ શાળા પ્રત્યેની નિષ્ઠા હવે અમારી પ્રતિષ્ઠા બની છે.

ભરાડ સ્કૂલ નિશાળ હવે એવી વિશાળ બની છે જ્યાં વર્ગખંડનાં તમામ છાત્રો અમારા 'સુપર સ્ટાર' છે.
મધ્યમ વર્ગનાં પરિવારનાં બાળકો સ્વમાનથી ભણે, ઉગે અને નિખરે તેવું શ્રેષ્ઠ પર્યાવરણ

નાના માણસની મોટી સ્કૂલ... ભરાડ સ્કૂલ શા માટે વિશેષ ?

- જ્યાં સૌને પરવડે એવી ફી અને સરળ હપ્તાની સુવિધા છે.
- અહીં અદ્યતન જીવવિજ્ઞાન, રસાયણ શાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્રની પ્રયોગશાળા છે.
- અહીં અદ્યતન સેન્ટ્રલ એસી. મલ્ટીમિડીયા હોલ છે.
- અહીં અદ્યતન સેન્ટ્રલ એસી કમ્પ્યૂટર લેબ છે.
- અહીં નાના ભૂલકા માટે કિંડાગણ છે.
- અહીં પંચતંત્રની વાતો દ્વારા સહજ શિક્ષણ છે.
- વર્ગ ખંડને સ્વર્ગખંડ બનાવનારા શિક્ષકો છાત્રોને સમર્પિત છે.
- નાચે કૂદે ને સૌ ભણે તેવું અનોખુ ભાવાવરણ છે.

ખુબ ઊંચી ફી ભરી થાકી ગયેલ વાલીગણ માટે ભરાડ સ્કૂલ આશાનાં તોરણ લઈને આવી છે.

બે-ચાર કે પંદરને સ્કોલરશીપ તો બધી શાળા આપશે,
ભરાડ સ્કૂલમાં પ્રવેશ મેળવનાર તમામ છાત્રોને ૧૦ % સ્કોલરશીપ આપવા જાહેર કરીએ છીએ.

| ધોરણ | પ્રથમ સત્ર ફી (૧૦% રાહત સાથે) | બીજા સત્ર ફી (૧૦% રાહત સાથે) | વાર્ષિક ફી (૧૦% રાહત સાથે) |
|---|---|---|---|
| બાલ મંદિર LKG / HKG/બાલ વાટિકા | 5,175/- | 5,175/- | 10,350/- |
| પ્રાથમિક વિભાગ ધો. ૧ થી ૮ | 6,210/- | 6,210/- | 12,420/- |
| માધ્યમિક વિભાગ ધો. ૯,૧૦ | 9,900/- | 9,900/- | 19,800/- |
| ઉચ્ચ માધ્યમિક વિભાગ ધો. ૧૧ આર્ટસ, કોમર્સ | 12,150/- | 12,150/- | 24,300/- |

ધોરણ ૧૧-૧૨ સાયન્સમાં શિક્ષણ બોર્ડ - ગુજકેટ તથા નીટ સહિતનો સંપૂર્ણ અભ્યાસ ક્રમ - પ્રેક્ટીકલ - રીવિઝન સાથે

ભરાડ ગર્લ્સ હોસ્ટેલ-જૂનાગઢ ભરાડ બોયઝ હોસ્ટેલ
વિશેષતાઓઃ- શાળા દ્વારા સંચાલિત ગર્લ્સ હોસ્ટેલમાં રહેવા જમવાની ઉત્તમ સુવિધા. શાળા પરિસરમાં જ હોસ્ટેલ હોઈ સંપૂર્ણ સલામતી ભર્યુ વાતાવરણ.



જ્ઞાન સેતુ, જ્ઞાન સાધના, પી.એમ. યશસ્વી માન્ય શાળા
શિક્ષણ વિભાગની શિષ્યવૃત્તિ પરીક્ષામાં ઉતિર્ણ થનાર ગુજરાતનો કોઈપણ વિદ્યાર્થી શિક્ષણ વિભાગની માન્ય શાળામાં વિના મૂલ્યે પ્રવેશ મેળવી શકે છે.શ્રી ડી.કે. ભરાડ વિદ્યામંદિર, જૂનાગઢ માન્ય શાળા હોઈ ધો.૬, ધો.૯ કે ધો.૧૧માં વિનામૂલ્યે આ શાળામ પ્રવેશ મેળવી શકે છે.
SC/ST/OBC/EBC જ્ઞાતિના છાત્રોને નિયમાનુસાર શિષ્યવૃત્તિ મળશે.

A1 ગ્રેડ પ્રાપ્ત કરનાર ને 100 % ફી માફી | A2 ગ્રેડ માટે ને 50 % ફી માફી | B2 ગ્રેડ માટે ને 20 % ફી માફી

ધોરણ ૧૧ સાયન્સ, કોમર્સ અને આર્ટસમાં પ્રવેશ કાર્ય માટે રૂબરૂ મળો. કાર્યાલય સમય : સવારે ૮ થી સાંજે ૫ વાગ્યા સુધી.

શ્રી ધીરૂભાઈ કાનજીભાઈ ભરાડ વિદ્યામંદિર પ્રવેશ માટે રૂબરૂ મળો : વંથલી રોડ, મધુરમ, જૂનાગઢ. 90999 65151, 52, 53